દાહોદના લોકસભા સાંસદની અધ્યક્ષતામાં પશ્ચિમ રેલવેના ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) અને વરિષ્ઠ અધિકારીઓ સાથે મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં દાહોદ, લીમખેડા, અનાસ, પિપલોદ સહિતના વિસ્તારોના રેલવે વિકાસ અને જનસુવિધા સંબંધિત અનેક પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.

બેઠકમાં ઉસરા ખાતે લો હાઈટ સબ-વે, અનાસ (રાછરડા) ખાતે અંડરબ્રિજ, લીમખેડા ખાતે અટકેલી અંડરબ્રિજ કામગીરી, પાનિયા ગેટ ઓવરબ્રિજનું કામ, લીમખેડાના બ્રિજ નંબર-૫૫ની પહોળાઈ વધારવા સહિતના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત દાહોદ-ઈન્દોર રેલ પ્રોજેક્ટની પ્રગતિ, અનાસ અને લીમખેડા સ્ટેશનો પર ફૂટ ઓવરબ્રિજ તથા લિફ્ટ સુવિધા, પિપલોદ ખાતે પૂર્વ-પશ્ચિમ વિસ્તારને જોડતી સુવિધા, દાહોદમાં GRP પોલીસ સ્ટેશન અને સ્ટાફ ક્વાર્ટર્સ માટે જમીન ફાળવણી જેવા પ્રશ્નો પણ ઉઠાવવામાં આવ્યા હતા.

સાંસદ જશવંતસિંહ ભાભોર એ દાહોદ રેલવે કોલોનીમાં પોસ્ટ ઓફિસ માટે મકાન ફાળવણી, સાત બંગલાથી વાંદરિયા-છાપરી સુધી માર્ગ નિર્માણ, દાહોદ-ઝાલોદ રોડ ઓવરબ્રિજના પુનઃનિર્માણ તેમજ દાહોદ માટે નવી ટ્રેનો અને વિવિધ ટ્રેનોના સ્ટોપેજની માંગ પણ રજૂ કરી હતી.

બેઠક દરમિયાન રેલવે અધિકારીઓએ તમામ મુદ્દાઓને ગંભીરતાથી સાંભળ્યા હતા અને શક્ય તેટલા વહેલા ઉકેલ લાવવા માટે સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. અનેક પ્રશ્નો અંગે પ્રક્રિયા ચાલી રહી હોવાનું જણાવતાં અધિકારીઓએ તબક્કાવાર ઉકેલની ખાતરી આપી હતી.

બેઠક બાદ દાહોદનાસાંસદ જશવંતસિંહ ભાભોરને DRM રતલામે લીમખેડા ખાતે સ્થળ મુલાકાત કરી સ્થાનિક નાગરિકોના અને તેમના પ્રશ્નોના નિરાકરણ માટે ખાતરી આપી હતી. રેલવે સંબંધિત જનસુવિધાના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે રેલવે તંત્ર સાથે સંકલન કરીને જરૂરી પગલાં ભરવાની ખાતરી આપી હતી.

### એક્સપ્રેસ હાઈવેને કારણે સર્જાતી પાણી ભરાવાની સમસ્યા અંગે ચર્ચા કરાઈ

# અંકલેશ્વરમાં NHAIના અધિકારીઓ અને ખેડૂતો વચ્ચે બેઠક

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૭




(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

ભરૂચ જિલ્લામાંથી પસાર થતા એક્સપ્રેસ હાઈવેના કારણે આસપાસના ગામોના ખેતરોમાં ચોમાસામાં વરસાદી પાણી ભરાવવાની સમસ્યા તેમજ રસ્તા સહિતના પ્રશ્નોની ખેડૂતોની રજૂઆતના પગલે રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલની સૂચના હેઠળ આજરોજ અંકલેશ્વરની પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારી ભવદીપસિંહ જાડેજાની અધ્યક્ષતા હેઠળ મામલતદાર રાજન વસાવા, તાલુકા વિકાસ અધિકારી અને નેશનલ હાઈવે ઓર્થોરિટીના અધિકારીઓની ઉપસ્થિતિમાં અંકલેશ્વર હાંસોટ તાલુકાના ખેડૂતો અને ગામના આગેવાનો સાથે મીટિંગ યોજાય હતી. આ મીટિંગમાં એક્સપ્રેસ હાઈવેના કારણે ખેડૂતો એ ચોમાસામાં રોકાય રહેતા વરસાદી પાણીના તાત્કાલિક નિકાલ તેમજ રસ્તા સહિત વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરી હતીખેડૂતોની રજૂઆતને ધ્યાનેલઈ પ્રાંત અધિકારીએ નેશનલ હાઈવે ઓર્થોરિટીના અધિકારીઓને ખેડૂતોના પ્રશ્નોના નિકાલ કરવા સૂચના આપી હતી.

### જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ દ્વારા સી.એમ.ને કરાઈ રજૂઆત

# ઉબેણ નદીમાં તોડી નંખાયેલા બે ચેકડેમનું પુનઃ નિર્માણ કરવા માંગ



(તસવીર : એસ.આઈ. બુખારી, જૂનાગઢ)

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૭

જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સિમિતિ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લેખિત રજૂઆત કરી વંથલી-માણાવદર રોડ પર ઉબેણ નદીના પુલથી પશ્ચિમ તરફ બે ચેકડેમો કોઈ ઈસમોએ તોડી નાખ્યા હોવાથી ફરી વખત આ બંને ચેકડેમોનું નિર્માણ કરાવવા માગણી કરી છે.

આ રજૂઆતમાં જણાવ્યું છે કે, જૂનાગઢ જિલ્લા વંથલી-માણાવદર રોડ ઉબેણ નદીના પુલથી પશ્ચિમ તરફ હાઈવેથી ૫૦૦.૦૦ મીટર દૂર પહેલું ચેકડેમ આવેલ, ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં બીજો ચેકડેમ આવેલ હતો. તે બન્ને ચેકડેમો જગતનાતાત ખેડૂતોના હિતમાં સિંચાઈના પાણીનું સંગ્રહ થાય તે માટે લાખોના ખર્ચે સરકારની તિજોરીમાંથી નાણાં ખર્ચીને બનાવેલા હતા. તેમાં કોઈ ખામી ન હતી તેમ છતાય તે બન્ને ચેકડેમો કોઈએ રાતોરાત તોડીને નાશ કરી દીધેલ છે. તેની તપાસ કરાવીને જે કોઈ જવાબદાર હોય તેની સામે ફોજદારી ગુનો દાખલ કરવા અને તેના જ ખર્ચે ફરીવાર તે બન્ને ચેકડેમોનું નિર્માણ કરવાનો હુકમ કરવામાં આવે તેવી માગણી કરી છે.

### વરસાદની કાગડોળે જોવાતી રાહ

# પાલેજ સહિત ભરૂચ જિલ્લાના ખેડૂતો ખેતરોની સફાઈ કામમાં વ્યસ્ત

(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૭

ભરૂચ જિલ્લામાં પાલેજ પંથકમાં વાવણીની તૈયારીઓમાં જોતરાવા આતુર ખેડૂતો વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યાં છે. ઉનાળાની ગરમી એની ચરમસીમા વટાવી રહી છે. અસહ્ય ગરમીનાં કારણે લુ લાગવાના વધતાં જતાં બનાવો ચિંતાજનક છે. બીજી તરફ હવામાન ખાતું આગાહીઓ કરી વરસાદ દસ દિવસમાં ગુજરાતમાં પ્રવેશ કરશે જ્યારે શનિવારે મહારાષ્ટ્ર માં વરસાદ પ્રવેશ કરી ચુક્યો છે. જે ગુજરાતથી ૪૦૦ કિલોમીટરનાં અંતરે છે. ભરૂચ જિલ્લામાં ખેડુત મિત્રો ખેતરોની સફાઈ અને આગામી સમયે કપાસ તુવેર અન્ય પાકોની વાવણી માટેની તૈયારીઓ સાથે વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો છે. અસહ્ય ગરમીમાં આકૂળ વ્યાકુળ બની ગયેલી જનતા વરસાદની પ્રતીક્ષા કરી રહી છે. પશુઓ પક્ષીઓ અને સમગ્ર માનવજાત ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠી છે. એસી સિલિંગ ફેન એર કુલરો પણ ફેલ થઈ જાય એવી ગરમી પડી રહી છે. જે ટુક સમયમાં વ્યાપક વરસાદ પડે તો ગરમી વિદાય લઈ સકે એમ છે.

# કડીમાં ગરમીથી રાહત આપવા નમાઝી ભાઈઓએ ખોલી શરબતની પરબ



કડી સિવિલ કોર્ટે સામે આવેલ પુરાની મસ્જિદના નમાઝી ભાઈઓ છેલ્લા પંદર દિવસથી રાહદારીઓને અસહ્ય ગરમીમાં રાહત સારૂં ઠંડા શરબતની પરબ દ્વારા ઉમદા માનવ સેવા કરી રહ્યા છે.

# સુરેન્દ્રનગરના વોર્ડ નં. ૧-૨માં પાણીની તંગી સામે મહિલાઓનો તીવ્ર આક્રોશ

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૭

સુરેન્દ્રનગર શહેરના વોર્ડ નંબર ૧ અને ૨માં છેલ્લા ૧ મહિનાથી પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. જેનો હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે ૧ મહિનાથી નિયમિત પાણી ન મળતા સ્થાનિક રહીશો ત્રાહિમામ્ પોકારી ગયા છે. વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતા, આજે આ વિસ્તારની મહિલાઓનો પ્રચંડ આક્રોશ ફાટી નીકળ્યો હતો અને મોટી સંખ્યામાં મહિલાઓ પોતાના વિસ્તારના સદસ્યોને રૂબરૂ ઉગ્ર રજૂઆત કરવા દોડી ગયા હતા. મહિલાઓએ આક્ષેપ કર્યો છે કે, પાણી ન આવવાને કારણે રોજિંદા કામકાજ ઠપ થઈ ગયા છે અને મોંઘા ભાવના પ્રાઈવેટ ટેન્કરો ખરીદવા માટે મજબૂર બનવું પડે છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આ આર્થિક બોજ અસહ્ય બની ગયો છે. મહિલાઓએ જણાવ્યું કે તંત્ર આ સમસ્યા દૂર કરે નહીં તો આંદોલન કરીશું.



ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ માનસિંહભાઈ પરમારને ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્ય સભાના સભ્ય તરીકે ઉમેદવાર જાહેર કરાતા વેરાવળ તાલુકાના સીડોકર ગામના સરપંચ બાલુભાઈ મકવાણા, ઉપ સરપંચ સતાર ભાઈ તવાણી, ગીર સોમનાથ લઘુમતી મોરચાના પ્રમુખ મહમદભાઈ તવાણીએ માનસિંહભાઈ પરમારને શાલ ઓઢાડી હારતોરા કરી શુભકામનાઓ પાઠવેલ હતી.

# સિહોર આઈ.ટી.આઈ. ખાતે એડમિશન પ્રક્રિયાનો પ્રારંભ

ભાવનગર, તા.૭

સરકારી આઈ.ટી.આઈ સિહોરમાં પ્રવેશ સત્ર ૨૦૨૬ના પ્રથમ રાઉન્ડ અંતર્ગત આઈ.ટી.આઈ સિહોર માં ચાલતા કોપા, વાયરમેન, વેલ્ડર, આર.એફ.એમ. એચ.એસ.આઈ. ટુ વ્હીલર, ફિટર જેવા વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા માટે તાઃ-૨૩/૦૬/૨૦૨૬ સુધી ઓનલાઈન ફોર્મ ભરાવવાના તથા ચોઈસ ફીલીંગ કરવાની પ્રકિયા શરુ છે. સંસ્થામાં પ્રવેશ ફોર્મ વિનામૂલ્યે ભરવાની કામગીરી ચાલુ છે. ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા માટે આઈટીઆઈ સિહોર, (દાદાની વાવ પાસે)નો રૂબરૂ સંપર્ક કરવા આચાર્યશ્રી ઔધોગિક તાલીમ સંસ્થા સિહોરની યાદીમાં જણાવાયું છે.

# લીંબડીના પાણશીણા ગામે નવો રોડ બન્યો પણ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા જ નથી !

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૭



(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

લીંબડી તાલુકાના પાણશીણા ગામમાં વિકાસના કામોમાં બેદરકારી સામે આવી છે. ગામમાં ડૉ. ભીમરાવ આંબેડકરની પ્રતિમા પાસેના રહેણાંક વિસ્તારમાં આશરે આઠ વર્ષ બાદ સીસી રોડનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જોકે, વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે આ નવો રોડ પાંચ દિવસથી જળબંબાકાર છે.

સ્થાનિકો દ્વારા વર્ષોથી બિસ્માર હાલતમાં રહેલા આ રસ્તા માટે અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતોના આધારે તંત્ર દ્વારા આ રોડ બનાવવામાં આવ્યો હતો.

ગત સોમવારે પડેલા વરસાદ બાદ આ નવા બનેલા માર્ગ પર વરસાદી પાણી ભરાઈ ગયું હતું. શરૂઆતમાં સ્થાનિકોને પાણીનો નિકાલ થવાની આશા હતી, પરંતુ પાંચ દિવસ વીતી જવા છતાં પાણી યથાવત્ ભરાયેલું છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, રોડ બનાવતી વખતે કોન્ટ્રાક્ટર દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે કોઈ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી. આ બેદરકારીને કારણે સમગ્ર વિસ્તારના લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તા પર ભરાયેલા ગંદા અને દુર્ગંધયુક્ત પાણીમાંથી પસાર થવાની ફરજ પડતા રહેવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને વિદ્યાર્થીઓને અવરજવરમાં વધુ મુશ્કેલી પડી રહી છે.

સ્થાનિકોએ તંત્ર અને જવાબદાર અધિકારીઓ સમક્ષ તાત્કાલિક વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

### મોંઘવારી-NEET પેપર લીક સહિતના મુદ્દે

# વડાલીમાં કોંગ્રેસની જન આક્રોશ રેલી યોજાઈ બળદગાડા પર સવાર થઈને વિરોધ પ્રદર્શન કર્યું

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૭



વડાલી ખાતે તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મોંઘવારી અને NEET પરીક્ષામાં કથિત ગેરરીતિઓના વિરોધમાં એક વિશાળ જન આક્રોશ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના કાર્યકરો અને હોદ્દેદારોએ સરકારની નીતિઓ સામે અનોખી રીતે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

આ રેલી વડાલી શહેરના જુના પોલીસ સ્ટેશનથી શરૂ થઈને ધરોઈ ત્રણ રસ્તા સુધી પહોંચી હતી. ડીઝલ, પેટ્રોલ, રાસાયણિક ખાતર તેમજ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓમાં થયેલા ભાવવધારાના વિરોધમાં કોંગ્રેસના કાર્યકરો બળદગાડા પર સવાર થયા હતા. કેટલાક કાર્યકરોએ માથે ગેસના ખાલી સિલિન્ડર મૂકીને સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.

મોંઘવારી ઉપરાંત NEET પરીક્ષામાં થયેલા વિવાદ અને પેપર લીકના ગંભીર આક્ષેપોને લઈને કોંગ્રેસે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના આગેવાનોએ માંગ કરી હતી કે સરકારે NEETની પરીક્ષા રદ કરીને લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થઈ રહેલા ચેડાં બંધ કરવા જોઈએ. વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે ન્યાયની માંગ સાથે રેલીમાં ભારે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

આ જન આક્રોશ રેલીમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રામભાઈ સોલંકી તથા વડાલી તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિના અગ્રણી હોદ્દેદારો, નગરપાલિકાના સદસ્યો, વિવિધ હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો અને સ્થાનિક નાગરિકો જોડાયા હતા. રેલી દરમિયાન વડાલી પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

# આણંદના ભાલેજ રોડ પર વાહનોની ગતિ નિયંત્રણ માટે સ્પીડ બ્રેકર મૂકવા માંગ

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૬

આણંદ શહેરને નેશનલ હાઈવે અને એક્ષપ્રેસ હાઈવે ને જોડતા મહત્વનાં માર્ગ ભાલેજ રોડ પર રહેણાંક વિસ્તાર આવેલો છે, ભાલેજ ઓવરબ્રીજથી સામરખા ચોકડી સુધીનાં માર્ગની આસપાસ મસ્જીદ, શાળા મદ્રેસા તેમજ દુકાનો અને રહેણાંક વિસ્તાર હોવાનાં કારણે અહીયાં દિવસ દરમિયાન રાહદારીઓની અવરજવર રહેતી હોય છે, જયારે આ માર્ગ પરથી દરરોજ હજારો વાહનો પણ પસાર થતા હોય છે, જેમાં ડમ્પર સહિત ભારે વાહનો બેફામ ઝડપે દોડતા હોય છે, જેનાં કારણે અવારનવાર નાના મોટા અકસ્માતો સર્જાતા હોય છે.શાળામાં કે મદરેસામાં જતા બાળકો હોય કે ખરીદી કરવા જતી ગૃહિણીઓ હોય કે પછી મસ્જીદમાં જતા વૃદ્ધો હોય તેઓ આ માર્ગ પરથી અવર જવર કરતા હોય અને બેફામ દોડતા ડમ્પરોનાં કારણે અકસ્માતની ભીતી રહેલી હોય છે,જેને લઈને સામાજીક કાર્યકર સિરાજ દિવાનએ આ અંગે માર્ગ મકાન વિભાગનાં નાયબ કાર્યપાલક ઈજનેરને તા.૧૧ માર્ચ ૨૦૨૬નાં રોજ લેખીત રજુઆત કરી જણાવેલ કે આ માર્ગ પર અગાઉ સ્પીડ બ્રેકર બનાવેલા હતા પરંતુ માર્ગ રીસરફેસ કરાયા બાદ સ્પિડબ્રેકર કાઢી નાખવાનાં કારણે અકસ્માતની ભીતી રહેલી હોય સ્પીડ બ્રેકર બનાવવાની માંગ કરી હતી.તેમજ આ રજુઆતની નકલ કલેકટર, પોલીસ અધિક્ષક અને માર્ગ મકાન વિભાગનાં અન્ય અધિકારીઓને પણ આપવામાં આવી હતી, તેમ છતાં તંત્ર દ્વારા અહિયાં સ્પિડબ્રેકર નહી બનાવવાનાં કારણે તાજેતરમાં ડમ્પરએ મોપેડને ટક્કર મારી મોપેડ ચાલકને કચડી નાખતા કમકમાટી ભર્યુ મોત નિપજયું હતું, જેને લઈને સ્થાનિક લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે,જો રજુઆતને સાંભળીને સ્પીડ બ્રેકર બનાવવામાં આવ્યા હોત તો કોઈએ જીવ ગુમાવવો પડત નહી.જેથી આ અંગે સ્થાનિક રહીસો દ્વારા તેમજ આગેવાનોએ માર્ગ પર સ્પીડબ્રેકર લગાવવા તેમજ સવારનાં ૮થી સાંજનાં ૮ દરિયાન ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુકવાની માંગ કરવામાં આવી છે.

# માંગરોળમાં ફૈઝ ફાઉન્ડેશન દ્વારા રાહતદરે ચોપડા વિતરણ કરાયું

(સંવાદદાતા દ્વારા) માંગરોળ, તા.૭




માંગરોળમાં ફૈઝ ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને શિક્ષણમાં આર્થિક રાહત મળે તે હેતુથી રાહતદરે ચોપડા (નોટબુક) વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના સ્થાપક મરહુમ ફેસલ(ફૈઝ) આદમભાઈ અમરેલીયા ના ઈંતેકાલ બાદ તેમની યાદ અને સેવાકીય ભાવનાને જીવંત રાખવાના ઉદ્દેશ્યથી સંસ્થાનું નામ ફૈઝ ફાઉન્ડેશન રાખવામાં આવ્યું હતું. આજે પણ સંસ્થા તેમના દર્શાવિલા માર્ગ પર ચાલી સમાજસેવા અને શિક્ષણ ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ કરી રહી છે.

કાર્યક્રમ અંતર્ગત ૧૧૨ પેજના ૮ ચોપડાનો એક સેટ માત્ર રૂા. ૧૦૦ના રાહત દરે વિતરણ કરવામાં આવ્યો હતો. મોંઘવારીના સમયમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય મળી રહે અને શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહન મળે તે હેતુથી આ સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

ચોપડા વિતરણ કાર્યક્રમમાં માંગરોળના મામન ઉસ્તાદે દુઆઓ કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. હાફિઝ હારૂન ઢેરા, ઈબ્રાહીમ ભાટા, હાજીઈસ્માઈલ કુલાળા, તેમજ મોટી સંખ્યામાં સર્વે સમાજના વિદ્યાર્થીઓ, વાલીઓ તથા નાગરિકોએ લાભ લીધો હતો. સંસ્થાના સભ્યો અને કાર્યકરોએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

દૂષિત પાણી અને રોગચાળાનો મામલો દિલ્હી સુધી પહોંચતા લેવાયો ક્લાસ !

# અમદાવાદમાં દૂષિત પાણીના મુદ્દાથી AMC તંત્ર એલર્ટ મોડમાં : નવી SOP જાહેર કરાઈ !

## દૂષિત પાણીની પાંચ ફરિયાદ આવે તો ૬ કલાકમાં જ નિકાલ કરવાનો રહેશે

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૭

અમદાવાદમાં મુખ્યમંત્રીના મતવિસ્તારમાં દૂષિત પાણીના કારણે માંદગીના કેસ સામે આવ્યા બાદ મામલો દિલ્હી સુધી પહોંચતા AMC તંત્ર સફાળુ જાગ્યું છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા દૂષિત પાણીની ફરિયાદ મામલે એક SOP બનાવવામાં આવી છે. હવેથી શહેરના કોઈ વિસ્તારમાં દૂષિત પાણીની ૫ ફરિયાદ આવે તો ૬ કલાકમાં તે ફરિયાદનું નિવારણ લાવવાનું રહેશે.

મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રદૂષિત પાણીને લઈને SOP જાહેર કરતા ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરથી લઈને વોટર વિભાગના સિટી ઈજનેર, એડીશનલ સિટી ઈજનેર, ડેપ્યુટી હેલ્થ ઓફિસર અને હેલ્થ ઓફિસરને પ્રદૂષિત પાણી આવવાના કિસ્સામાં જવાબદારી સોંપી છે. જો કોઈ વિસ્તારમાં પ્રદૂષિત પાણી હોવા અંગેની ફરિયાદ મળે ત્યારે નાગરીકોનાં હિતમાં અસરગ્રસ્ત પાણીની લાઈનનો પુરવઠો સપ્લાય તાત્કાલીક અસરથી બંધ કરાવી વૈકલ્પીક પાણીની ટેન્કરો દ્વારા સુવિધા પુરી પાડવા કાર્યવાહી હાથ ધરવાની રહેશે. પ્રદૂષિત પાણી અંગેની સમસ્યાના નિવારણ માટે યુદ્ધનાં ધોરણે ઉદ્ભવસ્થાન આઈડેન્ટીફાય કરી તેના રિપેરિંગ/રીપ્લેસમેન્ટની કામગીરી અર્થે તાકીદે મશીનરી સ્ટાફ ડિપ્લોય કરી કામગીરી પૂર્ણ કરાવવાની રહેશે જેનું એડી.સિટી ઈજનેર (ઝોન) દ્વારા મોનીટરિંગ કરી દર ૧૨ કલાકે ડે. મ્યુનિ. કમિશનર (ઝોન)ને રીપોર્ટ કરવાનો રહેશે.પાણીનાં પોલ્યુશન દૂર કરવાની કામગીરી અને અસરગ્રસ્ત વિસ્તારની પાણીની લાઈનનાં વોશઆઉટની પ્રક્રિયા હાથ ધર્યા બાદ પાણીના પુરવઠામાં સંતોષકારક રેસીડયુઅલ ક્લોરીન પ્રાપ્ત થયા બાદ જ પુનઃ સપ્લાય શરૂ કરવાનો રહેશે. એક જ વિસ્તારમાં બહોળા પ્રમાણમાં પ્રદૂષિત પાણીની ફરિયાદોના કિસ્સામાં સિટી ઈજનેર (વો.રી.મે.) સાથે સંકલન કરી કાયમી ઉકેલ માટે ઝોન ખાતેથી કાર્યવાહી કરવાની રહેશે. શહેરનાં કોઈપણ વિસ્તારમાં પાંચથી ઓછી પ્રદૂષિત પાણીની ફરિયાદના કિસ્સામાં ઝોનનાં ડેપ્યુટી સિટી ઈજનેર અને ડેપ્યુટી હેલ્થ ઓફિસર દ્વારા તમામ કામગીરી કાર્યવાહી હાથ ધરી એડી.સિટી ઈજનેરને દૈનીક રિપોર્ટ કરવાનો રહેશે.

ડેપ્યુટી હેલ્થ ઓફિસર દ્વારા અસરગ્રસ્ત વિસ્તાર/સોસાયટી/ચાલીઓની અંડરગ્રાઉન્ડ ટાંકીમાં અગાઉથી ઉપલબ્ધ પાણીની સાથે પ્રદુષીત પાણી મિશ્ર થયેલ હોય તે કિસ્સામાં સંગ્રહ કરેલ પાણીનો તાકીદે નિકાલ કરવા તથા પાણીની ટાંકીની સફાઈ કરાવવા અંગે અસરગ્રસ્ત વિસ્તાર/સોસાયટી/ચાલીઓને માર્ગદર્શન પુરૂ પાડવાનું રહેશે. અસરગ્રસ્ત વિસ્તાર તથા તેની આજુબાજુના વિસ્તારનો ડોર ટુ ડોર સર્વે હાથ ધરાવી ક્લોરીન ગોળીનું વિતરણ કરાવી તેના ઉપયોગ અંગે માર્ગદર્શન પુરૂં પાડવાનું રહેશે.

પાલીતાણાના શેત્રુંજય પર્વત પર સિંહ દેખાયો !

# શેત્રુંજય પર્વતની યાત્રા વેળા યાત્રાળુઓને સિંહ દેખાતા નાસભાગ : સિંહ બેગ લઈને ભાગી ગયો !

## વન વિભાગના કર્મીઓએ યાત્રાળુની બેગ શોધી પરત અપાવી



(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૭

પ્રસિદ્ધ જૈન તીર્થધામ પાલીતાણાના શેત્રુંજય ગિરિરાજ પર્વત પર ફરી એકવાર સિંહ દેખાયો છે જેના પગલે યાત્રિકોમાં ભારે ભય અને ચિંતાનો માહોલ સર્જાયો છે..પર્વતની યાત્રા દરમિયાન પગદંડી પર અચાનક સિંહ આવી ગયો હતો. જેના લીધે યાત્રિકોના જીવ તાળવે ચોંટી ગયા હતા અને તેમણે પોતાની યાત્રા અધવચ્ચે જ થંભાવી દેવી પડી હતી. સિંહને જોઈને ગભરાયેલા યાત્રિકોએ સલામતી માટે દોડાદોડ કરી મૂકી હતી. આ દરમિયાન ઘણા યાત્રિકો પોતાની પાસે રહેલી બેગ અને થેલા રસ્તા પર જ છોડીને સલામત સ્થળે ખસી ગયા હતા. આ દરમિયાન એક અજીબોગરીબ ઘટના સામે આવી હતી. જેમાં પગદંડી પર પડેલી એક યાત્રિકની બેગ મોઢામાં દબાવીને સિંહ જંગલ તરફ ભાગી ગયો હતો. આ દ્રશ્ય જોઈને હાજર યાત્રિકોમાં વધુ ફફડાટ ફેલાયો હતો. સિંહને જોતા જ લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. વાયરલ વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે તે સિક્યુરિટી ગાર્ડ ઉપર રહેલા લોકોને સલામત સ્થળે ખસી જવાનો ઈશારો કરે છે. બીજી તરફ મહિલાઓ એકબીજાને શાંત રહેવા અને અવાજ ન કરવા સૂચના આપી રહી છે. ડરના માહોલ વચ્ચે પણ કેટલાક ભક્તો ભગવાનને યાદ કરતા જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક એક્શનમાં આવી હતી. વનકર્મીઓએ જંગલ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરીને યાત્રિકની ખોવાયેલી બેગ શોધી કાઢી હતી. વન વિભાગ દ્વારા આ બેગ સલામત રીતે શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને સોંપવામાં આવી છે. જેથી તેના મૂળ માલિક સુધી સામાન પહોંચાડી શકાય છે. અને મૂળમાલિકએ પેઢી પરથી બેગને પરત મેળવી લીધી હોવાનું જાણવા મળેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શેત્રુંજય ગિરિરાજ પર્વતની યાત્રાની પગદંડી પર વારંવાર સિંહ દેખાવાના બનાવો બનતા રહે છે. વન્યજીવોની આ પ્રકારે અવરજવરને કારણે અહીં આવતા શ્રદ્ધાળુઓ અને યાત્રિકોમાં સતત ભય અને અસલામતીનો માહોલ જોવા મળી રહ્યો છે. યાત્રિકોની સુરક્ષાને લઈને વન વિભાગ આગામી દિવસોમાં વધુ સતર્ક બને તેવી માંગ ઉઠી રહી છે. શેત્રુંજી પર્વત પર પર અચાનક ડાલામથ્થા સિંહે એન્ટ્રી લેતા શ્રદ્ધાળુઓના શ્વાસ થંભી ગયા હતા. બે મહિનામાં બીજી વાર ડુંગર પર સિંહ દેખાવાની આ ઘટનાએ વન વિભાગ અને યાત્રિકો બંનેને સતર્ક કરી દીધા છે.

બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીએ ધર્માંતરણ-લવ જેહાદના મુદ્દા પણ છેડ્યા

# હિન્દુઓમાં કોઈ ભાગલા ન પડવા જોઈએ; ગરીબ હિંદુઓને સપોર્ટ કરો

## ભારતને AI બાદ હિન્દુત્વ ઈન્ટેલિજન્સની જરૂર છે : બાબા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૭

રાજકોટમાં બાબા ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ પોતાના ત્રણ દિવસીય કથા કાર્યક્રમ દરમિયાન અનેક સામાજિક, ધાર્મિક અને રાજકીય મુદ્દાઓ પર ખુલ્લેઆમ મંતવ્ય વ્યક્ત કર્યા હતા. કથાના બીજા દિવસે પત્રકારો સાથેની વાતચીત દરમિયાન તેમણે ધર્માંતરણ, જેહાદ, રાજકારણ અને અંધશ્રદ્ધા જેવા મુદ્દાઓ પર સ્પષ્ટ નિવેદનો આપ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં સૂર્યા સાથે બનેલી ઘટના 'ફ્રેન્ડ જેહાદ'નો મામલો છે. તેમણે ઉમેર્યું હતું કે દક્ષિણ ગુજરાત પણ ધાર્મિક પરિવર્તન અને લવ જેહાદથી ઘેરાયેલું છે. અમે સમગ્ર ભારતમાં આ મુદ્દા પર કામ કરી રહ્યા છીએ અને તેથી જ ધામ, સનાતન અને આપણા બધાને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ખૂબ જ ટૂંક સમયમાં અમે દક્ષિણ ગુજરાતમાં 'ઘર વાપસી'નું આયોજન કરીશું.'

ધીરેન્દ્ર શાસ્ત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ભારતને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ બાદ હિન્દુત્વ ઈન્ટેલિજન્સની જરૂર છે. હિન્દુત્વ ઈન્ટેલિજન્સમાં શ્રીમંત હિન્દુઓએ ગરીબ હિન્દુઓને સપોર્ટ કરવો જોઈએ. હિન્દુઓને વધુ કામ આપવું જોઈએ. કોઈપણ હિન્દુ બેરોજગાર ન રહે. આપણે જાતિથી ઉપર ઉઠીને હિન્દુ એકતાનો સંકલ્પ પૂરો કરવો જોઈએ અને સમગ્ર દેશમાં વિવિધતામાં એકતાના સાર્વભૌમત્વને ફેલાવવાનો પ્રયાસ કરવો જોઈએ. બાગેશ્વરધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રી રાજકોટની મુલાકાતે વેળા મીડિયા સાથે ચર્ચા કરતાં અનેકવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે દેશમાં અશાંતિ ન ફેલાવી જોઈએ, જૂની કે નવી પાર્ટી દેશને એક રાખવા માટે કામ કરે. દેશમાં અશાંતિ ફેલાવનારાને ઓળખવાની જરૂર છે. જે પણ વ્યક્તિ સનાતની છે તેને કોઈ સમસ્યા હોય તો મારી પાસે આવી શકે છે. ધીરેન્દ્ર શાસ્ત્રીએ હિન્દુ સમાજની એકતા પર ભાર મૂકતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, દેશમાં હિન્દુઓમાં કોઈપણ પ્રકારના ભાગલા ન પડવા જોઈએ. જે પણ વ્યક્તિ સનાતની છે અને તેને જો કોઈ પણ પ્રકારની સમસ્યા કે તકલીફ હોય, તો તે સંકોચ વગર સીધા મારી પાસે આવી શકે છે. આ ઉપરાંત તેમણે દક્ષિણ ગુજરાતનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ત્યાં પણ હાલના સમયમાં ધાર્મિક અને સામાજિક સમસ્યાઓ જોવા મળી રહી છે, જેથી ત્યાં પણ સમયસર જાગૃત્તિ લાવવી અનિવાર્ય છે. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં થઈ રહેલા ધર્માંતરણ અંગે પણ તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. તેમના જણાવ્યા અનુસાર, સનાતન ધર્મ પ્રત્યે જાગૃતિ લાવવી સમયની માંગ છે અને તે માટે તેઓ ટૂંક સમયમાં દક્ષિણ ગુજરાતની મુલાકાત લઈને જનજાગૃતિ અભિયાન શરૂ કરશે.

# ડીસામાં ડ્રગ્સ સાથે બે શખ્સો ઝડપાયા રૂા.૫.૭૮ લાખનો મુદ્દામાલ જપ્ત

(સંવાદદાતા દ્વારા)
ડીસા, તા.૭

ડીસા પાટણ હાઈવે પર આવેલી શિવધામ સોસાયટીમાં રહેતા જોગેશકુમાર મહેશકુમાર ઠાકોર અને હાલ શીવનગર ચોકડી પાસે ભાડાના મકાનમાં રહેતા શાહીલ પ્રવિણભાઈ વાઘેલા (પરમાર) નામના બે શખ્સોને શંકાસ્પદ હાલતમાં ઝડપી લેવામાં આવ્યા હતા.

આ બંને ઇસમોની અંગઝડતી લેતા તેમની પાસેથી ગેરકાયદેસર માદક પદાર્થ મેફેડ્રોન મળી આવ્યું હતું. જેમાં બંને શખ્સો પાસેથી ૮-૮ ગ્રામ લેખે કુલ ૧૬ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ (કિંમત રૂ. ૪૮,૦૦૦/-) જપ્ત કરવામાં આવ્યું છે.

પોલીસે મેફેડ્રોન ડ્રગ્સ : ૧૬ ગ્રામ (કિંમત રૂા. ૪૮,૦૦૦), મોબાઈલ ફોન : ૨ નંગ (કિંમત રૂા. ૩૦,૦૦૦/-), હ્યુન્ડાઈ ઓરા કાર : સફેદ કલર, રજી. નંબર GJ-08-CS-1327 (કિંમત રૂા. ૫,૦૦,૦૦૦/-), રોકડ રકમ : રૂા. ૬૪૦/-, કુલ જપ્ત મુદ્દામાલની કિંમત : રૂા. ૫,૭૮,૬૪૦/- જપ્ત કર્યો હતો તેમજ પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે પકડાયેલા બંને આરોપીઓને આ નશાકારક પદાર્થ ધાનેરા તાલુકાના મલોત્રા ગામના રહેવાસી ડાહ્યાભાઈ કાનજીભાઈ ચૌધરી નામના શખ્સે પૂરો પાડ્યો હતો. હાલમાં આ ત્રીજો આરોપી પોલીસને હાથ લાગ્યો નથી. પોલીસે ત્રણેય આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધીને ફરાર આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ચોક્કસ માપમાં વેચાશે સિંગતેલ-કપાસિયા તેલ

# ખાદ્યતેલ કંપનીઓ હવેથી ગ્રાહકો સાથે છેતરપિંડી કરી શકશે નહિ

## ગ્રાહકોના હિતમાં સરકારે ખાદ્યતેલના વેચાણ માટે ચોક્કસ માપ તૈયાર કર્યા

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૭

ગુજરાત ખાદ્યતેલનું મોટું હબ છે. સિંગતેલ અને કપાસિયા તેલના વેચાણ માટે રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, જામનગર, ગાંધીધામ, કંડલા, મોરબી અને અમદાવાદ જેવા જિલ્લા પ્રખ્યાત છે. આવામાં ખાદ્યતેલના વેચાણ મામલે નાગરિકો સાથે થતી છેતરપીંડી દૂર કરવા માટે એક મોટો નિર્ણય લેવાયો છે. હવેથી ખાદ્યતેલના ૮૫૦ મિલી, ૯૧૦ મિલી કે ૮૭૦ મિલીના જે પેકેટ મળતા હતા, તે બંધ કરાશે. કારણ કે, કેન્દ્ર સરકારે ખાદ્યતેલના પેકેટ માટે ચોક્કસ માપદંડ બનાવ્યા છે. ખાદ્યતેલ વેચવા માટે ૯ માપદંડ તૈયાર કરાયા છે.

એઓપીમાં પ્રમુખ ખાદ્યતેલ માટે ૯ માપદંડના પેક આકાર તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં ૨૦૦ મીલિમીટર/ગ્રામ, ૫૦૦ મિલીમીટર/ગ્રામ, ૧ લીટર/કિલોગ્રામ, ૨ લીટર/કિલોગ્રામ, ૩ લીટર/કિલોગ્રામ, ૪ લીટર/કિલોગ્રામ, ૫ લીટર/કિલોગ્રામ, ૧૫ લીટર/કિલોગ્રામ, ૨૦ લીટર/કિલોગ્રામનો સમાવેશ થાય છે.

આ નિયમ પામોલીન તેલ, સોયાબીન, સૂરજમુખી, સરસવ, મગફળી, તલ, રાઈસ બ્રાન, કપાસ બીજ અને મકાઈના તેલ જેવા મિશ્રિત તેલ પર લાગુ કરવામાં આવ્યો છે. આ નિર્ણય દેશના લગભગ તમામ ૯૦ ટકા ખાદ્યતેલોના વેચાણ માટે લેવાયો છે. આ માટે ખાદ્યતેલ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરનારા પ્રમુખ ઉદ્યોગ સંગઠનના સાથે ચર્ચા વિચારણા બાદ નિર્ણય લેવાયો છે. ભારતે સરકારે આ મામલે મોટું પગલું ભર્યું છે. જેમાં ખાદ્યતેલના પેકને ગેરકાયદેસર રીતે આકાર આપવાની સમસ્યાને દૂર કરવાનો પ્રયાસ કરાયો છે. ગ્રાહકોને સ્પષ્ટ, પારદર્શી અને યોગ્ય વસ્તુ મળે તે તેમનો અધિકાર છે.

ગુજરાતમાં સિંગતેલ અને કપાસિયા તેલનુ માર્કેટ મોટુ છે. આ ઉપરાત દેશના કુલ મગફળી ઉત્પાદનમાં ગુજરાતનો મોટો ફાળો છે. આ સાથે જ કંડલા અને મુન્દ્રા બંદરો મારફતે વિદેશથી આવતું પામ ઓઈલ, સોયા ઓઈલ અને સનફૂલાવર ઓઈલ પણ ગુજરાતની રિફાઈનરીઓમાં પ્રોસેસ થઈને સમગ્ર દેશમાં પહોંચે છે. જેના કારણે ગુજરાતને તેલના ઉદ્યોગનું એપી સેન્ટર ગણાય છે. રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, જામનગર, ગાંધીધામ, કંડલા, મોરબી અને અમદાવાદ જિલ્લાઓમાં આ ઉદ્યોગનું મજબૂત નેટવર્ક છે. તેથી ગુજરાત માટે આ નિર્ણય મહતવનો સાબિત થઈ શકશે.

રાજ્યમાં વધુ એક સાયબર ફ્રોડ; એક અજાણ્યો કોલ અને મોટી ભૂલ

# ૨૮ દિવસ ડિજિટલ અરેસ્ટ રહી વૃદ્ધે ગુમાવ્યા ૧.૪૭ કરોડ રૂપિયા

## અલગ-અલગ આરોપ લગાવી ધમકાવી ધરપકડની ધમકી આપવામાં આવી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૭

ગુજરાતમાં વધુ એક વૃદ્ધ સાયબર છેતરપિંડીનો ભોગ બન્યા છે. આ વૃદ્ધ સાથે ૧.૪૭ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ છે. આ કેસની જાણકારી ગૃહ મંત્રાલય હેઠળ કામ કરનાર એજન્સી સાયબર દોસ્ત આઈ ૪સી એ આપી છે. એજન્સીએ પોસ્ટ કરી જણાવ્યું કે ગુજરાતમાં એક વૃદ્ધ સાથે છેતરપિંડી થઈ અને તેના બેંક ખાતામાંથી સાયબર ઠગોએ ૧.૪૭ કરોડ ઉઠાવી લીધા છે. આ તેમની જિંદગીભરની કમાણી હતી.

સાયબર છેતરપિંડીની શરૂઆત એક ફોન કોલ સાથે થઈ હતી. સ્માર્ટફોન પર એક દિવસ અજાણ્યા નંબરથી ફોન આવ્યો. વ્યક્તિએ ફોન ઉપાડ્યો અને પછી સામેથી કહેવામાં આવ્યું કે વૃદ્ધના નામે ડિજિટલ કેડેન્શિયલનો ઉપયોગ કોઈ ગેરકાયદેસર કામમાં થયો છે. ત્યારબાદ પીડિત પર અલગ-અલગ આરોપ લગાવી ધમકાવવામાં આવ્યા અને ધરપકડની પણ ધમકી આપવામાં આવી હતી. પછી વૃદ્ધને ફોન કોલ પર તપાસમાં સહયોગ કરવાનું કહ્યું. ત્યારબાદ પીડિતને બધાથી દૂર રહેવાનું કહ્યું અને જણાવવામાં આવ્યું કે આ વિશે કોઈને વાત કરે નહીં. જાણકારી લીક કરવી તમારા અને તમારા પરિવાર માટે ખતરનાક સાબિત થઈ શકે છે. પછી વૃદ્ધને કેસ ખતમ કરવાની લાલચ આપવામાં આવી. પીડિતને જણાવવામાં આવ્યું કે ફંડનું વેરિફિકેશન કરવું પડશે. ત્યારબાદ પીડિત વૃદ્ધે મોટી રકમ ૧.૪૭ કરોડ રૂપિયા સાયબર ઠગોના ખાતામાં ટ્રાન્સફર કરી દીધા. પછી પીડિતને ખ્યાલ આવ્યો કે તેઓ સાયબર ફ્રોડનો શિકાર બની ગયા છે. સાયબર દોસ્તે જણાવ્યું કે, તે યાદ રાખો કે કોઈપણ લો એન્ફોર્સમેન્ટ એજન્સી (સીબીઆઈ, પોલીસ, ઈડી વગેરે) ફોન કે વીડિયો કોલ દ્વારા કોઈની ધરપકડ કે પૂછપરછ કરતી નથી. સાયબર દોસ્તે જણાવ્યું કે ન કોઈપણ લો એજન્સી પૈસા ટ્રાન્સફર કરવાનું કહે છે. આવા કોલને તત્કાલ કટ કરી દેવો જોઈએ. સાયબર દોસ્તે જણાવ્યું કે ડરવાનું નથી, સુરક્ષિત રહેવાનું છે.

ભાવનગર રિંગરોડ પર ત્રિપલ અકસ્માત

# ટ્રક, કાર અને બાઈકની ટક્કરમાં કાકા અને ભત્રીજાના થયા કરૂણ મોત

## જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવાર હેઠળ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૭

શહેરના રિંગરોડ વિસ્તારમાં એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવતી કારે બાઈકને ટક્કર માર્યા બાદ આગળ ઊભેલા ટ્રકમાં ઘૂસી જતાં સર્જાયેલા ત્રિપલ અકસ્માતમાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે.

મળતી માહિતી મુજબ, ભાવનગરના રિંગરોડ પરથી રાકેશભાઈ મનસુખભાઈ બારૈયા અને બેચરભાઈ ખાટાભાઈ બારૈયા (કાકા-ભત્રીજા) રામ દરબારથી પોતાના બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી એક ફોરવ્હીલ કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને બાઈકને પાછળના ભાગે જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બાઈક સવાર બંને કાકા-ભત્રીજા રોડ પર ફંગોળાયા હતા. બાઈકને અડફેટે લીધા બાદ કાર આગળ ઉભેલા એક બંધ ટ્રકમાં પાછળના ભાગે ઘૂસી ગઈ હતી. અકસ્માતને પગલે ગંભીર ઈજાઓ થવાથી રાકેશભાઈ અને બેચરભાઈ બંનેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. કાર ટ્રકમાં ઘૂસી જતાં કારમાં સવાર બે વ્યક્તિઓને પણ ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકોના ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ, બનાવની જાણ થતાં જ મૃતકોના પરિવારજનોમાં ભારે આક્રંદ છવાઈ ગયો હતો અને તેઓ મોટી સંખ્યામાં હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી, અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રિંગરોડ પર વાહનોની ગતિ મર્યાદા અને ટ્રાફિક નિયમોના પાલનને લઈને ફરી એકવાર સવાલો ઉભા થયા છે.

# "મહિલા ઉડાન (Women's Flight)"ની સ્થાપના : મહિલાઓના સર્વાંગી વિકાસ માટે નવી પહેલ



અમદાવાદ, તા.૭

તા.૫ જૂન ૨૦૨૬ના રોજ સિનિયર સિટીઝન હોલ, અમવાની સામે, જુહાપુરા, અમદાવાદ મુકામે યોજાયેલી મહિલાઓની એક વિશેષ બેઠકમાં વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન મહિલાઓ માટે એક સ્વતંત્ર મંચની જરૂરિયાત, તેના હેતુઓ, પ્રવૃત્તિઓ તથા નામ અંગે વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. જેના અંતે સર્વાનુમતે સંસ્થાનું નામ "મહિલા ઉડાન (Women's Flight)" નક્કી કરવામાં આવ્યું હતું.

બેઠકમાં અમવાના પ્રમુખ ડૉ. પ્રોફેસર મહેરૂન્નિસા દેસાઈએ જણાવ્યું હતું કે, "ઉડાન" માત્ર એક શબ્દ નથી, પરંતુ મહિલાઓના સપનાઓ, આત્મવિશ્વાસ, સ્વતંત્રતા, વ્યક્તિત્વ વિકાસ અને નવી ઊંચાઈઓ સુધી પહોંચવાની પ્રેરણાનું પ્રતિક છે. "મહિલા ઉડાન"નો ઉદ્દેશ મહિલાઓને ઘર અને દૈનિક જવાબદારીઓની બહાર આવીને આનંદ, મિત્રતા, શિક્ષણ, સ્વાસ્થ્ય, વ્યક્તિત્વ વિકાસ અને સમાજસેવાની પ્રવૃત્તિઓ સાથે જોડવાનો છે. બેઠકમાં સર્વાનુમતે હોદ્દેદારોની પસંદગી કરવામાં આવી હતી, જેમાં સંસ્થાના ચેરપર્સન તરીકે

ડો. પ્રોફેસર મહેરૂન્નિસાબેન દેસાઈ તથા પ્રમુખ તરીકે જરીનાબેન શેખ તેમજ સલમાબેન શેખ-ઉપપ્રમુખ, શહેનાઝબેન મોહસીન મસ્કતી-ઉપપ્રમુખ, સનોબરબેન પઠાણ-સેક્રેટરી, યાસ્મીન સરેશવાલા-ખજાનચી, ફરહતબેન કોન્ટ્રાક્ટર-મનોરંજન સંયોજક તથા જુબેદાબેન દેસાઈ-કાર્યક્રમ સંયોજક તરીકે નિમણૂક કરવામાં આવી છે. બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે, "મહિલા ઉડાન" દ્વારા મહિલાઓ માટે મનોરંજનાત્મક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, આરોગ્યલક્ષી, જાગૃતિ અને સમાજસેવાના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. સાથે જ મહિલાઓમાં આત્મવિશ્વાસ, નેતૃત્વ, એકતા, સામાજિક જવાબદારી અને નિઃસ્વાર્થ સેવાની ભાવના વિકસે તે માટે સતત પ્રયાસો હાથ ધરવામાં આવશે. આ સાથે સંસ્થાનું સૂત્ર "પોતાના વિકાસથી સમાજના વિકાસ સુધીની ઉડાન" રાખવાની ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

ગટરના પાણીનો ભરાવો થતા સોસાયટીઓ ત્રાહિમામ

# ચાંદલોડિયામાં રેલવે અન્ડર બ્રિજની લાંબી કામગીરી બની માથાનો દુઃખાવો

## બ્રિજને કારણે ઠેકઠેકાણે ખોદકામ કરાતા ગટરના પાણી ભરાવાની સમસ્યા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૭

અમદાવાદમાં ચાંદલોડિયા રેલવે અંડર બ્રિજ બનાવવાની કામગીરી છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહી છે. વંદેમાતરમથી ગોતાને જોડતો રેલવે અન્ડર બ્રિજ છેલ્લા ત્રણ વર્ષથી બની રહ્યો છે. કહેવાતા સ્માર્ટ સિટી અમદાવાદમાં તંત્ર દ્વારા ગોકળ ગાયની ગતિએ બ્રિજની કામગીરી થઈ રહી છે. બ્રિજને કારણે ઠેકઠેકાણે ખોદકામ કરી દેવામાં આવ્યુ છે અને આ ખોદકામ કરેલી જગ્યાઓમાં ગટરના પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે. જેનાથી આસપાસના રહિશોને ભારે ગંદકી અને દુર્ગંધનો સામનો કરવો પડે છે.

બ્રિજની આસપાસની અપેક્ષા એવન્યુ, શ્રીફળ એપાર્ટમેન્ટ, કીર્તિ બંગલો, શુકન ગોલ્ડ, પોપ્યુલર પેરેડાઈસ, નિર્માણ હોમ્સ, વંદેમાતરમ ક્રોસ વિન્ડ સહિતની ૧૦ સોસાયટીઓને અસર થઈ રહી છે. હાલ તંત્ર દ્વારા પ્રિમોન્સુન કામગીરીના નામે મોટા મોટા દાવા કરાઈ રહ્યા છે. તો બીજી તરફ મોનસુન પહેલા જ ગટરના પાણી ઉભરાઈ રહ્યા છે. ત્યારે બ્રિજની આસપાસના સ્થાનિકોનું કહેવુ છે કે અનેક રજૂઆત કરવા છતા બ્રિજની કામગીરી સત્વરે પૂર્ણ કરાઈ નથી રહી. આખરે ત્રાસેલા સ્થાનિકોએ તંત્ર સામે વિરોધ વ્યક્ત કરવા બેસણાની સભા યોજી રામધુન બોલાવી હતી. લોકોનું કહેવુ છે કે શહેરના મેયરે પણ ગઈકાલે આ સ્થળની મુલાકાત લીધી હતી પરંતુ તેમની રજૂઆતો સાંભળ્યા વગર જ ત્યાંથી રવાના થઈ ગયા હતા. જેના લીધે સ્થાનિકોમાં નારાજગી છે. હાલ અંડરપાસ પાસે ડ્રેનેજ અને મેઈન લાઈન ભેગી થતાં પાણીનો ભરાવો થાય છે. જેના લીધે મચ્છરજન્ય રોગ ફેલાવવાની પણ ભીતિ સર્જાઈ છે. ત્યારે આગામી સમયમાં જો સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો સ્થાનિકોએ ગાંધીનગર રજૂઆત કરવા જવાની ચીમકી પણ ઉચ્ચારી છે. બેસવાના આ આજના વિરોધાત્મક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા.

# ફ્રાન્સે ગાઝા ફ્લોટિલા કાર્યકરો સાથેના દુર્વ્યવહાર અંગે ઈઝરાયેલના 'યુદ્ધ ગુનાઓ', 'ત્રાસ' અંગે તપાસ શરૂ કરી

**ઈઝરાયેલ દ્વારા ૪૦ દેશોના લગભગ ૪૩૦ કાર્યકરોનું અપહરણ કરીને અટકાયત કરવામાં આવી હતી, ૧૮ મેના રોજ આંતરરાષ્ટ્રીય પાણીમાં તેમને અવરોધિત કર્યા હતા કારણ કે તેઓએ ગાઝા પર નાકાબંધી તોડવાના પ્રયાસો કર્યા હતા**

(એજન્સી) તા.૭

ફ્રેન્ચ આતંકવાદ વિરોધી ફરિયાદીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે ફ્રાન્સે ગયા મહિને ગાઝા જતી સહાય ફ્લોટિલા પર ફ્રેન્ચ કાર્યકરો સાથે ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા વર્તન અંગે કથિત "યુદ્ધ ગુનાઓ" અને "ત્રાસ" અંગે પ્રાથમિક તપાસ શરૂ કરી છે. રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી ફરિયાદીઓની કચેરી (PNAT)એ જણાવ્યું હતું કે ગ્લોબલ સુમુદ ફ્લોટિલાના કાર્યકરોએ તેમની અટકાયત દરમિયાન ઈઝરાયેલી અધિકારીઓ પર ગંભીર દુર્વ્યવહારનો આરોપ લગાવ્યા બાદ વિદેશ મંત્રાલયની વિનંતી બાદ શુક્રવારે તપાસ શરૂ કરવામાં આવી હતી. ૪૦ દેશોના લગભગ ૪૩૦ કાર્યકરોનું ઈઝરાયેલ દ્વારા અપહરણ કરીને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. ૧૮ મેના રોજ આંતરરાષ્ટ્રીય પાણીમાં તેમને અવરોધિત કર્યા હતા કારણ કે તેઓએ ગાઝા પર નાકાબંધી તોડવાના પ્રયાસો કર્યા હતા. સંયુક્ત રાષ્ટ્ર અને માનવાધિકાર સંગઠનો નિર્દેશ કરે છે કે તે સજાનું સામૂહિક સ્વરૂપ છે, તેને ગેરકાયદેસર ગણાવે છે. ઈઝરાયેલના દૂર-જમણેરી રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈટામાર બેન-ગ્વિરે ફ્લોટિલા કાર્યકરોને બંધાયેલા હતા ત્યારે તેમની મજાક ઉડાવતો વીડિયો પોસ્ટ કર્યા પછી વ્યાપક નિંદા કરી હતી. ફ્રાન્સે આ ઘટના અંગે બેન ગ્વિરને પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો હતો. ૨૨ મેના રોજ જ્યારે તેમાંથી ૮ ફ્રાન્સ પાછા ફર્યા ત્યારે ઘણા ફ્રેન્ચ કાર્યકરોએ સમજાવ્યું કે તેઓએ જે કહ્યું તે હિંસક અને અપમાનજનક હતું અને પત્રકારોને જણાવ્યું હતું કે ફ્લોટિલામાં સવાર ૩૦થી વધુ ફ્રેન્ચ લોકોમાંથી બે હજુ પણ તુર્કીમાં હોસ્પિટલમાં દાખલ છે. પરત ફરતી એક મહિલાએ વર્ણવ્યું કે કેવી રીતે એક સૈનિકે તેને અંધારાવાળી જગ્યાએ સ્પર્શ કર્યો અને



માર્યો, અને તેણી ખરેખર ડરતી હતી કે તેણી પર બળાત્કાર થઈ શકે છે. બીજી એક મહિલાએ અટકાયત કરાયેલા કાર્યકરોને "તણાવની સ્થિતિ" તરીકે ઓળખાતી સ્થિતિમાં, ઘૂંટણ પર અને ઘણા કલાકો સુધી તેમના કપાળ જમીન પર રાખીને, જ્યારે ઈઝરાયેલી રાષ્ટ્રગીત વારંવાર વગાડવામાં આવતું હતું. પેલેસ્ટીની અધિકારો માટે ઈઝરાયેલી કાનૂની કેન્દ્ર, અદાલાહના કાનૂની નિર્દેશક સુહાદ બિશારાએ ઈઝરાયેલી અધિકારીઓ દ્વારા ફ્લોટિલા કાર્યકરો દ્વારા સામનો કરવામાં આવતી ક્રૂર હિંસાનું વર્ણન કર્યું. "હું છેલ્લા ૧૦ વર્ષથી ફ્લોટિલા કાર્યકર્તાઓનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છું અને મને લાગે છે કે આ સૌથી હિંસક અવરોધોમાંનું એક હતું. ગઈકાલે અમે ઘણા લોકોને મળ્યા જેમને પાંસળીમાં તીવ્ર દુખાવો હતો, શ્વાસ લેવામાં તકલીફ હતી, જે પાંસળીમાં ભંગાણ સૂચવી શકે છે. અમે શારીરિક હિંસા, અપમાન, જાતીય હુમલા, હિજાબ ફાડી નાખવા, થપ્પડ મારવા, અપમાનજનક વર્તનનો ભોગ બનેલા સહભાગીઓ સાથે વાત કરી, અને ઘાયલ થયેલા થોડા લોકો રબરની ગોળીઓના ગોળીબારથી પણ પીડાતા હતા," સુહાદે કહ્યું. ધ ગ્લોબલ સુમુદ ફ્લોટિલા અનુસાર, તેણે જાતીય શોષણના ઓછામાં ઓછા ૧૫ કેસ દસ્તાવેજીકૃત કર્યા છે. ફ્રેન્ચ ફ્લોટિલા કાર્યકર્તાઓના વકીલોએ કહ્યું છે કે તેઓ બળાત્કાર, ત્રાસ અને અપમાનના આરોપો પર તેમના ક્લાયન્ટ્સ વતી અલગ ફરિયાદ દાખલ કરવાની યોજના ધરાવે છે. કાર્યકર્તાઓએ ગાઝા પર ઈઝરાયેલના નરસંહાર યુદ્ધને ટેકો આપવાનો આરોપ લગાવતા, તેમના અનુભવોની ચર્ચા કરવા માટે ફ્રેન્ચ સરકાર સાથે મળવાનો ઈનકાર કર્યો છે. પેલેસ્ટીની પ્રદેશો પર યુએનના સ્પષ્ટવક્તા નિષ્ણાત ફ્રાન્સેસ્કા અલ્બેનીઝે ફ્લોટિલા કાર્યકર્તાઓની અટકાયત પર પ્રતિક્રિયા આપી. "ઈઝરાયેલી રંગભેદ સત્તાવાળાઓ દ્વારા ફ્લોટિલા કાર્યકરોને પકડી લેવામાં આવ્યા, મનસ્વી રીતે અટકાયતમાં લેવામાં આવ્યા અને અમાનવીય અને અપમાનજનક વર્તન કરવામાં આવ્યું. ફ્લોટિલા પ્રતિનિધિઓનો પુષ્કળ બલિદાન બદલ આભાર. ઈઝરાયેલ અને EU બંને શરમ અનુભવે," અલ્બેનીઝે કહ્યું.

# મધ્ય ઈઝરાયેલમાં શંકાસ્પદ આતંકવાદી ગોળીબારમાં એકનું મોત, પાંચ ઘાયલ

**ઓક્ટોબર ૨૦૨૩માં ગાઝામાં યુદ્ધ શરૂ થયું ત્યારથી આ પ્રદેશમાં ઈઝરાયેલી લશ્કરી પ્રવૃત્તિ, પશ્ચિમ કાંઠે ઈઝરાયેલીઓ સામે હુમલા અને પેલેસ્ટીનીઓ સામે વસાહતી હિંસામાં વધારો થયો છે**

(એજન્સી) તા.૭

ઈઝરાયેલના કબજા હેઠળના પશ્ચિમ કાંઠે અને નજીકના ઈઝરાયેલી શહેરોમાં રવિવારે એકસાથે ગોળીબારની ઘણી ઘટનાઓ જોવા મળી હતી, જેમાં ઓછામાં ઓછા એક વ્યક્તિનું મોત થયું હતું અને ચાર અન્ય ઘાયલ થયા હતા, એમ ઈઝરાયેલની બચાવ સેવાઓ, મેગેન ડેવિડ એડોમના જણાવ્યા અનુસાર. ઈઝરાયેલની પોલીસે જણાવ્યું હતું કે તેઓએ ઓછામાં ઓછા એક હુમલાખોરને મારી નાખ્યો છે અને વધારાના હુમલાખોરોની શોધખોળ હાથ ધરી છે. વિસ્તારના રહેવાસીઓને ઘરે રહેવાની સૂચના આપવામાં આવી હતી. ઈઝરાયેલી પોલીસે એમ પણ કહ્યું હતું કે હુમલામાં એક શંકાસ્પદ ગોળીબાર કરનારને "નિષ્ક્રિય" કરવામાં આવ્યો હતો, વધુ વિગતો આપ્યા વિના. ઓક્ટોબર ૨૦૨૩માં ગાઝામાં યુદ્ધ શરૂ થયું ત્યારથી આ પ્રદેશમાં ઈઝરાયેલી લશ્કરી પ્રવૃત્તિ, પશ્ચિમ કાંઠે ઈઝરાયેલીઓ



સામે હુમલાઓ અને પેલેસ્ટીનીઓ સામે વસાહતીઓની હિંસામાં વધારો થયો છે. સપ્તાહના અંતે, ઈઝરાયેલી સૈનિકોએ કબજા હેઠળના પશ્ચિમ કાંઠે એક કાર પર ગોળીબાર કર્યો હતો જે તેમના કહેવા મુજબ સૈનિકો તરફ ઝડપથી આગળ વધી રહી હતી, જેમાં ૭ મહિનાના પેલેસ્ટીની બાળકનું મોત થયું હતું અને તેના માતા-પિતા ઘાયલ થયા હતા, એમ પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

# યુદ્ધ દરમિયાન ઈરાન પર નજર રાખવા માટે ઈઝરાયેલે અઝરબૈજાન સરહદ પર ગુપ્ત નેટવર્ક બનાવ્યું હતું

(એજન્સી) તા.૭

તાજેતરના તેહરાન સાથેના સંઘર્ષ દરમિયાન ઈઝરાયેલે ઈરાનની આસપાસ લશ્કરી નેટવર્ક ચલાવ્યું હોવાના અહેવાલ છે. CNNના અહેવાલ મુજબ, સૌથી મહત્વપૂર્ણ જમાવટમાંની એક અઝરબૈજાનમાં હતી, જ્યાં ઈઝરાયેલી વિશેષ દળો, ગુપ્તચર કર્મચારીઓ અને ડ્રોન એકમો ઈરાનની ઉત્તરીય સરહદની નજીક કથિત રીતે તૈનાત હતા. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈઝરાયેલી કર્મચારીઓ દક્ષિણ અઝરબૈજાનમાં ઘણા સ્થળોએથી કાર્યરત હતા, કેટલાક ઈરાની શહેર તાબ્રિઝથી ૯૭ કિલોમીટર દૂર હતા, જેને યુદ્ધ દરમિયાન નિશાન બનાવવામાં આવ્યું હતું. કથિત હાજરીમાં ખાસ કામગીરી દળો, બચાવ ટીમો, ડ્રોન ઓપરેટરો અને મોસાદના કર્મચારીઓનો સમાવેશ થતો હતો. જોકે, અઝરબૈજાને દાવાઓને સખત રીતે નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે તેનો પ્રદેશ કોઈપણ ત્રીજા દેશ સામે કાર્યવાહી માટે ઉપયોગમાં લેવાતો નથી. યુનાઈટેડ સ્ટેટ્સમાં અઝરબૈજાની દૂતાવાસના પ્રવક્તાએ CNNને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, "અમે ત્રીજા દેશો સામે કાર્યવાહી માટે અઝરબૈજાનના પ્રદેશના કથિત ઉપયોગ અંગેના પાયાવિહોણા દાવાઓને સખત રીતે નકારી કાઢીએ છીએ." અઝરબૈજાન ઉપરાંત, ઈઝરાયેલે ઈરાક, સંયુક્ત આરબ



અમીરાત અને સોમાલીલેન્ડમાં સુવિધાઓ જાળવી રાખી હોવાના અહેવાલ છે, જે ઈરાનની ઉત્તરીય, પશ્ચિમી અને દક્ષિણ સરહદોને આવરી લેતું નેટવર્ક બનાવે છે. અહેવાલમાં જણાવાયું છે કે ઈરાકમાં ગુપ્ત સ્થળોનો ઉપયોગ લોજિસ્ટિક્સ અને શક્ય શોધ-અને-બચાવ મિશન માટે કરવામાં આવતો હતો, જ્યારે ઈઝરાયેલે સંઘર્ષ દરમિયાન યુએઈમાં આયર્ન ડોમ એર ડિફેન્સ બેટરી પણ તૈનાત કરી હતી. ઈરાક અને યુએઈ બંનેએ અનધિકૃત ઈઝરાયેલી લશ્કરી કામગીરીનું આયોજન કરવાનો ઈન્કાર કર્યો છે. એક નિવેદનમાં, ઈરાકની સૈન્યએ જણાવ્યું હતું કે માર્ચની શરૂઆતમાં દેશમાં કોઈ "અનધિકૃત ઠેકાણા અથવા દળો" નહોતા. આફ્રિકાના હોર્નમાં એક અજાણ્યો પ્રદેશ, સોમાલીલેન્ડને પણ એક વ્યૂહાત્મક સ્થાન તરીકે જોવામાં આવતું હતું જે ઈરાન સાથે જોડાયેલા લાંબા અંતરના ઓપરેશનને સમર્થન આપી શકે છે. સીએનએનના અહેવાલ મુજબ, અઝરબૈજાન-ઈરાન સરહદ નજીક ઈઝરાયેલી તૈયારીઓ સંઘર્ષના મહિનાઓ પહેલા શરૂ થઈ હતી. ઈરાની લશ્કરી પ્રવૃત્તિ પર નજર રાખવા અને મિસાઈલ લોન્ચની વહેલી ચેતવણી આપવા માટે દેખરેખ સાધનો અને સાંભળવાના ઉપકરણો કથિત રીતે સ્થાપિત કરવામાં આવ્યા હતા.

# 'વાસ્તવિક દુનિયામાં જીવો': ઈરાનના અબ્બાસ અરાઘચીએ ટ્રમ્પ-ખામેનાઈ વાટાઘાટોની શક્યતાને નકારી કાઢી

**આ ટિપ્પણીઓ ટ્રમ્પની ટિપ્પણીઓ પછી આવી છે, જેમણે દાવો કર્યો હતો કે તેહરાન પરમાણુ શસ્ત્રોના વિકાસને રોકવા માટે સંમતિ આપી છે અને ઈરાનના સર્વોચ્ચ નેતા સાથે સંભવિત મુલાકાતનો સંકેત આપ્યો છે**

(એજન્સી) તા.૭

એક મીડિયા ઈન્ટરવ્યુ દરમિયાન, અરાઘચીએ બંને નેતાઓ વચ્ચેની કોઈપણ સંભવિત ચર્ચાને અવાસ્તવિક ગણાવી. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ દેશના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેની અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મુલાકાતની શક્યતાને નકારી કાઢી છે. અરાઘચી ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલા અગાઉના દાવાઓને ફગાવી રહ્યા હતા કે આવી મુલાકાત થઈ શકે છે. એક મીડિયા ઈન્ટરવ્યુ દરમિયાન, અરાઘચીએ બંને નેતાઓ વચ્ચેની કોઈપણ સંભવિત ચર્ચાને અવાસ્તવિક ગણાવી. "મેં એક અહેવાલ જોયો જેમાં દેખીતી રીતે કહેવામાં આવ્યું હતું કે તેમણે (ટ્રમ્પ) કહ્યું હતું કે તેઓ મીટિંગ માટે તૈયાર છે અથવા તેઓ મીટિંગ કરવા માંગે છે. મને લાગે છે કે આપણે વાસ્તવિક બનવું જોઈએ અને વાસ્તવિક દુનિયામાં વિચારવું જોઈએ અને જીવવું જોઈએ," અલ જઝીરાના અહેવાલ મુજબ, અરાઘચીએ કહ્યું. આ ટિપ્પણીઓ ટ્રમ્પની ટિપ્પણીઓ પછી આવી હતી, જેમણે દાવો કર્યો હતો કે તેહરાન પરમાણુ શસ્ત્રોના વિકાસને રોકવા માટે સંમતિ આપી છે, જ્યારે જો પરિસ્થિતિ "કામ કરે તો" ઈરાનના સર્વોચ્ચ નેતા, મોજતબા ખામેની સાથે સંભવિત મીટિંગનો સંકેત આપ્યો હતો. જ્યારે ખામેનાઈ વોશિંગ્ટન સાથે ચાલી રહેલા સંઘર્ષને રોકવા માટે રાજદ્વારી વાટાઘાટોમાં રોકાયેલા છે કે કેમ તે અંગે પૂછવામાં આવ્યું ત્યારે ટ્રમ્પે ભારપૂર્વક કહ્યું, "તેઓ ચોક્કસ સામેલ છે. મને લાગે છે કે તેઓ તેમના માટે ખૂબ આદર ધરાવે છે." યુએસ રાષ્ટ્રપતિએ વધુમાં નોંધ્યું કે તેમને હજુ સુધી ખામેનીને "મળવાનો



વિશેષાધિકાર" મળ્યો નથી. "હું તેમને મળવા માંગુ છું. અમે કદાચ કોઈ સમયે મળીશું, તે બધું કેવી રીતે કાર્ય કરે છે તેના પર આધાર રાખે છે," ટ્રમ્પે ઉમેર્યું. વધુમાં, ટ્રમ્પે ઈરાન સામે લશ્કરી ઝુંબેશને સફળ ગણાવી, અને કહ્યું કે તેહરાનની સંરક્ષણ ક્ષમતાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ ઈરાન પર યુએસ-ઈઝરાયેલી સંયુક્ત લશ્કરી હુમલાઓ બાદ શરૂ થયેલી દુશ્મનાવટને કારણે આંતરરાષ્ટ્રીય ઊર્જા બજારોમાં નોંધપાત્ર અસ્થિરતા આવી છે. લશ્કરી કાર્યવાહીને યુનાઈટેડ સ્ટેટ્સમાં પણ વધતા સ્થાનિક દબાણનો સામનો કરવો પડ્યો છે, જાહેર અભિપ્રાય સર્વેક્ષણો સૂચવે છે કે નવેમ્બરમાં યોજાનારી કોંગ્રેસની ચૂંટણીઓ પહેલાં મર્યાદિત ચૂંટણી સમર્થન છે.

# ઈઝરાયેલમાં ગેરકાયદેસર હથિયારોના પરિવહન માટે ફેડએક્સ સામેની ફરિયાદમાં એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ જોડાયું

**એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે બુધવારે ફેડએક્સ બેલ્જિયમ સામે દાખલ કરેલી ફરિયાદમાં પોતાનું નામ ઉમેર્યું હતું જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે ગેરકાયદેસર હથિયારોના પરિવહનનો આરોપ છે, જેમાં F-35 ફાઈટર જેટના ભાગોનો સમાવેશ થાય છે જેનો ઉપયોગ ઈઝરાયેલ દ્વારા કબજા હેઠળના ગાઝા પટ્ટીમાં પેલેસ્ટીનીઓ સામે ચાલી રહેલા નરસંહાર દરમિયાન વ્યાપકપણે કરવામાં આવ્યો છે**

(એજન્સી) તા.૭

માનવ અધિકાર સંગઠન નાગરિક સમાજ સંગઠનોના ગઠબંધનમાં જોડાયું છે, જેમાં Vredesactie, Ligue des droits humains અને Coordination nationale d'action pour la paix et la démocratieનો સમાવેશ થાય છે, જેણે FedEx બેલ્જિયમ સામે બેલ્જિયમના વોલોનિયા પ્રદેશમાં લીજના પબ્લિક પ્રોસિક્યુટર સમક્ષ ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી. આ કંપની યુએસ શિપિંગ જાયન્ટની બેલ્જિયન પેટાકંપની છે. કાયદાકીય શક્તિ ધરાવતા ફેડરલ પ્રદેશ વોલોનિયાને સંચાલિત કાયદા હેઠળ, ફેડએક્સ બેલ્જિયમને શિપમેન્ટ માટે સ્થાનિક અધિકારીઓ પાસેથી ટ્રાન્ઝિટ લાઈસન્સ મેળવવાની જરૂર હતી, જે તે કરવામાં નિષ્ફળ ગયું. આ લાઈસન્સ વિના આવા શસ્ત્રોનું ટ્રાન્સફર બેલ્જિયમના કાયદા હેઠળ ફોજદારી ગુનો છે. "એફ-૩૫ ફાઈટર જેટ ઈઝરાયેલી વાયુસેનામાં સૌથી અદ્યતન લડાયક વિમાન છે, જેણે વ્યાપક મૃત્યુ અને વિનાશનું કારણ બન્યું છે, પેલેસ્ટીની પરિવારોની આખી પેઢીઓનો નાશ કર્યો છે અને ગાઝા પટ્ટીનો મોટાભાગનો ભાગ કાટમાળમાં ફેરવી દીધો છે. ઈઝરાયેલના ચાલુ નરસંહાર માટે શસ્ત્રોનો સતત પુરવઠો જરૂરી છે; અને બેલ્જિયમ સહિત તમામ રાજ્યોની ફરજ છે કે તેઓ નરસંહારને અટકાવે અને સજા કરે અને ઈઝરાયેલના પેલેસ્ટીની પ્રદેશ પર ગેરકાયદેસર કબજો કરવામાં ફાળો ન આપે, જેના માટે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ગુનાઓ કરવા માટે ઉપયોગમાં લેવાતા શસ્ત્રોના કોઈપણ ટ્રાન્સફર અથવા પરિવહનને તાત્કાલિક બંધ કરવાની પણ જરૂર છે," એમ એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ (ફ્રેક્રોફોન) બેલ્જિયમના ડિરેક્ટર કેરીન થિબાઉટે જણાવ્યું હતું. ફેડએક્સ વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી અનુસાર, ઓક્ટોબર ૨૦૨૪માં, યુ.એસ. ઈન્ટરનેશનલ ટ્રાફિક ઈન આર્મ્સ રેગ્યુલેશન્સ (ITAR)ને આધીન એક શિપમેન્ટ ફેડએક્સ દ્વારા ઉટાહના હિલ એર ફોર્સ બેઝથી ઈઝરાયેલના નેવાટીમ લશ્કરી એરબેઝ પર પરિવહન કરવામાં આવ્યું હતું. જૂન ૨૦૨૫માં, FedEx દ્વારા આપવામાં આવેલા નિવેદનોમાં સૂચવવામાં આવ્યું હતું કે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના કહેવાતા "૧૨ દિવસના યુદ્ધ" દરમિયાન ઈઝરાયેલી હવાઈ ક્ષેત્ર બંધ થવાને કારણે "કામગીરીના કારણોસર ટૂંકા ગાળાની સૂચના પર ચોક્કસ FedEx ફ્લાઈટ રૂટ ફરીથી ગોઠવવામાં આવ્યા છે". પરિણામે, "આંતરરાષ્ટ્રીય ટ્રાફિક ઈન આર્મ્સ રેગ્યુલેશન્સને આધીન ચોક્કસ માલ અજાણતાં લીજમાંથી પસાર થઈ શકે છે". લીજ એરપોર્ટ પર કાર્ગો ઉતારવામાં આવ્યો હતો, પછી ઈઝરાયેલ જતા પહેલા રોડ દ્વારા જર્મનીના કોલોન એરપોર્ટ પર પરિવહન કરવામાં આવ્યો હતો. ત્યારથી લીજ એરપોર્ટ પર શિપમેન્ટના શંકાસ્પદ ગેરકાયદેસર પરિવહનના વધુ મીડિયા અહેવાલો આવ્યા છે, જે સ્થાનિક કાયદાઓ લાગુ કરવામાં નિષ્ફળતા




દર્શાવે છે. અમને ચિંતા છે કે બેલ્જિયમ અને વાલૂન સત્તાવાળાઓ શસ્ત્રોના પરિવહનને અસરકારક રીતે નિયંત્રિત કરવા માટે પદ્ધતિઓ ગોઠવી રહ્યા નથી તેવો એક દાખલો ઉભરી રહ્યો છે. આ કેસ લાવીને, અમે બેલ્જિયમ દ્વારા ઈઝરાયેલમાં શસ્ત્રોના વધુ ગેરકાયદેસર પરિવહનને રોકવા અને જવાબદારી સુરક્ષિત કરવાની આશા રાખીએ છીએ. ફેડએક્સ જેવી બહુરાષ્ટ્રીય કંપનીઓ જ્યારે તેમને અનુકૂળ આવે ત્યારે નિયમોને અવગણી શકે તે સ્વીકાર્ય નથી. તેઓ કાયદાથી ઉપર નથી," કેરીન થિબાઉટે કહ્યું. આંતરરાષ્ટ્રીય કાયદો બધા રાજ્યોને સશસ્ત્ર સંઘર્ષમાં કોઈપણ પક્ષને શસ્ત્રો ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત કરે છે જ્યાં સ્પષ્ટ જોખમ હોય કે આવા ટ્રાન્સફર આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના ગંભીર ઉલ્લંઘનમાં ફાળો આપી શકે છે. આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતના જુલાઈ ૨૦૨૪ના સલાહકાર અભિપ્રાયે તારણ કાઢ્યું હતું કે રાજ્યોની જવાબદારી છે કે તેઓ પેલેસ્ટીની પ્રદેશ પર ઈઝરાયેલના ગેરકાયદેસર કબજાને જાળવી રાખવામાં મદદ ન કરે. જે રાજ્યો ઈઝરાયેલને શસ્ત્રો ટ્રાન્સફર કરવાનું ચાલુ રાખે છે તેઓ જિનીવા સંમેલનો હેઠળની તેમની જવાબદારીઓનું ઉલ્લંઘન કરી રહ્યા છે, અને જેમણે તેને બહાલી આપી છે તેમના માટે, શસ્ત્ર વેપાર સંધિ. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલનું સંશોધન એ પણ દર્શાવે છે કે લોકહીડ માર્ટિન કોર્પોરેશન (લોકહીડ માર્ટિન) F-16 અને F-35 લડાયક વિમાનોના વધતા કાફલાને સપ્લાય અને સેવા આપવાનું ચાલુ રાખે છે જેનો ઉપયોગ કબજે કરેલા ગાઝા પટ્ટી પર બોમ્બમારા માટે વ્યાપકપણે કરવામાં આવ્યો છે. શસ્ત્રોનું ઉત્પાદન અને નિકાસ કરતી કંપનીઓની પણ માનવ અધિકારો અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું સન્માન કરવાની જવાબદારી છે, જેમાં નિકાસ કરાયેલા શસ્ત્રોનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય ગુનાઓ સમાન હોઈ શકે તેવા ગંભીર દુરુપયોગ કરવા માટે ન થાય તેની ખાતરી કરવા માટે તેમની મૂલ્ય શૃંખલાઓમાં ઉચ્ચ માનવ અધિકારો યોગ્ય ખંત હાથ ધરવાનો સમાવેશ થાય છે.

# 'તેમને મળવા માંગુ છું': ટ્રમ્પે મુજતબા ખામેનાઈની સાથે વાતચીતની સંભાવનાઓ પર વાત કરી

**ટ્રમ્પ કહે છે કે, તેઓ ઈરાનના સર્વોચ્ચ નેતા મુજતબા ખામેનાઈને મળવા માંગે છે, તેમણે આઉટલેટને જણાવ્યું હતું કે, તેઓ કદાચ ઘટનાઓ કેવી રીતે આગળ વધે છે તેના પર આધાર રાખશે**

(એજન્સી) તા.૭

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે પ્રકાશિત એક મુલાકાતમાં કહ્યું હતું કે, તેઓ ઈરાનના સર્વોચ્ચ નેતા મુજતબા ખામેનાઈને 'મળવા માંગુ છું'.

ટ્રમ્પે ન્યુ યોર્ક પોસ્ટના 'પોડ ફોર્સ વન'ને કહ્યું, 'હું તેમને



મળવા માંગુ છું અને અમે કદાચ કોઈ સમયે મળીશું, જે બધું કેવી રીતે કાર્ય કરશે તેના પર આધાર રાખે છે.'

# 'પ્રતિકૂળ વિમાન ઘૂસણખોરી' બાદ ઉત્તર ઈઝરાયેલમાં સાયરન વાગી, સૈન્યએ જણાવ્યું

(એજન્સી) દુબઈ, તા.૭

ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે, બુધવારે ઉત્તર ઈઝરાયેલમાં 'પ્રતિકૂળ વિમાન ઘૂસણખોરી' તરીકે વર્ણવ્યા બાદ સાયરન વાગ્યું.

લેબેનોને હિઝબુલ્લાહ અને ઈઝરાયેલ વચ્ચે આંશિક યુદ્ધવિરામની જાહેરાત કરી હતી જેમાં ઈઝરાયેલ બૈરૂતના હિઝબુલ્લાહ-નિયંત્રિત ઉપનગરો પર હુમલા બંધ કરશે અને હિઝબુલ્લાહ ઈઝરાયેલ પર હુમલા બંધ કરશે, જો કે, વોશિંગ્ટનમાં લેબનોનના દૂતાવાસ અનુસાર, કરાર સંઘર્ષનો અંત લાવતો નથી.



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# દેશમાં ઠેર ઠેર અગ્નિકાંડો સામે તંત્ર વારંવાર સાવ બેદરકાર અને વામણું પુરવાર થાય છે

કોઈપણ દુર્ઘટનાનો સૌથી મહત્ત્વપૂર્ણ સબક એ હોવો જોઈએ કે આવી જ ઘટનાઓને ભવિષ્યમાં ફરી ન ઘટે એટલે તેને અટકાવવા માટે વ્યવસ્થા કરવી. જો કે, એવું લાગે છે કે ઈમારતોમાં આગ અને જાનહાનિની રોજિંદી ઘટનાઓમાંથી કશું જ ન શીખવાની બેદરકારી જાણે કે એક સામાન્ય પ્રથા બની ગઈ છે.

રાજધાની દિલ્હીમાં એક ઈમારતમાં આગ લાગવાથી એકવીસ લોકોએ જીવ ગુમાવ્યા. તેના બીજા દિવસે બિહારના મુઝફ્ફરપુરમાં એક ખાનગી હોસ્પિટલના ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU)માં ભીષણ આગ લાગી હતી, જેમાં પાંચ લોકોનાં મોત થયા હતા. આ ઘટનાએ ફરી એકવાર આરોગ્ય સંભાળમાં પ્રણાલીગત ખામીઓ છતી કરી છે. અમદાવાદની શ્રેયથી લઈને દેશની અનેક હોસ્પિટલોના આઈસીયુમાં આવી ગંભીર દુર્ઘટનાઓનો ભોગ બની ચૂક્યા છે.

દર્દીઓ સામાન્ય રીતે પોતાનો જીવ બચાવવાની આશામાં સારવાર લે છે. પરંતુ જ્યારે સૌથી સુરક્ષિત માનવામાં આવતા રૂમ ICUમાં જ તેમના જીવ જોખમમાં હોય ત્યારે જવાબદાર કોણ ? હોસ્પિટલોમાં ફાયર સેફ્ટીથી માંડીને સલામતીના નિયમોની જે રીતે અવગણના કરવામાં આવી રહી છે તે સ્પષ્ટપણે દર્શાવે છે કે હોસ્પિટલો એક એવો વ્યવસાય બની ગયો છે જ્યાં જીવનનું જાણે કે કોઈ મૂલ્ય નથી.

તાજેતરના વર્ષોમાં હોસ્પિટલોમાં લાગેલી આગમાં વારંવાર અગ્નિ સલામતીના ધોરણોમાં ગંભીર ખામીઓ જોવા મળી છે. બિહારમાં આરોગ્ય સંભાળની કથળેલી સ્થિતિ અંગે બધા જ જાણે છે. મુઝફ્ફરપુરની ઘટનાએ હોસ્પિટલમાં ઘોર બેદરકારીની હદ ઉજાગર કરી છે.

આ બનાવની તપાસ માટે વરિષ્ઠ અધિકારીઓની પાંચ સભ્યોની ટીમ બનાવવામાં આવી છે. પણ જનતાને કદાચ ક્યારેય ખબર નહીં પડે કે તપાસ રિપોર્ટ ક્યારે બહાર આવશે અને શું કાર્યવાહી કરવામાં આવશે પરંતુ એટલું ચોક્કસ કે આ ઘટનામાં મૃત્યુ પામેલા દર્દીઓ ક્યારેય ઘરે પાછા ફરશે નહીં.

આરોગ્ય વિભાગે તાત્કાલિક સંબંધિત હોસ્પિટલ પાસેથી સ્પષ્ટતા માંગવી જોઈતી હતી કે તેણે દર્દીઓની સલામતી માટે ઈમરજન્સી એક્ઝિટ સહિત આગ બુઝાવવાના પગલાં કેમ અમલમાં મૂક્યા ન હતા ? આશ્ચર્યજનક વાત એ છે કે હોસ્પિટલ પરિસરમાં શોર્ટ સર્કિટ જેવી સમસ્યાઓનો સામનો કરવા માટે સાવચેતી અને પાયાની વ્યવસ્થાને જરૂરી માનવામાં આવતી નથી. પ્રશ્ન એ રહે છે કે સરકારના વહીવટી તંત્રને આટલી વ્યાપક બેદરકારી માટે ક્યારે જવાબદાર ગણવામાં આવશે ?

બીજી તરફ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આ વર્ષે આગની ઘટનાઓમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. આ ઘટનાઓ વારંવાર શહેરની માળખાગત સુવિધાઓ, વિદ્યુત પ્રણાલીઓ અને સલામતી નિયમોમાં ખામીઓને ઉજાગર કરે છે.

તાજેતરનો કિસ્સો દિલ્હીના માલવિયા નગર વિસ્તારમાં એક હોટલમાં ભીષણ આગનો છે, જેમાં ૨૧ લોકો માર્યા ગયા હતા. અગાઉ વિવેક વિહારમાં લાગેલી આગમાં નવ લોકોનાં મોત થયા હતા. આવી ઘટનાઓએ ગેરકાયદે બાંધકામ, વહીવટી બેદરકારી અને કાયદા પ્રત્યેની અવગણનાના વધતા વલણ વચ્ચેની ખતરનાક સાંઠગાંઠને ખુલ્લી પાડી છે. અગ્નિ સલામતી તંત્ર અને વહીવટી માળખા કાગળ સુધી જ મર્યાદિત છે.

માલવિયા નગરમાં જે હોટેલમાં આગ લાગી હતી ત્યાં છ રૂમ માટે સરકારી પરવાનગી હતી પરંતુ ૨૫ રૂમ ચલાવવામાં આવી રહ્યા હતા. આ નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન હતું. પ્રશ્ન એ છે કે કાયદો અને અમલીકરણ એજન્સીઓ શું કરી રહી હતી ? અને કોને ખબર હજી પણ સંખ્યાબંધ હોટલો ચાલી રહી હશે.

દિલ્હીના શહેરી વિસ્તારે વિરોધાભાસ ઊભો કર્યો છે. વહીવટ વિકેન્દ્રિત છે. અનેક એજન્સીઓ વચ્ચે તાલમેલ નથી. જ્યારે કોઈ અકસ્માત થાય છે ત્યારે એક વિભાગ બીજા પર દોષનો ટોપલો ઢોળી દે છે અને જવાબદારી ટાળે છે.

સાંકડા રસ્તાઓ, અનધિકૃત બાંધકામ, સિંગલ એન્ટ્રી અને એક્ઝિટ ગેટ અને ફાયર ક્લિયરન્સ સર્ટિફિકેટ વિના કામ કરવું દિલ્હીમાં અને દેશભરમાં સામાન્ય છે. કડક કાયદા હોવા છતાં બિલ્ડરો અને ગેરકાયદેસર સંચાલકોને નિયમોનું પાલન કરવાનો કોઈ ડર નથી. ઘણી ઈમારતો અને અન્ય માળખાકીય પ્રોજેક્ટ્સ, જે ગેરકાયદેસર છે, ઘણીવાર અગ્નિ સલામતીના નિયમોનું પાલન કરતા નથી. અગ્નિ સલામતીની અવગણના પણ ગંભીર ચિંતાનો વિષય છે. આવા અકસ્માતો વહીવટી અને નાગરિક બેદરકારીનો જીવંત પુરાવો છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે: બિનઆયોજિત વિકાસની આંધળી દોડમાં જીવન અને સંપત્તિ સાથે ક્યાં સુધી ચેડાં થતા રહેશે ???

મ્યુનિસિપલ નિયમો શહેરી સલામતીનો આધાર છે. કટોકટી સમયે બહાર નીકળવાના રસ્તાઓ, વિદ્યુત ભાર ક્ષમતા, નિર્ધારિત અંતર, અગ્નિ સલામતી માર્ગો અને મકાન બાંધકામ સંબંધિત ધોરણો દાયકાઓના અનુભવના આધારે વિકસાવવામાં આવ્યા છે. આ નિયમોનું ઉલ્લંઘન ઈમારતોને મોતના પાંજરામાં ફેરવે છે. સુવિધા, પ્રતિષ્ઠા અથવા નફા માટે કાયદાઓને અવગણવાની વૃત્તિ અકસ્માતોને આમંત્રણ આપે છે.

કાયદાઓનો કડક અમલ થવો જોઈએ. આ નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ અને લાંચના બદલામાં મંજૂરી આપનારા અધિકારીઓ સામે કડક પગલાં લેવા જોઈએ. નાગરિક સલામતીને પ્રાથમિકતા આપવી જરૂરી છે. મ્યુનિસિપલ સંસ્થાઓએ પાલન પ્રક્રિયાને વધુ પારદર્શક અને સુલભ બનાવવી જોઈએ.

શહેરી આવાસોનું બદલાતું સ્વરૂપ પણ ચિંતાનું કારણ છે. શહેરો આધુનિક વૈભવી સુવિધાઓની ઝંખના કરે છે, પરંતુ ઘણીવાર સલામત જીવનના મૂળભૂત સિદ્ધાંતોની અવગણના કરે છે. આધુનિક શહેર એ ઊંચી ઈમારતો, વૈભવી અને વધુ પડતી આવક દ્વારા વર્ગીકૃત થયેલું શહેર ન હોવું જોઈએ, પરંતુ એવું શહેર હોવું જોઈએ કે જ્યાં માનવ જીવનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે.

# આખરે, આ 'પર્યાવરણ' છે કોનું ?



દૃષ્ટિકોણ

- ફાધર સેડ્રિક પ્રકાશ એસ.જે.

પ્રતિષ્ઠિત 'ઈકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી'ના ૩૦ મે, ૨૦૨૬ના લેટેસ્ટ અંક નં.૨૨ના વોલ્યુમ ૬૧ના તંત્રીલેખમાં એક ખૂબ જ સચોટ તીક્ષ્ણ, કે ઊંડાણપૂર્વકની સમજ આપતુ માર્ગદર્શન છે. તેનું શીર્ષક છે 'ધ ગ્રેટ નિકોબાર પ્રોજેક્ટ: એક સાકલ્યવાદી મૂર્ખામી' : તેના વ્યૂહાત્મક મહત્ત્વના દાવાઓ શંકાસ્પદ છે, જ્યારે પર્યાવરણીય નુકસાન નિશ્ચિત છે. આ લેખ તેની શરૂઆતની આકરી ટીકામાં જણાવે છે કે, "ગ્રેટ નિકોબાર આઈલેન્ડના સર્વાંગી વિકાસ માટેનો પ્રોજેક્ટ, જે ૮૧,૦૦૦ કરોડનો મહા-ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે, તે રાષ્ટ્રીય ફાયદા કરતા મૂર્ખામી વધુ છે. જેમ જેમ લોકો અને જૂથોએ પ્રોજેક્ટનો વિરોધ કરવાનું અને તેની સામે મુકદ્દમા દાખલ કરવાનું શરૂ કર્યું, તેમ તેમ સરકારે 'રાષ્ટ્રીય સુરક્ષા'ના બહાનાનો ઉપયોગ કરીને પ્રોજેક્ટના સાચા સ્વરૂપને છુપાવવા અને જાહેર પ્રશ્નોને અવરોધિત કર્યા. સરકાર આ પ્રોજેક્ટને રાષ્ટ્રીય સુરક્ષા અને સંરક્ષણનું નામ આપી રહી છે, પરંતુ વાસ્તવમાં આ પ્રોજેક્ટ માત્ર નફા માટેનો વેપાર છે. નીતિ આયોગ દ્વારા ૨૦૨૧ના પ્રારંભિક દસ્તાવેજોમાં સુરક્ષા કે સંરક્ષણનો કોઈ ઉલ્લેખ ન હતો. આ યોજના પર્યાવરણને નુકસાન પહોંચાડીને અને ત્યાં રહેતા મૂળ આદિવાસીઓને તેમના જ ઘરોથી દૂર કરીને બનાવવામાં આવી રહી છે."

એક રાષ્ટ્રીય આંદોલન સરકાર પર એક અત્યંત વિનાશક પ્રોજેક્ટને આગળ ધપાવવાનો આરોપ લગાવી રહ્યું છે. તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વચ્ચે ભ્રષ્ટાચારનો આરોપ લગાવી રહ્યા છે અને માંગ કરી રહ્યા છે કે, દેશ પર લાદવામાં આવી રહેલા આ કથિત 'કૌભાંડ' (છેતરપિંડી)ને તાત્કાલિક બંધ કરવામાં આવે. તેમાં કોઈ શંકા નથી કે આ ભ્રષ્ટ જોડીએ દેશને સંપૂર્ણપણે લૂંટી લીધો છે અને તેમના અન્ય ભ્રષ્ટ મિત્રો, જેઓ મૂડીવાદી છે, તેમની સાથે મળીને પર્યાવરણ અને આપણી નાજુક ઈકો-સિસ્ટમને અકલ્પનીય નુકસાન પહોંચાડ્યું છે. આ નિકોબાર પ્રોજેક્ટ વિશેના પૂરતા પુરાવા છે કે ૧૬૦ ચો.કિ.મી.ના વરસાદી જંગલો નાશ પામશે; ૧ કરોડ વૃક્ષો કાપી નાખવામાં આવશે; કે તે કુદરતી અને આદિવાસી વારસા વિરુદ્ધનો એક ગુનો છે; કે આદિવાસી સમુદાયો, ખાસ કરીને 'શોમ્પેન' અને 'નિકોબારી' (જેઓ અંદમાન અને નિકોબાર ટાપુઓના મૂળ અને અત્યંત સંવેદનશીલ આદિવાસી જૂથો - PVTGs છે); તેઓ મોટાભાગે ગ્રેટ નિકોબાર ટાપુ પર કેન્દ્રિત એવી અનન્ય સંસ્કૃતિ, ભાષાઓ અને પરંપરાગત જીવનશૈલી ધરાવે છે; અને આ બધાથી ઉપર, આ પ્રોજેક્ટ એક નાજુક ઈકોસિસ્ટમ (પર્યાવરણીય તંત્ર) માટે મોટો ખતરો છે.

ઈકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી (EPW) વધુમાં જણાવે છે કે, આ પ્રોજેક્ટમાં ગલાથિયા ખાડી ખાતે એક આંતરરાષ્ટ્રીય કન્ટેનર ટ્રાન્સ-શિપમેન્ટ ટર્મિનલ (મોટું બંદર), એક નવું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, એક ટાઉનશીપ (રહેણાંક વિસ્તાર), પર્યટન પ્રોજેક્ટ અને પાવર પ્લાન્ટ બનાવવાની યોજના છે. આંદામન અને નિકોબારના વિકાસ પ્રોજેક્ટના માત્ર પ્રાથમિક બાંધકામ માટે જ ૧૩૦ ચોરસ કિલોમીટર જેટલા મુખ્ય ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલોનો નાશ કરવામાં આવશે. આ વિનાશમાં સરકારી અંદાજ મુજબ ૮.૬૫ લાખ વૃક્ષો કાપવામાં આવશે, જે વાસ્તવમાં કપાનારા લાખો વૃક્ષોનો માત્ર એક નાનો હિસ્સો જ છે. આ નુકસાનની ભરપાઈ કરવા માટે, દૂરના હરિયાણા અને મધ્ય પ્રદેશમાં થોડા લાખ વૃક્ષો વાવવામાં આવશે. નિકોબાર ટાપુઓ સુંડાલેન્ડ જૈવવિવિધતા હોટસ્પોટમાં ભારતનો એકમાત્ર પ્રદેશ છે. આ વિસ્તારમાં અતિ દુર્લભ અને અનોખા વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ જોવા મળે છે જે પૃથ્વી પર બીજે ક્યાંય જોવા મળતા નથી. આ ઈકોલોજીકલ હોટસ્પોટ (પર્યાવરણની દૃષ્ટિએ સંવેદનશીલ અને સમૃદ્ધ વિસ્તાર)ના વિનાશની ભરપાઈ મધ્ય અને ઉત્તર ભારતના અર્ધ-શુષ્ક (ઓછા પાણીવાળા) વિસ્તારોમાં વૃક્ષારોપણ કરીને કરી શકાય છે, આ વિચાર એક મૂર્ખામીભરી કાલ્પનિકતા છે. ગ્રેટ નિકોબાર ટાપુના ગલાથેયા ખાડી વિસ્તારમાં જ્યાં ટ્રાન્સ-શિપમેન્ટ ટર્મિનલ (મોટા જહાજોમાંથી કન્ટેનર નાના જહાજોમાં ખસેડવાનું બંદર) બનાવવાનું સૂચન કરવામાં આવ્યું છે, તે સ્થળ વિશ્વના સૌથી દુર્લભ અને જોખમમાં મુકાયેલા દરિયાઈ કાચબા, લેધરબેક ટર્ટલ (ચામડાની પીઠ વાળો કાચબો) માટે ઈંડા મૂકવાનું સૌથી મહત્વનું સ્થળ પણ છે. જાન્યુઆરી ૨૦૨૧માં, સરકારે પોતાના જ 'નેશનલ મરીન ટર્ટલ એક્શન પ્લાન' (દરિયાઈ કાચબા સંરક્ષણ યોજના) વિરુદ્ધ જઈને, ઈન્ફ્રાસ્ટ્રક્ચર (બાંધકામ અને વિકાસ) પ્રોજેક્ટ માટે રસ્તો સાફ કરવા માટે ગલાથેયા ખાડીનો સંરક્ષિત અભયારણ્ય (પક્ષી-પ્રાણીઓનું રક્ષિત ક્ષેત્ર)નો દરજ્જો રદ કરી નાખ્યો હતો. ખરેખર, આ એવા આકરા મુદ્દાઓ છે જે સાબિત કરે છે કે આપણી આસપાસના પર્યાવરણ સાથે શું થઈ રહ્યું છે તેની આ શાસન વ્યવસ્થાને જરાય પડી નથી !

આજે વધુ એક 'વિશ્વ પર્યાવરણ દિવસ' હતો. ત્યાં ઘણી બધી પ્રવૃત્તિઓનો ધમધમાટ હતો. સવારના છાપાં (જેમાંથી કેટલાકના પહેલા પાના 'લીલા' રંગના હતા). તેમાં પર્યાવરણને લગતી આખા પાનાની જાહેરાતો હતી. જેમાંની ઘણી જાહેરાતો સરકારી સંસ્થાઓ દ્વારા પ્રાયોજિત (સ્પોન્સર) કરવામાં આવી હતી અને આ એ જ સંસ્થાઓ છે જે પર્યાવરણના વિનાશ માટે પોતે જ જવાબદાર છે! ટુંકમાં પર્યાવરણને નુકસાન પહોંચાડવા માટે જવાબદાર સરકારી સંસ્થાઓ દ્વારા જ પર્યાવરણ અંગેની મોટી-મોટી જાહેરાતો આપવામાં આવે છે, જે માત્ર એક દેખાડો છે. આ પર્યાવરણીય કાર્યક્રમોની કટાક્ષપૂર્ણ ટીકા છે, જે તેમને ખરેખર મદદરૂપ થવાને બદલે નકલી અને સ્વાર્થી ગણાવે છે. તેનો અર્થ એ છે કે લોકો વાસ્તવિક કામ કરવાને બદલે ફક્ત કેમેરા સામે દેખાય છે. ખરેખર, અહીં પુષ્કળ 'દેખાડો' અને 'ઉપરછલ્લા પગલાં' લેવામાં આવ્યા છે અને પર્યાવરણ પ્રત્યેની આ 'કામચલાઉ ચિંતા' બહુ જલ્દી ભુલાઈ જવાની છે!

ભારત પર્યાવરણની ગંભીર કટોકટીમાં સપડાયેલું છે. ૩જી જૂનના કાઉન્ટરકરન્ટ્સમાં પ્રકાશિત એક લેખમાં જણાવાયું છે કે, ભારતમાં જ્યારે અતિશય ગરમી (લૂ/હીટવેવ) પડે છે, ત્યારે દેશભરમાં એક દિવસમાં અંદાજે ૩,૪૦૦ જેટલાં લોકોના અકાળે મૃત્યુ થાય છે પરંતુ ગરમીને કારણે થતા કુલ મૃત્યુનો આંકડો તેના કરતાં ઘણો મોટો છે. પાંચ દિવસની હીટવેવ (લૂ)ને કારણે લગભગ ૩૦,૦૦૦ લોકોના મોત થાય છે. એકલા ઉત્તરપ્રદેશમાં જ આમાંથી ૮,૧૦૦થી વધુ લોકોના મૃત્યુ નોંધાયા છે. પાંચ દિવસમાં ૩૦,૦૦૦ની સંખ્યામાં મૃત્યુ. તે સત્તાવાર વાર્ષિક મૃત્યુઆંક કરતાં દસ ગણા વધારે છે. આ એક એવી આપત્તિ છે જેનું કોઈ નામ નથી. ભારતમાં અતિશય ગરમી/લૂને કારણે થતા બે-તૃતીયાંશ (૬૬%) મૃત્યુ માત્ર પાંચ રાજ્યોમાં થાય છે. આ રાજ્યો ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત છે. દેશના કેટલાક ભાગો અભૂતપૂર્વ તીવ્ર ગરમીના મોજાની ઝપેટમાં છે, જેમાં સમાજના ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોના ઘણા લોકોના મોત થયા છે. ૧૩ અને ૧૪ મેના રોજ, અણધારી (અથવા કમોસમી) ભયાનક આંધી-તોફાને ઉત્તર પ્રદેશમાં તબાહી મચાવી હતી, જેમાં ઓછામાં ઓછા ૧૨૦ લોકોના મોત થયા હતા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. તમામ ખનન પ્રવૃત્તિઓ બંધ કરવાના સુપ્રીમ કોર્ટના આદેશ છતાં અરવલ્લીની ટેકરીઓની લૂંટફાટ (નાશ) બિંદાસ ચાલુ જ છે.

અશ્મિભૂત ઈંધણો (Fossil fuels) ભારતના કુલ ઉર્જા પુરવઠાના લગભગ ૭૫% હિસ્સો ધરાવે છે. વૈશ્વિક પ્રતિબદ્ધતા હોવા છતાં, આપણે અશ્મિભૂત ઈંધણના ઉપયોગ પર અત્યંત નિર્ભર છીએ. તે સર્વવિદિત છે કે અશ્મિભૂત બળતણ એ હાલમાં માનવ સ્વાસ્થ્ય, સુખાકારી અને ઈકોસિસ્ટમ (પર્યાવરણ પ્રણાલી)ને નુકસાન પહોંચાડતા જળવાયુ પરિવર્તન (ક્લાઈમેટ ચેન્જ) માટેનું મુખ્ય કારણ છે, જે સમગ્ર પૃથ્વીના સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો ઊભો કરી રહ્યું છે. તે રજકણીય પ્રદૂષણ અને ઓઝોનનો પણ એક મુખ્ય સ્ત્રોત છે. આ વાયુ પ્રદૂષકો સ્વાસ્થ્ય સંબંધિત વિવિધ ગંભીર સમસ્યાઓ (જેવી કે ફેફસાંના રોગો, હાર્ટ અટેક અને સ્ટ્રોક) માટે જવાબદાર છે, જેના કારણે ૨૦૧૯માં વૈશ્વિક સ્તરે અંદાજિત ૬૭ લાખ લોકોના અકાળે મૃત્યુ થયા હતા. હવાના પ્રદૂષણથી માત્ર મૃત્યુ થાય છે એટલી જ એકમાત્ર સમસ્યા નથી. જો હવાની ગુણવત્તા સુધરે, તો લોકો લાંબુ અને સ્વસ્થ જીવન જીવી શકશે, હોસ્પિટલમાં દાખલ થવાની જરૂરિયાત ઘટશે અને વૈશ્વિક આરોગ્ય તંત્ર પરનો બોજ પણ ઓછો થશે.

વિશ્વ પર્યાવરણ દિવસની થીમ, 'પ્રકૃતિ દ્વારા પ્રેરિત, આબોહવા માટે અને આપણા ભવિષ્ય માટે' છે. આ દેખીતી રીતે UN ક્લાઈમેટ સમિટ COP30નો ફોલો-અપ (અનુવર્તી) કાર્યક્રમ છે, જે ૧૦થી ૨૧ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન બેલેમ, બ્રાઝિલમાં યોજાયો હતો. COP30 (૩૦મી યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેટ ચેન્ ? કોન્ફરન્સ) માં જંગલ સંરક્ષણ, અશ્મિભૂત ઈંધણ (કોલસો, પેટ્રોલ, ડીઝલ) માંથી સ્વચ્છ ઉર્જા તરફના સંક્રમણ અને પેરિસ કરારના લક્ષ્યાંકોને અમલમાં મૂકવા પર ભારે ભાર મૂકવામાં આવ્યો હતો. દુર્ભાગ્યે, આજે આપણે ભારતમાં અનુભવીએ છીએ તેમ, જેઓ સત્તા પર છે તેમને આપણા પર્યાવરણનું શું થઈ રહ્યું છે તેની કોઈ પરવા નથી!

પર્યાવરણના મહત્વ વિશે લોકોમાં જાગૃતિ લાવવી એ ખૂબ જ જરૂરી છે - પરંતુ, આ વાતો ત્યારે ખોટી અને બેઅસર સાબિત થાય છે જ્યારે પર્યાવરણના મોટા-મોટા ભાષણો આપનારા લોકો જમીન માફિયાઓ સાથે મળીને ઊંચી ઈમારતો બનાવવા માટે જળાશયોને સૂકવી નાખે છે અને આપણી કિંમતી કુદરતી સંપત્તિ લૂંટવા માટે ખનન (માઈનિંગ) માફિયાઓ સાથે સાંઠગાંઠ ધરાવે છે. આ નોંધવું મહત્વપૂર્ણ છે કે તાજેતરના 'એન્વાયર્નમેન્ટલ પરફોર્મન્સ ઈન્ડેક્સ' (EPI)માં, ૧૮૦ દેશોમાંથી ભારત ૧૭૬માં ક્રમે હતું. કોઈપણ ધોરણો પ્રમાણે આપણા દેશની પર્યાવરણીય પરિસ્થિતિ માટેનું એક દયનીય અથવા કંગાળ સૂચક છે. લગભગ દસ દિવસ પહેલાં, ૨૬ મેના રોજ, ભારતે ગોવાના ફાધર બોલમેક્સ પરેરાના અકાળ અવસાનથી તેના એક મહાન પર્યાવરણવિદને ગુમાવ્યા છે. ફાધર બોલમેક્સ એ શક્તિશાળી અને સ્વાર્થી હિત ધરાવતા લોકો (સત્તાધીશો અને ઉદ્યોગપતિઓ), જે ગોવાના નાજુક પર્યાવરણ અને કુદરતી વાતાવરણનો નાશ કરી રહ્યા હતા, તેવા લોકોનો સામનો કરવામાં કે તેમની સામે અવાજ ઉઠાવવામાં ડરતા ન હતા. તેમણે મોલેમ આરક્ષિત જંગલમાં અદાણીની આગેવાની હેઠળના ડબલ ટ્રેકિંગ સામે #SaveMollemForest અભિયાન સફળ રીતે શરૂ કર્યું હતુ. રાજકારણીઓ અને ખનન માફિયાઓ (ગેરકાયદે ખનન કરનારાઓ) વચ્ચેની મિલીભગતને કારણે, સરેરાશ ગોવાવાસીઓ હંમેશા કોલસાની ધૂળ શ્વાસમાં લઈ રહ્યા છે, તે વાસ્તવિકતા વિશે તે સતત વાત કરતા હતા. તેમણે એક વખત કહ્યું હતુ, "આપણા પર્યાવરણ અને ઈકોલોજી (પારિસ્થિતિકી) ને પહોંચાડવામાં આવી રહ્યું નુકસાન અત્યંત પ્રચંડ અને ભયાનક છે. આપણા રાજ્યને વધુ કોઈ પણ વિનાશથી બચાવવા માટે એકજૂથ રહેવાની અત્યંત આવશ્યકતા છે. આપણા નાના એવા ગોવાને હચમચાવી રહેલા હવા, પાણી અને અવાજના પ્રદૂષણ અંગે આપણે સૌએ ખૂબ જ ચિંતિત થવાની જરૂર છે."

"શું આપણે ફાધર બોલમેક્સના વારસાને આગળ ધપાવવા બાબતે ખરેખર ગંભીર છીએ ? કે પછી આપણે એવું કહીએ છીએ કે 'કોને પડી છે' ? જેમ કે આજે નિકોબારમાં જે થઈ રહ્યું છે તેના સંદર્ભમાં ? આપણે હવે બહાર આવવું જ પડશે અને આ લોક-વિરોધી, પર્યાવરણ-વિરોધી શાસન અને સમગ્ર વ્યવસ્થાને પડકારવી પડશે અને તેમને પૂછવું પડશે કે, 'આખરે, આ પર્યાવરણ કોનું છે' ?

# બોડેલીમાં હરખલી કોતર આજુબાજુના દુકાન-મકાન માલિકોને નગરપાલિકાએ નોટિસ ફટકારતા દબાણકારોમાં ફફડાટ

(સંવાદદાતા દ્વારા)

બોડેલી, તા.૭

બોડેલી નગરપાલિકા દ્વારા હરખલી કોતર આજુબાજુ આવેલા દુકાન અને મકાન માલિકોને નોટિસ ફટકારવામાં આવી છે. નોટિસમાં સંબંધિત મિલકતના માલિકોને ત્રણ દિવસની અંદર જરૂરી દસ્તાવેજો રજૂ કરવા જણાવવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. બોડેલી શહેરના મધ્યમાંથી અલીપુરા ચાર રસ્તાથી ઓરસંગ નદી સુધી પસાર થતા હરખલી કોતર પર વર્ષોથી અનેક ગેરકાયદેસર બાંધકામો ઉભા થઈ ગયા હોવાનું માનવામાં આવે છે. આ દબાણોના કારણે કોતરમાં વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થતો નથી અને ચોમાસા દરમિયાન પાણીના પ્રવાહમાં અવરોધ ઉભો થતાં શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી બોડેલી નગરપાલિકાની નવી બોડીએ હરખલી કોતરની સફાઈ અને વરસાદી પાણીના સરળ નિકાલ માટે કામગીરી હાથ ધરી છે. તંત્ર દ્વારા કોતર પર થયેલા સંભવિત દબાણો દૂર કરીને કોતરને તેના મૂળ સ્વરૂપમાં લાવવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. આ અભિયાનના ભાગરૂપે નગરપાલિકાએ હરખલી કોતરની આસપાસ આવેલા બાંધકામોના માલિકોને નોટિસ પાઠવી છે. જેમાં માલિકી હક્કના પુરાવા, મંજૂર નકશા, બાંધકામની મંજૂરી તેમજ તે સમયે ગ્રામ પંચાયત અથવા સંબંધિત સત્તાધિકારી પાસેથી મેળવેલી મંજૂરીના દસ્તાવેજો ત્રણ દિવસમાં રજૂ કરવા જણાવાયું છે. નગરપાલિકાની આ કાર્યવાહી બાદ વિસ્તારના દુકાનદારો અને મકાન માલિકોમાં ચિંતા અને ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ તંત્ર દ્વારા કોતર વિસ્તારની સરકારી જમીન પર થયેલા સંભવિત દબાણો અને મિલકતોની કાયદેસર સ્થિતિ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. નોટિસ મળનારાઓને નિર્ધારિત સમયમર્યાદામાં સંતોષકારક પુરાવા રજૂ કરવા સૂચના આપવામાં આવી છે. જો જરૂરી દસ્તાવેજો રજૂ નહીં કરવામાં આવે અથવા બાંધકામ ગેરકાયદેસર હોવાનું સામે આવશે તો તંત્ર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે. નગરપાલિકાની હવે દસ્તાવેજોની ચકાસણી બાદ તંત્ર દ્વારા શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

# ભાવનગર LCBએ ચોરીના ગુનામાં પાંચ આરોપી ઝડપ્યા

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૭

ભાવનગર, એલ.સી.બી. પોલીસ સ્ટાફના માણસો તળાજા વિસ્તારમાં મિલકત સંબંધી ગુનાઓના શકદારોની તપાસમાં હતાં. તે દરમ્યાન બાતમી મળેલ કે, ભાવનગર, તળાજા-પાલીતાણા ચોકડી પુલ નીચે અગાઉ ચોરીમાં પકડાયેલ વિનોદ ઉર્ફે ઇગુડો, તથા હિરૂબેન ગુમાનભાઇ અને મહેશભાઇ પોપટભાઇ તથા કાનુબેન લાખાભાઇ તથા રાહુલભાઇ ઉર્ફે ફાલી ધીરૂભાઇ ચારોલીયા સફેદ કલરની ટી.વી.એસ રજી.નંબર GJ-04-CL-4672. તથા કાળા કલરની ડીલકસ મોટર સાયકલ રજિ.નંબર-RJ-19-SF-7802 લઈને સોના-ચાંદીનાં દાગીના તથા રોકડા સાથે ઉભેલ છે. જે તેઓ કયાંકથી ચોરીથી અથવા છળકપટથી મેળવેલ હોવાની શંકા છે.'' જે બાતમીવાળી જગ્યાએ તપાસ કરતાં મુદ્દામાલ સાથે હાજર મળી આવ્યા હતા. તેઓની પાસેના મુદ્દામાલ અંગે કોઇ આધાર કે બિલ નહિ હોવાનું જણાવી કોઇ સંતોષકારક જવાબ આપેલ નહિ. શક પડતી મિલકત તરીકે કબજે કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ. આ મુદ્દામાલ અંગે વધુ પૂછપરછ કરતાં ''આ સોના ચાંદીના દાગીના આજથી આશરે એક મહિના પહેલા પોતાના ટી.વી.એસ મોટર સાયકલ લઇ દેવલી ગામ તા.તળાજા ખાતે રોડ ઉપર આવેલ એક રહેણાંક મકાનમાંથી ચોરી કરેલ હોવાનું અને આજથી વીસેક દિવસ પહેલા રાજસ્થાનના જોધપુર જિલ્લાના બલાર આજુ-બાજુના ગામમાંથી દિવસ દરમ્યાન સોના-ચાંદીના દાગીનાની ચોરી કરેલ હોવાની કબુલાત કરી હતી, આમ રોકડ રૂ.૨,૧૦,૦૦૦/- સોના-ચાંદીના દાગીના કિ.રૂ.૯,૮૧,૦૦૦/- સહિત કુલ રૂ.૧૨,૪૬,૦૦૦/-ના મુદ્દામાલ સાથે'' તેઓની વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરી તળાજા પોલીસ સ્ટેશનમાં સોંપી આગળની વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# કોસંબાની એ.વાય. દાવજી ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિશ્વ પર્યાવરણ દિવસે ૧૫૦થી વધુ વૃક્ષોનું રોપણ

**વૃક્ષો એ ધરતીનું ઘરેણું છે, તેનો ઉછેર કરવો એ આપણા સૌની નૈતિક ફરજ છે : ઈબ્રાહીમભાઈ દાવજી - આદ્યસ્થાપક**

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૭

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પ્રકૃતિના જતન અને પર્યાવરણની સુરક્ષાનો સંદેશ આપવા માટે કોસંબા સ્થિત એ. વાય. દાવજી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે એક ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળા પરિવાર અને સ્થાનિક અગ્રણીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણીય અસંતુલનને રોકવા માટે વૃક્ષોનું મહત્ત્વ સમજાવતા આ કાર્યક્રમમાં શાળા પરિસરમાં ૧૫૦થી વધુ જુદા-જુદા પ્રકારના વૃક્ષો વાવવામાં આવ્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવો અને સ્ટાફ મિત્રોએ વાવેલા છોડના માત્ર ઉછેર જ નહીં, પરંતુ તેના સંપૂર્ણ જતન માટેનો દૃઢ સંકલ્પ લીધો હતો. આ ગરિમામય વૃક્ષારોપણ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ




(તસ્વીર- અયાઝ શેખ, અંકલેશ્વર)

તરીકે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે છોડ રોપીને પર્યાવરણ બચાવવાની આ ઝુંબેશને વેગ આપવામાં આવ્યો હતો, જેમાં શાળાના આદ્યસ્થાપક ઈબ્રાહીમભાઈ દાવજી, હનીફભાઈ દુધા ઈકરા પ્રાયમરી સ્કૂલ ટ્રસ્ટી, સ્થાનિક અગ્રણી ઈશાકભાઈ પટેલ તથા નરેન્દ્રભાઈ પુનારા હાજર રહ્યા હતા.આ પ્રસંગે શાળાના આદ્યસ્થાપક ઈબ્રાહીમભાઈ દાવજી જણાવ્યુ હતું કે વૃક્ષો એ ધરતીનું ઘરેણું છે. આવનારી પેઢીને શુદ્ધ હવા અને તંદુરસ્ત વાતાવરણ આપવું હોય તો વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનો ઉછેર કરવો એ આપણા સૌની નૈતિક ફરજ છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# દેશમાં ઠેર ઠેર અગ્નિકાંડો સામે તંત્ર વારંવાર સાવ બેદરકાર અને વામણું પુરવાર થાય છે

કોઈપણ દુર્ઘટનાનો સૌથી મહત્ત્વપૂર્ણ સબક એ હોવો જોઈએ કે આવી જ ઘટનાઓને ભવિષ્યમાં ફરી ન ઘટે એટલે તેને અટકાવવા માટે વ્યવસ્થા કરવી. જો કે, એવું લાગે છે કે ઈમારતોમાં આગ અને જાનહાનિની રોજિંદી ઘટનાઓમાંથી કશું જ ન શીખવાની બેદરકારી જાણે કે એક સામાન્ય પ્રથા બની ગઈ છે.

રાજધાની દિલ્હીમાં એક ઈમારતમાં આગ લાગવાથી એકવીસ લોકોએ જીવ ગુમાવ્યા. તેના બીજા દિવસે બિહારના મુઝફ્ફરપુરમાં એક ખાનગી હોસ્પિટલના ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU)માં ભીષણ આગ લાગી હતી, જેમાં પાંચ લોકોનાં મોત થયા હતા. આ ઘટનાએ ફરી એકવાર આરોગ્ય સંભાળમાં પ્રણાલીગત ખામીઓ છતી કરી છે. અમદાવાદની શ્રેયથી લઈને દેશની અનેક હોસ્પિટલોના આઈસીયુમાં આવી ગંભીર દુર્ઘટનાઓનો ભોગ બની ચૂક્યા છે.

દર્દીઓ સામાન્ય રીતે પોતાનો જીવ બચાવવાની આશામાં સારવાર લે છે. પરંતુ જ્યારે સૌથી સુરક્ષિત માનવામાં આવતા રૂમ ICUમાં જ તેમના જીવ જોખમમાં હોય ત્યારે જવાબદાર કોણ ? હોસ્પિટલોમાં ફાયર સેફટીથી માંડીને સલામતીના નિયમોની જે રીતે અવગણના કરવામાં આવી રહી છે તે સ્પષ્ટપણે દર્શાવે છે કે હોસ્પિટલો એક એવો વ્યવસાય બની ગયો છે જ્યાં જીવનનું જાણે કે કોઈ મૂલ્ય નથી.

તાજેતરના વર્ષોમાં હોસ્પિટલોમાં લાગેલી આગમાં વારંવાર અગ્નિ સલામતીના ધોરણોમાં ગંભીર ખામીઓ જોવા મળી છે. બિહારમાં આરોગ્ય સંભાળની કથળેલી સ્થિતિ અંગે બધા જ જાણે છે. મુઝફ્ફરપુરની ઘટનાએ હોસ્પિટલમાં ઘોર બેદરકારીની હદ ઉજાગર કરી છે.

આ બનાવની તપાસ માટે વરિષ્ઠ અધિકારીઓની પાંચ સભ્યોની ટીમ બનાવવામાં આવી છે. પણ જનતાને કદાચ ક્યારેય ખબર નહીં પડે કે તપાસ રિપોર્ટ ક્યારે બહાર આવશે અને શું કાર્યવાહી કરવામાં આવશે પરંતુ એટલું ચોક્કસ કે આ ઘટનામાં મૃત્યુ પામેલા દર્દીઓ ક્યારેય ઘરે પાછા ફરશે નહીં.

આરોગ્ય વિભાગે તાત્કાલિક સંબંધિત હોસ્પિટલ પાસેથી સ્પષ્ટતા માંગવી જોઈતી હતી કે તેણે દર્દીઓની સલામતી માટે ઈમરજન્સી એક્ઝિટ સહિત આગ બુઝાવવાના પગલાં કેમ અમલમાં મૂક્યા ન હતા ? આશ્ચર્યજનક વાત એ છે કે હોસ્પિટલ પરિસરમાં શોર્ટ સર્કિટ જેવી સમસ્યાઓનો સામનો કરવા માટે સાવચેતી અને પાયાની વ્યવસ્થાને જરૂરી માનવામાં આવતી નથી. પ્રશ્ન એ રહે છે કે સરકારના વહીવટી તંત્રને આટલી વ્યાપક બેદરકારી માટે ક્યારે જવાબદાર ગણવામાં આવશે ?

બીજી તરફ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આ વર્ષે આગની ઘટનાઓમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. આ ઘટનાઓ વારંવાર શહેરની માળખાગત સુવિધાઓ, વિદ્યુત પ્રણાલીઓ અને સલામતી નિયમોમાં ખામીઓને ઉજાગર કરે છે.

તાજેતરનો કિસ્સો દિલ્હીના માલવિયા નગર વિસ્તારમાં એક હોટલમાં ભીષણ આગનો છે, જેમાં ૨૧ લોકો માર્યા ગયા હતા. અગાઉ વિવેક વિહારમાં લાગેલી આગમાં નવ લોકોનાં મોત થયા હતા. આવી ઘટનાઓએ ગેરકાયદે બાંધકામ, વહીવટી બેદરકારી અને કાયદા પ્રત્યેની અવગણનાના વધતા વલણ વચ્ચેની ખતરનાક સાંઠગાંઠને ખુલ્લી પાડી છે. અગ્નિ સલામતી તંત્ર અને વહીવટી માળખા કાગળ સુધી જ મર્યાદિત છે.

માલવિયા નગરમાં જે હોટેલમાં આગ લાગી હતી ત્યાં છ રૂમ માટે સરકારી પરવાનગી હતી પરંતુ ૨૫ રૂમ ચલાવવામાં આવી રહ્યા હતા. આ નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન હતું. પ્રશ્ન એ છે કે કાયદો અને અમલીકરણ એજન્સીઓ શું કરી રહી હતી ? અને કોને ખબર હજી પણ સંખ્યાબંધ હોટલો ચાલી રહી હશે.

દિલ્હીના શહેરી વિસ્તારે વિરોધાભાસ ઊભો કર્યો છે. વહીવટ વિકેન્દ્રિત છે. અનેક એજન્સીઓ વચ્ચે તાલમેલ નથી. જ્યારે કોઈ અકસ્માત થાય છે ત્યારે એક વિભાગ બીજા પર દોષનો ટોપલો ઢોળી દે છે અને જવાબદારી ટાળે છે.

સાંકડા રસ્તાઓ, અનધિકૃત બાંધકામ, સિંગલ એન્ટ્રી અને એક્ઝિટ ગેટ અને ફાયર ક્લિયરન્સ સર્ટિફિકેટ વિના કામ કરવું દિલ્હીમાં અને દેશભરમાં સામાન્ય છે. કડક કાયદા હોવા છતાં બિલ્ડરો અને ગેરકાયદેસર સંચાલકોને નિયમોનું પાલન કરવાનો કોઈ ડર નથી. ઘણી ઈમારતો અને અન્ય માળખાકીય પ્રોજેક્ટ્સ, જે ગેરકાયદેસર છે, ઘણીવાર અગ્નિ સલામતીના નિયમોનું પાલન કરતા નથી. અગ્નિ સલામતીની અવગણના પણ ગંભીર ચિંતાનો વિષય છે. આવા અકસ્માતો વહીવટી અને નાગરિક બેદરકારીનો જીવંત પુરાવો છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે: બિનઆયોજિત વિકાસની આંધળી દોડમાં જીવન અને સંપત્તિ સાથે ક્યાં સુધી ચેડાં થતા રહેશે ???

મ્યુનિસિપલ નિયમો શહેરી સલામતીનો આધાર છે. કટોકટી સમયે બહાર નીકળવાના રસ્તાઓ, વિદ્યુત ભાર ક્ષમતા, નિર્ધારિત અંતર, અગ્નિ સલામતી માર્ગો અને મકાન બાંધકામ સંબંધિત ધોરણો દાયકાઓના અનુભવના આધારે વિકસાવવામાં આવ્યા છે. આ નિયમોનું ઉલ્લંઘન ઈમારતોને મોતના પાંજરામાં ફેરવે છે. સુવિધા, પ્રતિષ્ઠા અથવા નફા માટે કાયદાઓને અવગણવાની વૃત્તિ અકસ્માતોને આમંત્રણ આપે છે.

કાયદાઓનો કડક અમલ થવો જોઈએ. આ નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ અને લાંચના બદલામાં મંજૂરી આપનારા અધિકારીઓ સામે કડક પગલાં લેવા જોઈએ. નાગરિક સલામતીને પ્રાથમિકતા આપવી જરૂરી છે. મ્યુનિસિપલ સંસ્થાઓએ પાલન પ્રક્રિયાને વધુ પારદર્શક અને સુલભ બનાવવી જોઈએ.

શહેરી આવાસોનું બદલાતું સ્વરૂપ પણ ચિંતાનું કારણ છે. શહેરો આધુનિક વૈભવી સુવિધાઓની ઝંખના કરે છે, પરંતુ ઘણીવાર સલામત જીવનના મૂળભૂત સિદ્ધાંતોની અવગણના કરે છે. આધુનિક શહેર એ ઊંચી ઈમારતો, વૈભવી અને વધુ પડતી આવક દ્વારા વર્ગીકૃત થયેલું શહેર ન હોવું જોઈએ, પરંતુ એવું શહેર હોવું જોઈએ કે જ્યાં માનવ જીવનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે.

# આખરે, આ 'પર્યાવરણ' છે કોનું ?



દૃષ્ટિકોણ

- ફાધર સેડ્રિક પ્રકાશ એસ.જે.

પ્રતિષ્ઠિત 'ઈકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી'ના ૩૦ મે, ૨૦૨૬ના લેટેસ્ટ અંક નં.૨૨ના વોલ્યુમ ૬૧ના તંત્રીલેખમાં એક ખૂબ જ સચોટ તીક્ષ્ણ, કે ઊંડાણપૂર્વકની સમજ આપતુ માર્ગદર્શન છે. તેનું શીર્ષક છે 'ધ ગ્રેટ નિકોબાર પ્રોજેક્ટઃ એક સાકલ્યવાદી મૂર્ખામી' : તેના વ્યૂહાત્મક મહત્ત્વના દાવાઓ શંકાસ્પદ છે, જ્યારે પર્યાવરણીય નુકસાન નિશ્ચિત છે. આ લેખ તેની શરૂઆતની આકરી ટીકામાં જણાવે છે કે, "ગ્રેટ નિકોબાર આઈલેન્ડના સર્વાંગી વિકાસ માટેનો પ્રોજેક્ટ, જે ૮૧,૦૦૦ કરોડનો મહા-ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે, તે રાષ્ટ્રીય ફાયદા કરતા મૂર્ખામી વધુ છે. જેમ જેમ લોકો અને જૂથોએ પ્રોજેક્ટનો વિરોધ કરવાનું અને તેની સામે મુકદ્દમા દાખલ કરવાનું શરૂ કર્યું, તેમ તેમ સરકારે 'રાષ્ટ્રીય સુરક્ષા'ના બહાનાનો ઉપયોગ કરીને પ્રોજેક્ટના સાચા સ્વરૂપને છુપાવવા અને જાહેર પ્રશ્નોને અવરોધિત કર્યા. સરકાર આ પ્રોજેક્ટને રાષ્ટ્રીય સુરક્ષા અને સંરક્ષણનું નામ આપી રહી છે, પરંતુ વાસ્તવમાં આ પ્રોજેક્ટ માત્ર નફા માટેનો વેપાર છે. નીતિ આયોગ દ્વારા ૨૦૨૧ના પ્રારંભિક દસ્તાવેજોમાં સુરક્ષા કે સંરક્ષણનો કોઈ ઉલ્લેખ ન હતો. આ યોજના પર્યાવરણને નુકસાન પહોંચાડીને અને ત્યાં રહેતા મૂળ આદિવાસીઓને તેમના જ ઘરોથી દૂર કરીને બનાવવામાં આવી રહી છે."

એક રાષ્ટ્રીય આંદોલન સરકાર પર એક અત્યંત વિનાશક પ્રોજેક્ટને આગળ ધપાવવાનો આરોપ લગાવી રહ્યું છે. તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વચ્ચે ભ્રષ્ટાચારનો આરોપ લગાવી રહ્યા છે અને માંગ કરી રહ્યા છે કે, દેશ પર લાદવામાં આવી રહેલા આ કથિત 'કૌભાંડ' (છેતરપિંડી)ને તાત્કાલિક બંધ કરવામાં આવે. તેમાં કોઈ શંકા નથી કે આ ભ્રષ્ટ જોડીએ દેશને સંપૂર્ણપણે લૂંટી લીધો છે અને તેમના અન્ય ભ્રષ્ટ મિત્રો, જેઓ મૂડીવાદી છે, તેમની સાથે મળીને પર્યાવરણ અને આપણી નાજુક ઈકો-સિસ્ટમને અકલ્પનીય નુકસાન પહોંચાડ્યું છે. આ નિકોબાર પ્રોજેક્ટ વિશેના પૂરતા પુરાવા છે કે ૧૬૦ ચો.કિ.મી.ના વરસાદી જંગલો નાશ પામશે; ૧ કરોડ વૃક્ષો કાપી નાખવામાં આવશે; કે તે કુદરતી અને આદિવાસી વારસા વિરુદ્ધનો એક ગુનો છે; કે આદિવાસી સમુદાયો, ખાસ કરીને 'શોમ્પેન' અને 'નિકોબારી' (જેઓ અંદમાન અને નિકોબાર ટાપુઓના મૂળ અને અત્યંત સંવેદનશીલ આદિવાસી જૂથો - PVTGs છે); તેઓ મોટાભાગે ગ્રેટ નિકોબાર ટાપુ પર કેન્દ્રિત એવી અનન્ય સંસ્કૃતિ, ભાષાઓ અને પરંપરાગત જીવનશૈલી ધરાવે છે; અને આ બધાથી ઉપર, આ પ્રોજેક્ટ એક નાજુક ઈકોસિસ્ટમ (પર્યાવરણીય તંત્ર) માટે મોટો ખતરો છે.

ઈકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી (EPW) વધુમાં જણાવે છે કે, આ પ્રોજેક્ટમાં ગલાથિયા ખાડી ખાતે એક આંતરરાષ્ટ્રીય કન્ટેનર ટ્રાન્સ-શિપમેન્ટ ટર્મિનલ (મોટું બંદર), એક નવું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, એક ટાઉનશીપ (રહેણાંક વિસ્તાર), પર્યટન પ્રોજેક્ટ અને પાવર પ્લાન્ટ બનાવવાની યોજના છે. આંદામન અને નિકોબારના વિકાસ પ્રોજેક્ટના માત્ર પ્રાથમિક બાંધકામ માટે જ ૧૩૦ ચોરસ કિલોમીટર જેટલા મુખ્ય ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલોનો નાશ કરવામાં આવશે. આ વિનાશમાં સરકારી અંદાજ મુજબ ૮.૬૫ લાખ વૃક્ષો કાપવામાં આવશે, જે વાસ્તવમાં કપાનારા લાખો વૃક્ષોનો માત્ર એક નાનો હિસ્સો જ છે. આ નુકસાનની ભરપાઈ કરવા માટે, દૂરના હરિયાણા અને મધ્ય પ્રદેશમાં થોડા લાખ વૃક્ષો વાવવામાં આવશે. નિકોબાર ટાપુઓ સુંડાલેન્ડ જૈવવિવિધતા હોટસ્પોટમાં ભારતનો એકમાત્ર પ્રદેશ છે. આ વિસ્તારમાં અતિ દુર્લભ અને અનોખા વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ જોવા મળે છે જે પૃથ્વી પર બીજે ક્યાંય જોવા મળતા નથી. આ ઈકોલોજીકલ હોટસ્પોટ (પર્યાવરણની દૃષ્ટિએ સંવેદનશીલ અને સમૃદ્ધ વિસ્તાર)ના વિનાશની ભરપાઈ મધ્ય અને ઉત્તર ભારતના અર્ધ-શુષ્ક (ઓછા પાણીવાળા) વિસ્તારોમાં વૃક્ષારોપણ કરીને કરી શકાય છે, આ વિચાર એક મૂર્ખામીભરી કાલ્પનિકતા છે. ગ્રેટ નિકોબાર ટાપુના ગલાથેયા ખાડી વિસ્તારમાં જ્યાં ટ્રાન્સ-શિપમેન્ટ ટર્મિનલ (મોટા જહાજોમાંથી કન્ટેનર નાના જહાજોમાં ખસેડવાનું બંદર) બનાવવાનું સૂચન કરવામાં આવ્યું છે, તે સ્થળ વિશ્વના સૌથી દુર્લભ અને જોખમમાં મુકાયેલા દરિયાઈ કાચબા, લેધરબેક ટર્ટલ (ચામડાની પીઠ વાળો કાચબો) માટે ઈંડા મૂકવાનું સૌથી મહત્વનું સ્થળ પણ છે. જાન્યુઆરી ૨૦૨૧માં, સરકારે પોતાના જ 'નેશનલ મરીન ટર્ટલ એક્શન પ્લાન' (દરિયાઈ કાચબા સંરક્ષણ યોજના) વિરુદ્ધ જઈને, ઈન્ફ્રાસ્ટ્રક્ચર (બાંધકામ અને વિકાસ) પ્રોજેક્ટ માટે રસ્તો સાફ કરવા માટે ગલાથેયા ખાડીનો સંરક્ષિત અભયારણ્ય (પક્ષી-પ્રાણીઓનું રક્ષિત ક્ષેત્ર)નો દરજ્જો રદ કરી નાખ્યો હતો. ખરેખર, આ એવા આકરા મુદ્દાઓ છે જે સાબિત કરે છે કે આપણી આસપાસના પર્યાવરણ સાથે શું થઈ રહ્યું છે તેની આ શાસન વ્યવસ્થાને જરાય પડી નથી !

આજે વધુ એક 'વિશ્વ પર્યાવરણ દિવસ' હતો. ત્યાં ઘણી બધી પ્રવૃત્તિઓનો ધમધમાટ હતો. સવારના છાપાં (જેમાંથી કેટલાકના પહેલા પાના 'લીલા' રંગના હતા). તેમાં પર્યાવરણને લગતી આખા પાનાની જાહેરાતો હતી. જેમાંની ઘણી જાહેરાતો સરકારી સંસ્થાઓ દ્વારા પ્રાયોજિત (સ્પોન્સર) કરવામાં આવી હતી અને આ એ જ સંસ્થાઓ છે જે પર્યાવરણના વિનાશ માટે પોતે જ જવાબદાર છે! ટૂંકમાં પર્યાવરણને નુકસાન પહોંચાડવા માટે જવાબદાર સરકારી સંસ્થાઓ દ્વારા જ પર્યાવરણ અંગેની મોટી-મોટી જાહેરાતો આપવામાં આવે છે, જે માત્ર એક દેખાડો છે. આ પર્યાવરણીય કાર્યક્રમોની કટાક્ષપૂર્ણ ટીકા છે, જે તેમને ખરેખર મદદરૂપ થવાને બદલે નકલી અને સ્વાર્થી ગણાવે છે. તેનો અર્થ એ છે કે લોકો વાસ્તવિક કામ કરવાને બદલે ફક્ત કેમેરા સામે દેખાય છે. ખરેખર, અહીં પુષ્કળ 'દેખાડો' અને 'ઉપરછલ્લા પગલાં' લેવામાં આવ્યા છે અને પર્યાવરણ પ્રત્યેની આ 'કામચલાઉ ચિંતા' બહુ જલ્દી ભુલાઈ જવાની છે!

ભારત પર્યાવરણની ગંભીર કટોકટીમાં સપડાયેલું છે. ૩જી જૂનના કાઉન્ટરકરન્ટ્સમાં પ્રકાશિત એક લેખમાં જણાવાયું છે કે, ભારતમાં જ્યારે અતિશય ગરમી (લૂ/હીટવેવ) પડે છે, ત્યારે દેશભરમાં એક દિવસમાં અંદાજે ૩,૪૦૦ જેટલાં લોકોના અકાળે મૃત્યુ થાય છે પરંતુ ગરમીને કારણે થતા કુલ મૃત્યુનો આંકડો તેના કરતાં ઘણો મોટો છે. પાંચ દિવસની હીટવેવ (લૂ)ને કારણે લગભગ ૩૦,૦૦૦ લોકોના મોત થાય છે. એકલા ઉત્તરપ્રદેશમાં જ આમાંથી ૮,૧૦૦થી વધુ લોકોના મૃત્યુ નોંધાયા છે. પાંચ દિવસમાં ૩૦,૦૦૦ની સંખ્યામાં મૃત્યુ. તે સત્તાવાર વાર્ષિક મૃત્યુઆંક કરતાં દસ ગણા વધારે છે. આ એક એવી આપત્તિ છે જેનું કોઈ નામ નથી. ભારતમાં અતિશય ગરમી/લૂને કારણે થતા બે-તૃતીયાંશ (૬૬%) મૃત્યુ માત્ર પાંચ રાજ્યોમાં થાય છે. આ રાજ્યો ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત છે. દેશના કેટલાક ભાગો અભૂતપૂર્વ તીવ્ર ગરમીના મોજાની ઝપેટમાં છે, જેમાં સમાજના ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોના ઘણા લોકોના મોત થયા છે. ૧૩ અને ૧૪ મેના રોજ, અણધારી (અથવા કમોસમી) ભયાનક આંધી-તોફાને ઉત્તર પ્રદેશમાં તબાહી મચાવી હતી, જેમાં ઓછામાં ઓછા ૧૨૦ લોકોના મોત થયા હતા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. તમામ ખનન પ્રવૃત્તિઓ બંધ કરવાના સુપ્રીમ કોર્ટના આદેશ છતાં અરવલ્લીની ટેકરીઓની લૂંટફાટ (નાશ) બિંદાસ ચાલુ જ છે.

અશ્મિભૂત ઈંધણો (Fossil fuels) ભારતના કુલ ઉર્જા પુરવઠાના લગભગ ૭૫% હિસ્સો ધરાવે છે. વૈશ્વિક પ્રતિબદ્ધતા હોવા છતાં, આપણે અશ્મિભૂત ઈંધણના ઉપયોગ પર અત્યંત નિર્ભર છીએ. તે સર્વવિદિત છે કે અશ્મિભૂત બળતણ એ હાલમાં માનવ સ્વાસ્થ્ય, સુખાકારી અને ઈકોસિસ્ટમ (પર્યાવરણ પ્રણાલી)ને નુકસાન પહોંચાડતા જળવાયુ પરિવર્તન (ક્લાઈમેટ ચેન્જ) માટેનું મુખ્ય કારણ છે, જે સમગ્ર પૃથ્વીના સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો ઊભો કરી રહ્યું છે. તે રજકણીય પ્રદૂષણ અને ઓઝોનનો પણ એક મુખ્ય સ્ત્રોત છે. આ વાયુ પ્રદૂષકો સ્વાસ્થ્ય સંબંધિત વિવિધ ગંભીર સમસ્યાઓ (જેવી કે ફેફસાંના રોગો, હાર્ટ અટેક અને સ્ટ્રોક) માટે જવાબદાર છે, જેના કારણે ૨૦૧૯માં વૈશ્વિક સ્તરે અંદાજિત ૬૭ લાખ લોકોના અકાળે મૃત્યુ થયા હતા. હવાના પ્રદૂષણથી માત્ર મૃત્યુ થાય છે એટલી જ એકમાત્ર સમસ્યા નથી. જો હવાની ગુણવત્તા સુધરે, તો લોકો લાંબુ અને સ્વસ્થ જીવન જીવી શકશે, હોસ્પિટલમાં દાખલ થવાની જરૂરિયાત ઘટશે અને વૈશ્વિક આરોગ્ય તંત્ર પરનો બોજ પણ ઓછો થશે.

વિશ્વ પર્યાવરણ દિવસની થીમ, 'પ્રકૃતિ દ્વારા પ્રેરિત, આબોહવા માટે અને આપણા ભવિષ્ય માટે' છે. આ દેખીતી રીતે UN ક્લાઈમેટ સમિટ COP30નો ફોલો-અપ (અનુવર્તી) કાર્યક્રમ છે, જે ૧૦થી ૨૧ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન બેલેમ, બ્રાઝિલમાં યોજાયો હતો. COP30 (૩૦મી યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેટ ચેન્ ? કોન્ફરન્સ) માં જંગલ સંરક્ષણ, અશ્મિભૂત ઈંધણ (કોલસો, પેટ્રોલ, ડીઝલ) માંથી સ્વચ્છ ઉર્જા તરફના સંક્રમણ અને પેરિસ કરારના લક્ષ્યાંકોને અમલમાં મૂકવા પર ભારે ભાર મૂકવામાં આવ્યો હતો. દુર્ભાગ્યે, આજે આપણે ભારતમાં અનુભવીએ છીએ તેમ, જેઓ સત્તા પર છે તેમને આપણા પર્યાવરણનું શું થઈ રહ્યું છે તેની કોઈ પરવા નથી!

પર્યાવરણના મહત્વ વિશે લોકોમાં જાગૃતિ લાવવી એ ખૂબ જ જરૂરી છે - પરંતુ, આ વાતો ત્યારે ખોટી અને બેઅસર સાબિત થાય છે જ્યારે પર્યાવરણના મોટા-મોટા ભાષણો આપનારા લોકો જમીન માફિયાઓ સાથે મળીને ઊંચી ઈમારતો બનાવવા માટે જળાશયોને સૂકવી નાખે છે અને આપણી કિંમતી કુદરતી સંપત્તિ લૂંટવા માટે ખનન (માઈનિંગ) માફિયાઓ સાથે સાંઠગાંઠ ધરાવે છે. આ નોંધવું મહત્વપૂર્ણ છે કે તાજેતરના 'એન્વાયર્નમેન્ટલ પરફોર્મન્સ ઈન્ડેક્સ' (EPI)માં, ૧૮૦ દેશોમાંથી ભારત ૧૭૬માં ક્રમે હતું. કોઈપણ ધોરણો પ્રમાણે આપણા દેશની પર્યાવરણીય પરિસ્થિતિ માટેનું એક દયનીય અથવા કંગાળ સૂચક છે. લગભગ દસ દિવસ પહેલાં, ૨૬ મેના રોજ, ભારતે ગોવાના ફાધર બોલમેક્સ પરેરાના અકાળ અવસાનથી તેના એક મહાન પર્યાવરણવિદને ગુમાવ્યા છે. ફાધર બોલમેક્સ એ શક્તિશાળી અને સ્વાર્થી હિત ધરાવતા લોકો (સત્તાધીશો અને ઉદ્યોગપતિઓ), જે ગોવાના નાજુક પર્યાવરણ અને કુદરતી વાતાવરણનો નાશ કરી રહ્યા હતા, તેવા લોકોનો સામનો કરવામાં કે તેમની સામે અવાજ ઉઠાવવામાં ડરતા ન હતા. તેમણે મોલેમ આરક્ષિત જંગલમાં અદાણીની આગેવાની હેઠળના ડબલ ટ્રેકિંગ સામે #SaveMollemForest અભિયાન સફળ રીતે શરૂ કર્યું હતુ. રાજકારણીઓ અને ખનન માફિયાઓ (ગેરકાયદે ખનન કરનારાઓ) વચ્ચેની મિલીભગતને કારણે, સરેરાશ ગોવાવાસીઓ હંમેશા કોલસાની ધૂળ શ્વાસમાં લઈ રહ્યા છે, તે વાસ્તવિકતા વિશે તે સતત વાત કરતા હતા. તેમણે એક વખત કહ્યું હતુ, "આપણા પર્યાવરણ અને ઈકોલોજી (પારિસ્થિતિકી) ને પહોંચાડવામાં આવી રહ્યું નુકસાન અત્યંત પ્રચંડ અને ભયાનક છે. આપણા રાજ્યને વધુ કોઈ પણ વિનાશથી બચાવવા માટે એકજૂથ રહેવાની અત્યંત આવશ્યકતા છે. આપણા નાના એવા ગોવાને હચમચાવી રહેલા હવા, પાણી અને અવાજના પ્રદૂષણ અંગે આપણે સૌએ ખૂબ જ ચિંતિત થવાની જરૂર છે."

"શું આપણે ફાધર બોલમેક્સના વારસાને આગળ ધપાવવા બાબતે ખરેખર ગંભીર છીએ ? કે પછી આપણે એવું કહીએ છીએ કે 'કોને પડી છે' ? જેમ કે આજે નિકોબારમાં જે થઈ રહ્યું છે તેના સંદર્ભમાં ? આપણે હવે બહાર આવવું જ પડશે અને આ લોક-વિરોધી, પર્યાવરણ-વિરોધી શાસન અને સમગ્ર વ્યવસ્થાને પડકારવી પડશે અને તેમને પૂછવું પડશે કે, 'આખરે, આ પર્યાવરણ કોનું છે' ?

# વિપક્ષોના ગઠબંધન ઈન્ડિયા બ્લોકની દિલ્હીમાં બેઠક : ૮ જૂનની બેઠકમાં તૃણમૂલ સહિત ૨૩ પક્ષો ભાગ લેશે : તેનો મુખ્ય એજન્ડા શું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

તાજેતરના વિધાનસભા ચૂંટણીમાં તેના કેટલાક મુખ્ય પક્ષોને મળેલા પરાજય પછી અને ગઠબંધનમાં વધતી જતી ખેંચતાણ વચ્ચે વિપક્ષી ઈન્ડિયા બ્લોકના નેતાઓ સોમવારે નવી દિલ્હીમાં મળવાના છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે રવિવારે જણાવ્યું હતું કે, ૨૩ રાજકીય પક્ષોએ દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે ઈન્ડિયન બ્લોકની બેઠકમાં તેમની ભાગીદારીની પુષ્ટિ કરી છે. ઈન્ડિયા જનબંધન તેની વિવિધતા દ્વારા એકતામાં ઊભું રહેશે. ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસે બેઠકને મજબૂત સમર્થન આપ્યું છે, પાર્ટીના વડા મમતા બેનરજી રવિવારે દિલ્હીમાં સભામાં હાજરી આપવા માટે રવાના થયા છે. ટીએમસી રાજ્યસભાના સાંસદ ડેરેક ઓ'બ્રાયને રમેશની પોસ્ટનો જવાબ આપતા કહ્યું કે, એક સામાન્ય હેતુ અને સ્પષ્ટ ઈરાદા સાથે આ બેઠકમાં ઘણા પક્ષો મિત્રતાની ભાવનામાં મળવા માટે આતુર છે. મમતા બેનરર્જી, પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજી, ઉદ્ધવ ઠાકરે, અખિલેશ યાદવ, રાહુલ ગાંધી અને કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે ભાગ લે તેવી અપેક્ષા છે. આ બેઠકનો ઔપચારિક એજન્ડા જાહેર કરવામાં આવ્યો નથી, કોંગ્રેસના નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે, વિપક્ષી પક્ષો ચોક્કસ મુદ્દાઓના વિરોધમાં એકતામાં છે. કેટલાક પક્ષો હાજરી નહીં આપે તે સ્વીકારતા તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, તેઓ ભાજપની આગેવાની હેઠળની સરકારનો વિરોધ કરવાનું ચાલુ રાખશે. રમેશે કેન્દ્ર પર લાખો ભારતીયોના મતદાનનો અધિકાર છીનવી લેવાનો, બધારણ પર દરરોજ હુમલો કરવાનો, તપાસ એજન્સીઓ દ્વારા વિપક્ષી નેતાઓને નિશાન બનાવવાનો, આજીવિકાને નુકસાન પહોંચાડવાનો, ફુગાવાને વેગ આપવાનો અને તેની વિદેશ નીતિ દ્વારા રાષ્ટ્રીય હિતોથી સમાધાન કરવાનો આરોપ મૂક્યો છે. DMK અને AAP આ બેઠકમાં ગેરહાજર રહે તેવી શક્યતા છે. જો કે, આ બેઠક ગઠબંધનની અંદર દેખાતા તણાવની પૃષ્ઠભૂમિ સામે થઈ રહી છે. તમિલનાડુમાં કોંગ્રેસ પર 'વિશ્વાસઘાત'નો આરોપ લગાવ્યા બાદ દ્રવિડ મુનેત્ર કઝગમ હાજરી આપે તેવી શક્યતા નથી. ડીએમકેના નેતૃત્વ હેઠળના ગઠબંધનના ભાગરૂપે ચૂંટણી લડવા છતાં વિધાનસભા ચૂંટણી પછી કોંગ્રેસે તમિલગા વેત્રી કઝગમને ટેકો આપ્યો હોવાથી આ પરિણામ આવ્યું છે. ડીએમકેએ કહ્યું કે, ચૂંટણી પછી કોંગ્રેસની કાર્યવાહીથી તેના કાર્યકરો ખૂબ જ દુઃખી રહ્યા છે અને જાહેરાત કરી છે કે, તે દિલ્હી બેઠકનો બહિષ્કાર કરશે. આમ આદમી પાર્ટી પણ ભાગ લે તેવી શક્યતા નથી. સીપીએમ-કોંગ્રેસ ઘર્ષણ સપાટી પર આવવાની શક્યતા છે. આ મીટિંગમાં બીજો મુખ્ય મુદ્દો કેરળ વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન કરવામાં આવેલી ટિપ્પણીઓ પર કોંગ્રેસ અને ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) વચ્ચેનો વિવાદ છે. સીપીએમના મહાસચિવ એમએ બેબીએ ખડગેને પત્ર લખીને કોંગ્રેસના નેતાઓ દ્વારા વારંવાર કરવામાં આવેલા આરોપો પર સ્પષ્ટતા માંગી છે કે, કેરળમાં ભાજપ સાથે સીપીએમની સમજૂતી છે. આ પત્રમાં દલીલ કરવામાં આવી હતી કે, આવા આરોપો ઈન્ડિયા બ્લોકની ભાવના સાથે અસંગત છે અને પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે કે, કેરળના પૂર્વ મુખ્યમંત્રી પિનરાઈ વિજયન સામે તપાસ માટે કોંગ્રેસના નેતાઓ દ્વારા વારંવાર કહેવાથી વિપક્ષી એકતાને નુકસાન થાય છે. આ વાંધાઓ હોવા છતાં સીપીએમે બેઠકમાં ભાગ લેવાનું નક્કી કર્યું છે અને તેનું પ્રતિનિધિત્વ રાજ્યસભાના સાંસદ જોન બ્રિટાસ કરશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, બ્રિટાસ ચર્ચા દરમિયાન આ મુદ્દો ઉઠાવે તેવી અપેક્ષા છે. ભાજપે વિપક્ષી એકતા પર હુમલો કર્યો ભાજપે બેઠકના આગમનનો ઉપયોગ વિપક્ષી ગઠબંધનની એકતા પર પ્રશ્ન ઉઠાવ્યો છે. ભાજપના પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ દાવો કર્યો હતો કે, ગઠબંધન પાસે કોઈ મિશન નથી, કોઈ વિઝન નથી, ફક્ત મૂંઝવણ છે. બિહાર ભાજપ પ્રમુખ સંજય સારાગીએ આરોપ લગાવ્યો હતો કે, વિપક્ષી પક્ષોમાં 'આંતરિક ઝઘડો અને મૂંઝવણ' છે. જો કે, કોંગ્રેસના નેતા પ્રમોદ તિવારીએ ટીકાને ફગાવી દીધી હતી અને નિરીક્ષકોને નિષ્કર્ષ કાઢતા પહેલા બેઠકના પરિણામની રાહ જોવા વિનંતી કરી હતી.

# પક્ષપલટાના અહેવાલો વચ્ચે TMC બળવાખોર સાંસદોને પક્ષપલટા વિરોધી અવરોધો અંગે ચેતવણી આપી

**ગયા અઠવાડિયે પક્ષના બે તૃતીયાંશથી વધુ ધારાસભ્યો (તેના ૮૦ ધારાસભ્યોમાંથી ૫૮) સત્તાવાર તૃણમૂલ કોંગ્રેસ વિધાનસભા પક્ષથી અલગ થઈ ગયા અને હાંકી કાઢવામાં આવેલા ધારાસભ્ય ઋતબ્રત બેનરજીના નેતૃત્વમાં વિધાનસભામાં મુખ્ય વિપક્ષી જૂથ તરીકે માન્યતા મેળવી હતી**

(એજન્સી) તા.૭

ટીએમસી નેતાઓએ જણાવ્યું હતું કે, તેના સાંસદો દ્વારા પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ ભાગલા પાડવા અને જૂથ બનાવવાના કોઈપણ પ્રયાસને નોંધપાત્ર કાનૂની અને પ્રક્રિયાગત અવરોધોનો સામનો કરવો પડશે. એવા પણ અહેવાલો છે કે, ટીએમસી સાંસદોનો એક વર્ગ પક્ષની સંસદીય વિભાગમાંથી સંભવિત અલગ થવા માટે સમર્થન એકત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, બળવાખોર નેતાઓ સંસદના બંને ગૃહોમાં સાંસદોનો ટેકો મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને એવી અટકળો છે કે, જો કોઈ અલગ થયેલો જૂથ જરૂરી સંખ્યામાં સંસદસભ્યોનું સમર્થન મેળવવામાં સફળ થાય તો તે માન્યતા મેળવી શકે છે. ટીએમસીના એક નેતાએ જણાવ્યું હતું કે, પાર્ટી પાસે હાલમાં લોકસભામાં ૨૮ સભ્યો છે અને પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ કોઈપણ પગલાં માટે સંસદીય પક્ષના ઓછામાં ઓછા બે તૃતીયાંશ, અથવા ૧૯ સાંસદોનો ટેકો જરૂરી રહેશે. જોકે, પાર્ટીના અન્ય એક વરિષ્ઠ કાર્યકર્તાએ દલીલ કરી હતી કે, તે સંખ્યા મેળવવાથી પણ બળવાખોર જૂથ આપમેળે એક અલગ સંસદીય જૂથ તરીકે કાર્ય કરી શકશે નહીં અને તેમને કોઈક પક્ષમાં જોડાવું પડશે. આ કાયદા મુજબ જો બે તૃતીયાંશ સાંસદો પક્ષ છોડવા માંગતા હોય તો પણ તેમની પાસે એકમાત્ર વિકલ્પ બીજા રાજકીય પક્ષમાં ભળી જવાનો છે. અલગ જૂથ માટે કોઈ જોગવાઈ નથી. એવી પણ અટકળો ચાલી રહી છે કે, અસંતુષ્ટ સાંસદો સ્પીકરનો સંપર્ક કરીને પક્ષના સંસદીય નેતૃત્વમાં ફેરફાર માંગી શકે છે. આ પરિસ્થિતિમાં પણ સ્પીકર નિર્ણય લેનાર નથી. સંસદીય પક્ષના નેતાની નિમણૂક પક્ષ દ્વારા કરવામાં આવે છે અને કોઈપણ ફેરફાર ફક્ત પક્ષના અધ્યક્ષ દ્વારા જ કરી શકાય છે. આ વ્યક્તિએ આ અહેવાલોને સોમવારે યોજાનારી ઈન્ડિયા બ્લોક બેઠક પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ ગણાવ્યો છે. આ દરમિયાન અન્ય એક ટીએમસી નેતાએ જણાવ્યું હતું કે, રાજકીય વર્તુળોમાં અનેક પરિસ્થિતિઓ પર ચર્ચા થઈ રહી છે પરંતુ તેમાં સમય લાગી શકે છે, કારણ કે, ચોમાસુ સત્ર શરૂ થાય તે પહેલાં હજુ પણ પૂરતો સમય છે. મોટે ભાગે બે પરિસ્થિતિઓ પર ચર્ચા થઈ રહી છે. એક ઋતબ્રત બેનરજીના નેતૃત્વમાં પશ્ચિમ બંગાળ વિધાનસભામાં જે બન્યું તેના પર આધારિત છે, જ્યાં ધારાસભ્યોનો એક વર્ગ પાર્ટીથી અલગ થઈ ગયો હતો. બીજો કેસ AAPના કેસ જેવો જ છે, જ્યારે રાઘવ ચઢ્ઢા અને રાજ્યસભાના સાંસદોના એક જૂથે પક્ષ છોડી દીધો અને પક્ષપલટા વિરોધી જોગવાઈઓ હેઠળ ભાજપમાં ભળી ગયા હતા. આ એવી પ્રક્રિયાઓ છે જેમાં સમય લાગે છે અને કાનૂની અવરોધ આવી શકે છે.

ગયા મહિને થયેલી ચૂંટણીમાં પાર્ટીની હાર અને ત્યારબાદ પાર્ટીના વિધાનસભા વિભાગમાં બળવો થયા બાદ ટીએમસી માટે મુશ્કેલીઓ વધી ગઈ છે. ગયા અઠવાડિયે પાર્ટીના બે તૃતીયાંશથી વધુ ધારાસભ્યો (તેના ૮૦ ધારાસભ્યોમાંથી ૫૮) સત્તાવાર ટીએમસી વિધાનસભા પક્ષથી અલગ થઈ ગયા અને હાંકી કાઢવામાં આવેલા ધારાસભ્ય ઋતબ્રત બેનરજીના નેતૃત્વમાં વિધાનસભામાં મુખ્ય વિપક્ષી જૂથ તરીકે માન્યતા મેળવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, સંસદમાં આવી જ પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે પ્રયાસો ચાલી રહ્યા છે. ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજી શનિવારે દિલ્હી પહોંચ્યા હતા, જ્યારે પાર્ટીના વડા મમતા બેનરજી રવિવારે ઈન્ડિયા બ્લોકની બેઠક પહેલા રાષ્ટ્રીય રાજધાની પહોંચ્યા હતા. પાર્ટી નેતૃત્વ દિલ્હીમાં તેમના રોકાણ દરમિયાન પરામર્શ કરે તેવી અપેક્ષા છે અને તેના સંસદીય રેન્કની અંદરની પરિસ્થિતિનું પ્રત્યક્ષ મૂલ્યાંકન કરે તેવી અપેક્ષા છે.

# 'ત્રણ ભાષાની નીતિ તાત્કાલિક મુલતવી રાખવી જોઈએ' : દિગ્વિજય સિંહનો વડાપ્રધાન મોદીને પત્ર

**કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે શિક્ષકો, પાઠ્યપુસ્તકો અને તૈયારીના સમયની અછતને કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને CBSEની ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત ત્રણ ભાષા નીતિ મુલતવી રાખવા વિનંતી કરી છે, સિંહે ચેતવણી આપી હતી કે, સત્રના મધ્યભાગમાં અમલીકરણ શૈક્ષણિક ક્ષેત્રને વિક્ષેપિત કરી શકે છે અને અગાઉની ભલામણો છતાં આગળ વધવાના CBSEના નિર્ણય પર પ્રશ્ન ઊઠાવ્યો હતો**

(એજન્સી) તા.૭

કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન CBSE દ્વારા ધો.૯ના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત ત્રણ ભાષા નીતિના અમલીકરણ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને સરકારને તેને મુલતવી રાખવા વિનંતી કરી છે. શિક્ષણ, મહિલા, બાળકો, યુવા અને રમતગમત પરની સંસદીય સ્થાયી સમિતિના અધ્યક્ષ સિંહે જણાવ્યું હતું કે, પૂરતા શિક્ષકો, પાઠ્યપુસ્તકો અથવા સંક્રમણ સમય વિના નીતિનો અચાનક અમલ ગંભીર વિક્ષેપ પેદા કરી શકે છે.

સિંઘે મોદીને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, 'હું CBSE ધો.IXના વિદ્યાર્થીઓના ચિંતિત વાલીઓના એક જૂથ તરફથી મળેલી રજૂઆત મોકલી રહ્યો છું, જે વર્તમાન સત્રના મધ્યમાં ત્રણ ભાષા નીતિના ફરજિયાત અમલીકરણનો વિરોધ કરે છે.' આ રજૂઆત વાંચ્યા પછી મને લાગે છે કે, ઉઠાવવામાં આવેલી ચિંતાઓ વાસ્તવિક છે અને તાત્કાલિક ધ્યાન આપવાની પાત્ર છે. પૂરતા શિક્ષકો, પાઠ્યપુસ્તકો અથવા સંક્રમણ સમય વિના સત્રના મધ્યમાં આ નીતિનો અચાનક અમલ કરવાથી ગંભીર વિક્ષેપ થવાની શક્યતા છે, જે CBSEની ઓન-સ્ક્રીન માર્કિંગ (OSM) સિસ્ટમના ઉતાવળમાં અમલીકરણ દરમિયાન જોવા મળેલી અંધાધૂંધી જેવુ થઈ શકે છે જેણે દેશભરના લાખો વિદ્યાર્થીઓ પર પ્રતિકૂળ અસર કરી હતી. સિંહે નોંધ્યું કે, CBSEની ગવર્નિંગ બોડીએ ડિસેમ્બર ૨૦૨૫ની બેઠકમાં અભ્યાસક્રમ સમિતિની ભલામણને બહાલી આપી હતી કે, NCERT દ્વારા ગ્રેડ કરેલ ભાષા પાઠ્યપુસ્તકો બહાર પાડવામાં ન આવે ત્યાં સુધી શાળાઓ હાલની અભ્યાસ યોજના, ખાસ કરીને ભાષાઓ ચાલુ રાખવી જોઈએ. તેમ છતાં CBSEએ ૧૫ મે, ૨૦૨૬ના રોજ એક પરિપત્ર બહાર પાડ્યો, જેમાં શાળાઓને ૧ જુલાઈ, ૨૦૨૬થી ધો.IXના વિદ્યાર્થીઓ માટે ત્રીજી ભાષાનું શિક્ષણ લાગુ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. રાજ્યસભા સાંસદે જણાવ્યું હતું કે, NCERTએ હજુ સુધી જરૂરી ગ્રેડેડ ભાષા પાઠ્યપુસ્તકો બહાર પાડ્યા નથી અને CBSEએ NCERTના ધો.VI ભાષા પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કરવાની ભલામણ કરી છે. તે સ્પષ્ટ નથી કે CBSEએ તેના ગવર્નિંગ બોડીના નિર્ણયને કેવી રીતે અને શા માટે રદ કરી દીધો છે, જે દેશભરની હજારો શાળાઓના શૈક્ષણિક આયોજનને જોખમમાં મૂકે છે.

સિંહે દલીલ કરી હતી કે, દક્ષિણ અને ઉત્તરપૂર્વીય રાજ્યોના વિદ્યાર્થીઓ માટે પરિસ્થિતિ ખાસ કરીને મુશ્કેલ છે, જ્યાં હિન્દી વ્યાપકપણે બોલાતી નથી અને સ્થાનિક આદિવાસી ભાષાઓ CBSEની માન્ય ભાષા યાદીમાં સામેલ ન પણ હોય. તેમણે એ પણ નોંધ્યું હતું કે, જ્યારે ઘણી શાળાઓમાં સંસ્કૃત એક લોકપ્રિય ત્રીજી ભાષા વિકલ્પ તરીકે છે અને સંસ્કૃત શિક્ષકો અને યોગ્ય પાઠ્યપુસ્તકોની તીવ્ર અછત છે. મારી આદરણીય ભલામણ એ છે કે, ધો.IXના વર્તમાન વિદ્યાર્થીઓ માટે આ નીતિનો અમલ તાત્કાલિક મુલતવી રાખવામાં આવે. તેમણે એમ પણ નિર્દેશ કર્યો હતો કે, આ મામલો હાલમાં ન્યાયાલયમાં છે અને ૧ જુલાઈના અમલીકરણની સમયમર્યાદા પછી ૧૫ જુલાઈના રોજ કોર્ટનો ચુકાદો આવવાની અપેક્ષા છે. તેથી મને નિષ્ઠાપૂર્વક આશા છે કે, લાખો વિદ્યાર્થીઓના હિતમાં, જેમનું શૈક્ષણિક ભવિષ્ય યોગ્ય અને સારી રીતે તૈયાર નીતિગત નિર્ણયો પર નિર્ભર છે, તેમના હિતમાં આ બાબત પર તમારી તાત્કાલિક અને સહાનુભૂતિપૂર્ણ વિચારણા કરવામાં આવશે.

**હદીસ બોધ**

સત્ય વકતાને એ શોભતું નથી કે, તે કોઈને કડક શબ્દોથી તોડી પાડે. - હદીસ બોધ

**બોધ વચન**

ચહેરો ન જુઓ યોગ્યતા જુઓ, ચહેરો અને યોગ્યતામાં છ-નવનું અંતર છે.

-બર્નાન્ડ રસેલ

**આજની આરસી**

| | |
|---|---|
| ૮ જૂન સોમવાર ૨૦૨૬ | |
| ૨૧ ઝિલહજ હિજરી ૧૪૪૭ | |
| અધિક જેઠ વદ આઠમ સંવત ૨૦૮૨ | |
| સુબ્હ સાદિક | ૪-૨૧ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૮ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૫-૫૩ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૭-૨૪ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# BCCIએ વૈભવ સૂર્યવંશીના માતા-પિતાને વિદેશ પ્રવાસ પર ટીમ ઈન્ડિયા સાથે મુસાફરી કરવા વિનંતી કરી

**ભારતીય ક્રિકેટ બોર્ડે ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશી માટે શ્રીલંકા અને યુકેના પ્રવાસ પર ખાસ જોગવાઈઓ કરી છે, ૧૫ વર્ષીય વૈભવ રાષ્ટ્રીય સેટઅપમાં આત્મસાત થઈ જાય છે તેથી BCCIએ તેના માતા-પિતાને ટીમ ઈન્ડિયા સાથે મુસાફરી કરવા મંજૂરી આપી**

મુંબઈ, તા.૭

ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (BCCI)એ વૈભવ સૂર્યવંશીના માતા-પિતાને શ્રીલંકા અને યુકેના ભારતના પ્રવાસ પર ૧૫ વર્ષીય બાળક સાથે મુસાફરી કરવા વિનંતી કરી છે. રાષ્ટ્રીય પસંદગીકારોએ વૈભવને T20I ટીમમાં બોલાવ્યા પછી બોર્ડની આ વિનંતી આવી છે. BCCIએ યુવાન વૈભવ માટે ખાસ જોગવાઈઓ કરી છે, જે તેની કારકિર્દીમાં પહેલીવાર પુખ્ત વયના ટીમમાં સામેલ થવા જઈ રહ્યો છે. આ યુવાન ખેલાડી ભારત માટે સૌથી નાની ઉંમરે ડેબ્યુ કરનાર ખેલાડી બની શકે છે, જે સચિન તેંડુલકરના રેકોર્ડને તોડી શકે છે, જેમણે ૧૬ વર્ષ અને ૨૦૭ દિવસની ઉંમરે ડેબ્યુ કર્યું હતું. હિન્દુસ્તાન ટાઈમ્સ સાથે વાત કરતા, BCCI સચિવ દેવજીત સૈકિયાએ જણાવ્યું હતું કે બોર્ડ સામાન્ય રીતે માતા-પિતાને ખેલાડીઓ સાથે પ્રવાસ પર જવાની મંજૂરી આપતું નથી, પરંતુ વૈભવ અને તેના પરિવારને ખાસ પરવાનગી આપવામાં આવી છે કારણ કે ભારત રાષ્ટ્રીય સ્તરે એક ખાસ પ્રતિભા લાવવાનો પ્રયાસ કરે છે. તેને ભારત છ



ટીમમાંથી શ્રીલંકાની સિનિયર ટીમ સાથે જવા માટે પસંદ કરવામાં આવ્યો હતો. કારણ કે તે નાનો બાળક છે, તે હજુ પણ સગીર છે. જ્યારે તે પુરુષોની ટીમ સાથે મુસાફરી કરી રહ્યો છે, જે બધા પુખ્ત છે, તેથી, અમે તે યોગ્ય માનીએ છીએ કે તેના માતા-પિતા અથવા પરિવારનો કોઈ પણ વ્યક્તિ તેની સાથે શ્રીલંકા જઈ શકે," સૈકિયાએ કહ્યું. "અમે તેના માતા-પિતાને વિનંતી કરીશું. જો તેઓ જવા તૈયાર હોય, તો તેઓ જઈ શકે છે. હકીકતમાં, તેના પિતા કાલે શ્રીલંકા જઈ રહ્યા છે. તે અમારો વિચાર છે અને તે પછી, જો તેના માતા-પિતા પણ ઈંગ્લેન્ડ જવા માંગે છે, તો BCCI તેને સમર્થન આપશે કારણ કે તે બાળક છે. તેથી, તેને સિનિયર છોકરાઓ સાથે આત્મસાત થવા માટે થોડો સમયની જરૂર પડશે. તેથી, તે દ્રષ્ટિકોણથી, અમે મદદ કરી રહ્યા છીએ. આ એવી વસ્તુ નથી જે અમે બધા માતાપિતાને કરવાની મંજૂરી આપીએ છીએ. એવું નથી, પરંતુ કારણ કે તે ૧૫ વર્ષનો છે, તેને આરામદાયક લાગવું જોઈએ, અને તેણે પુખ્ત વયના લોકો સાથે અનુકૂલન સાધવા માટે થોડો સમય કાઢવો જોઈએ," BCCI સચિવે ઉમેર્યું.

# ભારતીય T20I ટીમની કેપ્ટનશીપમાં મોટો ફેરફાર શ્રેયસ અય્યરની વરણી પર સૂર્યકુમાર યાદવની પ્રતિક્રિયા

નવી દિલ્હી, તા.૭

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની અજીત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ એક ચોંકાવનારો નિર્ણય લેતા સૂર્યકુમાર યાદવને T20I ટીમમાંથી પડતો મૂક્યો છે અને તેમના સ્થાને શ્રેયસ અય્યરને ટીમના નવા કેપ્ટન તરીકે નિયુક્ત કર્યા છે. રસપ્રદ વાત એ છે કે, ડિસેમ્બર ૨૦૨૩થી એક પણ T20I મેચ ન રમનાર શ્રેયસ અય્યરને સીધી કેપ્ટનશીપ સોંપવામાં આવી છે. T20 વર્લ્ડ કપમાં ભારતને શાનદાર જીત અપાવનાર પૂર્વ કેપ્ટન સૂર્યકુમાર યાદવે આ ફેરફાર પર સકારાત્મક પ્રતિક્રિયા આપતા શ્રેયસ અય્યરને શુભેચ્છા પાઠવી છે.



શ્રેયસ અય્યરને શુભેચ્છા પાઠવી

**શ્રેયસની કેપ્ટનશીપ પર સૂર્યકુમાર યાદવનું નિવેદન**

ટીમમાંથી પડતા મુકાયાના ગણતરીના કલાકો બાદ, મુંબઈ T20 લીગની એક મેચ દરમિયાન ટોસ વખતે વાત કરતા સૂર્યકુમાર યાદવે જણાવ્યું કે તેમને શ્રેયસ અય્યરના કેપ્ટન બનવાથી ઘણો આનંદ થયો છે. સૂર્યાએ ભાવુક થતા કહ્યું, "અમે મુંબઈમાં અમારું આખું ક્રિકેટ સાથે રમ્યા છીએ. એ જાણીને ખૂબ જ અદ્ભુત લાગે છે કે ભારતના છેલ્લા ત્રણ T20 કેપ્ટન (રોહિત શર્મા, સૂર્યકુમાર અને હવે શ્રેયસ) બધા મુંબઈથી જ આવે છે." સૂર્યાએ આ નિર્ણયને રમત ભાવના સાથે સ્વીકારીને શ્રેયસના પુનરાગમનને બિરદાવ્યું હતું.

**પસંદગીકારોનો ભવિષ્ય તરફ નજર રાખીને આકરો નિર્ણય**

T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતે સફળતાપૂર્વક પોતાના ટાઈટલનું રક્ષણ કર્યું હોવા છતાં, પસંદગીકારોએ ૨૦૨૮ના ઓલિમ્પિક્સ અને તે જ વર્ષે યોજાનારા T20 વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ભવિષ્યની ટીમ બનાવવાનો મોટો નિર્ણય લીધો છે. છેલ્લા દોઢ વર્ષથી સૂર્યકુમાર યાદવનું ફોર્મ ચિંતાનો વિષય રહ્યું હતું અને વર્લ્ડ કપમાં પણ તેમનું પ્રદર્શન સામાન્ય રહ્યું હતું, જેના કારણે યુવા ખેલાડીઓને તક આપવા માટે આ આકરો નિર્ણય લેવામાં આવ્યો છે.

**અય્યરની શાનદાર વાપસી અને નવી ટીમની જાહેરાત**

શ્રેયસ અય્યરને અગાઉ ઘરેલું ક્રિકેટ ન રમવાના કારણે ભારતીય ટીમમાંથી બહાર કરી દેવાયો હતો. પરંતુ તેણે શાનદાર વાપસી કરી; પહેલા કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ને IPL 2024નું ટાઈટલ જીતાડ્યું અને ત્યારબાદ પંજાબ કિંગ્સને ફાઈનલમાં પહોંચાડી. છેલ્લા બે વર્ષમાં ૧૬૫થી વધુના સ્ટ્રાઈક રેટથી રમીને તેણે પસંદગીકારોને પ્રભાવિત કર્યા છે.

નવી જાહેર કરાયેલી ૧૬ સભ્યોની T20I ટીમમાં તિલક વર્માને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે. આ ટીમમાં યુવા અને અનુભવી ખેલાડીઓનું સંતુલન રાખવામાં આવ્યું છે:

**ભારતીય T20I ટીમ :** શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા (ઉપકેપ્ટન), રવિ બિશ્નોઈ, અભિષેક શર્મા, નીતિશ કુમાર રેડ્ડી, મોહમ્મદ સિરાજ, સંજુ સેમસન, અક્ષર પટેલ, હર્ષિત રાણા, ઈશાન કિશન, વોશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ, શિવમ દુબે, વરુણ ચક્રવર્તી, પ્રિન્સ યાદવ, વૈભવ સૂર્યવંશી.

**સૂર્યાનું ઓલિમ્પિક ગોલ્ડ મેડલનું સપનું રોળાયું**

સૂર્યકુમાર યાદવના સુકાનીપદ હેઠળ ભારતે દ્વિપક્ષીય શ્રેણીઓમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને તાજેતરમાં ન્યૂઝીલેન્ડને હરાવીને વર્લ્ડ કપ જીત્યો હતો. વર્લ્ડ કપ જીત્યા બાદ સૂર્યાએ હેડ કોચ ગૌતમ ગંભીરની હાજરીમાં જણાવ્યું હતું કે તેનું આગામી લક્ષ્ય ૨૦૨૮ના ઓલિમ્પિકમાં દેશ માટે ગોલ્ડ મેડલ જીતવાનું છે. જોકે, હવે શ્રેયસ અય્યર અને તિલક વર્માની આગેવાનીવાળી આ નવી ટીમમાં સૂર્યાના જ રોલ (મિડલ ઓર્ડર બેટિંગ) માં અન્ય ખેલાડીઓ ગોઠવાઈ જતાં, સૂર્યાનું ઓલિમ્પિક રમવાનું સપનું હવે મુશ્કેલ દેખાઈ રહ્યું છે.

# FIFA વર્લ્ડ કપ : યુએસએ ઇરાક ફૂટબોલ ટીમના સ્ટ્રાઈકરની અટકાયત કરી, ૭ કલાક સુધી પૂછપરછ કરી



**ઈરાકના વર્લ્ડ કપ સ્ટ્રાઈકર આયમેન હુસૈનને શિકાગોના ઓ'હારે એરપોર્ટ પર લગભગ સાત કલાક સુધી અટકાયતમાં રાખીને પૂછપરછ કરવામાં આવી, આ પગલાથી ફરી એકવાર તે મુદ્દા પર પ્રકાશ પડ્યો છે જેના વિશે ચાહકો અને ટીકાકારોએ ટુર્નામેન્ટ પહેલા ચિંતા વ્યક્ત કરી હતી**

શિકાગો, તા.૭

ઈરાકી રમતગમત અધિકારીના જણાવ્યા અનુસાર, ફિફા વર્લ્ડ કપ પહેલા યુનાઈટેડ સ્ટેટ્સમાં આગમન પર ઈરાકના સ્ટાર સ્ટ્રાઈકર આયમેન હુસૈનને અટકાયતમાં રાખીને લગભગ સાત કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. ઈરાકના સૌથી મહત્વપૂર્ણ ખેલાડીઓમાંના એક અને જેના ગોલથી દેશ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થયો હતો તે હુસૈનને શનિવારે વહેલી સવારે શિકાગોના ઓ'હારે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર રોક્યા બાદ આખરે યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી હતી. જોકે, ઈરાકની રાષ્ટ્રીય ટીમના ફોટોગ્રાફર તલાલ સલાહને ૧૦ કલાકથી વધુ સમય માટે અટકાયતમાં રાખ્યા બાદ દેશમાં પ્રવેશવાની મનાઈ કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. ઈરાકી ઓલિમ્પિક સમિતિ સાથે કામ કરતા અને રાષ્ટ્રીય ફૂટબોલ ટીમ સાથે ગાઢ સંપર્ક જાળવી રાખતા અધિકારીએ ખુલાસો કર્યો હતો કે લાંબી પૂછપરછ પ્રક્રિયા દરમિયાન હુસૈનના ફોનની તપાસ કરવામાં આવી હતી. "રાષ્ટ્રીય ટીમના ફોટોગ્રાફર તલાલ સલાહને ૧૦ કલાકથી વધુ સમય માટે અટકાયતમાં રાખવામાં આવ્યા હતા, સમાન ફોન તપાસમાંથી પસાર થયા હતા અને આખરે તેમને યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવેશવાની મનાઈ કરવામાં આવી હતી," અધિકારીએ જણાવ્યું હતું. આ ઘટના અંગે ઈરાકી ફૂટબોલ એસોસિએશન તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી, જ્યારે યુએસ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) અને ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ અટકાયતના અહેવાલો પર તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી ન હતી. આ ઘટના ફિફા વર્લ્ડ કપ શરૂ થવાના થોડા દિવસો પહેલા જ બની છે, જેનું સંયુક્ત આયોજન યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા અને મેક્સિકો કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં શનિવારે વહેલી સવારે એરપોર્ટ પર ઈરાકી ચાહકો રાષ્ટ્રીય ટીમનું સ્વાગત કરવા માટે ભેગા થયા હતા, ધ્વજ લહેરાવી રહ્યા હતા અને ખેલાડીઓ સાથે ફોટા પડાવતા હતા. ઈરાક ચાર દાયકામાં પ્રથમ વખત વર્લ્ડ કપમાં ભાગ લેવા માટે તૈયાર છે. ટીમનું નેતૃત્વ ૩૦ વર્ષીય હુસૈન કરશે, તેની સાથે ઈપ્સવિચ ટાઉન ફોરવર્ડ અલી અલ-હમાદી અને યુવા અલી જસીમ અને યુસેફ અમીન હશે. ગ્રૂપ Iમાં ફ્રાન્સ, સેનેગલ અને નોર્વે સાથે ટીમને ડ્રો કરવામાં આવી છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. તાજેતરના અઠવાડિયામાં, વોશિંગ્ટન અને તેહરાને ઈરાનના પરમાણુ કાર્યક્રમ અને હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે ચાલી રહેલા રાજદ્વારી પ્રયાસો છતાં લશ્કરી હુમલાઓની આપ-લે કરી છે. વાટાઘાટોના અનેક તબક્કા અટકી ગયા છે, જ્યારે બંને પક્ષોએ એકબીજા પર પ્રદેશમાં યુદ્ધવિરામના પ્રયાસોને નબળા પાડવાનો આરોપ લગાવ્યો છે. તાજેતરના દિવસોમાં ઈરાની ડ્રોન, મિસાઈલ લોન્ચ અને ઈરાની લશ્કરી માળખા પર યુએસ હુમલાઓ સહિત નવા આદાનપ્રદાન પણ જોવા મળ્યા છે.

# મિરા એન્ડ્રીવાએ માજા ચવાલિન્સ્કાની સપનાની સફરનો અંત આણ્યો, પોતાનું પ્રથમ ફ્રેન્ચ ઓપન ટાઇટલ જીત્યું

નવી દિલ્હી, તા.૭

૧૯ વર્ષની રશિયન ટેનિસ ખેલાડી મિરા એન્ડ્રીવા આખરે ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન બની ગઈ છે. શનિવાર, ૬ જૂનના રોજ રોલેન્ડ ગેરોસ ખાતે રમાયેલી ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં એન્ડ્રીવાએ શરૂઆતી ઉતાર-ચઢાવ બાદ શાનદાર વાપસી કરી હતી. તેણે માત્ર ૧ કલાક અને ૨૨ મિનિટ ચાલેલા મુકાબલામાં પોલેન્ડની ક્વોલિફાયર ખેલાડી માજા ચવાલિન્સ્કાને સીધા સેટોમાં ૬-૩, ૬-૨થી હરાવીને પોતાના કરિયરનું પ્રથમ મેજર ટાઈટલ જીત્યું હતું. આ ઐતિહાસિક જીત સાથે એન્ડ્રીવા ૧૯૯૨માં મોનિકા સેલેસ પછી ફ્રેન્ચ ઓપન સિંગલ્સ ટાઈટલ જીતનારી સૌથી નાની વયની ખેલાડી બની ગઈ છે. આ સાથે જ તે ડબલ્યુટીએ (WTA) ફાઈનલ્સની રેસમાં પણ પ્રથમ સ્થાને પહોંચી ગઈ છે.



**ફ્રેન્ચ ઓપન ૨૦૨૬ : રોલેન્ડ ગેરોસ ખાતે મિરા એન્ડ્રીવાએ ગ્રાન્ડ સ્લેમ જીતવાનું પોતાનું સપનું પૂરૂં કર્યું; માજા ચવાલિન્સ્કાને ૬-૩, ૬-૨થી હરાવીને ૧૯૯૨ પછી પેરિસમાં સૌથી નાની વયની મહિલા સિંગલ્સ ચેમ્પિયન બની**

**શરૂઆતી ટેન્શન બાદ એન્ડ્રીવાનો દબદબો :** મેચની શરૂઆત બંને ખેલાડીઓ માટે ખૂબ જ તણાવપૂર્ણ રહી હતી. એન્ડ્રીવાએ પ્રથમ ગેમમાં જ ચવાલિન્સ્કાની સર્વિસ બ્રેક કરીને શાનદાર શરૂઆત કરી હતી, પરંતુ પોલિશ ખેલાડીએ પણ તુરંત જ વાપસી કરીને સ્કોર સરભર કરી દીધો હતો. શરૂઆતના થોડા સમય માટે બંને ખેલાડીઓ પોતાની સર્વિસ બચાવવા માટે સંઘર્ષ કરતી જોવા મળી હતી અને ચવાલિન્સ્કાએ ૩-૨ની લીડ મેળવી લીધી હતી. જોકે, એન્ડ્રીવાએ પોતાની જૂની ભૂલોમાંથી પાઠ ભણીને દબાણની સ્થિતિમાં અદ્ભુત સંયમ જાળવ્યો હતો. તેણે ૩-૩ના સ્કોર પર ચવાલિન્સ્કાની ભૂલોનો ફાયદો ઉઠાવીને મહત્વપૂર્ણ બ્રેક મેળવ્યો અને સતત પોઈન્ટ્સ જીતીને પહેલો સેટ ૬-૩થી પોતાના નામે કરી લીધો હતો.

**બીજા સેટમાં ક્લાસ અને મેચ્યોરિટીનું પ્રદર્શન :** બીજા સેટમાં આઠમી ક્રમાંકિત એન્ડ્રીવા સંપૂર્ણ લયમાં જોવા મળી હતી. તેણે શરૂઆતમાં જ ૨-૦ની લીડ મેળવીને ચવાલિન્સ્કા પર દબાણ વધારી દીધું હતું. મેચની સૌથી રોમાંચક ક્ષણ ત્યારે આવી જ્યારે ચવાલિન્સ્કા પોતાની સર્વિસ પર ૪૦-૦થી આગળ હતી, પરંતુ એન્ડ્રીવાએ અશક્ય લાગતી સ્થિતિમાંથી સતત ત્રણ ગેમ પોઈન્ટ બચાવીને તેની સર્વિસ બ્રેક કરી અને સ્કોર ૩-૦ કરી દીધો. ત્યારબાદ પોતાના શક્તિશાળી ગ્રાઉન્ડસ્ટ્રોક્સ અને કોર્ટ પરની ઝડપી મૂવમેન્ટના દમ પર તે ૫-૦થી આગળ નીકળી ગઈ હતી. જોકે, ચવાલિન્સ્કાએ હાર ન માનીને વાપસી કરવાનો પ્રયાસ કર્યો અને બે ગેમ જીતી લીધી, પરંતુ તે એન્ડ્રીવાને રોકવા માટે પૂરતું ન હતું. છેલ્લી ગેમમાં એન્ડ્રીવાએ વિરોધી ખેલાડીને એક પણ પોઈન્ટ મેળવવાની તક આપ્યા વિના શાનદાર ક્રોસ-કોર્ટ બેકહેન્ડ વિનર મારીને ટાઈટલ પોતાના નામે કરી લીધું.

# યુપીના બિજનૌરમાં દલિત મહિલા કર્મચારી પર બળાત્કાર અને બળજબરીથી ગર્ભપાત કરવા બદલ ડોક્ટર સામે ગુનો નોંધવામાં આવ્યો છે

**ફરિયાદ મુજબ આરોપી જે પરિણીત છે અને બીજા સમુદાયનો છે, તેણે કથિત રીતે મહિલા સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા જ્યારે તે તેની હોસ્પિટલમાં કામ કરતી હતી**

(એજન્સી) તા.૭

પોલીસે શનિવારે જણાવ્યું હતું કે ઉત્તરપ્રદેશના બિજનોર જિલ્લામાં એક ખાનગી હોસ્પિટલ ચલાવતા ડોક્ટર પર લગ્નના બહાને દલિત મહિલા કર્મચારી પર બળાત્કાર કરવા અને તેણીને ગર્ભપાત કરાવવા માટે દબાણ કરવાના આરોપમાં ગુનો નોંધવામાં આવ્યો છે. ધામપુરના SHO મૃદુલ કુમારે જણાવ્યું હતું કે મહિલા દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના આધારે ૨ જૂને કેસ નોંધવામાં આવ્યો હતો. ફરિયાદ મુજબ, આરોપી, જે પરિણીત છે અને બીજા સમુદાયનો છે, તેણે કથિત રીતે મહિલા સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા જ્યારે તે હબીબ વાલા સ્થિત તેની હોસ્પિટલમાં કામ કરતી હતી. મહિલાએ આરોપ લગાવ્યો છે કે ગર્ભવતી થયા પછી ડોક્ટરે તેના પર ગર્ભપાત કરાવવા માટે દબાણ કર્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે આરોપોની તપાસ ચાલી રહી છે. દરમિયાન, સ્થાનિક ભાજપ ધારાસભ્ય ઓમ કુમારે શનિવારે પીડિતાને મળી હતી અને આરોપ લગાવ્યો હતો કે આ સામૂહિક બળાત્કારનો મામલો છે. પોલીસની શરૂઆતની કાર્યવાહી સામે અસંતોષ વ્યક્ત કરતા, ધારાસભ્યએ આરોપ લગાવ્યો હતો કે પોલીસે ન તો SC/ST (અત્યાચાર નિવારણ) અધિનિયમ લાગુ કર્યો છે કે ન તો પીડિતાના પરિવારની શરૂઆતની અરજી સ્વીકારી છે. તેમણે ઉમેર્યું હતું કે પોલીસ અધિક્ષકે તેમને આ મામલે કડક અને સંપૂર્ણ કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

# દલિત અત્યાચાર કેસોની અવગણના ! ?

**મધ્યપ્રદેશમાં ૫,૪૨૩ SC/ST કાયદાના કેસ પાંચ વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ છે, જેમાં આ જિલ્લાઓમાં સૌથી વધુ પેન્ડિંગ છે**

(એજન્સી) ભોપાલ, તા.૭

મધ્યપ્રદેશમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ નોંધાયેલા કેસોની પેન્ડિંગ સ્થિતિ ચિંતાનો વિષય બની રહી છે. આ કાયદાને લગતા કુલ ૫,૪૨૩ કેસ રાજ્યભરની વિવિધ અદાલતોમાં પાંચ વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ છે. સૌથી વધુ પેન્ડિંગ કેસ જબલપુર જિલ્લામાં નોંધાયા છે, જ્યાં ૯૦૯ કેસ વર્ષોથી ન્યાયની રાહ જોઈ રહ્યા છે. આ આંકડા ન્યાયિક પ્રક્રિયાની ધીમી ગતિ અને પીડિતોને સમયસર ન્યાયના અભાવને ઉજાગર કરે છે. સતત વધતી જતી પેન્ડિંગને ધ્યાનમાં રાખીને, મધ્યપ્રદેશ સરકાર અને જાહેર કાર્યવાહી વિભાગ સક્રિય થયા છે. તાજેતરમાં, ભોપાલ સ્થિત ડિરેક્ટોરેટ ઓફ પબ્લિક પ્રોસિક્યુશન દ્વારા તમામ જિલ્લા પ્રોસિક્યુશન અધિકારીઓને જૂના કેસોનો પ્રાથમિકતાના ધોરણે નિકાલ ઝડપી બનાવવા સૂચનાઓ જારી કરવામાં આવી છે. રાજ્યના ડેટા અનુસાર, જબલપુર, સાગર અને રેવા ઉપરાંત, છતરપુર, ગ્વાલિયર, ગુના, મુરેના અને ઉજ્જૈન જેવા જિલ્લાઓમાં પણ વર્ષોથી કોર્ટમાં મોટી સંખ્યામાં કેસ પેન્ડિંગ છે. આ જિલ્લાઓમાં, પીડિતો લાંબા સમયથી ન્યાયની રાહ જોઈ રહ્યા છે. બીજી બાજુ, કેટલાક જિલ્લાઓમાં પરિસ્થિતિ પ્રમાણમાં સારી દેખાય છે. કટની, ટીકમગઢ, નીમુચ, મંદસૌર, ડિંડોરી અને ધાર જિલ્લામાં, પાંચ વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ કેસોની સંખ્યા પાંચ કરતા ઓછી હોવાનું નોંધાયું છે. નર્મદાપુરમ, ખંડવા અને હરદામાં, પાંચ વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ ફક્ત એક કેસ છે. મધ્યપ્રદેશમાં SC/ST (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ પેન્ડિંગ કેસોના ડેટા ન્યાયિક પ્રણાલી પર વધતા ભારણને દર્શાવે છે. જબલપુરમાં સૌથી વધુ ૯૦૯ કેસ પેન્ડિંગ છે, ત્યારબાદ સાગરમાં ૮૪૨, રેવામાં ૪૧૭, છતરપુરમાં ૩૯૦ અને ગ્વાલિયરમાં ૩૮૩ કેસ પેન્ડિંગ છે. આ ઉપરાંત, ગુનામાં ૩૦૩, મુરેનામાં ૨૪૭, ઉજ્જૈનમાં ૨૩૪, શિવપુરીમાં ૨૧૨, દમોહમાં ૨૦૦, વિદિશામાં ૧૬૭, છિંદવાડામાં ૧૪૩, દેવાસમાં ૧૧૨, શહડોલમાં ૮૫ અને ઈન્દોર અને રાયસેનમાં ૮૧-૮૧ કેસ પેન્ડિંગ છે. બીજી તરફ, અશોકનગરમાં ૭૭, બાલાઘાટમાં ૭૧, ભોપાલ અને ઉમરિયામાં ૬૯-૬૯, ખરગોન અને સિઓનીમાં ૬૨-૬૨, પન્નામાં ૩૩, સતનામાં ૨૮, રતલામમાં ૨૪, ભિંડમાં ૨૧, મંડલામાં ૧૯, અગરમાં ૧૫, શાજાપુરમાં ૧૧ અને બેતુલ અને સિંગરૌલીમાં ૧૦-૧૦ કેસ પેન્ડિંગ છે. સૌથી ઓછા કેસ સિદ્ધિ જિલ્લામાં નોંધાયા છે, જ્યાં ફક્ત ૯ કેસ પેન્ડિંગ છે. એવા ૯ જિલ્લા છે જ્યાં પાંચથી ઓછા કેસ પાંચ વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ છે. કટનીમાં ચાર, ટીકમગઢ, નીમચ, મંદસૌર, ડિંડોરી અને ધારમાં બે-બે અને નર્મદાપુરમ, ખંડવા અને હરદામાં એક-એક કેસ પાંચ વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ હોવાનું જાણવા મળ્યું છે. ખાસ કરીને, રાજ્યના આઠ જિલ્લાઓ: અલીરાજપુર, અનુપપુર, બરવાણી, બુરહાનપુર, દતિયા, ઝાબુઆ, સિહોર અને શ્યોપુરમાં, SC/ST કાયદાને લગતો એક પણ કેસ પાંચ વર્ષથી વધુ સમયથી પડતર નથી. આ ન્યાયિક અને ફરિયાદ સ્તરે સુધારેલા સંકલનનું પરિણામ હોવાનું માનવામાં આવે છે. ડિરેક્ટોરેટ ઓફ પબ્લિક પ્રોસિક્યુશન દ્વારા જારી કરાયેલા નિર્દેશોને અનુસરીને, હવે રાજ્યભરમાં જૂના પડતર કેસોના નિરાકરણ માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવશે. ફરિયાદ વિભાગના અધિકારીઓને આવા કેસોનું નિયમિત નિરીક્ષણ કરવા અને કોર્ટમાં ટ્રાયલ પ્રક્રિયાને ઝડપી બનાવવાના પ્રયાસો કરવા સૂચના આપવામાં આવી છે. સાક્ષીઓની સમયસર હાજરી સુનિશ્ચિત કરવા, જરૂરી દસ્તાવેજો પૂરા પાડવા, બાકી પુરાવા પૂર્ણ કરવા અને કોર્ટમાં અસરકારક હિમાયત કરવા પર ખાસ ભાર મૂકવામાં આવશે. જ્યાં કાયદેસર રીતે શક્ય હોય તેવા કેસોમાં, બંને પક્ષોની સંમતિથી શાંતિપૂર્ણ ઉકેલ અને સમાધાન તરફ પણ પ્રયાસો કરી શકાય છે. ન્યાયિક પ્રક્રિયાની ધીમી ગતિ અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. SC/ST કાયદા હેઠળ દાખલ થયેલા કેસ સામાજિક ભેદભાવ, હિંસા અને ઉત્પીડન સાથે સંકળાયેલા ગંભીર ગુનાઓની શ્રેણીમાં આવે છે. આવા કેસોમાં વર્ષોથી ચુકાદા આપવામાં વિલંબ પીડિતોના બંધારણીય અધિકારો અને ન્યાય વ્યવસ્થા પર પ્રશ્નો ઉભા કરે છે. સામાજિક સંગઠનો અને અધિકાર કાર્યકરો કહે છે કે લાંબી ન્યાયિક પ્રક્રિયાને કારણે ઘણા પીડિત પરિવારો માનસિક, નાણાકીય અને સામાજિક દબાણનો સામનો કરે છે. નિષ્ણાતો માને છે કે આ કેસોને ઝડપી બનાવવા માટે, ખાસ અદાલતોની સંખ્યા વધારવા, ફરિયાદ અધિકારીઓની જવાબદારી નક્કી કરવા અને સમયસર ટ્રાયલ સુનિશ્ચિત કરવાની જરૂર છે. સાક્ષી સુરક્ષા અને ડિજિટલ કેસ મોનિટરિંગ સિસ્ટમને મજબૂત બનાવવી પણ જરૂરી માનવામાં આવે છે. રાજ્ય અનુસૂચિત જાતિ આયોગના ભૂતપૂર્વ સભ્ય અને એસસી કોંગ્રેસના રાજ્ય પ્રમુખ પ્રદીપ અહિરવારે ધ મુકનાયક સાથે વાત કરતા જણાવ્યું હતું કે એસસી/એસટી અત્યાચાર નિવારણ કાયદાના કેસોની વર્ષોથી પેન્ડિંગતા અત્યંત ચિંતાજનક છે. તેમણે કહ્યું કે દલિત અને આદિવાસી સમુદાયના પીડિતો આશા સાથે કોર્ટનો સંપર્ક કરે છે. ન્યાયની માંગણી છે, પરંતુ લાંબા સમયથી પડતર કેસ ન્યાય વ્યવસ્થા પરના તેમના વિશ્વાસને ઓછો કરે છે. અહિરવારે આરોપ લગાવ્યો કે કાયદામાં ખાસ અદાલતો અને ઝડપી ટ્રાયલની જોગવાઈ હોવા છતાં, સરકાર અને વહીવટીતંત્ર આ કેસોનો ઝડપથી ઉકેલ લાવવા માટે ગંભીર નથી. તેમણે માંગ કરી કે પડતર કેસોનો ઝડપી નિકાલ કરવા અને પીડિતોને સમયસર ન્યાય મળે તે માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯, અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) સમુદાયોના સભ્યો સામે થતા અત્યાચાર, ભેદભાવ અને જુલમને રોકવા માટે ઘડવામાં આવેલ એક ખાસ કાયદો છે. આ કાયદાનો ઉદ્દેશ્ય દલિત અને આદિવાસી સમુદાયોને સામાજિક અન્યાય, હિંસા, જાતિ આધારિત અપમાન, જમીન પચાવી પાડવા, આર્થિક શોષણ અને માનવ અધિકારોના ઉલ્લંઘનથી બચાવવાનો છે. આ કાયદા હેઠળ, જાતિ આધારિત અપમાન, જાહેર અપમાન, જમીન ખાલી કરાવવા, મહિલાઓ સામે હિંસા અથવા ઉત્પીડન અને સામાજિક બહિષ્કાર જેવા કૃત્યોને ગંભીર ગુના ગણવામાં આવે છે. પીડિતોને ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવા માટે, કાયદો ખાસ અદાલતોની સ્થાપના, આરોપીઓની તાત્કાલિક ધરપકડ અને પીડિતોને વળતર અને રક્ષણ આપવાની જોગવાઈ કરે છે. SC/ST કાયદા હેઠળના ઘણા ગુના બિનજામીનપાત્ર છે અને પોલીસને તાત્કાલિક FIR નોંધવાનો આદેશ આપવામાં આવ્યો છે. કાયદાને વધુ અસરકારક બનાવવા માટે સમયાંતરે તેમાં સુધારા કરવામાં આવ્યા છે. ૨૦૧૮માં, કેન્દ્ર સરકારે SC/ST કાયદામાં સુધારો કરીને સ્પષ્ટ કર્યું કે પ્રાથમિક તપાસ વિના FIR દાખલ કરી શકાય છે, જેથી પીડિતોને તાત્કાલિક કાનૂની રક્ષણ મળી શકે.

# પટિયાલા ગામમાં દલિત પરિવારોએ સામાજિક બહિષ્કારનો આરોપ લગાવ્યો, તપાસનો આદેશ આપ્યો

(એજન્સી) પટિયાલા, તા.૭

પટિયાલાના નાભા તહસીલના ચટ્ટે ગામમાં અનુસૂચિત જાતિ (SC) પરિવારોનો સામાજિક અને આર્થિક બહિષ્કાર કરવામાં આવ્યો હોવાના આરોપોની તપાસનો આદેશ આપવામાં આવ્યો છે, કારણ કે ગામની સામાન્ય જમીન પર લાંબા સમયથી ચાલતો વિવાદ જાતિ અધિકાર વિવાદમાં ફેરવાઈ ગયો હતો. ચટ્ટે ગામના રહેવાસી હરમીત સિંહે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ (NCSC) અને પટિયાલા ડેપ્યુટી કમિશનરને ફરિયાદ રજૂ કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે પંચાયત શામલાતમાં તેમના કાયદાકીય હિસ્સાની માંગણી કરવા બદલ દલિત પરિવારોને ભેદભાવ, ઉત્પીડન અને સામાજિક બહિષ્કારનો સામનો કરવો પડ્યો હતો. ફરિયાદ મુજબ, અનુસૂચિત જાતિ પરિવારો ગામની આશરે ૧૧૫ એકર શામલાત (સામાન્ય જમીન)ના ત્રીજા ભાગના હકદાર હતા. હરમીતે આરોપ લગાવ્યો હતો કે પરિવારોને ઘાસચારો, ખેતીલાયક જમીન અને અન્ય સુવિધાઓનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. "જમીનમાલિકોએ દલિત પરિવારોને લીલો ઘાસચારો ઉગાડવા માટે જમીન ભાડે આપવાનો ઈનકાર કર્યો છે અને તેમને પશુઓ માટે ખેતરોમાંથી ઘઉંના અવશેષો અથવા ઘાસચારો એકત્રિત કરવાથી અટકાવ્યા છે. બહિષ્કારના કારણે આજીવિકા પર ભારે અસર પડી છે અને ઘણા પરિવારોને પશુઓના ખોરાકની વ્યવસ્થા કરવા માટે લાંબા અંતરની મુસાફરી કરવાની ફરજ પડી છે," હરમીતે TOIને જણાવ્યું. સમુદાયે રોજગાર અવરોધનો પણ આરોપ લગાવ્યો હતો, અને દાવો કર્યો હતો કે ગામમાં દૈનિક વેતનની તકો સુકાઈ ગઈ છે અને મનરેગા કામ અને જોબ કાર્ડ લગભગ એક વર્ષથી સ્થગિત કરવામાં આવ્યા છે. પરિણામે, મજૂરોને કામ માટે નાભા અને નજીકના શહેરોમાં ૧૪ કિમી સુધી મુસાફરી કરવી પડી હતી. ફરિયાદીએ બંધારણની કલમ ૧૪, ૧૫, ૧૭, ૨૧ અને ૪૬ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ના કથિત ઉલ્લંઘનનો ઉલ્લેખ કર્યો છે. હરમીતે જણાવ્યું હતું કે આ વિવાદ શામલાત જમીન સાથે સંબંધિત છે જેને ગ્રામીણ વિકાસ અને પંચાયત વિભાગ, પંજાબના નાયબ નિયામક દ્વારા ૧૧ એપ્રિલ, ૨૦૨૫ના રોજના આદેશ દ્વારા ગ્રામ પંચાયતની મિલકત જાહેર કરવામાં આવી હતી. ફરિયાદીએ આરોપ લગાવ્યો હતો કે ચુકાદા છતાં ગેરકાયદેસર અતિક્રમણ ચાલુ રહ્યું છે અને અધિકારીઓ પર કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો હતો. ફરિયાદીએ કથિત બહિષ્કાર, અતિક્રમણ દૂર કરવા, અસરગ્રસ્ત પરિવારોને રક્ષણ આપવા, બેદરકાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવા અને NCSC ટીમ તૈનાત કરવા માટે જવાબદાર લોકો સામે SC/ST (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ કાનૂની કાર્યવાહીની માંગ કરી હતી. ભાજપ અનુસૂચિત જાતિ મોરચા, પંજાબના ઉપપ્રમુખ પરમજીત સિંહ કૈન્થે જણાવ્યું હતું કે ડીસીએ વધારાના નાયબ કમિશનર (વિકાસ)ને તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. ગ્રામ પંચાયતે આરોપોને નકારી કાઢ્યા હતા. તેમની પત્ની અને સરપંચ જસવિંદર કૌર વતી બોલતા, બિઅંત સિંહે આ આરોપોને "રાજકીય સ્ટંટ" ગણાવ્યા જેનો હેતુ જમીન પરના જટિલ કાનૂની વિવાદને ઝડપી બનાવવા માટે અધિકારીઓ પર દબાણ લાવવાનો હતો.

# કમરહાટીમાં TMC ધારાસભ્ય પર હુમલો, મુસ્લિમ નેતાએ પાર્ટી છોડી

## પશ્ચિમ બંગાળમાં ટીએમસીની અંદરનું સંકટ વધુ વણસી રહ્યું છે, ધારાસભ્ય મદન મિત્રાના વાહન પર હુમલો થયો હતો, આ દરમિયાન, ટીએમસીના એક લઘુમતી નેતાએ પાર્ટી છોડી દીધી છે

(એજન્સી) કોલકાતા, તા.૭

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ, ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)માં કટોકટી અને જાહેર આક્રોશ ઓછો થવાના કોઈ સંકેત દેખાતા નથી. રાજ્યમાં તેના ૧૫ વર્ષના શાસનના અંત પછી, પાર્ટી હવે ચારે બાજુથી મુશ્કેલીઓથી ઘેરાયેલી છે. શનિવારે મોડી રાત્રે, પાર્ટીના વરિષ્ઠ ધારાસભ્ય મદન મિત્રાને લોકોના ગુસ્સાનો સામનો કરવો પડ્યો અને તેમના વાહન પર ઈંડા ફેંકવામાં આવ્યા, જ્યારે પાર્ટીના લઘુમતી સેલના રાજ્ય સચિવ અજમલ સિદ્દીકીએ અભિષેક બેનરજીના "સરમુખત્યારશાહી વલણ" ને દોષી ઠેરવતા તેમના પદ પરથી રાજીનામું આપ્યું. ટીએમસીના વરિષ્ઠ ધારાસભ્ય મદન મિત્રાને શનિવારે મોડી રાત્રે કમરહાટી મતવિસ્તારના અરિયડાહા વિસ્તારમાં સ્થાનિક લોકોનો ભારે વિરોધનો સામનો કરવો પડ્યો. ઘટનાનું કારણઃ આ વિસ્તારના ઓટો-રિક્ષા અને ઈ-રિક્ષા ચાલકોએ કામરહાટીમાં વોર્ડ નંબર ૧૪ના કાઉન્સિલરના નિવાસસ્થાન બહાર વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. પ્રદર્શનકારીઓનો આરોપ હતો કે છેલ્લા કેટલાક વર્ષોમાં ટીએમસી નેતાઓએ તેમની પાસેથી ગેરકાયદેસર રીતે 'કટ મની' (ખંડણી/કમિશન) લીધી છે. રાજ્યમાં સત્તા પરિવર્તન બાદ, લોકો તેમના પૈસા પાછા અને જવાબદારીની માંગ કરી રહ્યા હતા. જ્યારે મદન મિત્રા પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે વિસ્તારમાં પહોંચ્યા, ત્યારે ગુસ્સે ભરાયેલા વિરોધીઓએ તેમના વાહનને ઘેરી લીધું અને ઈંડા ફેંક્યા. હિંસક ભીડને કારણે ધારાસભ્યને ત્યાંથી જવાની ફરજ પડી. મદન મિત્રાએ પાછળથી દાવો કર્યો હતો કે હુમલા સમયે તેઓ કારની અંદર નહોતા, જોકે આરોપો સામે આવ્યા છે કે હંગામા દરમિયાન તેમના ડ્રાઈવર પર હુમલો કરવામાં આવ્યો હતો. મિત્રાએ સમગ્ર ઘટનાને ભાજપ સમર્થિત બદમાશો દ્વારા ઈરાદાપૂર્વકનું કાવતરું ગણાવ્યું હતું. દરમિયાન, સ્થાનિક રહેવાસીઓનું કહેવું છે કે રાજકારણીઓના ભ્રષ્ટાચાર સામે લાંબા સમયથી વિસ્તારમાં અસંતોષ ફેલાઈ રહ્યો હતો. પશ્ચિમ બંગાળમાં, ભ્રષ્ટાચાર અને ખંડણીના આરોપોનો સામનો કરી રહેલા ટીએમસી નેતાઓ સામે ઈંડા ફેંકવા એ જાહેર વિરોધનું નવું પ્રતીક બની ગયું છે. તાજેતરમાં, ધરપકડ કરાયેલા ટીએમસી નેતા જય પ્રકાશ મજુમદાર અને પૂર્વ મંત્રી સ્વરૂપ બિશ્વાસની કોર્ટમાં હાજરી દરમિયાન, લોકોએ ઈંડા પકડીને સૂત્રોચ્ચાર કર્યા હતા. ગયા અઠવાડિયે, સોનારપુરમાં પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજીની કાર પર પણ પથ્થરો અને ઈંડા ફેંકવામાં આવ્યા હતા. ટીએમસીના રાજ્ય લઘુમતી સેલના સચિવ અજમલ સિદ્દીકીએ શનિવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દેતાં ટીએમસીમાં આંતરિક ઝઘડો વધુ પ્રકાશમાં આવ્યો. તેમણે પક્ષના પતન માટે મમતા બેનર્જીના ભત્રીજા અને રાજકીય વારસદાર અભિષેક બેનર્જીને સીધા જવાબદાર ઠેરવ્યા. હજ યાત્રા પરથી પાછા ફર્યાના બે દિવસ પછી મીડિયા સાથે વાત કરતા,



સિદ્દીકીએ કહ્યું, "આજે પાર્ટી ફક્ત એક જ વ્યક્તિના કારણે તૂટી રહી છેઃ અભિષેક બેનર્જી. તેમનું સરમુખત્યારશાહી વલણ અને તેમણે અમને જે હેરાનગતિ આપી હતી તે અસહ્ય બની ગઈ છે." તેમણે આરોપ લગાવ્યો કે પાર્ટીના નેતાઓ સામે ૧૨-૧૩ વર્ષ જૂના ખોટા કેસ દાખલ કરવામાં આવ્યા હતા અને તે પૈસાની માંગ કરવામાં આવી હતી. સિદ્દીકીએ કહ્યું કે ટીએમસીમાં રહેવું તેમના માટે ખૂબ જ અસ્વસ્થતાભર્યું બની ગયું હતું કારણ કે પાર્ટીના મોટાભાગના નેતાઓ અનૈતિક પ્રવૃત્તિઓ અને કૌભાંડોમાં સામેલ હતા, જેના કારણે તેમને ફક્ત બદનામી જ મળી. પાર્ટી હવે લોકો માટે કોઈ વાસ્તવિક કામ કરી રહી નથી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ ભાજપમાં જોડાશે, ત્યારે તેમણે કહ્યું કે હાલમાં કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. તેમનો એકમાત્ર ઉદ્દેશ્ય બંગાળનો વિકાસ કરવાનો, ઉદ્યોગો સ્થાપિત કરવાનો અને ગરીબોને રોજગાર આપવાનો હતો. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સામે હાર્યાના એક મહિના પછી, ટીએમસી તેના અસ્તિત્વના સૌથી મોટા રાજકીય સંકટનો સામનો કરી રહી છેઃ ૫૮ ધારાસભ્યોનો બળવોઃ થોડા દિવસો પહેલા, પક્ષને સૌથી મોટો આંચકો લાગ્યો જ્યારે બંગાળ વિધાનસભાના સ્પીકર, રતિન્દ્ર નાથ બોસે, ધારાસભ્ય ઋતાબ્રત બેનરજીના નેતૃત્વમાં ૫૮ બળવાખોર ટીએમસી ધારાસભ્યોના જૂથને ગૃહમાં મુખ્ય વિપક્ષી પક્ષ તરીકે માન્યતા આપી. અભિષેક બેનર્જીના નેતૃત્વને પડકારઃ જ્યારે આ બળવાખોર ધારાસભ્યો હજુ પણ મમતા બેનર્જીને તેમના નેતા માને છે, ત્યારે તેઓએ તેમના નેતૃત્વ અને તેમની સત્તાને સંપૂર્ણપણે નકારી કાઢી છે. નેતૃત્વ બેઠકનો બહિષ્કારઃ આ કટોકટીની ગંભીરતા શુક્રવારે વધુ સ્પષ્ટ થઈ જ્યારે કુલ બિન-બળવાખોર ધારાસભ્યોમાંથી માત્ર આઠ ધારાસભ્યો મમતા બેનર્જીના નિવાસસ્થાને બોલાવવામાં આવેલી એક મહત્વપૂર્ણ સંગઠનાત્મક બેઠકમાં હાજર રહ્યા. પક્ષની અંદરના આ આંતરિક ઝઘડા અને રસ્તાઓ પર ટીએમસી નેતાઓ સામે વધતા જાહેર ગુસ્સાએ પશ્ચિમ બંગાળના રાજકારણમાં એક નવો ઉથલપાથલ લાવી છે.

# આસામના પથરકાંડીમાં હિન્દુ ટોળા દ્વારા બે મુસ્લિમ યુવાનો પર હુમલો, પશુ ચોરીના આરોપમાં એરગનથી ગોળીબાર

(એજન્સી) તા.૭

સિલ્હેટી ભાષી બે મુસ્લિમ પિતરાઈ ભાઈઓ, ૧૭ વર્ષનો મદરેસાના વિદ્યાર્થી અમીર ઉદ્દીન અને ૧૮ વર્ષનો દૈનિક વેતન મેળવતો ઈસ્લામ ઉદ્દીન, તે જ દિવસે નાલુગાંવના એક હિન્દુ વિસ્તારમાં તેમના પશુઓ શોધી રહ્યા હતા ત્યારે ટોળાએ તેમના પર હુમલો કર્યો. દક્ષિણ આસામના શ્રીભૂમિ જિલ્લા, જે અગાઉ કરીમગંજ તરીકે ઓળખાતું હતું, તેના પથરકાંડીના બે મુસ્લિમ પિતરાઈ ભાઈઓ પર ૧ જૂનના રોજ રાત્રે પશુ ચોરીના આરોપમાં વિષ્ણુપ્રિયા હિન્દુ મણિપુરીઓના હિન્દુ ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. સિલ્હતીભાષી બે મુસ્લિમ પિતરાઈ ભાઈઓ, ૧૭ વર્ષનો મદરેસાના વિદ્યાર્થી અમીર ઉદ્દીન અને ૧૮ વર્ષનો દૈનિક મજૂર ઈસ્લામ ઉદ્દીન, તે જ દિવસે પથરકાંડી પોલીસ સ્ટેશન હેઠળના મામ્બારી ગામથી કરીમગંજ-અગરતલા હાઈવેની પેલે પાર નાલુગાંવના એક હિન્દુ વિસ્તારમાં તેમના ઢોર શોધી રહ્યા હતા, ત્યારે તેમના કાકા નાઝિમુદ્દીનના જણાવ્યા અનુસાર, ટોળાએ તેમના પર હુમલો કર્યો. મક્તુબ સાથે વાત કરતા, નાઝિમે કહ્યું કે પિતરાઈ ભાઈઓ હંમેશા તેમના ઢોરને નાલુગાંવથી થોડાક સો મીટર દૂર પાથરકાંડી બાય-પાસ વિસ્તારમાં ચરાવવા માટે લઈ ગયા છે, કારણ કે મામ્બારી પૂરગ્રસ્ત વિસ્તાર છે અને ચરવા માટે યોગ્ય નથી. પરંતુ તે દિવસે તેમની માલિકીના ચાર ઢોર નાલુગાંવ વિસ્તારમાં ભટકી ગયા હતા. બંને પિતરાઈ ભાઈઓ વહેલી સાંજે નાલુગાંવમાં ઢોર શોધવા ગયા હતા. આસપાસ પૂછવા પર, એક વિષ્ણુપ્રિયા મણિપુરીએ તેમને તેમના ગામમાં ઢોર વિશે જાણ કરી, અને ૧૮-૧૯ લોકોના ટોળા સાથે તેમનો પીછો કર્યો, જેમાં મહિલાઓનો પણ સમાવેશ થાય છે,' તેમણે ફોન પર કહ્યું. "પછી શું થયું તે એ હતું કે ટોળાએ તેમને લાકડીઓથી માર



માર્યો અને ઓછામાં ઓછા બે કલાક સુધી તેમના પર એર ગનથી ગોળીબાર કર્યો, કારણ કે તેઓ પશુ ચોર છે." હુમલાના ચાર દિવસ પછી, આ ઘટનાના હવે સામે આવેલા વીડિયોમાં એ પણ બતાવવામાં આવ્યું છે કે ટોળાના એક વ્યક્તિએ કથિત રીતે બે પિતરાઈ ભાઈઓ પર એર ગનથી અનેક રાઉન્ડ ફાયર કર્યા હતા, કારણ કે ટોળાના અન્ય માણસો તેમને પકડી રાખતા હતા, જ્યારે આમિર અને ઈસ્લામ પીડાથી બૂમો પાડી રહ્યા હતાઃ "અલ્લાહ, અલ્લાહ" અને "ઓ માઈ" (ઓહ, માતા). મક્તુબ સ્વતંત્ર રીતે આ વીડિયોની ચકાસણી કરી શકતા નથી. જોકે, પિતરાઈ ભાઈઓને બચાવવા માટે સ્થળ પર દોડી ગયેલા અને ટોળા દ્વારા હુમલો કરવામાં આવેલા નાઝિમે જણાવ્યું હતું કે બંને પિતરાઈ ભાઈઓને શરીરના ઊંડાણમાં પાંચથી છ ગોળીઓના ઘા થયા હતા. "અમીર અને ઈસ્લામ બંનેના શરીરમાં હજુ પણ ચારથી પાંચ ગોળીઓ છે," નાઝિમે કહ્યું. તેમણે ઉમેર્યુંઃ "ઈસ્લામને છાતીમાં ઊંડાણમાં ગોળીઓ છે, અને અમીરના જંઘામૂળમાં હજુ પણ એક ગોળીઓ અટવાયેલી છે." મક્તુબે એક્સ-રે સહિત તેમના મેડિકલ રિપોર્ટ જોયા છે અને ઈજાઓની પુષ્ટિ કરી શકે છે. રિપોર્ટ પ્રકાશિત કરતી વખતે, પિતરાઈ ભાઈ-બહેનો હાલમાં સિલચર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ગંભીર ઈજાઓ માટે સારવાર હેઠળ છે. નાઝિમે ઉમેર્યું કે, ૦૩ જૂનના રોજ, પિતરાઈ ભાઈ-બહેનોના પરિવારે પથરકાંડી પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી, જેમાં ટોળાના હુમલામાં સામેલ ત્રણ હિન્દુ વ્યક્તિઓના નામ આપવામાં આવ્યા હતા, જેમને શરૂઆતમાં તેઓએ વીડિયોમાંથી ઓળખી કાઢ્યા હતા, અને ઉમેર્યું હતું કે ટોળાએ તેમના પશુઓની ચોરી કરી હતી. નાઝિમે જણાવ્યું હતું કે, વધુ વીડિયો સામે આવતાં, પરિવારે પાછળથી અમીર અને ઈસ્લામ સામે ટોળાના હુમલા પાછળ ૧૮ વ્યક્તિઓના નામ આપ્યા હતા. પથરકાંડી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર માનસજ્યોતિ બોરોએ મક્તુબને જણાવ્યું હતું કે ટોળામાંથી બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે, પરંતુ કેસ વિશે વધુ વિગતો આપવાનો ઈનકાર કર્યો હતો. જ્યારે પીડિત પરિવાર દ્વારા ઓળખાયેલા બધા લોકોની ધરપકડ ન કરવાના આરોપો વિશે પૂછવામાં આવ્યું ત્યારે બોરોએ ઉમેર્યું હતું કે, "તેઓ કવરેજની બહાર છે." તેનો અર્થ એ હતો કે આ અહેવાલ પ્રકાશિત કરતી વખતે તેઓ હજુ પણ ફરાર છે. ધરપકડ કરાયેલા બે લોકો પર ભારતીય ન્યાય સંહિતાના કલમ ૧૨૬(૨), ૧૯૧(૨) (હુલ્લડો), ૧૦૯ (હત્યાનો પ્રયાસ), ૧૧૭(૨) (સ્વૈચ્છિક રીતે ગંભીર ઈજા પહોંચાડવી), ૧૧૫(૨) (સ્વૈચ્છિક રીતે ઈજા પહોંચાડવી) અને ૩૦૩(૨) (ચોરી) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, એમ મક્તુબને જાણવા મળ્યું. શ્રીભૂમિ સહિત ત્રણ જિલ્લાઓનો સમાવેશ કરતા બરાક ખીણમાં મુસ્લિમો તરફથી તીવ્ર પ્રતિક્રિયાઓ વચ્ચે બોરોએ ટોળાના હુમલાને સાંપ્રદાયિક ગણાવ્યો હતો, જેમાં ઘણા લોકો તેની પાછળ સાંપ્રદાયિક સ્વર જોતા હતા. "ટોળું તેમને જાણતું હતું. ઈસ્લામ ઘણીવાર કામ માટે તેમના પડોશમાં જાય છે. તેમને બચાવવા માટે અમારા હસ્તક્ષેપ અને પશુઓ તેમના પોતાના હોવા છતાં, તેમને ત્રાસ આપવામાં આવ્યો હતો તે હકીકત એ સ્પષ્ટ કરે છે કે તેમને તેમની મુસ્લિમ ઓળખ માટે નિશાન બનાવવામાં આવ્યા હતા,"

# આ રાજકીય નહીં પણ વ્યક્તિગત સંબંધો અને નિર્ણય છે : સુપ્રિયા સુલેની પુત્રી અને ભાજપ નેતાના પુત્રના લગ્ન : આ કોઈ અનન્ય કિસ્સો નથી

## પ્રાદેશિક પક્ષોથી લઈને રાષ્ટ્રીય સંગઠનો સુધી, મુખ્યમંત્રીઓથી લઈને યુવા નેતાઓ સુધી, પક્ષથી આગળ વધીને થયેલા લગ્ન એ તેમના રાજકીય જોડાણો કરતાં વધુ મજબૂત સાબિત થયા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં ઉદ્યોગપતિ અરૂણ લાખાણીનું નામાંકન માત્ર ચૂંટણીલક્ષી કારણોસર જ નહીં, પણ અન્ય કારણોસર પણ ચર્ચામાં આવ્યું છે. લાખાણીના પુત્ર સારંગ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર)ના સાંસદ સુપ્રિયા સુળેની પુત્રી રેવતી સુળે સાથે લગ્ન કરવાના છે, જેનાથી રાજકીય ચર્ચા શરૂ થઈ છે. શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે કટાક્ષપૂર્ણ ટિપ્પણી કરી છે કે લાખાણી એક દિવસ એનસીપી (એસપી)ના કાર્યકારી પ્રમુખ બની શકે છે.

લાખાણીએ એવા કોઈપણ સૂચનને ફગાવી દીધા હતા કે આ સંબંધ કોઈ રાજકીય વિરોધાભાસ પેદા કરે છે.

પવાર પરિવાર રાજકારણમાં છે, તેથી તેમનો સંદર્ભ હંમેશા ત્યાં રહેશે, તેમણે નામાંકન મેળવ્યા પછી કહ્યું કે, તેઓ તેમના પક્ષ માટે કામ કરે છે પણ સ્વાભાવિક રીતે મને તેમના સાસુ તરીકે સંબોધવામાં આવશે. વિરોધાભાસ હોય કે ન હોય, આ એપિસોડ ભારતના રાજકારણમાં લાંબા સમયથી અસ્તિત્વમાં રહેલી વાસ્તવિકતાને પ્રકાશિત કરે છે : રાજકીય હરીફાઈ હંમેશા વ્યક્તિગત હરીફાઈમાં પરિણમતી નથી. જાહેરમાં લડાઈઓ છતાં, રાજકારણીઓ અને તેમના પરિવારોએ ઘણીવાર પક્ષથી આગળ વધીને સંબંધો જાળવી રાખ્યા છે.

રાજકીય વિશ્લેષક અને પ્રોફેસર ચંદ્રચુડ સિંહે કહ્યું કે આ જોડાણો સંપૂર્ણપણે લોકશાહીની ભાવનામાં છે. લોકશાહી એ પસંદગીઓ વિશે છે, અનુરૂપતા વિશે નહીં. આપણે પરિવારના દરેક વ્યક્તિ સમાન રાજકીય વિચારધારાને અનુસરે તેવી અપેક્ષા રાખી શકતા નથી. જે સમાજ વ્યક્તિગત સ્વાયત્તતા અને એજન્સીને મહત્વ આપે છે, ત્યાં પરિવારના સભ્યો, જેમાં જીવનસાથીઓનો પણ સમાવેશ થાય છે, તે અન્ય વિવિધ રાજકીય પક્ષો સાથે જોડાયેલા હોય તેમાં કઈ અસામાન્ય કંઈ નથી. પરિવારોમાં રાજકીય વિવિધતા કોઈ સમસ્યા નથી પણ તે સ્વતંત્રતાનું પ્રતિબિંબ છે જેનું લોકશાહીમાં રક્ષણ કરવામાં આવે છે. એવા અન્ય ઉદાહરણો પર નજર નાખીએ જ્યાં રાજકીય જોડાણો વૈવાહિક જોડાણોના માર્ગમાં આવ્યા ન હતા.

### રવિશંકર પ્રસાદ અને અનુરાધા પટેલ

ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ તેમની બહેન અનુરાધા પટેલ દ્વારા કોંગ્રેસ સાથે ગાઢ પારિવારિક જોડાણ ધરાવે છે, જેમના લગ્ન કોંગ્રેસ પક્ષના રાજ્યસભા સભ્ય રાજીવ શુક્લા સાથે થયા છે. તેમના રાજકીય જોડાણો અલગ હોવા છતાં, ક્યારેય કોઈ જાહેર સંકેત મળ્યો નથી કે રાજકારણે કૌટુંબિક સંબંધોને અસર કરી છે - ભાઈ-બહેનો વર્ષોથી રક્ષાબંધનનો તહેવાર ઉજવતા જોવા મળે છે. રવિશંકર પ્રસાદ ભાજપમાં પ્રવક્તા તરીકે સેવા આપે છે અને અનુરાધા પટેલ બી.એ.જી. ફિલ્મ્સ એન્ડ મીડિયાના અધ્યક્ષ અને એમડી છે.

### ડી.કે. શિવકુમાર અને એસ.એમ. કૃષ્ણા પરિવાર

કર્ણાટકના મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારની પુત્રી, ઐશ્વર્યા શિવકુમારે ૨૦૨૧માં કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપ નેતા એસ.એમ. કૃષ્ણાના પૌત્ર અમર્ત્ય હેગડે સાથે લગ્ન કર્યા હતા. અમર્ત્ય કૃષ્ણની પુત્રી માલવિકાના પુત્ર છે, જેના લગ્ન સ્વર્ગસ્થ કાફે કોફી ડે (CCD) સ્થાપક વી.જી. સિદ્ધાર્થ સાથે થયા હતા. ડી.કે. શિવકુમાર જ્યારે કૃષ્ણા કોંગ્રેસમાં હતા ત્યારે તેમની ખૂબ નજીક હોવાનું માનવામાં આવતું હતું. પૂર્વ મુખ્યમંત્રી ૨૦૧૭માં ભાજપમાં જોડાયા હતા.

### સચિન પાયલટ અને સારા અબ્દુલ્લા

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા સ્વર્ગસ્થ રાજેશ પાયલટના પુત્ર, કોંગ્રેસ નેતા સચિન પાયલટે ૨૦૦૪માં નેશનલ કોન્ફરન્સ (NC)ના વડા ફારૂક અબ્દુલ્લાની પુત્રી સારા અબ્દુલ્લા સાથે લગ્ન કર્યા હતા. આ આંતર-ધાર્મિક લગ્નને અબ્દુલ્લા પરિવારના કેટલાક વર્ગો તરફથી વિરોધનો સામનો કરવો પડ્યો હતો પરંતુ આખરે તેમને સ્વીકૃતિ મળી, અને છૂટાછેડા પહેલા તેઓ પક્ષ અને પ્રાદેશિક રેખાઓથી ભારતના સૌથી અગ્રણી રાજકીય સંગઠનો પૈકી એક બન્યા. પાયલટ છત્તીસગઢ માટે કોંગ્રેસ પાર્ટીના પ્રભારી મહાસચિવ તરીકે સેવા આપે છે, અને સારા તેમના છૂટાછેડા પછી દિલ્હીમાં એક બિન-સરકારી સંગઠન ચલાવે છે. તેઓ તેમના બે પુત્રોને સહ-પાલન કરે છે.

### ચંદ્રબાબુ નાયડુ અને ભુવનેશ્વરી

જ્યારે ચંદ્રબાબુ નાયડુએ ૧૯૮૧માં એન.ટી. રામા રાવની પુત્રી ભુવનેશ્વરી સાથે લગ્ન કર્યા, ત્યારે તેઓ કોંગ્રેસના મંત્રી હતા જ્યારે એનટીઆરએ હજુ સુધી તેલુગુ દેશમ પાર્ટી (TDP) શરૂ કરી ન હતી. એક વર્ષની અંદર, NTR રાજકારણમાં પ્રવેશ્યા અને આંધ્રપ્રદેશમાં કોંગ્રેસના મુખ્ય હરીફ બન્યા. NTRએ ૧૯૮૩માં કોંગ્રેસને સત્તા પરથી દૂર કરી દીધી જ્યારે નાયડુ હજુ કોંગ્રેસમાં હતા. નાયડુ બાદમાં TDPમાં જોડાયા અને આખરે તેમના સસરા પછી પાર્ટીના નેતા બન્યા હતા; જો કે, તેઓ વિરોધ પક્ષોમાં રહ્યા હતા. ચંદ્રબાબુ નાયડુ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી છે અને તેમની પત્ની એન. ભુવનેશ્વરી હેરિટેજ ફૂડ્સ લિમિટેડના ઉપાધ્યક્ષ અને MD છે.

### અરૂણ જેટલી અને સંગીતા ડોગરા

ભાજપના દિગ્ગજ નેતા અરૂણ જેટલીએ કોંગ્રેસના દિગ્ગજ નેતા ગિરધારી લાલ ડોગરા, જે ૨૬ વર્ષ સુધી જમ્મુ અને કાશ્મીરના નાણામંત્રી રહ્યા હતા, તેમની પુત્રી સંગીતા ડોગરા સાથે લગ્ન કર્યા. કોંગ્રેસમાં જોડાતા પહેલા તેઓ નેશનલ કોન્ફરન્સમાં હતા. ભાજપના અગ્રણી નેતાઓમાંના એક તરીકે જેટલીના ઉદભવ અને કોંગ્રેસ પ્રત્યેના તેમના લાંબા સમયથી વિરોધ છતાં, આ લગ્ન દર્શાવે છે કે રાજકીય મતભેદો ઘણીવાર વ્યક્તિગત સંબંધોથી અલગ રહે છે. જેટલીના અવસાન પહેલાં કેન્દ્રીય નાણાં પ્રધાન તરીકે સેવા આપી હતી; તેમની પત્ની સંગીતા એક પરોપકારી વ્યક્તિ છે જે પોતાનો સમય સામાજિક કાર્યો માટે સમર્પિત કરે છે.

### ચિરંજીવ રાવ અને અનુષ્કા રાવ

હરિયાણા કોંગ્રેસના ધારાસભ્ય ચિરંજીવ રાવ, જે કોંગ્રેસના દિગ્ગજ નેતા કેપ્ટન અજય સિંહ યાદવના પુત્ર છે, તેમના લગ્ન રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના સ્થાપકો અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવ અને રાબડી દેવીની પુત્રી અનુષ્કા યાદવ સાથે થયા છે. આ લગ્ન વિવિધ રાજ્યોના બે અલગ અને મજબૂત રાજકીય પરિવારોને જોડે છે જે ઘણીવાર રાષ્ટ્રીય સ્તરે રાજકીય સાથી રહ્યા છે. ચિરંજીવ રાવ હાલમાં ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના રાષ્ટ્રીય સચિવ તરીકે સેવા આપે છે અને રાજસ્થાનના પ્રભારી છે.



### અક્ષત રાવ અને રાવ નરબીર સિંહ પરિવાર

કોંગ્રેસના ધારાસભ્ય રાવ દાન સિંહના પુત્ર અક્ષત રાવે ૨૦૧૭માં ભાજપના નેતા અને હરિયાણાના મંત્રી રાવ નરબીર સિંહની પુત્રી આશિતા સાથે લગ્ન કર્યા છે. આ લગ્નથી બે પ્રભાવશાળી રાજકીય પરિવારો એક થયા જે ઘણીવાર હરિયાણાના રાજકીય વિભાજનમાં એકબીજાથી વિરૂદ્ધ રહ્યા છે. અક્ષત રાજકારણમાં સામેલ છે અને હરિયાણા યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા છે જ્યારે તેમની પત્ની લો પ્રોફાઈલ રાખે છે અને તેમના પિતા રાવ નરબીર સિંહ માટે પ્રચારનું સંચાલન કરે છે.

### તમન્ના બરાલા અને નિશિત કટારિયા

હરિયાણા ભાજપના પૂર્વ પ્રમુખ સુભાષ બરાલાની પુત્રી તમન્ના બરાલાએ કોંગ્રેસના નેતા અને ગુરૂગ્રામના પૂર્વ ધારાસભ્ય સુખબીર સિંહ કટારિયાના પુત્ર નિશિત કટારિયા સાથે લગ્ન કર્યા. આ લગ્નમાં બંને પક્ષના નેતાઓ આવ્યા હતા. તમન્નાએ પંજાબ યુનિવર્સિટીમાંથી શાસન અને નેતૃત્વમાં માસ્ટર ડિગ્રી પૂર્ણ કરી, નિશિત એક પ્રેક્ટિસિંગ ક્રિમિનલ વકીલ છે અને હરિયાણા યુથ કોંગ્રેસના પ્રમુખ તરીકે સેવા આપે છે.

### દેવીલાલ અને બલરામ જાખડ

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ લોકસભા સ્પીકર બલરામ જાખડના લગ્ન પૂર્વ નાયબ વડાપ્રધાન ચૌધરી દેવીલાલના પિતરાઈ ભાઈ રામેશ્વરી દેવી સાથે થયા હતા, જેનાથી કોંગ્રેસના જાખડ પરિવાર અને દેવીલાલ-ચૌતાલા પરિવાર વચ્ચે કૌટુંબિક જોડાણ બન્યું, જે કોંગ્રેસ વિરોધી અને પછી હરિયાણાના પ્રાદેશિક રાજકારણનું કેન્દ્ર બન્યું. તેમના ગાઢ પારિવારિક સંબંધો હોવા છતાં, બંને નેતાઓએ તેમની રાજકીય કારકિર્દીનો મોટાભાગનો સમય હરીફ છાવણીઓમાં વિતાવ્યો, જેમાં જાખર કોંગ્રેસના દિગ્ગજ નેતા રહ્યા જ્યારે દેવીલાલ ઉત્તર ભારતના સૌથી અગ્રણી કોંગ્રેસ વિરોધી નેતાઓ પૈકી એક હતા.

બલરામ કોંગ્રેસ પક્ષ હેઠળ લોકસભા સ્પીકર અને કેન્દ્રીય મંત્રી તરીકે સેવા આપી, તેમના પુત્ર સુનીલ જાખર મે ૨૦૨૬ સુધી ભાજપમાં ગયા અને પંજાબના મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી; તેમની પત્નીએ રાજકીય ભૂમિકા ભજવી નહીં અને ૨૦૧૬માં બલરામ પહેલાં તેમનું અવસાન થયું હતું.

### આંચલ શામનુર અને પ્રશાંત શેટ્ટાર

કોંગ્રેસ નેતા શામનુર શિવશંકરપ્પાની પુત્રી આંચલ શામનુરએ કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપ નેતા જગદીશ શેટ્ટારના પુત્ર પ્રશાંત શેટ્ટાર સાથે લગ્ન કર્યા. આ જોડાણથી હરીફ પક્ષો સાથે સંકળાયેલા બે અગ્રણી કર્ણાટક રાજકીય પરિવારો જોડાયા હતા. આ દંપતી રાજકારણથી દૂર છે; આંચલ એક વ્યાવસાયિક આર્કિટેક્ટ છે અને પ્રશાંત હવે ડિજિટલ સોફ્ટવેર કંપનીમાં ડિરેક્ટર છે.

### નિખિલ કુમારસ્વામી અને રેવતી

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચ.ડી. કુમારસ્વામીના પુત્ર, જેડી(એસ) નેતા નિખિલ કુમારસ્વામીના લગ્ન કોંગ્રેસ નેતા એમ. કૃષ્ણપ્પાની પૌત્રી રેવતી સાથે થયા છે. આ લગ્ન કર્ણાટકમાં બે પ્રભાવશાળી રાજકીય નેટવર્કને જોડે છે. નિખિલ જનતા દળ (સેક્યુલર)ના રાજ્ય યુવા પ્રમુખ તરીકે સેવા આપે છે જ્યારે રેવતી રાજકારણથી દૂર છે.

### આર.વી. દેશપાંડે અને પ્રફુલ પટેલ પરિવાર

કર્ણાટક કોંગ્રેસના વરિષ્ઠ નેતા આર.વી. દેશપાંડેના પુત્ર, પ્રશાંત દેશપાંડેએ ૨૦૦૬માં એનસીપી નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પ્રફુલ પટેલની પુત્રી અવની પટેલ સાથે લગ્ન કર્યા. તેનાથી વિવિધ રાજ્યોના બે પ્રભાવશાળી રાજકીય પરિવારો - (કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી) - એક સાથે આવી. જ્યારે દેશપાંડે કર્ણાટકમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા રહ્યા, ત્યારે પ્રફુલ પટેલ એનસીપીના સૌથી અગ્રણી રાષ્ટ્રીય ચહેરાઓમાંના એક છે, તેઓએ કેન્દ્રીય મંત્રી તરીકે સેવા આપી છે અને બાદમાં પાર્ટીના નેતૃત્વમાં મુખ્ય વ્યક્તિ બન્યા છે. પ્રશાંત એક વકીલ અને સામાજિક કાર્યકર તરીકે કામ કરે છે અને અન્વી એક આર્કિટેક્ટ છે.

### વિશ્વજીત રાણે અને દિવ્યા રાણે

ગોવાના કેબિનેટ મંત્રી વિશ્વજીત રાણે, જે કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી પ્રતાપસિંહ રાણેના પુત્ર છે, તેમના લગ્ન ભાજપ ધારાસભ્ય દિવ્યા રાણે સાથે થયા છે. તેમના રાજકીય માર્ગો આખરે ભાજપમાં ભેગા થયા પરંતુ વર્ષો સુધી આ લગ્ન ગોવામાં સ્પર્ધાત્મક રાજકીય છાવણીઓ વચ્ચે મહત્વપૂર્ણ સેતુ હતા. કોંગ્રેસ સાથે રાજકીય કારકિર્દી શરૂ કરનાર વિશ્વજીત ૨૦૧૭માં ભાજપમાં જોડાયા હતા.

### આદેશ પ્રતાપસિંહ કૈરોન અને પરનીત કૌર

કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી પ્રતાપસિંહ કૈરોનના પૌત્ર આદેશ પ્રતાપસિંહ કૈરોન, શિરોમણી અકાલી દળ (એસએડી)ના વડા પ્રકાશસિંહ બાદલની પુત્રી પરનીત કૌર સાથે લગ્ન કર્યા છે. આનાથી બે પરિવારો એક થયા જે દાયકાઓથી પંજાબના રાજકીય પરિદૃશ્યમાં વિરૂદ્ધ રહ્યા હતા. આદેશ પંજાબથી ચાર વખત ધારાસભ્ય છે જ્યારે પ્રણીત અનેક સાહસોમાં કોર્પોરેટ ડિરેક્ટર છે.

### દીપક જોશી અને પલ્લવી રાજ સક્સેના

ભાજપના પૂર્વ નેતા દીપક જોશીએ ૨૦૨૫માં કોંગ્રેસ મહિલા પાંખના પૂર્વ રાજ્ય સચિવ પલ્લવી રાજ સક્સેના સાથે લગ્ન કર્યા. દીપક મધ્યપ્રદેશમાં ભાજપ હેઠળ ત્રણ વખત ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી છે અને પલ્લવી હજુ પણ કોંગ્રેસ સાથે સંકળાયેલ છે.

### કે.આર. ગૌરી અમ્મા અને ટી.વી. થોમસ

કે.આર. ગૌરી અમ્મા અને ટી.વી. થોમસના લગ્ન ભારતીય ઈતિહાસમાં સૌથી નોંધપાત્ર રાજકીય સંબંધોમાંના એક છે. બંને કેરળના સામ્યવાદી ચળવળના અગ્રણી નેતાઓ હતા અને અવિભાજિત સામ્યવાદી પક્ષમાં સાથે કામ કરતી વખતે લગ્ન કર્યા હતા. જો કે, ૧૯૬૪માં સામ્યવાદી ચળવળમાં થયેલા ઐતિહાસિક વિભાજનથી તેઓ હરીફ છાવણીઓમાં મુકાયા, ગૌરી અમ્મા ભારતીય સામ્યવાદી પક્ષ (માર્ક્સવાદી)માં જોડાયા અને થોમસ ભારતીય સામ્યવાદી પક્ષ સાથે રહ્યા. રાજકીય વિભાજન એટલું તીવ્ર બન્યું કે આ દંપતી આખરે અલગ રહેવા લાગ્યા, કારણ કે પક્ષની વફાદારી તેમના જાહેર અને ખાનગી જીવનને વધુને વધુ અસર કરતી હતી.

વર્ષોના અંતર છતાં, તેમનું વ્યક્તિગત બંધન ક્યારેય સંપૂર્ણપણે અદૃશ્ય થયો નહીં. જ્યારે થોમસને તેમના જીવનના અંતિમ વર્ષોમાં કેન્સર હોવાનું નિદાન થયું, ત્યારે ગૌરી અમ્માએ તેમની સંભાળ રાખવા માટે રાજકીય મતભેદો ભૂલી ગયા અને ૧૯૭૭માં તેમના મૃત્યુ સુધી તેમની સાથે સમય વિતાવ્યો હતો.

# દિલ્હી આગ દુર્ઘટનામાં અનેક લોકોના જીવ બચાવનાર રિયાઝુદ્દીનનું જમાત દ્વારા સન્માન

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

જમાત-એ-ઈસ્લામી હિન્દ (JIH)એ રિયાઝુદ્દીન મન્સૂરીને સન્માનિત કર્યા છે, જેમાં દિલ્હીના માલવિયા નગરમાં એક દુઃખદ હોટલ આગ દરમિયાન ૨૧ લોકોના મોત થયા હતા અને ડઝનેક ઘાયલ થયા હતા, જેમાં જીવ બચાવવા માટે તેમની અસાધારણ હિંમત, કરુણા અને પ્રતિબદ્ધતાની પ્રશંસા કરવામાં આવી હતી. JIH દિલ્હી વતી, મન્સૂરીને તેમની અનુકરણીય માનવતાવાદી સેવાના સન્માનમાં રૂા.૧ લાખનો વિશેષ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. JIH દિલ્હીના અમીર-એ-હલ્કાના મોહમ્મદ સલીમુલ્લાહ ખાનની આગેવાની હેઠળ જમાતના એક પ્રતિનિધિમંડળે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા અને ઘટનાથી પ્રભાવિત લોકો સાથે એકતા વ્યક્ત કરવા માટે માલવિયા નગરની મુલાકાત લીધી હતી. પ્રતિનિધિમંડળે દુર્ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યું અને મન્સૂરીને મળ્યા. જ્યારે આગ લાગી અને ઘણા લોકો હોટેલની અંદર ફસાયેલા હતા, ત્યારે બારીઓ અને છત પરથી મદદ માટે બોલાવતા, મન્સૂરીએ - જે નજીકમાં ગાદલાની દુકાન ચલાવે છે - મન અને બહાદુરીની નોંધપાત્ર હાજરી દર્શાવી. તેમણે ઝડપથી પોતાની દુકાનમાંથી ગાદલા રસ્તા પર ફેલાવી દીધા અને પરિવારના સભ્યો અને સાથીઓની મદદથી, આગથી બચવા માટે ફસાયેલા લોકોને તેના પર કૂદી પડવા વિનંતી કરી. તેમના સમયસર હસ્તક્ષેપથી ૧૪-૧૫ લોકોના જીવ બચી ગયા હોવાનો અંદાજ છે. આ પ્રસંગે બોલતા, ખાને કહ્યું કે મન્સૂરીએ દર્શાવ્યું કે કટોકટીના સમયમાં, ધર્મ, જાતિ અને સમુદાયના અવરોધો અપ્રસ્તુત બની જાય છે અને માનવતા અને કરુણા વ્યક્તિની સાચી ઓળખ વ્યાખ્યાયિત કરે છે. ત્યારે મન્સૂરીની જેમ વ્યક્તિઓ ભારતની સંયુક્ત સંસ્કૃતિ અને સહિયારા માનવ



મૂલ્યોના ઉદાહરણ તરીકે ઉભા થાય છે. ખાને એ પણ નોંધ્યું કે મન્સૂરીએ નાણાકીય નુકસાન છતાં ખચકાટ અનુભવ્યો નહીં, લગભગ રૂા.૨ લાખના ગાદલા નાખ્યા અને અન્ય લોકોને બચાવવા માટે પોતાની સલામતી જોખમમાં મૂકી. તેમણે કહ્યું કે આવી નિઃસ્વાર્થતા અને સમર્પણ જાહેર સેવાના સર્વોચ્ચ આદર્શોનું પ્રતિનિધિત્વ કરે છે અને વ્યાપક માન્યતાને પાત્ર છે. પ્રતિનિધિમંડળના સભ્યોએ મન્સૂરીના કાર્યોને અનુકરણીય અને પ્રેરણાદાયક ગણાવ્યા, કહ્યું કે આવા વ્યક્તિઓ પરસ્પર વિશ્વાસ, કરુણા અને સામાજિક સંવાદિતાના મૂલ્યોને મજબૂત બનાવે છે. તેમણે ઉમેર્યું કે, આ એવોર્ડ ફક્ત વ્યક્તિગત બહાદુરીની માન્યતા નથી પરંતુ માનવતાની ભાવનાને શ્રદ્ધાંજલિ છે. પ્રતિનિધિમંડળે આશા વ્યક્ત કરી કે મન્સૌરીનું કાર્ય ભવિષ્યની પેઢીઓને પ્રેરણા આપશે અને સમાજમાં કરુણા, ભાઈચારો અને માનવતાવાદી મૂલ્યોને પ્રોત્સાહન આપશે.

# ટોંકના અજય તિવારીની મુસ્લિમો વિરૂદ્ધ નરસંહારની ઉશ્કેરણી કરતા નફરતભર્યા ભાષણ બદલ ધરપકડ

(એજન્સી) તા.૭

રાજસ્થાનના ટોંકના રહેવાસી અજય તિવારીની ઓનલાઈન એક વિચલિત કરનાર વિડિઓ સામે આવ્યા બાદ ધરપકડ કરવામાં આવી છે જેમાં તેણે ખુલ્લેઆમ મુસ્લિમોના નરસંહાર માટે હાકલ કરી હતી. મૂળ રૂપે તેના ફેસબુક એકાઉન્ટ પર પોસ્ટ કરાયેલ ક્લિપમાં, તિવારીએ વિવિધ શસ્ત્રો રાખવાની બડાઈ મારી હતી અને જાહેર કર્યું હતું કે જો અધિકારીઓ દ્વારા "એક સેકન્ડની પણ પરવાનગી" આપવામાં આવે તો તે લઘુમતી સમુદાયને "ખતમ" કરી શકે છે. વીડિયો ઝડપથી વાયરલ થયો, જેના કારણે વ્યાપક આક્રોશ ફેલાયો. તિવારીએ મુસ્લિમોને નિશાન બનાવીને ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ કરી, તેમને "જેહાદી" અને "મુલ્લા" તરીકે ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, "આપણી પાસે બધા શસ્ત્રો છે. આપણે જેહાદીઓ સામે લડવું પડશે. આપણે પડોશમાં મુલ્લાઓનો નાશ કરવો પડશે." તેણે વધુમાં દાવો કર્યો હતો કે જેહાદીઓ અને મદ્રેસાઓનો નાશ કરવાની જરૂર છે અને ઉમેર્યું હતું કે જો તેઓ "૧૦" ઉત્પન્ન કરશે, તો તેઓ ૧૦ વધુને મારી નાખશે. તિવારીએ સાથી "સનાતનીઓ"ને ગળું કાપવા માટે છરીઓ તૈયાર રાખવા વિનંતી કરી, આ કૃત્યની તુલના બકરીઓ કાપવા સાથે કરી. તેમણે સ્પષ્ટપણે હિંસાની ધમકી આપી, કહ્યું કે તેઓ કાપવાના હેતુથી નહીં પરંતુ "તમારા ગળા કાપવા માટે" છરીઓ રાખતા હતા. વાયરલ વીડિયો પર ઝડપથી કાર્યવાહી કરતા, ટોંક પોલીસે શુક્રવાર, ૫ જૂને તિવારીની ધરપકડ કરી. સ્થાનિક સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા




શેર કરાયેલા ત્યારબાદના વીડિયોમાં, આરોપીએ માફી માંગી. તિવારીએ દાવો કર્યો હતો કે જ્યારે તેણે મૂળ ક્લિપ રેકોર્ડ કરી ત્યારે તે દારૂના નશામાં હતો. તેમણે ટોંકના લોકો અને જનતાની માફી માંગી, આવી સાંપ્રદાયિક ટિપ્પણીઓ ક્યારેય નહીં કરવાનું વચન આપ્યું.

# વડોદરામાં આજથી અડધા શહેરમાં ૩૦ દિવસ સુધી પાણીકાપ, ફ્રેન્ચવેલમાંથી રેતી કાઢવાની કામગીરીને પગલે તંગી સર્જાશે

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૭

વડોદરા શહેરમાં વસતા નાગરિકો માટે આગામી એક મહિનો પાણી વાપરવામાં મુશ્કેલી પડી શકે છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) દ્વારા લેવાયેલા નિર્ણય અનુસાર, સોમવાર (આઠમી જૂન)થી શહેરમાં તબક્કાવાર પાણીકાપ ઝીંકવામાં આવશે. ચોમાસાની સિઝનને ધ્યાનમાં રાખીને મહીસાગર નદીમાં આવેલા રાયકા અને દોડકા ફ્રેન્ચવેલ કૂવામાંથી મોટા પ્રમાણમાં ભરાયેલી રેતીને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, જેને પગલે અડધા વડોદરામાં પાણીની કટોકટી સર્જાશે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યાનુસાર, ફ્રેન્ચવેલમાંથી રેતી કાઢવાની પ્રક્રિયા દરમિયાન ત્યાં કાર્યરત હેવી પંપને દરરોજ દિવસ દરમિયાન બેથી ત્રણ કલાક સુધી બંધ રાખવાની ફરજ પડશે. આ કારણે આ સ્ત્રોતોમાંથી પાણી મેળવતી ટાંકીઓ અને બુસ્ટર સ્ટેશનો હેઠળ આવતા તમામ વિસ્તારોમાં પાણીનું દબાણ ઘટશે.

એરપોર્ટ બુસ્ટર, આજવા ટાંકી, ખોડીયારનગર બુસ્ટર, વારસિયા બુસ્ટર, ગાજરાવાડી ટાંકી, નાલંદા ટાંકી, દરજીપુરા બુસ્ટર, સમા ટાંકી, પૂનમનગર ટાંકી, નોર્થ હરણી ટાંકી, કારેલીબાગ ટાંકી, વ્હીકલપુલ બુસ્ટર, સયાજીબાગ ટાંકી, જેલ ટાંકી, પાણીગેટ ટાંકી તથા લાલબાગ ટાંકી.

મુખ્ય સ્ત્રોતો ઉપરાંત, કોર્પોરેશને એવી પણ આશંકા વ્યક્ત કરી છે કે આ કામગીરીની આડઅસર ફાજલપુર ફ્રેન્ચવેલ પરથી પાણી મેળવતી ટાંકીઓ પર પણ પડી શકે છે. જેથી પરશુરામ બુસ્ટર, જૂનીગઢી બુસ્ટર, વ્હીકલપુલ બુસ્ટર, વારસિયા બુસ્ટર, છાણી ગામ ટાંકી, છાણી જકાતનાકા ટાંકી, સમા જૂની ટાંકી, સમા પૂનમનગર ટાંકી, ટીપી-૧૩ ટાંકી, જેલ ટાંકી, લાલબાગ ટાંકી, સયાજીબાગ ટાંકી, નવી ધરતી બુસ્ટર, ફતેપુરા બુસ્ટર, સાધનાનગર બુસ્ટર તથા બકરાવાળી બુસ્ટરમાં પણ આગામી દિવસોમાં પાણી ઓછા પ્રેશરથી અથવા ઓછા સમય માટે મળી શકે છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના હાઈડ્રોલિક વિભાગે સ્પષ્ટતા કરી છે કે આ આખી કામગીરી ચોમાસા પૂર્વેની તૈયારીના ભાગરૂપે છે. જોકે, આગામી દિવસોમાં હવામાન અને વરસાદની પરિસ્થિતિ કેવી રહે છે, તેના આધારે આ ૩૦ દિવસના સમયગાળામાં થોડો ફેરફાર અથવા વધ-ઘટ થવાની શક્યતા નકારી શકાય નહીં. તંત્ર દ્વારા વડોદરાના તમામ નાગરિકોને આ દિવસો દરમિયાન પાણીનો બગાડ ન કરવા અને વહીવટી કામગીરીમાં સહકાર આપવા નમ્ર અપીલ કરવામાં આવી છે.

# વડોદરામાં યુવકને માર મારવાના ગુનામાં વોન્ટેડ આરોપી આકાશ થાપાનું મોત

## છાતીમાં દુખાવો થતા ગોત્રી હોસ્પિટલમાં લઈ જવાયો હતો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૭

વડોદરા શહેરના સનફાર્મા રોડ વિસ્તારમાં યુવકનું અપહરણ કરી તેને હરણીના ફાર્મહાઉસમાં લઈ જઈ નિર્વસ્ત્ર કરી ઢોર માર મારવાના ચર્ચાસ્પદ કેસમાં ફરાર આરોપી આકાશ થાપાનું હૃદયરોગના હુમલાથી મોત નિપજતા સમગ્ર મામલે નવો વળાંક આવ્યો છે. પોલીસ દ્વારા અગાઉ પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે આકાશ થાપા નાસતો ફરતો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, મોબાઈલ ફોન અને કલર કામના રૂપિયા સંબંધિત વિવાદને લઈ આરોપીઓએ ૨૦ વર્ષીય યુવકનું કારમાં અપહરણ કર્યું હતું. બાદમાં તેને હરણી વિસ્તારમાં આવેલા ફાર્મહાઉસ પર લઈ જઈ નિર્દયતાપૂર્વક માર મારવામાં આવ્યો હતો તેમજ તેને નિર્વસ્ત્ર કરી વીડિયો પણ બનાવવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે અટલાદરા પોલીસે લૂંટ અને અપહરણ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી ઝડપી કાર્યવાહી કરી પાંચ આરોપીઓને ઝડપી લીધા હતા. દરમિયાન ફરાર આરોપી આકાશ થાપા ભાયલી વિસ્તારમાં તેના મિત્રના ઘરે રોકાયો હતો. ત્યાં તેને અચાનક છાતીમાં દુખાવો ઉપડતા મિત્ર તેને સારવાર માટે ગોત્રી હોસ્પિટલ લઈ જઈ રહ્યો હતો. જોકે રસ્તામાં જ તેની તબિયત વધુ બગડતા હૃદયરોગનો હુમલો આવતા તેનું મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસે મૃતદેહનો પોસ્ટમોર્ટમ કરાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વડોદરા ગ્રીન બનવા તરફ, કમાટીબાગ ખાતે 'ગ્રીનેથોન-૨૦૨૬'માં ૧૦,૦૦૦થી વધુ બરોડિયન્સ જોડાયા

## વિશ્વ પર્યાવરણ દિને સંસ્થા 'AID'નો રેકોર્ડબ્રેક પ્રયાસ : ૧૦,૦૦૦થી વધુ મફત રોપાઓનું વિતરણ કરાયું



(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૭

વડોદરાને સ્વચ્છ, હરિયાળું અને સ્વાસ્થ્યપ્રદ બનાવવાની દિશામાં વડોદરાવાસીઓએ એક નવો ઈતિહાસ રચ્યો છે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શહેરના ઐતિહાસિક કમાટીબાગ ખાતે યોજાયેલ ગુજરાતના સૌથી મોટા પર્યાવરણ જનજાગૃતિ કાર્યક્રમ 'ગ્રીનેથોન-૨૦૨૬' એ ભવ્ય આકર્ષણ જમાવ્યું હતું. વહેલી સવારે મોર્નિંગ વોકર્સ સહિત શહેરના ૧૦,૦૦૦થી વધુ ઉત્સાહી નાગરિકોએ આ ગ્રીનેથોન વોકમાં ભાગ લઈને પર્યાવરણના સંરક્ષણ માટે અનોખો હોંકારો આપ્યો હતો. સ્વૈચ્છિક સંસ્થા ઓલ ઈન ડેવલપમેન્ટ દ્વારા સતત ૨૮માં વર્ષે આ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રીનેથોનની શરૂઆતમાં કમાટીબાગ ખાતે ઉપસ્થિત હજારો પર્યાવરણ પ્રેમીઓએ વડોદરાને પ્લાસ્ટિક મુક્ત અને હરિયાળું બનાવવા માટેના સામૂહિક શપથ લીધા હતા. હાથમાં પર્યાવરણલક્ષી સ્લોગન, રંગબેરંગી પ્લે-કાર્ડ્સ અને આકર્ષક હોર્ડિંગ્સ સાથે નીકળેલી આ રેલીએ આખા વાતાવરણને પ્રકૃતિમય બનાવી દીધું હતું. આ પ્રસંગે છેલ્લા ઘણા સમયથી પર્યાવરણ ક્ષેત્રે પાયાનું અને નોંધપાત્ર કામ કરી રહેલા શહેરના નાના-મોટા અગ્રણીઓ તેમજ મહાનુભાવોનું વડોદરાના ''એન્વાયરમેન્ટ એમ્બેસેડર'' તરીકે વિશેષ સન્માન કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના સહયોગથી નાગરિકોને ઘર આંગણે વૃક્ષો વાવવા માટે ૧૦,૦૦૦થી વધુ છોડ-રોપાઓનું મફત વિતરણ કરવામાં આવ્યું હતું, જેથી વડોદરાની ગ્રીન કવર પદ્ધતિ મજબૂત બને. આ વર્ષની ગ્રીનેથોન માત્ર પર્યાવરણ પૂરતી સીમિત ન રહેતા, સ્વાસ્થ્ય અને ફિટનેસનો સુંદર સંગમ બની રહી હતી. ગ્રીનેથોન વોક પૂર્ણ થયા બાદ વડોદરાવાસીઓમાં ઉર્જાનો સંચાર કરવા માટે એક ખાસ ફિટનેસ સેશન રાખવામાં આવ્યું હતું. જાણીતા ઝૂંબા ફિટનેસ એક્સપર્ટ રીચા કોઠારી અને તેમના ગ્રુપે સ્ટેજ પરથી સુપરહિટ ગીતો પર ઝુમ્બા કસરત કરાવી હતી. આ ભવ્ય આયોજન કરનાર એન્વાયરમેન્ટ NGO 'AID'ના સંચાલકોએ જણાવ્યું હતું કે, અમારો મુખ્ય ઉદ્દેશ્ય જનજાગૃતિ લાવવાનો છે. આ વર્ષે સોશિયલ મીડિયા, આમંત્રણ પત્રિકાઓ, હોર્ડિંગ્સ, સમાચાર પત્રો, રેલી અને ટીવી મીડિયાના માધ્યમથી અંદાજે ૧૫ લાખ નાગરિકો સુધી પર્યાવરણ સભાનતાનો સંદેશ પહોંચાડવાનું મોટું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. સંસ્થા માત્ર રોપાઓનું વિતરણ જ નથી કરતી, પરંતુ સરકારી અને બિનસરકારી સંસ્થાઓના સહયોગથી વૃક્ષોના રક્ષણ માટે 'ફ્રી ટ્રી-ગાર્ડ' પણ અપાવે છે.

# વડોદરામાં ગુજસીટોકના ગુનામાં લાલુ સિંન્ધી ગેંગના કાલુ ટોપીના મકાન અને દુકાનની તપાસ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૭

વડોદરા દારૂના નેટવર્ક બદલ ગુજસીટોક હેઠળ પકડાયેલી લાલુ સિન્ધી ગેગના વધુ ત્રણ આરોપીની જેલમાંથી ધરપકડ માટે પોલીસે કોર્ટમાંથી વોરંટ મેળવ્યા છે. લાલચંદ ઉર્ફે લાલુ અને તેના સાગરીતો સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધાયા બાદ એસીપી પીએન કટારિયા દ્વારા આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડની કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે આરોપીઓની મિલકતોની માહિતી મેળવી સ્થળ પર સર્ચ કરવાની તજવીજ કરી છે. આ પૈકી સૂત્રધાર સુનિલ અદો અને લાલુના રિમાન્ડ પુરા થતાં તેમને જેલમાં મોકલવામાં આવ્યા છે.જ્યારે,હાલમાં જેલમાં રહેલા ગુજસીટોકના ગુનાના ત્રણ આરોપીના કોર્ટમાંથી વોરંટ મેળવવામાં આવ્યા છે. જેથી ટૂંકસમયમાં તેમની પણ ધરપકડ થશે. પોલીસે લાલુ અને સુનિલની મિલકતોની વિગતો મેળવ્યા બાદ કાલુ ટોપી ટેલવાણીની પણ મિલકતોની વિગતો મેળવી છે.જેમાં તેનું ન્યુ વીઆઈપી રોડ પર અર્થ આઈકોન પાછળ મકાન અને માંડવી લહેરીપુરા ખાતે એક દુકાન હોવાની માહિતી મળતાં તેની વધુ તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત તેની કાર અને મોબાઈલ પણ કબજે કરવામાં આવ્યા છે.

# વડોદરાના મોગલવાડામાં ગેરકાયદે પાણીના કનેક્શન દૂર કરાતા રહીશોનો વિરોધ

## ગોદડિયાવાસમાં મોટરો જપ્ત કરાતા સ્થાનિકોએ હોબાળો મચાવ્યો મ્યુનિ. કોર્પોરેશને પોલીસ બંદોબસ્ત સાથે ૧૧ કનેક્શન દૂર કર્યા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૭

મ્યુનિ.કોર્પોરેશન દ્વારા આજે મોગલવાડા વિસ્તારમાં ભારે વિરોધ વચ્ચે પોલીસ બંદોબસ્ત સાથે ગેરકાયદે પાણીના કનેક્શન દૂર દૂર કરાયા હતા, જ્યારે ગોદડિયા વાસમાં મોટર જપ્તીની કાર્યવાહી દરમિયાન સ્થાનિકોએ ભારે હોબાળો મચાવ્યો હતો.

વોર્ડ નંબર-૧૪ના મોગલવાડામાં આવેલી બકરી પોળમાં ગેરકાયદે પાણીના કનેક્શન હોવાની ફરિયાદના આધારે મ્યુનિ. કોર્પોરેશનની ટીમ સ્થળ પર પહોંચી હતી. ટીમ ગેરકાયદે કનેક્શન કાપવાની કામગીરી કરી રહી હતી ત્યારે સ્થાનિક લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. આ દરમિયાન મહિલા આસિ. એન્જિનિયરનો હાથ પકડી લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે, જેના કારણે સ્થિતિ વધુ તંગ બની હતી. ઘટનાની જાણ થતાં વાડી પોલીસ સ્ટેશનનો પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને પોલીસ બંદોબસ્ત વચ્ચે કામગીરી આગળ વધારવામાં આવી હતી. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા કુલ ૨૨ પાણીના જોડાણો દૂર કરાયા હતા. વેરા પાવતી અને દસ્તાવેજોની ચકાસણી દરમિયાન ૧૧ જોડાણ કાયદેસર હોવાનું સામે આવતા તે જોડાણોને ફરીથી ચાલુ કરાયા હતા.

સ્થાનિક રહીશોનું કહેવું છે કે વિસ્તારમાં અપૂરતા પ્રમાણમાં અને દૂષિત પાણીનું વિતરણ થઈ રહ્યું છે. પાણીની ગુણવત્તા અને પુરવઠાની સમસ્યાનો ઉકેલ લાવવાની જગ્યાએ તંત્ર ગેરકાયદે કનેક્શન શોધવાની કામગીરીમાં વ્યસ્ત હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે.

આ ઉપરાંત, વોર્ડ નંબર ૧૩ના નવાપુરા સ્થિત ગોદડિયાવાસમાં મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પાણીની લાઈનમાંથી ગેરકાયદે રીતે પાણી ખેંચવા માટે લગાવવામાં આવેલી મોટરો સામે કાર્યવાહી હાથ ધરાઈ હતી. ટીમોએ વિવિધ વિસ્તારોમાં તપાસ કરીને મોટરો જપ્ત કરી હતી. આ દરમિયાન સ્થાનિક રહીશોએ ભારે હોબાળો મચાવ્યો હતો. રહીશોનું કહેવું છે કે વિસ્તારમાં પૂરતા પ્રમાણમાં પાણી મળતું નથી, જેના કારણે તેઓને મજબૂરીથી મોટરનો ઉપયોગ કરવો પડે છે.

# ચાંદ્રોડા ગામે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



અંજાર તાલુકાના ચાંદ્રોડા ગામે ગ્રામ પંચાયતના પ્રાંગણમા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષા રોપણનું આયોજન આંગણવાડીના નાના ભુલકાઓના સથવારે કરવામાં આવેલ હતું. બાળકોમાં ખુશીની લહેર જોવા મળી હતી. આ પ્રસંગે નિલેશભાઈ કરશનભાઈ મરંડ કચ્છ જિલ્લા કિસાન મોરચા ભાજપના કારોબારી સદસ્ય, તલાટી મંત્રી હિતેશભાઈ પી વરૂ અને અંજાર તાલુકા પંચાયતના સદસ્ય રાજેશભાઈ નારણભાઈ મરંડ આહિર હાજર રહ્યા હતા. (તસવીર : દિનેશ દૈયા, અંજાર)

# ભીલડી પોલીસે ફિટ ઈન્ડિયા અંતર્ગત સાયકલ રેલી યોજી



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૭

ડીસા તાલુકાના ભીલડી પોલીસ સ્ટેશન દ્વારા "ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ" અભિયાન અંતર્ગત સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનો મુખ્ય હેતુ જનજાગૃતિ અને લોકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

ભીલડી પીઆઈ પી.આર. મારૂના માર્ગદર્શન હેઠળ આયોજિત આ રેલીમાં ભીલડી પોલીસ સ્ટાફના કર્મચારીઓ ઉત્સાહભેર જોડાયા હતા. રેલીનો પ્રારંભ ભીલડી પોલીસ સ્ટેશન ખાતેથી થયો હતો અને તે ભીલડીના મુખ્ય બજાર સહિત વિવિધ માર્ગો પરથી પસાર થઈ હતી. રેલી દરમિયાન પોલીસ કર્મચારીઓએ નિયમિત વ્યાયામ, સાયકલિંગ અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અંગેનો સંદેશ આપ્યો હતો. "ફિટ રહો, હિટ રહો" અને "સ્વસ્થ ભારત – સમૃદ્ધ ભારત" જેવા સૂત્રોચ્ચાર દ્વારા લોકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરાયો હતો.

સાયકલ રેલી ભીલડી પોલીસ સ્ટેશન ખાતે પરત ફરી હતી, જ્યાં કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# ખેડામાં સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

## કેન્સરના દર્દીઓની સહાય અર્થે ૩૦૦ કરતાં વધુ બોટલો રક્ત એકત્ર થયું



(તસવીર : ઈલ્યાસ મેમણ, ખેડા)

(સંવાદદાતા દ્વારા) ખેડા, તા.૭

ખેડાના બહારપુરા વિસ્તારમાં આવેલા હુસેની ચોક ખાતે સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા એક વિશાળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારના રોજ યોજાયેલા આ એક દિવસીય કેમ્પમાં સ્થાનિક અને આજુબાજુના ગામોના યુવાનો તેમજ નાગરિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને રક્તદાન કર્યું હતું. આ કેમ્પમાં એકત્રિત થયેલું લોહી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (એમ. પી. શાહ કેન્સર હોસ્પિટલ), સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ ખાતે મોકલવામાં આવ્યું છે, જે ત્યાં સારવાર લઈ રહેલા કેન્સરપીડિત દર્દીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. આ કેમ્પમાં ૩૦૦ કરતાં વધુ બોટલો રક્તદાન થયું હતું. સમસ્ત મુસ્લિમ સમાજ - ખેડાના નેજા હેઠળ તારીખ ૦૭-૦૬-૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી હુસેની ચોક, બહારપુરા, મેઈન બજાર, ખેડા ખાતે આ બ્લડ ડોનેશન કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો "રક્તદાન - મહાદાન" અને "તમારું એક યુનિટ રક્ત, કોઈના જીવન માટે આશાનું કિરણ બની શકે છે"ના સૂત્ર સાથે યોજાયેલા આ કેમ્પમાં મુસ્લિમ સમાજના અગ્રણીઓ અને યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સેવાકીય પ્રવૃત્તિમાં રક્તદાતાઓની નોંધણી અને સંમતિપત્રકની પ્રક્રિયા ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની બ્લડ બેંકના નિયમો અનુસાર કરવામાં આવી હતી. આ પ્રસંગે ખેડા ટાઉન પીઆઈનું સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે ખેડા ટાઉન પીઆઈએ આયોજકોનું સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. બપોરે સખ્ત તડકામાં પણ દાતાઓ ડોનેટ કરવા આવ્યા હતા અમદાવાદના ધારાસભ્ય ઈમરાનખેડા વાળા અને ખેડાના અગ્રણી ઈકબાલભાઈ ખમીસા એ પણ આ બ્લડ ડોનેશન કેમ્પની મુલાકાત લીધી હતી અને આયોજકોને બિરદાવ્યા હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે આગેવાન અને સામાજિક કાર્યકર ઈમરાન વકીલ, સમીર મોમીન, ઈમ્તિયાઝ મોબાઈલ વાળા, મોહસીન ઈંડા વાળા, નગરપાલિકાના સભ્યો, શહેરના અનેક વિસ્તારોમાંના યુવાનો સહિત અનેક લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# નડિયાદ ખાતે અશરફુલ ફુકહા ફાઉન્ડેશન દ્વારા રાહત દરે ચોપડા વિતરણ

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૭

અશરફુલ ફુકહા ફાઉન્ડેશન - નડિયાદ દ્વારા અમદાવાદી દરવાજા ખાતે ગરીબ તથા જરૂરિયાતમંદ પરિવારના બાળકો માટે એજ્યુકેશનને પ્રોત્સાહન આપવા માટે ''રાહત દરે ચોપડા વિતરણ''ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મૌલાના મુજીબ, હાજી ફારૂકભાઈ ભારગોળી, મુશ્તાકભાઈ મલેક, સોહેલભાઈ ભારગોળીવાળા તથા તોફીકભાઈ એડવોકેટ તેમજ તાહીરભાઈના હસ્તે ચોપડા વિતરણ સાથે કાર્યક્રમનો આરંભ થયો હતો. આ પ્રસંગે ઈફતેખાર બાપુ, હાજી ઉસ્માન મેમણ, જાવેદભાઈ કાદરી, માજીદખાન એડવોકેટ, ઈમ્તિયાઝભાઈ મલેક, ફારૂકભાઈ (રી.આર્મીમેન) શમીમ શેખ, વસીમ પઠાણ, અશફાક મલેક, શાહરૂખ મલેક, વાજીદ, ઉબૈદ, મુહીબનો પણ વિશેષ સહકાર રહ્યો હતો.

# અંકલેશ્વરના ભડકોદ્રાની ૩૦ વર્ષ જૂની જર્જરિત પાણીની ટાંકી પત્તાના મહેલની જેમ ધરાશાયી

અંકલેશ્વર, તા.૭

અંકલેશ્વરના ભડકોદ્રા ગામના આદિત્યનગરમાં ૩૦ વર્ષ જૂની પાણીની ટાંકી કડડભૂસ થઈને તૂટી પડી છે. આ ટાંકી લાંબા સમયથી જર્જરિત અને અત્યંત નબળી હાલતમાં હોવા છતાં તંત્ર દ્વારા તેનો જોખમી રીતે ઉપયોગ ચાલુ રખાયો હતો. સ્થાનિક રહીશોના જીવ જોખમમાં મૂકનારૂં તંત્ર આ જર્જરિત ટાંકીમાં પોતાના બોરથી પાણી ભરીને સપ્લાય કરતું હતું, એટલું જ નહીં, તેના લાઈટ બિલ સહિતની તમામ વહીવટી જવાબદારી ભડકોદ્રા પંચાયત જ ઉઠાવતી હતી. વાસંતીબેન નામના એક સ્થાનિક મહિલાએ કહ્યું કે ઘણી રજૂઆત કરી પણ કોઈ સાંભળતું નથી. એક મહિલા પાસે આવી જર્જરિત ટાંકીનું પાણી ચાલુ બંધ કરાવવામાં આવતું હતું. જો તેમની હાજરી સમયે દુર્ઘટના બની હોત તો જીવ ગુમાવ્યો હોત. સ્થાનિક મહાવીરસિંહ મ્હારાઉલજીએ કહ્યું કે લેખિતમાં રજૂઆતો કરવા છતાં ભડકોદ્રા પંચાયતે કોઈ પગલાં ભર્યા નહિ અને ઘટના બની છે.

આ જર્જરિત ટાંકીને તાત્કાલિક ઉતારી લેવાની જરૂર હતી પરંતુ, પંચાયતે જોખમ ટાળવાના બદલે તેના પર સમારકામ એટલે કે રિપેરિંગ શરૂ કરાવી દીધું ! નવાઈની વાત તો એ છે કે, ટાંકી રિપેર કરતાં પહેલાં તેની મજબૂતીનો કોઈ સરકારી કે ખાનગી એજન્સી પાસે સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી ટેસ્ટ કરાવાયો ન હોવાનું પંચાયતના સાશકોએ જણાવ્યું હતું. પરિણામે, અત્યંત નબળી થઈ ચૂકેલી આ ટાંકી સમારકામના સાધનોનો ભાર સહન ન કરી શકી અને જોતજોતામાં ધરાશયી થઈ ગઈ હતી. સદનસીબે ઘટના સમયે આસપાસ કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી છે.

આ આખી ઘટનામાં ગ્રામ પંચાયતની બેદરકારી સ્પષ્ટ નજરે પડતી હતી ત્યાં જ આ મામલાને રાજકીય રંગ આપવાનો પ્રયાસ શરૂ થયો હતો. અકસ્માતની જાણ થતાં જ જિલ્લા ભાજપ મહામંત્રી તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પંચાયતની ભૂલ સ્વીકારવાના બદલે તેમણે આ ટાંકી બિલ્ડરે બનાવેલી છે તેવું બહાનું આગળ ધરીને ગ્રામ પંચાયતને જવાબદારીમાંથી બચાવવાનું જોર લગાવ્યું હતું. આટલી મોટી લાપરવાહી બાદ પણ ભડકોદ્રા ગ્રામ પંચાયત મૌન સાધીને બેઠી છે.

# ગીર સોમનાથ જિલ્લામાં રાષ્ટ્રીય કુષ્ઠ રોગ (રક્તપિત્ત) જાગૃતિ અભિયાન હાથ ધરાશે

## તા.૮થી ૧૮ જૂન સુધી લોકોને જાગૃત કરી કુષ્ઠ રોગના દર્દીઓને વિના મૂલ્યે સારવાર અપાશે

(સંવાદદાતા દ્વાર) વેરાવળ, તા.૭

ગીર સોમનાથ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા શહેર અને ગામડાના ૧૭૪ વિસ્તારની મુલાકાત લઈ રાષ્ટ્રીય કુષ્ઠરોગ (રક્તપિત્ત) જાગૃતિ અંગે અભિયાન હાથ ધરવામાં આવશે. આ અંગે જિલ્લા ક્ષય અધિકારી ડો. શીતલ રામે જણાવ્યું હતું કે, આગામી તા.૮થી ૧૮ જૂન ૨૦૨૬ દરમિયાન જિલ્લામાં રાષ્ટ્રીય કુષ્ઠરોગ જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે. આ અભિયાનનો મુખ્ય હેતુ કુષ્ઠરોગ અંગે લોકોમાં જાગૃતિ લાવવી, રોગના લક્ષણોની વહેલી ઓળખ કરી સમયસર સારવાર ઉપલબ્ધ કરાવવી તેમજ કુષ્ઠરોગ અંગેની ગેરમાન્યતાઓ અને ભેદભાવ દૂર કરવાનો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, કુષ્ઠરોગ એક ચેપી રોગ છે. પરંતુ સંપૂર્ણપણે યોગ્ય સારવાર થકી રોગ મટી શકે છે. આ અભિયાન દરમિયાન આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા જિલ્લાના ગામડાં અને શહેરીના ૧૭૪ વિસ્તારોમાં ઘર-ઘર મુલાકાત લઈ જનજાગૃતિ પ્રવૃત્તિઓ, માર્ગદર્શન તથા સંભવિત દર્દીઓની ઓળખ માટે વિશેષ કામગીરી હાથ ધરવામાં આવશે.

# કેનેડામાં હત્યાનો ભોગ બનેલી વિધિ મેઘાનો મૃતદેહ ૨૧ દિવસે વતનમાં પહોંચ્યો : અંતિમવિધિ

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૭

આણંદ જિલ્લાના બોરસદથી આંખોમાં સમૃદ્ધ જીવનના સ્વપ્ન સજાવી કેનેડા ગયેલી યુવતીની હત્યા બાદ ૨૧ દિવસે મૃતદેહ વતનમાં તેણીના ઘરે પહોંચતા સમગ્ર વિસ્તાર હીબકે ચઢ્યો હતો, અને મોટી સંખ્યામાં સગા સબંધીઓ અને સ્થાનિક લોકો તેણીની અંતિમ યાત્રામાં જોડાયા હતા. બોરસદની વિધિ કલ્પેશભાઈ મેઘા ચાર વર્ષ પૂર્વે કેનેડામાં ઉચ્ચ અભ્યાસ કરી સમૃધ્ધ જીવનના સ્વપ્નોને આંખોમાં આંજીને કેનેડા ગઈ હતી અને ત્યાં થોડો સમય મામાની સાથે રહ્યા બાદ તેણીને જોબ મળતા તેણી નાયગ્રા ખાતે અલગ મકાન રાખી રહેવા ગઈ હતી, જ્યાં વિધિ અભ્યાસ કરવા સાથે જોબ કરી કમાણી પણ કરતી હતી. ગત ૧૪ મેના રોજ તેણીના પિતા સાથે તેણીએ અંતિમ વાતચીત કરી હતી. ત્યારબાદ તેણીનો સંપક થતો ન હતો જેથી પરિવાર ચિંતામાં મુકાયો હતો. દરમિયાન ૧૫ મેના રોજ નાયગ્રા પોલીસે મળેલી માહિતીના આધારે તપાસ કરતા એક રહેણાંક મકાનમાંથી લોહીથી લથપથ વિધિનો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે તેની સાથે ૪૦ વર્ષિય જોશુઆ સેંટ ઓમર ઘાયલ અવસ્થામાં મળતા તેને ત્વરીત સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે ત્યારબાદ તપાસ દરમિયાન મળેલી કેટલીક વિગતોનાં આધારે ઘાયલ મળેલા જોશુઆ સેંટ ઓમરની હત્યાનાં ગુનામાં ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.આ ઘટનાએ કેનેડામાં વસતા ગુજરાતી પરિવારોમાં પણ ચિંતા વધારી છે. ઘટનાના ૨૧ દિવસ બાદ આજે વિધિ મેઘાનો મૃતદેહ બોરસદ ખાતે તેણીના ઘરે આવી પહોચતા સમગ્ર પરિવારે ભારે કલ્પાંત મચાવ્યું હતું, જ્યારે સમગ્ર પંથકમાં ગમગીની પ્રસરી જવા પામી હતી. તેણીની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# જંબુસર ખાતે વધતી મોંઘવારી અને પ્રજાના પ્રશ્નોને લઈ કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન



(સંવાદદાતા દ્વારા) જંબુસર, તા.૭

જંબુસર શહેર-તાલુકાના કોંગ્રેસ કાર્યકરો, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યો, નગરપાલિકાના કોર્પોરેટરો, હોદ્દેદારો તેમજ આગેવાનો દ્વારા વધતી મોંઘવારી, પેટ્રોલ-ડીઝલ અને ગેસ સિલિન્ડરના ભાવમાં થયેલા વધારા, ખેતી માટે જીવન જરૂરી સામગ્રીના વધતા ભાવો તથા ખેડૂતોને પાકના યોગ્ય ભાવ ન મળતા હોવાનો, નીટ પેપર ફૂટવા જેવા મુદ્દાઓને લઈને વિરાધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

પ્રદર્શન દરમિયાન કેન્દ્ર અને રાજ્ય સરકારની જનવિરોધી નીતિઓ સામે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા અને સામાન્ય જનતા તથા ખેડૂતોને પડી રહેલી મુશ્કેલીઓ અંગે સરકારનું ધ્યાન દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણા, કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો કિરણભાઈ મકવાણા, માજી ધારાસભ્ય સંજયભાઈ સોલંકી, ઈરફાન પટેલ, શરદસિંહ રાણા, શાહિદભાઈ મલેક, સાકીર મલેક, કાદર બેગ મિર્ઝા, જુબેરભાઈ નોંધા, શેહનાઝ પઠાણ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યું હતું કે, પ્રજાને અસર કરતા મુદ્દાઓ અંગે સરકાર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે તે જરૂરી છે. આ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં કાર્યકરોની હાજરી નોંધાઈ હતી.

# અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની મેનેજિંગ કમિટીના સભ્યોની ચૂંટણીમાં બાવન ફોર્મ ભરાયા

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૭

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની વર્ષ ૨૦૨૬-૨૭ના મેનેજીંગ કમિટીના ૧૦ સભ્યો માટેની ચૂંટણીના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૬ જૂન હતી. ત્યાં સુધીમાં જનરલ કેટેગરીમાં ૮ સ્થાન માટે ૪૫ ફોર્મ ભરાયા છે. જ્યારે રિઝર્વ કેટેગરીમાં એક સ્થાન માટે ત્રણ ફોર્મ ભરાયા છે. જ્યારે કોર્પોરેટ કેટેગરીમાં એક સ્થાન માટે ૪ ફોર્મ ભરાયા છે. હવે ફોર્મની ચકાસણી થશે અને ફોર્મ પાછા ખેંચવાની તારીખ ૨૦ જૂન છે ત્યાર પછી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. આગામી ૩૦ જૂને ચૂંટણી છે ત્યાં સુધી એસ્ટેટમાં ચૂંટણીનો માહોલ સર્જાશે. જનરલ કેટેગરીમાં ૪૫ ફોર્મમાંથી ૨૬ ફોર્મ સહયોગ પેનલ તરફથી અને ૧૯ ફોર્મ વિકાસ પેનલ તરફથી ભરવામાં આવ્યા છે. જ્યારે રિઝર્વ કેટેગરીમાં સહયોગ પેનલ તરફથી ૨ ફોર્મ અને વિકાસ પેનલ તરફથી ૧ ફોર્મ ભરવામાં આવ્યું છે. જ્યારે રિઝર્વ કેટેગરીમાં સહયોગ પેનલ તરફથી ૨ ફોર્મ અને વિકાસ પેનલ તરફથી ૨ ફોર્મ ભરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે એઆઈએના વહીવટમાં લાંબા સમયથી સહયોગ પેનલનો દબદબો રહ્યો હતો પરંતુ પાછલી ત્રણ ચુંટણીમાં તેણે પીછેહઠનો સામનો કરવો પડ્યો હતો. પાછલી બે ચુંટણીમાં વિકાસ પેનલે જે જોર લગાડ્યુ હતુ તે જોતા આ ચુંટણીમાં સહયોગ પેનલ માટે કપરા ચઢાણ ચઢવા પડશે. હાલ એઆઈએની મેનેજીંગ કમિટીમાં સહયોગ પેનલના કુલ ૧૪ સભ્યો છે જેમાંથી ૮ સભ્યોની ટર્મ પુરી થાય છે. એટલે આજના દિવસે તેમની સભ્ય સંખ્યા ૬ રહી છે.જ્યારે બીજીતરફ સતારૂઢ વિકાસ પેનલની સભ્ય સંખ્યા ૧૫ છે. બે સભ્યોની ટર્મ પુર્ણ થતાં તેઓએ આગામી ચુંટણીમાં ઓછામાં ઓછી ત્રણ બેઠકો જીતવી અનિવાર્ય બની રહેશે, જ્યારે સહયોગ પેનલે ૯ બેઠકો જીતવી પડે. આમ આ ચૂંટણીમાં સહયોગ પેનલ માટે કપરા ચઢાણ છે.

અમદાવાદ મ્યુનિ. તંત્ર ચોમાસાને લઈ હમણાંથી જ બન્યું લાચાર !

# શહેરના ૨૫ અંડરબ્રિજમાં કોઈ નાગરિક ડૂબે કે અકસ્માતગ્રસ્ત બને તો જવાબદારી તેની પોતાની

## વરસાદમાં અંડરબ્રિજ જોખમી હોવાની ચેતવણી આપી મ્યુનિ. કમિશનર છટક્યા !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

એક તરફ અમદાવાદ શહેર કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક્સ જેવા વૈશ્વિક આયોજનોના યજમાન બનવા માટે દાવેદારી કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ ચોમાસાની શરૂઆતમાં જ તંત્રની લાચારી સામે આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની દ્વારા શહેરીજનોને એક ચેતવણી આપવામાં આવી છે કે, આગામી ચોમાસા દરમિયાન શહેરમાં આવેલા તમામ ૨૫ અંડરબ્રિજમાં પાણી ભરાશે અને જો કોઈ નાગરિક ત્યાંથી પસાર થતાં અકસ્માતનો ભોગ બનશે કે ડૂબશે, તો તેની સંપૂર્ણ જવાબદારી મનપાની નહીં પરંતુ નાગરિકની પોતાની રહેશે. મ્યુનિ. કમિશનરે આ સત્તાવાર જાહેરાત કરીને જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લીધા હોય તેવું



લાગી રહ્યું છે. જેથી તેમના આ નિવેદનથી ચર્ચા વ્યાપક બની છે.

ચોમાસાની સિઝન દરમિયાન અમદાવાદના તમામ ૨૫ જેટલા અંડરબ્રિજોમાં ૧ ઈંચથી વધુ વરસાદ પડતાની સાથે જ પાણી ભરાઈ જાય છે. મનપા તંત્ર દ્વારા વાહનચાલકોને અગાઉથી જ કડક ચેતવણી આપી દેવાઈ છે કે પાણી ભરાયેલા અંડરપાસમાંથી પસાર થવું અત્યંત જોખમી છે. જો કોઈ વાહનચાલક જોખમ ખેડીને અંદર જશે, તો તેની કોઈ જવાબદારી મ્યુનિ. કોર્પોરેશનની રહેશે નહીં. તંત્રની આ નીતિ સામે નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, કારણ કે વેરો વસૂલતું તંત્ર સુવિધા આપવાના બદલે મોતના કૂવા સમાન બનેલા અંડરબ્રિજની જવાબદારી નાગરિકો પર ઢોળી રહ્યું છે. સામાન્ય રીતે અંડરબ્રિજમાં પાણી ભરાયા બાદ તંત્ર તેને તાત્કાલિક બંધ કરવામાં અને પાણીના નિકાલ માટે પંપ ગોઠવવામાં આવે છે. ઘણી વખત વાહનો ફસાઈ ગયા બાદ જ બ્રિજ બંધ કરવામાં આવે છે. વધુમાં, અંડરબ્રિજોમાં ભરાયેલા પાણીનો નિકાલ થતાં બે કલાકથી વધુનો સમય લાગી જાય છે. આ સ્થિતિમાં વાહનચાલકોએ ઓવરબ્રિજ જેવા વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવો પડશે. પરંતુ આ વૈકલ્પિક રૂટો ખૂબ જ લાંબા હોવાના કારણે અને વરસાદી માહોલમાં હજારો વાહનો એકસાથે ત્યાં ડાયવર્ટ થતાં આખા શહેરમાં ટ્રાફિકજામની ભયાવહ સ્થિતિ સર્જાશે. આવી સ્થિતિમાં વાહન ચાલકોને લાંબા રૂટ ઉપરાંત ટ્રાફિકની સમસ્યા અને સમયનો વેડફાટ સહન કરવો પડશે. જેને લઈને લોકોમાં રોષ ફેલાઈ શકે છે.

૧૬ જેટલા સરહદી ગામોની મુલાકાત લઈ રાત્રિ-રોકાણ પણ કરશે

# રાજ્યના આઠ સિનિયર IPS અધિકારીઓ ૧૧-૧૨ જૂને પાકિસ્તાન બોર્ડરના ગામોમાં જશે

## સરહદી સુરક્ષાને વધુ અભેદ બનાવવા તથા નાગરિકોની સુખાકારી નિશ્ચિત કરવાનો હેતુ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

રાજ્યના ૮ ઉચ્ચ પોલીસ અધિકારીઓ આગામી તા.૧૧ અને ૧૨ જૂને પાકિસ્તાન સરહદ સાથે સ્પર્શતા ગુજરાતના સરહદી વિસ્તાર વાવ-થરાદ, પાટણ અને કચ્છ જિલ્લાના ૧૬ બોર્ડર વિલેજિસની મુલાકાત લેશે અને ત્યાં જ સ્થાનિકના ઘરે રાત્રિ-રોકાણ કરશે.

આ મુલાકાતનો મુખ્ય હેતુ રાજ્યની આંતરરાષ્ટ્રીય અને આંતરરાજ્ય સરહદોની સુરક્ષાને વધુ અભેદ્ય બનાવવા તેમજ સીમાવર્તી વિસ્તારોના નાગરિકોની સુખાકારી સુનિશ્ચિત કરવાનો છે. આ વિશેષ કાર્યક્રમ અંતર્ગત ADGP વાબંગ જમીર, વાવ-થરાદ જિલ્લાના આસરગામ અને રાછેણા ગામની મુલાકાત કરશે. આ ઉપરાંત ADGP અજયકુમાર ચૌધરી કચ્છ (ઈસ્ટ) જિલ્લાના શિરાનીવાંઢ અને જટાવાડા ગામ, IGP બિપિન શંકરરાવ આહિરે પાટણ જિલ્લાના ધોકવાડા અને ચારણકા, DIGP એ. એમ. મુનિયા વાવ-થરાદ જિલ્લાના રાડોસણ અને ગોલપ ગામની મુલાકાત લેશે. આ ઉપરાંત કચ્છ (વેસ્ટ) જિલ્લામાં DIGP કે. એન. ડામોર જુના અને દેઢીયા ગામ, DIGP ડો. લીના પાટીલ ઉધમો અને પટાગર, ACP આર. ટી. સુસરા પુંરાજપુર અને ગુનાઉ તથા DIGP સુધા એસ. પાંડે દીનારા અને ભીતારા મોટા ગામોની મુલાકાત કરી રાત્રી રોકાણ કરશે. આ બે દિવસીય બોર્ડર વિલેજ વિઝિટ પ્રોગ્રામ ઔપચારિક મુલાકાત નહીં, પરંતુ સરહદ સુરક્ષા અને ગ્રામીણ સમીક્ષા માટેની એક સઘન કવાયત છે. મુલાકાત દરમિયાન ઉચ્ચ પોલીસ અધિકારીઓ સુરક્ષા એજન્સીઓની સજ્જતા ચકાસણી, દુર્ગમ વિસ્તારોના પોલીસ જવાનો સાથે સંવાદ, રાત્રીસભા, ગ્રામજનો સાથે લોકસંવાદ તથા સુરક્ષા જેવા વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા અને સમીક્ષા કરશે.

રાજ્યના શિક્ષકોને મોટી રાહત આપતા ગાઈડલાઈન સાથે નવો પરિપત્ર બહાર પડાયો

# મુખ્ય શિક્ષકોને વધારાનો ચાર્જ સોંપવા અંગેના નિયમોમાં મોટો ફેરફાર કરાયો

## શાળાના સૌથી વરિષ્ઠ અને અનુભવી શિક્ષકને જ મુખ્ય શિક્ષક તરીકેનો કાર્યભાર સોંપાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીધરન, તા.૭

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના વહીવટને વધુ મજબૂત અને વ્યવસ્થિત બનાવવા માટે એક નવો મહત્ત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. અગાઉ ગત ૧૭ જાન્યુઆરીના રોજ મુખ્યશિક્ષકનો ચાર્જ સોંપવા અંગે બહાર પડાયેલા પરિપત્રમાં કેટલીક વહીવટી ખામીઓ અને વિસંગતતાઓ જોવા મળી હતી. આ ભૂલોને તાત્કાલિક ધોરણે સુધારવા માટે જૂના પરિપત્રને રદ કરીને તદ્દન નવા નીતિ-નિયમો લાગુ કરવામાં આવ્યા છે. ખાસ કરીને જે શાળાઓમાં HTAT (હેડ ટીચર એપ્ટિટ્યુડ ટેસ્ટ) પાસ મુખ્યશિક્ષકની મંજૂર જગ્યાઓ નથી, ત્યાં વહીવટી કામગીરી કઈ રીતે કરવી તેની સ્પષ્ટ ગાઈડલાઈન આ નવા પરિપત્રમાં આપવામાં આવી છે.

નવી જોગવાઈઓ પ્રમાણે, શાળાના સૌથી વરિષ્ઠ અને અનુભવી શિક્ષકને જ મુખ્યશિક્ષક તરીકેનો વહીવટી કાર્યભાર સોંપવામાં આવશે. જો કોઈ વિસ્તારની શાળામાં મુખ્યશિક્ષકનું પદ લાંબા સમયથી ખાલી હોય, તો નજીકની શાળામાંથી ચાર્જ આપવા માટે હવે ૧૫ કિલોમીટરની ત્રિજ્યાનો નવો નિયમ નક્કી કરાયો છે. આ પ્રક્રિયામાં વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી મોટી શાળાઓના વહીવટને પ્રાધાન્ય આપવામાં આવશે. આ ઉપરાંત, જે શિક્ષકોને એકસાથે બે શાળાઓની જવાબદારી સંભાળવાની થશે, તેમના શૈક્ષણિક કાર્યમાં કોઈ અડચણ ઊભી ન થાય તે માટે શિક્ષણ વિભાગે એક ખાસ સમયપત્રક (ટાઈમ-ટેબલ) પણ તૈયાર કર્યું છે. શિક્ષણ વિભાગે આ નવા પરિપત્રમાં માનવીય અભિગમ દાખવતા દિવ્યાંગ શિક્ષકોને વહીવટી દોડધામમાંથી મુક્તિ આપી છે અને નિયમોમાં રાહત આપી છે. જો કે, અન્ય સામાન્ય શિક્ષકો માટેના નિયમો વધુ કડક કરાયા છે. જો કોઈ નિયુક્ત કરાયેલા શિક્ષક મુખ્યશિક્ષકનો ચાર્જ લેવાનો ઈનકાર કરશે, તો તેમની સામે વહીવટી સ્તરે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. આ વધારાની જવાબદારી સંભાળવા બદલ શિક્ષકોને નક્કી કરાયેલા નાણાકીય લાભો અને ખાસ ભથ્થાં આપવામાં આવશે. જોકે, સરકારે એ સ્પષ્ટ કર્યું છે કે, આ માત્ર એક વહીવટી ગોઠવણ હોવાથી, ઈન્ચાર્જ તરીકેની આ સેવાને ભવિષ્યમાં કાયમી બઢતી કે બદલીના સમયે સિનિયોરિટી તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. આ હંગામી વ્યવસ્થા દર વર્ષે ઉનાળુ વેકેશન શરૂ થતાંની સાથે જ આપોઆપ પૂર્ણ થયેલી ગણાશે. આ નવા પરિપત્રની સૌથી મુખ્ય બાબત મુખ્ય શિક્ષકોના કામકાજના દિવસોની વહેંચણી અંગેની છે. નવી સૂચના મુજબ, જે મુખ્ય શિક્ષકને અન્ય કોઈ શાળાનો વધારાનો કાર્યભાર સોંપાયો હોય, તેમણે પોતાની મૂળ શાળામાં ૩ દિવસ અને ચાર્જવાળી અન્ય શાળામાં ૩ દિવસ એમ બંને જગ્યાએ ફરજ બજાવવાની રહેશે. અઠવાડિયાના કુલ ૬ દિવસોની આ સરખી વહેંચણીને કારણે બંને શાળાઓના શૈક્ષણિક અને વહીવટી કાર્યોમાં સંતુલન જળવાઈ રહેશે, જેથી કોઈપણ શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસ પર માઠી અસર નહીં પડે.

# કેનેડામાં હત્યાનો ભોગ બનેલી યુવતીનો મૃતદેહ ૨૩ દિવસે વતનમાં પહોંચ્યો

## વિધિ મેઘાને ભારે હૈયે અંતિમ વિદાય અપાઈ : પરિવાર શોકમગ્ન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

આણંદ જિલ્લાના બોરસદથી આંખોમાં સમૃદ્ધ જીવનના સ્વપ્ન સજાવી કેનેડા ગયેલી યુવતીની હત્યા બાદ ૨૧ દિવસે મૃતદેહ વતનમાં તેણીના ઘરે પહોચતા સમગ્ર વિસ્તાર હીબકે ચઢ્યો હતો, અને મોટી સંખ્યામાં સગા સબંધીઓ અને સ્થાનિક લોકો તેણીની અંતિમ યાત્રામાં જોડાયા હતા. બોરસદની વિધિ કલ્પેશભાઈ મેઘા ચાર વર્ષ પૂર્વે કેનેડામાં ઉચ્ચ અભ્યાસ કરી સમૃધ્ધ જીવનના સ્વપ્નોને આંખોમાં આંજીને કેનેડા ગઈ હતી અને ત્યાં થોડો સમય મામાની સાથે રહ્યા બાદ તેણીને જોબ મળતા તેણી નાયગ્રા ખાતે અલગ મકાન રાખી રહેવા ગઈ હતી, જ્યાં વિધિ અભ્યાસ કરવા સાથે જોબ કરી કમાણી પણ કરતી હતી. ગત ૧૪ મેના રોજ તેણીના પિતા સાથે તેણીએ અંતિમ વાતચીત કરી હતી. ત્યારબાદ તેણીનો સંપક થતો ન હતો જેથી પરિવાર ચિંતામાં મુકાયો હતો. દરમિયાન ૧૫ મેના રોજ નાયગ્રા પોલીસે મળેલી માહિતીના આધારે તપાસ કરતા એક રહેણાંક મકાનમાંથી લોહીથી લથપથ વિધિનો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે તેની સાથે ૪૦ વર્ષિય જોશુઆ સેંટ ઓમર ઘાયલ અવસ્થામાં મળતા તેને ત્વરીત સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે ત્યારબાદ તપાસ દરમિયાન મળેલી કેટલીક વિગતોનાં આધારે ઘાયલ મળેલા જોશુઆ સેંટ ઓમરની હત્યાનાં ગુનામાં ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.આ ઘટનાએ કેનેડામાં વસતા ગુજરાતી પરિવારોમાં પણ ચિંતા વધારી છે. ઘટનાના ૨૧ દિવસ બાદ આજે વિધિ મેઘાનો મૃતદેહ બોરસદ ખાતે તેણીના ઘરે આવી પહોચતા સમગ્ર પરિવારે ભારે કલ્પાંત મચાવ્યું હતું, જ્યારે સમગ્ર પંથકમાં ગમગીની પ્રસરી જવા પામી હતી. તેણીની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# બખર જમીન કેસ : ૧૮ વર્ષ પહેલાં રદ થયેલા વસિયતનામાના આધારે કરોડોની સરકારી જમીન નામે કરી દેવાનું કૌભાંડ

## નાંદોદના તત્કાલીન મામલતદાર રોહિત પખાવાલાની ધરપકડ; કોર્ટે સોમવાર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૭

નર્મદા જિલ્લાના નાંદોદ (હાલ ગરૂડેશ્વર) તાલુકાના બખર ગામે સરકારી નિયમો બાજુ પર મૂકીને, કરોડો રૂપિયાની સરકારી જમીન ખોટી રીતે નામે કરી દેવાના કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સરકારી સત્તાનો ખોટો ઉપયોગ કરીને રાજ્ય સરકારને અંદાજે રૂા.૧,૨૯,૩૯,૧૫૦નું આર્થિક નુકસાન પહોંચાડવાના આક્ષેપ સાથે નાંદોદના તત્કાલીન મામલતદાર રોહિત બાબુલાલ પખાવાલાની ધરપકડ કરવામાં આવી છે.આ ગુનામાં આરોપીને રાજપીપળાની કોર્ટમાં રજૂ કરાતા અદાલતે આગામી સોમવાર તારીખ ૮/૬/૨૦૨૬ સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસ ફરિયાદ મુજબ, આ પ્રકરણમાં અગાઉ રદ થઈ ચૂકેલી વિગતને જ



ફરીથી મંજૂર કરાવીને આખું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે.

આ કેસની વિગત એવી છે કે, બખર ગામના જૂના સર્વે નંબર ૩૩, ૩૫, ૪૧ અને ૪૨ (જે કેનાલ નીકળવાના કારણે પછીથી નવા સર્વે નંબર ૩૩-અ, ૩૩-બ, ૩૫, ૪૧, ૪૨-અ અને ૪૨-બ બન્યા હતા)ની ખેતીની જમીન મૂળ વડોદરાના ખાતેદારો ગોરધન જેઠા પટેલ અને કમળાબેન દેસાઈ પટેલના નામે સરકારી ચોપડે બોલતી હતી. આમાંથી મૂળ ખાતેદાર ગોરધન પટેલે વર્ષ ૧૯૮૯માં વડોદરાના જ્યોતિન્દ્ર શાંતિલાલ પટેલ નામના એક વ્યક્તિના નામે વીલ લખી આપી હતું. આ વીલના આધારે વર્ષ ૧૯૯૯માં સરકારી ચોપડે નોંધ પાડવામાં આવી હતી, પણ બીજા ભાગીદારની સંમતિ ન હોવાથી તે સમયે નાંદોદ મામલતદારે આ વસિયતનામું રદ કરી દીધું હતું.

ત્યારે નાંદોદમાં ફરજ બજાવતા તત્કાલીન મામલતદાર રોહિત બાબુલાલ પખાવાલાએ જ્યોતિન્દ્ર પટેલ અસલ ખેડૂત છે કે નહીં ? તેવી કોઈપણ જાતની સરકારી ચકાસણી કર્યા વગર, તારીખ ૧૦/૧૨/૨૦૦૮ના રોજ આ વિવાદિત નોંધ મંજૂર કરીને જમીન તેમના નામે કરી આપી હતી. જમીન નામે થતાં જ, જ્યોતિન્દ્ર પટેલે તારીખ ૨૫/૩/૨૦૧૦ના રોજ આ જમીન કાંતિલાલ રામસ્વરૂપ શાહના નામે વેચાણ કરી હતી.

આ મામલે વડોદરાના અરજદાર કમલેશ કૃષ્ણકાંત મહેતાએ વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૯માં સરકારના મહેસૂલ વિભાગમાં લેખિત ફરિયાદો કરી હતી. આ ફરિયાદના આધારે સરકારે કેસની તપાસ SITને સોંપી નર્મદા કલેક્ટરને તપાસ કરવા કહ્યું હતું. કલેક્ટર નર્મદાએ તપાસ કરતાં આરોપીઓ ખેડૂત હોવાના કોઈ પુરાવા આપી શક્યા નહોતા, જેથી કલેક્ટરે ૯/૩/૨૦૨૧ના રોજ આ જમીનની તમામ નોંધો રદ કરી દીધી હતી. આ લોકો બિન-ખેડૂત સાબિત થતાં ગણોતધારાના કાયદા હેઠળ ગરૂડેશ્વરના મામલતદારે જ્યોતિન્દ્ર પટેલને રૂ.૭૩,૯૩,૨૦૦ અને કાંતિલાલ શાહને રૂ.૫૫,૪૫,૯૫૦નો દંડ કર્યો હતો. જેમી સામે કાંતિલાલ શાહે કરેલી અપીલ પણ સરકારે નામંજૂર કરી દીધી હતી.

રાજપીપળા ડેપ્યુટી કલેક્ટરની તપાસ અને કલેક્ટર નર્મદાના અહેવાલના આધારે, ગરૂડેશ્વરના મામલતદાર જયંતીલાલ વશરામભાઈ વૈષ્ણવે રોહિત બાબુલાલ પખાવાલા (રહે. અમદાવાદ, મૂળ વતની-વડનગર, મહેસાણા), જ્યોતિન્દ્ર શાંતિલાલ પટેલ અને કાંતિલાલ રામસ્વરૂપ શાહ સામે સીઆઈડી ક્રાઈમ વડોદરા ઝોનમાં ફરિયાદ નોંધાવી હતી. જેને પગલે પોલીસે તારીખ ૪/૬/૨૦૨૬ના રોજ અમદાવાદ ખાતેથી આરોપી રોહિત પખાવાલાની ધરપકડ કરી હતી.

# શિફા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન





વાડી સુન્ની બાવાહીર હોલ ખાતે આજે સવારે ૧૦:૦૦ વાગ્યે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિફા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના તેજસ્વી તારલાઓનું સન્માન કરી તેમને ઈનામો અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કુલ ૫૧૪ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ, સામાજિક સંસ્થાઓના કાર્યકરો તથા સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહમાં દરિયાપુર વિસ્તારના માજી ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રસંગોચિત પ્રવચન આપતાં તેજસ્વી વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, મુસ્લિમ સમાજમાં શિક્ષણનું ખૂબ જ મહત્વ છે અને સમાજના દરેક લોકોએ પોતાના બાળકોને સારૂં અને ઉચ્ચ શિક્ષણ આપવું જોઈએ. આ પ્રસંગે ચિરાગ શેખ, (પ્રદેશ કોંગ્રેસ જનરલ સેક્રેટરી) પણ ઉપસ્થિત રહ્યા હતા. પોતાના પ્રવચનમાં તેમણે શિફા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ જોનીભાઈ, મોહમ્મદ હુસૈન તથા તેમના તમામ સાથીદારોને આ સુંદર અને પ્રેરણાદાયી કાર્યક્રમના સફળ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને પણ શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં મુસ્લિમ સમાજ માટે શિક્ષણ અત્યંત જરૂરી છે અને સમાજ વધુને વધુ શિક્ષિત બની ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરે તેવી આશા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ભારતીય ક્રિકેટર યુસુફ પઠાણ અને ઈરફાન પઠાણના પિતા હાજી મહેમૂદખાન પઠાણે પણ પોતાના આશીર્વચનો આપ્યા હતા. તેમજ દુબઈના ઉદ્યોગપતિ ઉવૈશભાઈ જવેરી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં હાજી ઝાકિર હુસૈન શેખ, નિસાર અહેમદ મિયાંજી, સુલેમાનભાઈ મેમણ, જુનૈદ સૈયદ (એડવોકેટ), શહનવાઝભાઈ (એડવોકેટ) સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં શિફા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ જોનીભાઈએ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી આપી હતી તેમજ ઉપસ્થિત તમામ મહેમાનો, વાલીઓ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સહકારી આગેવાન દિલીપ સંઘાણીને 'નાસ ઈન્ડસ્ટ્રીયટ એવોર્ડ' એનાયત કરાયો

## સંઘાણી અમેરિકા પ્રવાસે હોઈ અમરેલી જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસૂરિયાએ એવોર્ડ સ્વીકાર્યો

અમરેલી,તા.૭

ગુજરાતની પ્રભાવક સહકારી પ્રવૃતિ સમગ્ર દેશમાં કાઠુ કાઢીને હવે દેશના સીમાડાઓ વટાવીને વિદેશની સહકારી પ્રવૃતિને માર્ગદર્શન પુરૂં પાડી રહી છે તેવા સમયે અમરેલી જિલ્લાને ગૌરવ અપાવતી અને સમગ્ર દેશની સહકારી પ્રવૃત્તિની યશકિર્તી વધારતા ઘટનાક્રમમાં ભારતની ટોચની સહકારી સંસ્થા ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીની દુરંદેશી કૃષિ વિકાસ, ખેડૂત કલ્યાણ, સહકારી ચળવળ, સશક્તિકરણ પ્રવૃતિ, સમર્પણ અને અમુલ્ય યોગદાનના કદરરૂપે નેશનલ એકેડેમી ઓફ એગ્રીકલ્ચર સાઈન્સીસનો પ્રતિષ્ઠિત ' નાસ ઈન્ડસ્ટ્રીયટ એવોર્ડ' એનાયત કરવામાં આવતા સમગ્ર અમરેલી જિલ્લામાં ખુશીનો માહોલ સર્જાયો છે. આ સન્માન ભારતીય સહકારી





ક્ષેત્ર, ઈફકો પરિવાર અને દેશના કરોડો ખેડૂતો માટે ગૌરવની ક્ષણ બની છે. નેશનલ એકેડેમી ઓફ એગ્રીકલ્ચર સાયન્સીસના ૫-જૂનના રોજ સ્થાપના દિવસે આયોજીત વાર્ષિક સામાન્ય સભામાં એવોર્ડ પ્રદાન કરવામાં આવેલ. સંઘાણી હાલ અમેરિકાના પ્રવાસે હોઈ, તેમના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયાએ એવોર્ડ સ્વીકારેલ. આ તકે દેશના ગણમાન્ય સહકારી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે એ ઉલ્લખનીય છે કે, દિલીપ સંઘાણીના માર્ગદર્શન હેઠળ આધુનિક કૃષિ તકનીકોનો પ્રસાર, સહકારી ક્ષેત્રનું વિસ્તરણ અને ગ્રામ વિકાસના ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી સહકારી ક્ષેત્રને નવી દિશા અને ગતિ પ્રદાન કરી રહી હોવાનું અંતમાં જણાવાયેલ છે.

# દારૂલ અમલ ટ્રસ્ટ (ઈકરા ગ્રુપ) રામોલ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન



અમદાવાદ, તા.૭

આજ રોજ રામોલ ગામ અમદાવાદ ખાતે દારૂલ અમલ ટ્રસ્ટ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા સારા ટકા મેળવવા બાબતે ટ્રસ્ટ દ્વારા તમામ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું જેમાં આ પ્રોગ્રામમાં ડોક્ટર, શિક્ષક, એન્જિયર જેવા મહાનુભાવો હાજર રહી એજ્યુકેશન વિશે વિષેશ માહિતી આપી હતી. ટ્રસ્ટના પ્રમુખ સૈયદ મોહમ્મદ હનીફ અને ગ્રુપના તમામ મેમ્બર દ્વારા તમામ વિદ્યાર્થીઓને ટ્રોફી ચોપડા અને ઈનામ આપી સન્માનિત કર્યાં હતા.

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ : **સોહેલ મોહંમદશાહીદ અન્સારી** હતું તે બદલીને મારું નવું નામ : **સોહેલ મોહમ્મદ શાહીદ અન્સારી** કરેલ છે

**એડ્રેસ : B-2 જ્યોતિ પાર્ક સોસાયટી, મિરા સિનેમાની પાછળ, અમદાવાદ-380028**

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ : **સોહેબ મોહંમદ શાહિદ અન્સારી** હતું તે બદલીને મારું નવું નામ : **સોએબ મોહંમદ સાહીદ અન્સારી** કરેલ છે

**એડ્રેસ : B-2 જ્યોતિ પાર્ક સોસાયટી, મિરા સિનેમાની પાછળ, અમદાવાદ-380028**

**જાહેર નોટીસ** જન્મ-મરણ / નોંધણી / અરજી નં. ૨૦૫/૨૦૨૬

**શ્રી જે.એસ. દેસાઇ મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અસારવા, અમદાવાદની કોર્ટમાં**

અરજદાર : મારવાડી મેનુબેન પોપટભાઇ રહે.: ૮૧૦, હજામની ગલી, મિરઝાપુર, અમદાવાદ.

સામાવાળા : જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, આરોગ્ય ભવન, ગીતા મંદિર અમદાવાદ.

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની પેટા કલમ ૧૩(૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી /નોટીસ.

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારના પતિ નામે પોપટભાઈ ભીખાજી મારવાડીનું મરણ તા. ૪-૧-૨૦૨૨ના રોજ ૮૧૦, હજામની ગલી, મિરઝાપુર, અમદાવાદ ખાતે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાના નિયમોનું જ્ઞાન ન હોઈ ભુલ અને અજ્ઞાનવશથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદરહું અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો યા તકરાર હોઈ તો પોતે અથવા વકીલ મારફતે નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં સીટી મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે-૮, નરોડા રોડ, અમદાવાદની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમોને નોંધ લેવી.

આજ તા. ૮-૫-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો સહી/- સીટી મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, અસારવા, અમદાવાદ.

# દિલ્હીમાં આજે ઈન્ડિયા બ્લોકની બેઠકમાં ૨૩ પક્ષોની હાજરી જોવા મળશે : કોંગ્રેસના નેતા જયરામ રમેશ

**કોંગ્રેસ નેતાએ કહ્યું હતું કે, ૮મી જૂનના રોજ નવી દિલ્હીમાં મળનારી વિપક્ષી ગંઠબંધનની બેઠકમાં હાજરી આપવા માટે ૨૩ પક્ષોએ એમની સહમતી આપી દીધી છે, રમેશે આક્ષેપ કર્યો કે, કેન્દ્ર સરકાર લોકશાહી માર્ગની અવગણના કરે છે અને લોકોની રોજીરોટીને નુકસાન કરે છે, ટીએમસીના વડા મમતા બેનરજી તેમના પક્ષના આંતરીક મતભેદોની ચર્ચા વચ્ચે વિપક્ષ બેઠકમાં હાજરી આપવા દિલ્હી પહોંચી ગયા છે.**

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

સોમવારે નવી દિલ્હીમાં ઈન્ડિયા બ્લોકની બેઠકમાં ૨૩ રાજકીય પક્ષોએ ભાગ લેવાની પુષ્ટિ કરી છે, કોંગ્રેસે જણાવ્યું હતું કે વિપક્ષી ગઠબંધન તેની વિવિધતા દ્વારા એક રહ્યું છે. 'ભારત જનબંધન' મેળાવડા તરીકે ઓળખાતી આ બેઠક કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે યોજાશે અને તેમાં ૨૦૨૯ની લોકસભા ચૂંટણીની તૈયારીઓ સહિત ગઠબંધનની ભાવિ રણનીતિ પર ચર્ચા થવાની અપેક્ષા છે. X પરની એક પોસ્ટમાં, કોંગ્રેસના મહાસચિવ અને પ્રભારી સંચાર જયરામ રમેશે જણાવ્યું હતું કે, "૨૩ રાજકીય પક્ષોએ સોમવાર, ૮ જૂન, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨ વાગ્યે કોન્સ્ટિટ્યુશન ક્લબ, નવી દિલ્હી ખાતે ભારત જનબંધન બેઠકમાં ભાગ લેવાની પુષ્ટિ કરી છે." રમેશની પોસ્ટને ટેગ કરતા તૃણમૂલ કોંગ્રેસ (TMC) સાંસદ ડેરેક ઓ'બ્રાયને કહ્યું હતું કે, "એક સામાન્ય હેતુ અને સ્પષ્ટ ઈરાદા સાથે બેઠક. ભારત એક થયું. ઘણા પક્ષો મિત્રતાની ભાવનામાં બેઠક માટે આતુર છે." રમેશે કહ્યું કે કેટલાક પક્ષો બેઠકમાં હાજરી આપશે નહીં. "કેટલાક પક્ષો એવા છે જેમણે પોતાના કારણોસર આ ચોક્કસ બેઠકમાં હાજરી આપવા માટે અસમર્થતા વ્યક્ત કરી છે, ભલે તેઓએ મોદી સરકારની નીતિઓ અને કાર્યોનો સખત વિરોધ કર્યો હોય જે લાખો ભારતીયોના મતદાનનો અધિકાર છીનવી રહી છે, બંધારણ પર દરરોજ હુમલો કરી રહી છે, તપાસ એજન્સીઓ દ્વારા વિપક્ષી નેતાઓ પર હુમલો કરી રહી છે, કરોડો ભારતીયોની આજીવિકાને ગંભીર રીતે નુકસાન પહોંચાડી રહી છે, અવિરત મોંઘવારી દ્વારા ઘરગથ્થુ બજેટ તોડી રહી છે, લાખો યુવાનોની આશાઓ અને આકાંક્ષાઓ સાથે દગો કરી રહી છે, રોકાણના વાતાવરણને નબળી પાડી રહી છે અને તેની વિદેશ નીતિ દ્વારા રાષ્ટ્રીય હિત સાથે સમાધાન કરી રહી છે," તેમણે કહ્યું. "ભારતની જેમ 'ભારત જનબંધન' તેની વિવિધતા દ્વારા એકતામાં ઉભું છે," રમેશે ઉમેર્યું. વિપક્ષી ગઠબંધનમાં તણાવ વચ્ચે આ બેઠક યોજાઈ રહી છે. દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK)એ તમિલનાડુમાં કોંગ્રેસનો "વિશ્વાસઘાત" ગણાવીને આ સભામાં ભાગ લેવાનો નિર્ણય લીધો છે, જ્યારે CPI(M)એ કેરળમાં ડાબેરીઓએ ભાજપ સાથે સાંઠગાંઠ કરી હોવાનો આરોપ લગાવતા કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓની ટિપ્પણીઓ પર અસંતોષ વ્યક્ત કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સીપીઆઈ(એમ)ના મહાસચિવ એમએ બેબીએ તાજેતરમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને પત્ર લખીને કેરળમાં સીપીઆઈ(એમ) અને ભાજપ વચ્ચે રાજકીય સમજૂતી સૂચવતા વરિષ્ઠ કોંગ્રેસના નેતાઓના નિવેદનો અંગે સ્પષ્ટતા માંગી હતી. આ મેળાવડો તાજેતરની વિધાનસભા ચૂંટણીઓ પછી પણ છે જેમાં અનુક્રમે પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં ટીએમસી અને ડીએમકેને સત્તામાંથી બહાર કરવામાં આવ્યા હતા. રાજકીય નિરીક્ષકો આ બેઠકને અનેક રાજ્યોમાં બદલાતા રાજકીય સમીકરણો અને ભવિષ્યની ચૂંટણીઓ પહેલા વિપક્ષી પક્ષો વચ્ચે સંકલનને મજબૂત બનાવવાના પ્રયાસ તરીકે જુએ છે. આમ આદમી પાર્ટીએ જાહેરમાં ગઠબંધનથી પોતાને દૂર રાખ્યા છે જ્યારે ડીએમકેએ આ અઠવાડિયે ઔપચારિક રીતે જાહેરાત કરી હતી કે તે બેઠકનો બહિષ્કાર કરશે. ભૂતકાળમાં ઈન્ડિયા બ્લોકના નેતાઓ પણ સંસદ સત્રો પહેલાં ફ્લોર કોઓર્ડિનેશન પર ચર્ચા કરવા અને કેન્દ્ર સરકાર સામે સંયુક્ત રીતે મુદ્દાઓ ઉઠાવવા માટે મળ્યા છે.



મમતાને રાજકીય પુનઃ જીવન માટે ટેકાની આશા

# તૃણમૂલ કોંગ્રેસના મેયર અને કાઉન્સિલરો રાજીનામાં આપે છે, ભાજપ પર નાગરિક સંસ્થાઓને લકવાગ્રસ્ત કરવાનો આરોપ

## બીજા અઠવાડિયામાં ચોમાસું બેસી જવાની ધારણા સાથે રાજ્યમાં રાજીનામાનો દોર શરૂ થયો છે

(એજન્સી) તા.૭

છેલ્લા એક મહિનામાં મેયર અને કાઉન્સિલરો બંને દ્વારા રાજીનામાના દોરને કારણે પશ્ચિમ બંગાળના મોટા ભાગોમાં નાગરિક શાસન ઠપ્પ થઈ ગયું છે. ૪ મે, ૨૦૨૬ ના રોજ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી ઓછામાં ઓછા ચાર મેયર, જે બધા તૃણમૂલ કોંગ્રેસના હતા, તેમણે રાજીનામું આપ્યું હતું. કોલકાતાના મેયર ફિરહાદ હકીમ, બિધાન નગરના મેયર કૃષ્ણ ચક્રવર્તી, ચંદન નગરના મેયર રામ ચક્રવર્તી અને કટવા નગરપાલિકાના ચેરમેન કમલાકાંતા ચક્રવર્તીએ મોટી સંખ્યામાં કાઉન્સિલરો સાથે રાજીનામું આપ્યું હતું.

એકલા ચંદન નગરમાં, તૃણમૂલ કોંગ્રેસના ૩૦ કાઉન્સિલરોએ રાજીનામું આપ્યું હતું, જેના કારણે મ્યુનિસિપલ બોર્ડ તૂટી પડ્યું હતું. કૂચબિહાર જિલ્લાની મેખલીગંજ નગરપાલિકામાં, તૃણમૂલ કોંગ્રેસના તમામ કાઉન્સિલરો કોંગ્રેસમાં જોડાયા હતા, જેના કારણે આ એકલી નગરપાલિકા પર પાર્ટીનો નિયંત્રણ આવ્યો હતો. રેકોર્ડ માટે, રાજ્યમાં સાત મ્યુનિસિપલ કોર્પોરેશનો અને ૧૨૭ નગરપાલિકાઓ છે.

આ રાજીનામાઓએ રાજ્યની ભાજપ સરકારને પણ ચિંતામાં મૂકી દીધી છે. કેબિનેટ મંત્રી અગ્નિમિત્રા પોલે ટીએમસીના મેયર અને કાઉન્સિલરો પર જવાબદારી છોડી દેવાનો આરોપ લગાવ્યો. પોલે રાજીનામાના સમય અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું, "મને આશ્ચર્ય થાય છે કે ચોમાસાની ઋતુ પહેલા આટલા બધા મેયર અને નાગરિક પ્રતિનિધિઓ જઈ રહ્યા છે. મને ખાતરી નથી કે આપણે આખી પરિસ્થિતિને કેવી રીતે મેનેજ કરીશું."

દક્ષિણ પશ્ચિમ બંગાળમાં જૂનના બીજા અઠવાડિયામાં દરિયાકાંઠાના ચોમાસા પહોંચવાની અપેક્ષા હોવાથી, પાણી ભરાવાથી બચવા માટે ડ્રેનેજ સાફ કરવા જેવા મોટાભાગની તૈયારીઓ બાકી હોવાનું કહેવાય છે. રાજ્યના વિવિધ ભાગોમાં લોકો અનિયમિત કચરો સંગ્રહ, નબળી ડ્રેનેજ જાળવણી અને ચૂંટાયેલા મ્યુનિસિપલ પ્રતિનિધિઓની દેખીતી સંડોવણીની ફરિયાદ કરી રહ્યા છે.

પરિસ્થિતિ ખાસ કરીને ચિંતાજનક બની ગઈ છે કારણ કે વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી ઘણા કાઉન્સિલરો જે એક સમયે તેમના વોર્ડમાં ખૂબ સક્રિય હતા તેઓ મોટાભાગે જાહેર દૃષ્ટિથી ગાયબ થઈ ગયા છે. વિરોધ પક્ષો અને સ્થાનિક રહેવાસીઓએ ચિંતા વ્યક્ત કરી છે કે જો ચૂંટાયેલા પ્રતિનિધિઓ ગેરહાજર રહે અને મ્યુનિસિપલ બોર્ડ તૂટી પડતા રહે તો નાગરિક સમસ્યાઓનું નિરાકરણ કોણ કરશે.

તૃણમૂલ કોંગ્રેસના નેતાઓનો દાવો છે કે ભય અને રાજકીય દબાણ કટોકટીનું કારણ બની રહ્યા છે. કોલકાતાના મેયર પદેથી રાજીનામું આપનારા ફિરહાદ હકીમે મીડિયાને જણાવ્યું હતું કે તેઓ પદ છોડી રહ્યા છે કારણ કે પરિસ્થિતિઓ એવી હતી કે તેઓ કામ કરી શકતા ન હતા. પાર્ટીના પ્રવક્તા અનિર્બાન બેનરજીએ આરોપ લગાવ્યો હતો કે, "ભાજપ મેયર અને મ્યુનિસિપલ પ્રતિનિધિઓને રાજીનામું આપવા માટે મજબૂર કરી રહી છે. તેઓ કાં તો વહીવટકર્તાઓને સ્થાને મૂકી રહ્યા છે અથવા મ્યુનિસિપલ કમિશનરોને પોતાની રીતે કાર્ય કરવા અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને અવગણવા માટે કહી રહ્યા છે. લોકોને એ પણ ડર છે કે તેમના પર ભાજપ સમર્થકો દ્વારા હુમલો કરવામાં આવશે, પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવશે અને એજન્સીઓ દ્વારા હેરાન કરવામાં આવશે."




ભાજપે આરોપોને નકારી કાઢ્યા. ટીએમસીના પ્રતિનિધિઓ રાજીનામું આપી રહ્યા છે, કારણ કે તેઓ જનતાનો સામનો કરવામાં અને તેમના પ્રદર્શનને ન્યાયી ઠેરવવામાં અસમર્થ છે. ભાજપના નેતાઓએ નાગરિક સંસ્થાઓમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને નાણાકીય ગેરવહીવટ અને મૂળભૂત સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળતાના આરોપોનો જાહેર અને સતત પ્રવાહ ચાલુ રાખ્યો છે. રહેવાસીઓ કહે છે કે શો ચલાવતા વહીવટકર્તાઓની અસર પહેલાથી જ અનુભવાઈ રહી છે. ઘણા વિસ્તારોમાં, લોકો ફરિયાદ કરે છે કે મ્યુનિસિપલ કર્મચારીઓ નિયમિતપણે ઘરનો કચરો એકત્રિત કરી રહ્યા નથી. કેટલાક વિસ્તારોમાં સવારે ઘરે ઘરે કચરો સંગ્રહ અનિયમિત બન્યો છે. મુખ્ય બજારોમાં દુકાનદારો અને વેપારીઓએ જાહેર સ્થળોએ કચરો જમા થવા અંગે ચિંતા વ્યક્ત કરી છે, અને ચેતવણી આપી છે કે જો નાગરિક વ્યવસ્થાપન લકવાગ્રસ્ત રહેશે તો પરિસ્થિતિ વધુ બગડી શકે છે. મધ્ય કોલકાતાના એક વેપારી સંતોષ ઝાએ જણાવ્યું હતું કે, "કચરાપેટીઓ હવે વધુ વખત ભરાઈ રહી છે. ચોમાસા દરમિયાન આ આરોગ્ય માટે જોખમી બનશે. રાજકીય લડાઈ નહીં, પણ આપણને ઝડપી પગલાં લેવાની જરૂર છે." રહેવાસીઓ અવરોધિત ગટર, પાણી ભરાયેલા રસ્તાઓ, મચ્છરોના ઉત્પત્તિ અને કટોકટી સમારકામમાં વિલંબ વિશે પણ ચિંતિત છે. જાહેર આરોગ્ય નિષ્ણાતો ચેતવણી આપે છે કે સ્થિર વરસાદી પાણી સાથે નબળી કચરા વ્યવસ્થાપન ડેન્ગ્યુ અને અન્ય વેક્ટર-જન્ય રોગોનું જોખમ વધારી શકે છે. રાજ્યમાં એક પણ નગરપાલિકા પર નિયંત્રણ ન રાખનાર ભાજપે આ વર્ષના અંતમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને નાગરિક સંસ્થાઓ પર આક્રમક હુમલો કર્યો છે. ચૂંટણી પંચ તારીખોની જાહેરાત કરે છે, પરંતુ સામાન્ય રીતે કોલકાતા કોર્પોરેશનની ચૂંટણી ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં યોજાઈ હોત.

# પટના ફાયરિંગ કેસમાં ખાન સર આગોતરા જામીન માંગશે, આત્મસમર્પણ નહીં કરે

## વકીલનો દાવો છે કે સંસ્થા પર હુમલા દરમિયાન ગાર્ડ્સે સ્વબચાવમાં ગોળીબાર કર્યો હતો; FIRમાં પ્રખ્યાત શિક્ષકનું નામ નોંધાયા બાદ પોલીસે તપાસ ચાલુ રાખી છે

(એજન્સી) પટના, તા.૭

ખાન સર તરીકે જાણીતા શિક્ષક ફૈઝલ ખાન, તેમના વકીલના જણાવ્યા અનુસાર, તેમની કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ સાથે જોડાયેલા તાજેતરના ગોળીબાર અને તોડફોડના કેસના સંદર્ભમાં પટના સિવિલ કોર્ટ સમક્ષ આત્મસમર્પણ નહીં કરે. તેના બદલે, તેઓ આગોતરા જામીન મેળવવા અને કાનૂની માધ્યમો દ્વારા આરોપોનો સામનો કરવાની તૈયારી કરી રહ્યા છે. પટનામાં ખાન ગ્લોબલ સ્ટડીઝ ઈન્સ્ટિટ્યૂટમાં થયેલા વિવાદને કારણે પોલીસ કેસ નોંધવામાં આવ્યો અને હવામાં ગોળીબાર કરતા વાયરલ વીડિયોમાં જોવા મળતા બે સુરક્ષા ગાર્ડની ધરપકડ થયાના થોડા દિવસો પછી આ ઘટનાક્રમ સામે આવ્યો છે. મીડિયા સાથે વાત કરતા, ખાન સરના વકીલ, અરવિંદ કુમારે જણાવ્યું હતું કે તેમના ક્લાયન્ટનો આત્મસમર્પણ કરવાની કોઈ યોજના નથી અને તેઓ આગોતરા જામીન માટે કોર્ટનો સંપર્ક કરશે. "ખાન સર શરણાગતિ સ્વીકારશે નહીં. અમે કાનૂની રસ્તો અપનાવી રહ્યા છીએ અને કોર્ટમાંથી આગોતરા જામીન માંગીશું," કુમારે કહ્યું. વકીલે દાવો કર્યો હતો કે ખાન સર સામેનો કેસ તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના ષડયંત્રના ભાગ રૂપે દાખલ કરવામાં આવ્યો હતો. તેમના મતે, આ વિવાદ ૨ જૂને ખાન ગ્લોબલ સ્ટડીઝ ઈન્સ્ટિટ્યૂટના સ્ટાફ સભ્યો દ્વારા અન્ય કોચિંગ સંસ્થાના ડિરેક્ટર સામે દાખલ કરવામાં આવેલી ફરિયાદ સાથે જોડાયેલો છે. "અમારા પક્ષ દ્વારા ૨ જૂને કેસ દાખલ કરવામાં આવ્યા પછી હવે ખાન સરને આ મામલે ઘસવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ આરોપો રાજકીય અને વ્યક્તિગત રીતે પ્રેરિત છે," તેમણે કહ્યું. ફાયરિંગની ઘટનાને સંબોધતા, કુમારે કહ્યું કે જ્યારે એક જૂથે કોચિંગ સેન્ટર પર હુમલો કર્યો ત્યારે સુરક્ષા કર્મચારીઓએ સ્વ-બચાવમાં કાર્યવાહી કરી હતી. "કેટલાક લોકો પરિસરમાં ઘૂસી ગયા, મિલકતને નુકસાન પહોંચાડ્યું અને અરાજકતા મચાવી. ગાર્ડ્સે ફક્ત પોતાને અને સંસ્થાને બચાવવા માટે હવામાં ગોળીબાર કર્યો. કોઈને ગોળી વાગી નથી અને કોઈને ગોળી વાગી નથી," તેમણે કહ્યું. અત્યાર સુધી ઉપલબ્ધ માહિતી અનુસાર, આ વિવાદ ૨ જૂનની રાત્રે શરૂ થયો હતો જ્યારે લગભગ ૧૫થી ૨૦ અજાણ્યા વ્યક્તિઓના જૂથે બિહારની રાજધાની શહેરમાં ખાન ગ્લોબલ સ્ટડીઝ ઈન્સ્ટિટ્યૂટ પર કથિત રીતે હુમલો કર્યો હતો. હુમલાખોરો પર મિલકતમાં તોડફોડ કરવાનો અને કોચિંગ સેન્ટર પર પથ્થરમારો કરવાનો આરોપ છે. આ ઘટનાએ વિસ્તારમાં ગભરાટ ફેલાવ્યો અને સોશિયલ મીડિયા પર વ્યાપક ધ્યાન ખેંચ્યું. ત્યારબાદ તરત જ, એક વિડિઓ ઓનલાઈન ફરતો થયો જેમાં સંસ્થાના બે સુરક્ષા ગાર્ડ હવામાં ગોળીબાર કરતા દર્શાવવામાં આવ્યા હતા. ફૂટેજને કારણે પોલીસે કાર્યવાહી શરૂ કરી અને બંને ગાર્ડને પાછળથી કસ્ટડીમાં લેવામાં આવ્યા. પોલીસે ત્યારબાદ કેસ નોંધ્યો અને આરોપીઓમાં ખાન સરનો પણ સમાવેશ કર્યો.



# ભારત સરકારે ૪૭ વર્ષ પછી લક્ષદ્વીપ પરનો દારૂબંધી રદ કરી, ટાપુવાસીઓના વિરોધ છતાં વ્યવસાયીઓને પરમિટ આપી

**ન્યુઝ GT પોઈન્ટ** ૯૬.૫૯% મુસ્લિમ છતાંય દારૂબંધી દૂર કરી, શું એક સમાજને ખીજવવા કોઈ કચાશ રહી ગઈ'તી ?

## આ પગલું લક્ષદ્વીપમાં નીતિમાં મોટો ફેરફાર દર્શાવે છે, જ્યાં દારૂબંધી લાંબા સમયથી મુસ્લિમ વસ્તીના સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

મુસ્લિમ બહુમતી ધરાવતા આ દ્વીપસમૂહના રહેવાસીઓના લાંબા સમયથી વિરોધ છતાં, કેન્દ્ર સરકારે શુક્રવારે લક્ષદ્વીપમાં દાયકાઓ જૂના દારૂબંધી કાયદાને રદ કર્યો, તેના સ્થાને એક નવો આબકારી નિયમન રજૂ કર્યું છે જે દારૂના વ્યવસાયો માટે લાઈસન્સ આપવાની મંજૂરી આપે છે. લક્ષદ્વીપ આબકારી નિયમન, ૨૦૨૬, લક્ષદ્વીપ પ્રતિબંધ નિયમન, ૧૯૭૯ ને રદ કરે છે, જે ૪૭ વર્ષથી ટાપુઓમાં દારૂ પર મોટાભાગે પ્રતિબંધ મૂકતા કાનૂની માળખાને સમાપ્ત કરે છે. આ નવો નિયમન એક વ્યાપક આબકારી શાસન સ્થાપિત કરે છે જેના હેઠળ વહીવટ દારૂના ઉત્પાદન, આયાત, નિકાસ, પરિવહન, વેચાણ અને ખરીદી માટે લાઈસન્સ અને પરમિટ જારી કરી શકે છે. તે કેન્દ્રશાસિત પ્રદેશમાં આલ્કોહોલિક પીણાંની આયાત અને છૂટક વેચાણ માટે લાઈસન્સ મેળવવા માટે સરકારી માલિકીની કોર્પોરેશનો અને એજન્સીઓને પણ અધિકૃત કરે છે. આ પગલું લક્ષદ્વીપમાં નીતિમાં મોટો ફેરફાર દર્શાવે છે, જ્યાં દારૂ પરના પ્રતિબંધોને લાંબા સમયથી મુસ્લિમ વસ્તીના સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે. ટાપુવાસીઓએ આ નિર્ણય અંગે પોતાની ચિંતાઓ વ્યક્ત કરી છે. રહેવાસીઓ અને નાગરિક સમાજ જૂથોએ દારૂના નિયમોને ઉદાર બનાવવાના પ્રયાસોનો વારંવાર વિરોધ કર્યો છે અને દલીલ કરી છે કે આવા પગલાં સ્થાનિક સમુદાયોની સંમતિ વિના લાદવામાં આવી રહ્યા છે. જોકે, વહીવટીતંત્રે દલીલ કરી છે કે નવા નિયમનનો હેતુ એક્સાઈઝ વહીવટને સુવ્યવસ્થિત કરવા અને પ્રવાસન અને આર્થિક પ્રવૃત્તિને ટેકો આપવાનો છે. કાયદો અધિકારીઓને એક્સાઈઝ ડ્યુટી, લાઈસન્સ ફી અને દારૂના વેપાર સંબંધિત અન્ય શુલ્ક વસૂલવાની સત્તા આપે છે. આ નિયમન હેઠળ, ૨૧ વર્ષથી ઓછી ઉંમરના વ્યક્તિઓને દારૂનું વેચાણ પ્રતિબંધિત છે. તાજેતરના વર્ષોમાં લક્ષદ્વીપમાં રજૂ કરાયેલા શ્રેણીબદ્ધ વહીવટી ફેરફારો અંગે ટાપુવાસીઓમાં સતત ચિંતાઓ છે. ૨૦૨૦માં પ્રશાસક પ્રફુલ ખોડા પટેલની નિમણૂક થઈ ત્યારથી, રહેવાસીઓએ અનેક નીતિગત નિર્ણયોનો વિરોધ કર્યો છે, અને આરોપ લગાવ્યો છે કે તે ટાપુઓની અનન્ય સંસ્કૃતિ, પરંપરાઓ અને સ્વાયત્તતાને નબળી પાડે છે.

# રાજસ્થાન : ભાજપના ધારાસભ્યએ ઈસ્લામપુરનું નામ બદલીને "શ્રી રામપુર" કરવા ભલામણ કર્યા પછી ગ્રામજનોએ જોરદાર વિરોધ કર્યો

## ઝૂનઝૂનુ જિલ્લાના ઈસ્લામપુર ગામનું નામ બદલીને શ્રીરામપુર કરી દેવાની માંગણીના વિરૂદ્ધમાં ગ્રામજનોએ જિલ્લા કલેક્ટર કચેરીની બહાર દેખાવો કર્યા, ભાજપના ધારાસભ્ય રાજેન્દ્ર ભામબુ વિરૂદ્ધ ગ્રામજનોએ જોરદાર નારેબાજી કરી અને કહ્યું કે, ગામનું નામ બદલવાની કોઈ જરૂર નથી, સરકાર આ મુદ્દાને કોમવાદી રૂપ ના આપે

(એજન્સી) જયપુર, તા.૭

રાજસ્થાનમાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટી (BJP)ના એક ધારાસભ્યએ ઝુંઝુનુ જિલ્લાના 'ઈસ્લામપુર' ગામનું નામ બદલીને 'શ્રી રામપુર' કરવાની રાજ્ય સરકારને ભલામણ કરી છે. ભાજપના આ પગલાં સામે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને તેમણે આ દરખાસ્તનો ઉગ્ર વિરોધ શરૂ કર્યો છે. વિરોધ કરી રહેલા સ્થાનિક લોકોએ ઝુંઝુનુ જિલ્લા કલેક્ટરને એક આવેદનપત્ર સુપરત કરીને ઈસ્લામપુરનું નામ બદલવાના કોઈપણ પગલાનો સખત વિરોધ નોંધાવ્યો છે. આ સમગ્ર વિવાદ ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે મુખ્યમંત્રી કાર્યાલય (CMO) દ્વારા ૨૯ મેના રોજ ઝુંઝુનુના જિલ્લા કલેક્ટરને એક પત્ર મોકલવામાં આવ્યો હતો. આ પત્રમાં ઝુંઝુનુના ભાજપના ધારાસભ્ય રાજેન્દ્ર ભામ્બુ દ્વારા ૧૭ ફેબ્રુઆરીના રોજ લખાયેલા પત્ર અંગે અભિપ્રાય માંગવામાં આવ્યો હતો, જેમાં તેમણે ઈસ્લામપુરનું નામ બદલીને શ્રી રામપુર કરવાની ભલામણ કરી હતી. ધારાસભ્ય ભામ્બુએ જણાવ્યું હતું કે, "આ જનતાની અને ભાજપના જનપ્રતિનિધિઓની લાગણી છે કે ગામનું નામ બદલવામાં આવે. આ નામ આઝાદી પહેલાનું છે અને આજના સંદર્ભમાં તેને બદલવું યોગ્ય રહેશે." તેમણે વધુમાં ઉમેર્યું કે ઝુંઝુનુ જિલ્લાના પ્રભારી મંત્રી અવિનાશ ગેહલોતે પણ અગાઉ આ નામ બદલવાની માંગ કરી હતી. બીજી તરફ, આ દરખાસ્તના વિરોધમાં શુક્રવારે (૫ જૂન) ઈસ્લામપુરના ગ્રામજનોએ ઝુંઝુનુ જિલ્લા કલેક્ટર કચેરી બહાર એકત્ર થઈને ભાજપના ધારાસભ્ય ભામ્બુ વિરૂદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા અને પ્રદર્શન કર્યું હતું. ઈસ્લામપુરના પૂર્વ સરપંચ અમીન મણિયારે જણાવ્યું હતું કે, "આ ગામની સ્થાપના ૧૪૫૧માં નવાબ ઈસ્લામ ખાન દ્વારા કરવામાં આવી હતી. ગામના લોકો વચ્ચે નામને લઈને ક્યારેય કોઈ વિવાદ નથી રહ્યો. અમે આ મુદ્દાનું કોમીકરણ થવા દઈશું નહીં." તેમણે ભારપૂર્વક કહ્યું કે ગ્રામજનો અને ગ્રામ પંચાયતની સંમતિ વિના નામ બદલવું એ ગેરબંધારણીય છે. અમીન મણિયારે વહીવટી મુશ્કેલીઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, નામ બદલવાને કારણે ઈસ્લામપુરમાં રહેતા આશરે ૧૫,૦૦૦ જેટલા લોકોના તમામ સરકારી દસ્તાવેજો (જેવા કે આધારકાર્ડ, રેશનકાર્ડ વગેરે) અને સરકારી રેકોર્ડમાં સુધારા કરવા પડશે. આનાથી જનતા પર બિનજરૂરી આર્થિક બોજ વધશે અને ભારે અગવડતા ઊભી થશે. તેમણે ચેતવણી આપી છે કે જો સરકાર તેમની માંગ નહી સ્વીકારે અને નામ બદલવાની દરખાસ્ત આગળ ધપાવશે, તો આગામી સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ ગામ બ્રિટિશ શાસન, આઝાદી પછી અને મહેસૂલી રેકોર્ડમાં હંમેશાં ઈસ્લામપુર તરીકે જ ઓળખાય છે. નોંધનીય છે કે, રાજસ્થાનની ભજનલાલ શર્માની આગેવાની હેઠળની ભાજપ સરકાર અગાઉ પણ આવા નિર્ણયોને કારણે ચર્ચામાં રહી છે. આ પહેલા સરકારે પોલીસ વિભાગમાં વપરાતા ઉર્દૂ શબ્દોને હટાવીને તેના સ્થાને હિન્દી શબ્દો લાવવાની કવાયત હાથ ધરી છે. આ ઉપરાંત અજમેરમાં રાજ્ય પ્રવાસન વિભાગ દ્વારા સંચાલિત 'હોટેલ ખાદિમ'નું નામ બદલીને પણ 'હોટેલ અજય મેરૂ' કરવામાં આવ્યું હતું. બીજી તરફ વિપક્ષ કોંગ્રેસે ભાજપ સરકારની આ નીતિ પર આકરા પ્રહારો કર્યા છે. રાજસ્થાન કોંગ્રેસના જનરલ સેક્રેટરી અને પ્રવક્તા સ્વર્ણિમ ચતુર્વેદીએ આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, "ભાજપ દેશભરમાં માત્ર નામો બદલવાની રાજનીતિ કરી રહી છે, જેનાથી કોઈ નક્કર પરિણામ મળવાનું નથી. વિકાસના કાર્યો કરવાને બદલે, જે સ્થળોનો પોતાનો આગવો ઈતિહાસ છે તેના નામ બદલવાનો શો અર્થ છે? કોઈપણ સ્થળનું નામ બદલવાનો નિર્ણય ત્યાં રહેતા લોકોની વ્યાપક સહમતી અને જનભાવનાના આધારે જ લેવો જોઈએ."




# ઈટાવા કોર્ટના ચુકાદા પછી જમીન અને વારસા અંગે વિવાદ અને ચર્ચા : શું મોહમ્મદ ઘોરીના કમાન્ડર શમસુદ્દીનની ૮૩૨ વર્ષ જૂની મઝાર તોડી પાડવામાં આવશે ?

**ઉત્તર પ્રદેશની ઈટાવા અદાલતના મહત્ત્વપૂર્ણ ચુકાદાએ જમીનના રેકોર્ડ, ઐતિહાસિક દાવાઓ અને કાનૂની માલિકી સંબંધિત પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. લગભગ ૬૪ દિવસની સુનાવણી પછી ઈટાવાની એક કોર્ટે શમસુદ્દીન સાથે સંકળાયેલી મઝાર અનામત વન જમીન પર ગેરકાયદેસર અતિક્રમણ જાહેર કરી છે અને તેને ખાલી કરવાનો આદેશ આપ્યો છે**

(એજન્સી) ઈટાવા, તા.૭

વન વિભાગ દ્વારા રજૂ કરાયેલા કેસ અનુસાર, જે જમીન પર આ માળખું છે તે ૧૯૧૬, ૧૯૩૯ અને ૧૯૪૬ના સત્તાવાર ગેઝેટ સૂચનાઓમાં અનામત વન જમીન તરીકે નોંધાયેલ છે. અધિકારીઓએ દલીલ કરી હતી કે ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ ની જોગવાઈઓ હેઠળ, યોગ્ય મંજૂરી વિના આવી જમીન પર કરવામાં આવતી કોઈપણ બિન-વન પ્રવૃત્તિ ગેરકાયદેસર માનવામાં આવે છે. આ કાર્યવાહી દરમિયાન, મઝારનું પ્રતિનિધિત્વ કરતા પક્ષે દાવો કર્યો હતો કે માળખું ઘણી સદીઓ જૂનું છે. જો કે, કોર્ટે નોંધ્યું હતું કે અનેક સુનાવણીઓ અને તકો હોવા છતાં, માલિકી સ્થાપિત કરવા અથવા માળખાની સ્થિતિ અંગેના દાવાને સમર્થન આપવા માટે કોઈ નિર્ણાયક ઐતિહાસિક અથવા કાનૂની દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા નથી. આશરે ૧,૮૦૦ ચોરસ ફૂટ જમીન ગેરકાયદેસર કબજા હેઠળ હોવાનું ઓળખવામાં આવ્યું હતું. કોર્ટના નિર્ણય બાદ, તેને ખાલી કરાવવાનો આદેશ આપવામાં આવ્યો છે, જોકે અમલીકરણ માટે ચોક્કસ સમયરેખા હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. આ કેસ શ્રદ્ધા, ઈતિહાસ, વારસો જાળવણી,







પર્યાવરણીય નિયમો અને કાનૂની જવાબદારી સહિતના અનેક સંવેદનશીલ મુદ્દાઓને સ્પર્શે છે. તે અંગે ચર્ચાઓ ચાલુ હોવાથી, વિવિધ દ્રષ્ટિકોણથી લોકો ચર્ચા કરી રહ્યા છે કે જ્યારે ઐતિહાસિક દાવાઓ આધુનિક કાનૂની માળખા અને જમીન રેકોર્ડ સાથે વિરોધાભાસ ધરાવે છે ત્યારે તેનું મૂલ્યાંકન કેવી રીતે કરવું જોઈએ. આ ચુકાદો જમીન અને વારસાને લગતા જટિલ વિવાદોને ઉકેલવામાં દસ્તાવેજીકૃત પુરાવા, કાનૂની પ્રક્રિયાઓ અને સત્તાવાર રેકોર્ડના મહત્વને દર્શાવે છે. તે હાલના કાયદાઓ અને વહીવટી નિયમો સાથે ઐતિહાસિક કથાઓનું સંતુલન કરવા સમયે અધિકારીઓના પડકારોને પણ દર્શાવે છે. આધુનિક ભારતમાં ઈતિહાસ, કાયદો અને જાહેર નીતિ કેવી રીતે આગળ વધી શકે છે તેનું એક નોંધપાત્ર ઉદાહરણ છે.

### રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરાયું ખાતમુહૂર્ત

# અમરેલીમાં રૂા.૧૭ કરોડના ખર્ચે આધુનિક સંયુક્ત વહીવટી સંકુલનું નિર્માણ કરાશે

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૭

અમરેલી શહેરમાં અંદાજિત રૂા.૧૭ કરોડના ખર્ચે નિર્માણ પામનાર પ્રાંત કચેરી, મામલતદાર ગ્રામ્ય કચેરી અને મોડેલ સબ રજિસ્ટ્રાર ઓફિસના આધુનિક સંયુક્ત વહીવટી સંકુલનું ખાતમુહૂર્ત ઊર્જા અને કાયદો વિભાગના રાજ્યમંત્રી, કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ નવી કચેરીઓ કાર્યરત બન્યા બાદ શહેરી, ગ્રામ્ય તથા જિલ્લાના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ એક જ સ્થળે અને એક જ છત નીચે ઉપલબ્ધ બનશે.વર્તમાન સમયમાં વિવિધ વહીવટી સેવાઓ માટે નાગરિકોને અલગ-અલગ કચેરીઓમાં જવું પડતું હોય છે, જેના કારણે સમય અને શ્રમનો વ્યય થતો હોય છે. નવા સંયુક્ત વહીવટી સંકુલના નિર્માણથી જમીન દસ્તાવેજોની નોંધણી, આવક-જાતિ સહિતના પ્રમાણપત્રો, મહેસૂલ સંબંધિત અરજીઓ, જમીન રેકોર્ડ અને અન્ય વહીવટી કામગીરી માટે નાગરિકોને એક જ સ્થળે સુવિધા પ્રાપ્ત થશે. આ સુવિધાથી ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના નાગરિકો, ખેડૂતો, વકીલો, અરજદારો અને વિવિધ સેવાઓ માટે આવતા નાગરિકોને કચેરીઓ વચ્ચે ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં. વિવિધ વિભાગોની સેવાઓ નજીકમાં ઉપલબ્ધ બનતાં કામગીરી વધુ ઝડપી, સરળ અને પારદર્શક બનશે. આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર નાગરિકોને વધુ સુલભ, ઝડપી અને પારદર્શક સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે. વિવિધ વહીવટી સેવાઓને એક જ સ્થળે કેન્દ્રિત કરવાથી નાગરિકોને ગુણવત્તાયુક્ત સેવાઓ સરળતાથી પ્રાપ્ત થશે અને 'સરકાર તમારા દ્વારે'ની ભાવનાને વધુ બળ મળશે. આધુનિક સંયુક્ત વહીવટી સંકુલના નિર્માણથી અમરેલી જિલ્લામાં વહીવટી સેવાઓના માળખામાં ગુણાત્મક સુધારો થશે તેમજ નાગરિક કેન્દ્રિત સુશાસનના લક્ષ્યને વધુ મજબૂતી મળશે.નવા સંકુલમાં નાગરિકલક્ષી અભિગમને કેન્દ્રમાં રાખીને પ્રાથમિક સુવિધાઓ ઉપરાંત રેઈન વોટર હાર્વેસ્ટિંગ, પાર્કિંગ શેડ, હરિયાળું ગાર્ડન, આધુનિક અગ્નિશમન વ્યવસ્થા તેમજ સુવ્યવસ્થિત પરિસર જેવી સુવિધાઓ વિકસાવવામાં આવશે. પર્યાવરણલક્ષી માળખાકીય સુવિધાઓ સાથે આ સંકુલ ભવિષ્યલક્ષી અને આધુનિક વહીવટી કેન્દ્ર તરીકે વિકસશે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં ઉ.મા. શિક્ષકોની ખાલી પડેલી જગ્યાઓ તાકીદે ભરવા રજૂઆત

તા.૭

સુરેન્દ્રનગર જિલ્લામાં ખાલી પડેલી શિક્ષકોની જગ્યાએ સત્વરે જ્ઞાન સહાયકોની ભરતી કરવા સુરેન્દ્રનગર જિલ્લા આચાર્ય સંઘે જિલ્લા શિક્ષણાધિકારીને આવેદન પાઠવી રજૂઆત કરતા જણાવેલ હતું કે, ચાલુ શૈક્ષણિક વર્ષમાં એટલે કે તા.૩૧-૫ના રોજ જિલ્લાની વિવિધ માધ્યમીક અને ઉચ્ચતર માધ્ય. શાળાઓમાં ફરજ બજાવતા ઘણા અનુભવી શિક્ષક મિત્રો વય નિવૃત્તિના કારણે નિવૃત્ત થયા છે.

જેના કારણે શાળાઓમાં વિષયવાર શિક્ષકોની જગ્યાઓ ખાલી પડેલ છે. તેમજ હાલની સ્થિતિએ શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર મા. વિભાગોમાં શિક્ષકોની જગ્યાઓ ખાલી રહેલ છે.

તા.૮-૬થી નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહ્યું છે. બોર્ડની પરીક્ષાના વર્ષ (ધોરણ-૧૦ અને ૧૨)ના વિદ્યાર્થીઓ સહિત તમામ વર્ગોનું શૈક્ષણિક કાર્ય નિયમિત રીતે શરૂ થશે. આવા સમયે શાળાઓમાં શિક્ષકોની અછતને કારણે મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.

મુખ્ય વિષયોના શિક્ષકો ન હોવાને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ બગાડવાની ભીતિ રહેલી છે. હાજર સ્ટાફ પર તાસ (પિરીયડ) અને વહીવટી કામગીરીનું ભારણ અતિશય વધી ગયું છે. જો શરૂઆતથી જ પૂરતા શિક્ષકો ઉપલબ્ધ નહીં થાય તો આગામી બોર્ડની પરીક્ષાઓના પરિણામ પર તેની નકારાત્મક અસર પડી શકે છે. આથી વિદ્યાર્થીઓના બહોળા શૈક્ષણિક હિતને ધ્યાને રાખીને તા.૩૧-૫ના રોજ વય નિવૃત્તિને લીધે ખાલી પડેલી તમામ જગ્યાઓ તેમજ અગાઉથી ખાલી રહેલ તમામ જગ્યાઓ પર સરકારના નિયમોનુંસાર જ્ઞાન સહાયકોની નિમણૂંક સત્વરે (તાકિદે) કરવી.



# ભાવનગર : જાલીનોટ કેસમાં ત્રણ આરોપીને કોર્ટે ત્રણ વર્ષની સજા ફટકારી

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર,તા.૭

વર્ષ-૨૦૧૭ના જાલીનોટ અંગેના કેસમાં ભાવનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટે ત્રણ આરોપીને ત્રણ વર્ષની સજા ફટકારી છે. તા.૨૬/૦૫/૨૦૧૭ના રોજ એસ.ઓ.જી. ભાવનગરને મળેલ બાતમી મુજબ દોઢસો ફૂટ રીંગ રોડ સિદ્ધિ વિનાયક ટાઉનશીપ માધવ રેસીડન્સી ફ્લેટ ૩૦૨માં બે હજાર તથા પાંચસોના દરની ભારતીય ચલણી બનાવટી નોટો છાપવાનું કામ ચાલુ હોય તેવી બાતમી મળતા એસ.ઓ.જી.ના ચાર્જમાં રહેલ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પી.આઈ., એચ.એ. જાડેજાએ પોલીસ સ્ટાફ સાથે બાતમીવાળી જગ્યાએ રેડ કરી હતી. ત્યારે સ્થળ ઉપરથી (૧) હાર્દિક ભૂપતભાઈ વાઘેલા (૨) સુરેશ મોહનભાઈ આડેસરા (૩) પ્રદીપ ધીરૂભાઈ વાઘેલા મળી આવેલ. તેઓ પાસેથી બે હજાર તથા પાંચસોના દરની બનાવટી નોટ, પ્રિન્ટર, પેપર, ટેપ વગેરે મુદ્દામાલ સાથે અટક કરવામાં આવેલ. જે સંબંધે અનિરૂદ્ધસિંહ વજુભા ગોહિલ પો.કો. એલ.સી.બી. ભાવનગર એ ફરિયાદ આપેલ, જે તપાસમાં ઉપરોકત ત્રણ આરોપી સિવાય અન્ય છ આરોપીઓ સામે તપાસનીસ અધિકારી દ્વારા ચાર્જશીટ ફરમાવવામાં આવેલ. જે ફરિયાદ અન્વયેનો કેસ ભાવનગરના પ્રિન્સિપલ ડિસ્ટ્રકટ એન્ડ સેશન્સ જજ એચ.એસ. મુલિયાની કોર્ટમાં ચાલી જતાં આરોપીઓ (૧) હાર્દિક ભૂતપભાઈ વાઘેલા (૨) સુરેશ મોહનભાઈ આડેસરા (૩) પ્રદીપ ધીરૂભાઈ વાઘેલા તેમજ ફરિયાદ પક્ષે રજૂ કરેલ મૌખિક પુરાવાઓ અને રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ જિલ્લા સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ આરોપીઓ (૧) હાર્દિક ભૂપતભાઈ વાઘેલા (૨) સુરેશ મોહનભાઈ આડેસરા (૩) પ્રદીપ ધીરૂભાઈ વાઘેલાને ત્રણ વર્ષની સજા પ્રિન્સિપલ ડિસ્ટ્રકટ એન્ડ સેશન્સ જજ એચ.એસ. મુલિયા દ્વારા ફરમાવવામાં આવેલ છે. જ્યારે અન્ય છ આરોપીઓને શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ કરેલ છે.

### 'તેરા તુજકો અર્પણ' અંતર્ગત

# નિલમબાગ પોલીસે રૂા.૫ લાખના દાગીના મૂળ માલિકને પરત કર્યા



(તસવીર : ફૈઝલ કાઝી, ભાવનગર)

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર,તા.૭

ભાવનગર રેન્જ પોલીસ મહાનિરીક્ષક આર.વી. અસારી તથા ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયએ ભાવનગર વિસ્તારમાં અનડીટેકટ તેમજ ગુમ થયેલ બનાવો વધુને વધુ કેસો શોધી કાઢવા સુચનાઓ આપવામાં આવેલ જે બાબતે ભાવનગર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક આર.આર. સિંઘાલે સીધા માર્ગદર્શન હેઠળ નિલમબાગ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. ડી.પી. ઉનડકટ બની સુચનાથી સર્વેલન્સ સ્ટાફના માણસો અનડિટેકટ તેમજ ગુમ થયેલ બનાવો શોધી કાઢવા પ્રયત્નશીલ હતા. નિલમબાગ પો. સ્ટે. વિસ્તારમાં રહેતા એક અરજદાર રયાબેન દોલતભાઈ વાળોદરા રહે-રેલવે સ્ટેશન, શારદા વિદ્યાલયની સામે, વાલ્મિકી વાસ, ભાવનગરના સોના-ચાંદીના દાગીના ગુમ થયેલ હોય જે બાબતે અરજદાર નિલમબાગ પોલીસ સ્ટેશન આવી જાણ કરેલ હોય જે બનાવ બાબતે પો.ઈન્સ.સાની સુચનાથી સર્વેલન્સ સ્ટાફના માણસોએ સીસીટીવી એનાલિસ કરી હ્યુમન રિસોર્સના આધારે સતત મહેનત કરી ચોવીસ કલાકમાં અરજદારના ગુમ થયેલ સોના-ચાંદીના દાગીના જેની કિં રૂા.૫,૦૦,૦૦૦/-ના હોય તે શોધી કાઢી તેરા તુજકો અર્પણ અંતર્ગત મૂળ માલિકને સોંપી આપેલ છે. કામગીરી કરનાર નિલમબાગ પો. સ્ટે.ટીમમાં પો.ઈન્સ. ડી.પી. ઉનડકટ એએસઆઈ એચ.બી. ભટ્ટ પો.કોન્સ. હરપાલસિંહ ગોહિલ, વિજયભાઈ ચુડાસમા, ઉજ્જવલસિંહ ગોહિલ, રણજીતસિંહ મોરી, લાલજીભાઈ ચુડાસમા, મહેન્દ્રસિંહ સરવૈયા, અજીતભાઈ પનારા જોડાયેલ હતા.

# અંકલેશ્વરના સંજાલી પાસે કેનાલમાં એક યુવક તણાયો, બીજાનો બચાવ

### રિક્ષા ચાલકની સતર્કતાને પગલે એક યુવકનો બચાવ થયો

અંકલેશ્વર, તા.૭

અંકલેશ્વર તાલુકાના સંજાલી ગામના મહારાજા નગર પાસે કેનાલમાં બે યુવકો નાહવા માટે ગયા હતા, જેમાં એક યુવકનો પગ લપસી જતા તણાયો હતો. જોકે રીક્ષા ચાલકની સતર્કતાને પગલે એકનો આબાદ બચાવ થયો હતો. અંકલેશ્વરના સંજાલી ગામના મહારાજા નગર પાસે ઉકાઈ જમણા કાંઠા નહેરમાં બે યુવકો નાહવા માટે ગયા હતા પરંતુ પગ લપસી જવાના કારણે કેનાલના પાણીમાં ખેંચવા લાગ્યા હતા. જોકે રીક્ષા ચાલક ઝુબેર શિદાતે પાનોલી ફાયર વિભાગમાં જાણ કરતા ફાયરના જવાનો તાત્કાલિક દોડી આવી એક યુવકને બચાવી લીધો હતો. જ્યારે કેનાલમાં તણાઈ ગયેલ બીજા યુવકની શોધખોળ હાથ ધરી છે.

# બખર જમીન કેસ : ૧૮ વર્ષ પહેલાં રદ થયેલા વસિયતનામાના આધારે કરોડોની સરકારી જમીન નામે કરી દેવાનું કૌભાંડ

### નાંદોદના તત્કાલીન મામલતદાર રોહિત પખાવાલાની ધરપકડ, કોર્ટે સોમવાર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૭

નર્મદા જિલ્લાના નાંદોદ (હાલ ગરૂડેશ્વર) તાલુકાના બખર ગામે સરકારી નિયમો બાજુ પર મૂકીને, કરોડો રૂપિયાની સરકારી જમીન ખોટી રીતે નામે કરી દેવાના કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સરકારી સત્તાનો ખોટો ઉપયોગ કરીને રાજ્ય સરકારને અંદાજે રૂા.૧,૨૯,૩૯,૧૫૦નું આર્થિક નુકસાન પહોંચાડવાના આક્ષેપ સાથે નાંદોદના તત્કાલીન મામલતદાર રોહિત બાબુલાલ પખાવાલાની ધરપકડ કરવામાં આવી છે.આ ગુનામાં આરોપીને રાજપીપળાની કોર્ટમાં રજૂ કરાતા અદાલતે આગામી સોમવાર તારીખ ૮/૬/૨૦૨૬ સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસ ફરિયાદ મુજબ, આ પ્રકરણમાં અગાઉ રદ થઈ ચૂકેલી વિગતને જ ફરીથી મંજૂર કરાવીને આખું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે.



આ કેસની વિગત એવી છે કે, બખર ગામના જૂના સર્વે નંબર ૩૩, ૩૫, ૪૧ અને ૪૨ (જે કેનાલ નીકળવાના કારણે પછીથી નવા સર્વે નંબર ૩૩-અ, ૩૩-બ, ૩૫, ૪૧, ૪૨-અ અને ૪૨-બ બન્યા હતા)ની ખેતીની જમીન મૂળ વડોદરાના ખાતેદારો ગોરધન જેઠા પટેલ અને કમળાબેન દેસાઈ પટેલના નામે સરકારી ચોપડે બોલતી હતી. આમાંથી મૂળ ખાતેદાર ગોરધન પટેલે વર્ષ ૧૯૮૯માં વડોદરાના જ્યોતિન્દ્ર શાંતિલાલ પટેલ નામના એક વ્યક્તિના નામે વીલ લખી આપી હતું. આ વીલના આધારે વર્ષ ૧૯૯૯માં સરકારી ચોપડે નોંધ પાડવામાં આવી હતી, પણ બીજા ભાગીદારની સંમતિ ન હોવાથી તે સમયે નાંદોદ મામલતદારે આ વસિયતનામું રદ કરી દીધું હતું.

ત્યારે નાંદોદમાં ફરજ બજાવતા તત્કાલીન મામલતદાર રોહિત બાબુલાલ પખાવાલાએ જ્યોતિન્દ્ર પટેલ અસલ ખેડૂત છે કે નહીં ? તેવી કોઈપણ જાતની સરકારી ચકાસણી કર્યા વગર, તારીખ ૧૦/૧૨/૨૦૦૮ના રોજ આ વિવાદિત નોંધ મંજૂર કરીને જમીન તેમના નામે કરી આપી હતી. જમીન નામે થતાં જ, જ્યોતિન્દ્ર પટેલે તારીખ ૨૫/૩/૨૦૧૦ના રોજ આ જમીન કાંતિલાલ રામસ્વરૂપ શાહના નામે વેચાણ કરી હતી.

આ મામલે વડોદરાના અરજદાર કમલેશ કૃષ્ણકાંત મહેતાએ વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૯માં સરકારના મહેસૂલ વિભાગમાં લેખિત ફરિયાદો કરી હતી. આ ફરિયાદના આધારે સરકારે કેસની તપાસ SITને સોંપી નર્મદા કલેક્ટરને તપાસ કરવા કહ્યું હતું. કલેક્ટર નર્મદાએ તપાસ કરતાં આરોપીઓ ખેડૂત હોવાના કોઈ પુરાવા આપી શક્યા નહોતા, જેથી કલેક્ટરે ૯/૩/૨૦૨૧ના રોજ આ જમીનની તમામ નોંધો રદ કરી દીધી હતી. આ લોકો બિન-ખેડૂત સાબિત થતાં ગણોતધારાના કાયદા હેઠળ ગરૂડેશ્વરના મામલતદારે જ્યોતિન્દ્ર પટેલને રૂા.૭૩,૯૩,૨૦૦ અને કાંતિલાલ શાહને રૂા.૫૫,૪૫,૯૫૦નો દંડ કર્યો હતો. જેમી સામે કાંતિલાલ શાહે કરેલી અપીલ પણ સરકારે નામંજૂર કરી દીધી હતી.

રાજપીપળા ડેપ્યુટી કલેક્ટરની તપાસ અને કલેક્ટર નર્મદાના અહેવાલના આધારે, ગરૂડેશ્વરના મામલતદાર જયંતીલાલ વશરામભાઈ વૈષ્ણવે રોહિત બાબુલાલ પખાવાલા (રહે. અમદાવાદ, મૂળ વતની-વડનગર, મહેસાણા), જ્યોતિન્દ્ર શાંતિલાલ પટેલ અને કાંતિલાલ રામસ્વરૂપ શાહ સામે સીઆઈડી ક્રાઈમ વડોદરા ઝોનમાં ફરિયાદ નોંધાવી હતી. જેને પગલે પોલીસે તારીખ ૪/૬/૨૦૨૬ના રોજ અમદાવાદ ખાતેથી આરોપી રોહિત પખાવાલાની ધરપકડ કરી હતી.

# ડીસામાં ખોદકામ દરમિયાન ગેસ લાઈન ફાટતાં દોડધામ : સદ્‌નસીબે દુર્ઘટના ટળી

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૭

રવિવારના સવારે આદર્શ હાઈસ્કૂલ નજીક જેસીબી દ્વારા પાઈપલાઈન નાખવાની કામગીરીનું ખોદકામ ચાલી રહ્યું હતું, તે દરમિયાન ઓચિંતો જેસીબીનો પંજો ગેસ લાઇન પર વાગતા પાઈપલાઈન ફાટી ગઈ હતી અને અવાજ સાથે ગેસ લીકેજ થતાં જ આગ કે પ્રચંડ વિસ્ફોટ થવાનો ગંભીર ખતરો સર્જાયો હતો. સ્થાનિક લોકોએ ગેસ કંપનીના કંટ્રોલ રૂમને આ અંગે જાણ કરી હતી. ગેસ કંપનીના અધિકારીઓ અને ટેકનિકલ ટીમ તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પાછળથી મુખ્ય પુરવઠો (સપ્લાય) બંધ કરી દેતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જે સ્થળે આ ઘટના બની તેની બિલકુલ નજીક જ આદર્શ હાઈસ્કૂલ અને મોટો રહેણાંક વિસ્તાર આવેલો છે. જોકે આજે રવિવાર રજાનો દિવસ હોઈ શાળામાં રજા હતી જોકે ગેસ લીકેજ દરમિયાન નાનો સરખો તણખો પણ થયો હોત, દુર્ઘટના સર્જાઈ હોત. સદનસીબે ગેસ કંપની અને સ્થાનિકોની સમયસરની કાર્યવાહીથી એક બહુ મોટી દુર્ઘટના સહેજમાં ટળી ગઈ હતી. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટર સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે ? શું ખોદકામ શરૂ કરતાં પહેલાં ગેસ લાઇનના નકશાની ચકાસણી કરવામાં આવી હતી ? શા માટે ગેસ કંપનીના સુપરવાઈઝરની ગેરહાજરીમાં આવું જોખમી ખોદકામ કરવા દેવાયું ? સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે આવી ગંભીર બેદરકારી દાખવનાર જવાબદારો સામે તંત્ર દ્વારા કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ નિર્દોષનો જીવ જોખમમાં ન મુકાય.

### ૩૦૯ ટીમો કરશે ઘરેઘરે સર્વે

# ભાવનગર જિલ્લામાં તા.૮થી ૧૮ જૂન દરમિયાન રક્તપિત્ત શોધ અભિયાન

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૭

ભાવનગર શહેર તથા જિલ્લાના તમામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં રક્તપિત્તના દર્દીઓની વહેલી તકે ઓળખ કરી તેમને યોગ્ય સારવાર ઉપલબ્ધ કરાવવા માટે તા.૮થી ૧૮ જૂન, ૨૦૨૬ દરમિયાન લેપ્રસી કેસ ડીટેક્શન કેમ્પેઈન (LCDC) હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ સમગ્ર જિલ્લામાં ૩૦૯ ટીમો દ્વારા ઘરે-ઘરે જઈ સર્વેની કામગીરી કરવામાં આવશે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કોકિલાબેન સોલંકી તથા જિલ્લા ક્ષય અધિકારી ડો. પી.વી. રેવરએ જણાવ્યું હતું કે, અભિયાનનો મુખ્ય હેતુ રક્તપિત્તના દર્દીઓને શોધી તેમને સમયસર સારવારના દાયરામાં લાવવાનો છે. છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન જ્યાં રક્તપિત્તના કેસ નોંધાયા હતા તેવા ગામો અને વિસ્તારોને પણ આ ઝુંબેશમાં આવરી લેવામાં આવ્યા છે.

અભિયાન માટે કાર્યરત દરેક ટીમમાં એક આશા વર્કર અને એક પુરૂષ આરોગ્ય કર્મચારીનો સમાવેશ કરવામાં આવ્યો છે. મમતા દિવસ અને જાહેર રજાઓને બાદ કરતાં કુલ ૭ દિવસ સુધી ટીમો ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં દરરોજ અંદાજે ૩૦થી ૪૦ ઘરોની મુલાકાત લઈ પરિવારના સભ્યોની શારીરિક તપાસ કરશે.સર્વે દરમિયાન કોઈ વ્યક્તિમાં રક્તપિત્તના શંકાસ્પદ લક્ષણો જણાય તો તેમને વધુ તપાસ, નિદાન અને સારવાર માટે નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અથવા સરકારી હોસ્પિટલ ખાતે મોકલવામાં આવશે. નિદાન બાદ દર્દીઓને ૬થી ૧૨ માસ સુધી મલ્ટી ડ્રગ થેરાપી (MDT) સારવાર આપવામાં આવશે, જેના દ્વારા રક્તપિત્તનો રોગ સંપૂર્ણપણે મટાડી શકાય છે.

# પાનોલી GIDC સ્થિત કંપનીમાં કામ કરનાર કામદારનું કથિત 'ગેસ અસર' બાદ શંકાસ્પદ મોત

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૭

પાનોલી જીઆઈડીસીમાં કામદારોની સુરક્ષા અને ઔદ્યોગિક એકમો, GPCB એપ્રુવ્ડ સ્ક્રેપ ડીલર્સના ગોડાઉન/કંપનીમાં ચાલતી કામગીરી પર ફરી એકવાર ગંભીર પ્રશ્નાર્થચિન્હ લાગ્યો છે. તાજેતરમાં સામે આવેલી એક ચોંકાવનારી ઘટના મુજબ, ખરોડ સ્થિત વેલ્કેર હોસ્પિટલમાં સારવાર દરમિયાન એક કામદારનું શંકાસ્પદ મોત નિપજતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ મામલે સ્થાનિકો દ્વારા ઘનીષ્ઠ અને નિષ્પક્ષ તપાસની માંગ ઉઠી રહી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર મૃતકની ઓળખ મોહમદ નઈમ કુરૈશી (ઉં.વ. ૩૩, મૂળ રહે. સિદ્ધાર્થનગર, યુ.પી., હાલ રહે. પ્રતીક્ષા સોસાયટી, કાપોદ્રા, તા. અંકલેશ્વર) તરીકે થઈ છે.

**પોલીસને મળેલ પ્રાથમિક માહિતી અનુસાર :**

(૧). આ ઘટના તા.૦૨/૦૬/૨૦૨૪ના રોજ કલાક ૧૦:૦૦થી ૧૧:૩૦ વાગ્યા દરમિયાન પાનોલી જી.આઈ.ડી.સી.માં આવેલ 'નેશનલ બાયો સેફ' નામની કંપનીમાં બની હતી.

(૨). તે દિવસે મોહમદ નઈમ કુરૈશી પોતાની નોકરી પર હતા, જ્યાં તેમને કંપનીમાં 'ગેસ જેવું' લાગ્યું હતું, જેના કારણે તેમની તબિયત બગડી હતી.

(૩). તેઓ ઘરે પરત ફર્યા અને પ્રાથમિક સારવાર કરાવી. પરંતુ, તા.૦૩/૦૬/૨૦૨૪ના રોજ તેમને વધારે પડતા ચક્કર આવતા, તેમને વધુ સારવાર માટે ખરોડની વેલ્કેર હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા.

(૪). જ્યાં સારવાર દરમિયાન, તા.૦૬/૦૬/૨૦૨૪ના રોજ વહેલી સવારે કલાક ૦૫:૫૮ વાગ્યે તેમનું શંકાસ્પદ મોત નિપજ્યું હતું.

જાણવા જોગ ફરિયાદમાં સ્પષ્ટપણે 'ગેસ જેવું લાગતા' તબિયત બગડ્યાનો ઉલ્લેખ હોવાથી, આ મૃત્યુ શંકાના દાયરામાં આવ્યું છે. સ્થાનિકોમાં ઉઠી રહેલા પ્રશ્નો મુજબ : શું 'નેશનલ બાયો સેફ' કંપની દ્વારા જરૂરી સલામતી ધોરણોનું પાલન કરવામાં આવી રહ્યું હતું ?

શું જીઆઈડીસીમાં આવતી ઔદ્યોગિક કંપનીઓ અને ખાસ કરીને જોખમી કચરો કે સ્ક્રેપ/કન્ટામીનેટ વેસ્ટના હેન્ડલિંગ દરમિયાન ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની ગાઈડલાઈન્સનું પાલન થાય છે ? કંપની કે સ્ક્રેપ ડીલર્સને મળેલ Consent મુજબ કામદારોને પૂરતા સુરક્ષા ઉપકરણો, સ્ટોરેજ સિસ્ટમ અને સલામત વાતાવરણ પૂરું પાડવામાં આવે છે કે કેમ, તે એક મોટો તપાસનો વિષય બની શકે છે. સ્થાનિકો દ્વારા ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરવામાં આવી રહી છે.

# વાગરાના કોલિયાદ ગામમાં માટી ખનનને પગલે ખેડૂતોમાં આક્રોશ

### નર્મદાનું પાણી ખાડામાં ભરાતા ખેડૂતોની ચિંતામાં વધારો

(સંવાદદાતા દ્વારા)

વાગરા, તા.૭

વાગરાના કોલીયાદ ગામે માટી ખોદકામની મંજૂરીની આડમાં વધુ ખનન કર્યાના ખેડૂતોએ આક્ષેપો કર્યા છે. જ્યારે જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવા જિલ્લા સમાહર્તા સમક્ષ રાવ નાંખવામાં આવી છે.

વાગરા તાલુકાના કોલીયાદ ગામમાં જી.એચ.વી ઈન્ડિયા પ્રા. લિ. અને બી.ડી.એચ.એસ રોડ પ્રોજેક્ટ પ્રા. લિ. દ્વારા કરવામાં આવેલા ખોદકામને લઈને ગંભીર પ્રશ્નો ઉભા થવા પામ્યા છે.આ અંગે ભરૂચ જિલ્લા કલેક્ટરને કરવામાં આવેલી ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કંપનીએ મળેલી મંજૂરીની શરતોને નેવે મૂકી મંજૂર મર્યાદા કરતા અનેકગણી વધુ ઊંડાઈ સુધી માટી ખોદકામ કર્યું છે. જેના પરિણામે નર્મદા નદીનું પાણી વિશાળ ખાડાઓમાં પ્રવેશી ગયુ છે. અનેક સ્થળોએ અંદાજે ૧૭ થી ૨૫ ફૂટ જેટલી ઊંડાઈ સુધી માટી ઉપાડવામાં આવી હોવાનું સામે આવ્યું છે. સ્થાનિક ખેડૂતોનો આક્ષેપ છે કે, જો આવનારા ચોમાસામાં નર્મદાના પાણીનું સ્તર વધશે તો આ પાણી આસપાસના ખેતરોમાં ઘૂસી શકે છે, જેના કારણે પાક, ખેતી લાયક જમીન અને સિંચાઈ વ્યવસ્થાને ભારે નુકસાન પહોંચી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યુ છે. તો બીજી તરફ પાણીથી ભરાયેલા ખુલ્લા અને ઊંડા ખાડાઓ માનવજીવન તેમજ પશુધન માટે પણ મોતના કૂવા સમાન સાબિત થઈ શકે તેવી ગંભીર ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

### ખેડૂતોની હાજરીમાં GPS સાથે ડ્રોન સર્વે કરવાની માંગ

ફરિયાદમાં વધુ એક ગંભીર મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે કે ગામ પંચાયતના ઠરાવો, ભલામણો અને સંબંધિત અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી મંજૂરીઓની પણ નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. જો મંજૂરી મેળવવા માટે ખોટી માહિતી રજૂ કરવામાં આવી હોય અથવા સત્તાનો દુરૂપયોગ થયો હોય તો જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામા આવી છે. અરજદારે સમગ્ર મામલે તાત્કાલિક સંયુક્ત તપાસ સમિતિ રચવા, GPS અને ડ્રોન સર્વે દ્વારા વાસ્તવિક માપણી કરાવવા, તેમજ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ખોદકામ બંધ કરાવવા માંગ કરી છે. ફરિયાદમાં ચેતવણી પણ આપવામાં આવી છે કે જો વહેલી તકે સ્થળ તપાસ અને પ્રાથમિક કાર્યવાહી શરૂ નહીં થાય તો ખેડૂતો અને ગ્રામજનો જિલ્લા કક્ષાએ ધરણાં, જનસભાઓ સહિતના વિરોધ કાર્યક્રમો શરૂ કરશે. જરૂર પડશે તો મામલો ગાંધીનગર અને ગુજરાત હાઈકોર્ટ સુધી લઈ જવાની પણ તૈયારી દર્શાવવામાં આવી છે.

# વડોદરામાં ગેરકાયદે ચાલતા ભૂંડના કતલખાના પર દરોડો, માંસનો જથ્થો તથા સાધનો જપ્ત

### FSL તપાસ શરૂ, સ્થળ પરથી એક વ્યક્તિ ઝડપાતા ગેરકાયદે નેટવર્ક અંગે તપાસ તેજ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૭

વડોદરા શહેરના સમા વિસ્તારના સંજયનગરમાં ગેરકાયદે રીતે ચાલી રહેલા ભૂંડના કતલખાના પર રવિવારે દર્શના એનિમલ વેલ્ફેર સંસ્થાના કાર્યકરો અને સ્થાનિક પોલીસની ટીમે સંયુક્ત દરોડો પાડી મોટી કાર્યવાહી હાથ ધરી હતી. દરોડા દરમિયાન બે દુકાનોમાંથી મોટી માત્રામાં ભૂંડનું માંસ, કતલ માટે ઉપયોગમાં લેવાતા સાધનો અને અન્ય સામગ્રી મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી એક વ્યક્તિને ઝડપી લઈ વધુ પૂછપરછ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, અમદાવાદ સ્થિત દર્શના એનિમલ વેલ્ફેર સંસ્થાને સમા સંજયનગર વિસ્તારમાં ગેરકાયદે રીતે ભૂંડનું કતલ કરી તેનું માંસ વેચવામાં આવતું હોવાની બાતમી મળી હતી. આ માહિતીના આધારે સંસ્થાના કાર્યકરોએ સ્થાનિક પોલીસનો સંપર્ક કરી સંયુક્ત દરોડાની યોજના બનાવી હતી. રેડ દરમિયાન બે દુકાનોમાં ગેરકાયદે રીતે ભૂંડનું કટીંગ અને માંસનું વેચાણ થતું હોવાનું સામે આવ્યું હતું. કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી મોટી માત્રામાં સંગ્રહ કરાયેલો માંસનો જથ્થો, કતલ માટે વપરાતા ધારદાર હથિયારો અને અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. પોલીસને સ્થળ પરથી એક વ્યક્તિ મળી આવતા તેની અટકાયત કરી પૂછપરછ હાથ ધરવામાં આવી છે. કબજે કરાયેલા માંસની ગુણવત્તા તેમજ તે કયા પ્રાણીનું છે ? તેની ચોક્કસ ઓળખ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની મદદ લેવામાં આવી છે. નમૂનાઓ તપાસ માટે મોકલવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. સાથે જ ગેરકાયદે કતલખાનાના સંચાલન અને માંસના વેપાર સાથે સંકળાયેલા અન્ય વ્યક્તિઓની ભૂમિકા અંગે પણ તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો છે. શહેરમાં ગેરકાયદે કતલખાનાઓ સામે આગામી સમયમાં વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# પાલેજ : કડીવાળા ઘાંચી સમાજના તેજસ્વી તારલા અને પ્રતિભાઓનું સન્માન કરાયું

(સંવાદદાતા દ્વારા)

પાલેજ, તા.૭

પાલેજ-વલણ માર્ગ પર આવેલી HHFMC પબ્લિક સ્કૂલ ખાતે કડીવાળા ઘાંચી ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા 'સમન્વય-૨૦૨૬' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન પાલેજના ચિશ્તીયા નગર સ્થિત હજરત સૈયદ સલીમુદ્દીન ચિશ્તી સાહેબે કર્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ તિલાવતે કુર્આન શરીફથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સલીમભાઈ સેગવાવાળાએ સુંદર પ્રાર્થના રજૂ કરી હાજરજનોને ભાવવિભોર કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન સૈયદ સલીમુદ્દીન ચિશ્તી સાહેબ તથા ડૉ. મતાઉદ્દીન ચિશ્તી સાહેબનું કડીવાળા ઘાંચી ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો દ્વારા ફૂલહાર અને મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ડૉ. ઈમ્તિયાઝ મોદી અને શિરીન કડીવાલાએ વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વર્તમાન ડિજિટલ યુગમાં ધોરણ-૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ વિવિધ કારકિર્દી ક્ષેત્રોની માહિતી



(તસવીર : ઐયુબ મોદી, પાલેજ)

આપી હતી તેમજ યોગ્ય ક્ષેત્રની પસંદગી કેવી રીતે કરવી તે અંગે માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. બંને વક્તાઓએ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સ્કિલ ડેવલપમેન્ટના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો.

મુખ્ય વક્તા ડૉ. મતાઉદ્દીન ચિશ્તી સાહેબે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, સમાજના વિકાસ અને યુવા પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે આવા કાર્યક્રમો અત્યંત જરૂરી છે. તેમણે બુઝુર્ગોની સંગત અને માર્ગદર્શન સાથે શિક્ષણના મહત્વ પર પ્રકાશ પાડતા માતા-પિતાને પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષણ અપાવવા અનુરોધ કર્યો હતો. તેમણે નિસ્બત અને સૂફી સંતોના આશીર્વાદના મહત્વ અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આજના સમયમાં AI, ડેટા અને આધુનિક શિક્ષણ જરૂરી છે, પરંતુ આધ્યાત્મિક મૂલ્યો અને વડીલોના આશીર્વાદ જીવનને સફળ અને અર્થપૂર્ણ બનાવે છે.

કાર્યક્રમ દરમિયાન કડીવાળા ઘાંચી સમાજના તેજસ્વી તારલાઓ, શિક્ષકો-શિક્ષિકાઓ તેમજ વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર પ્રતિભાઓને ટ્રોફી અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. અંતમાં આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# 'જો તેઓ યુદ્ધ રોકી શકે છે, તો પેપર લીક કેમ નહીં?' : દિપકે એ પીએમ મોદીને પરીક્ષા વિવાદો પર કાર્યવાહી કરવા વિનંતી કરી, પ્રધાનના રાજીનામાની માંગ કરી

## જંતર-મંતરના વિરોધ પ્રદર્શનથી દર્શાવાયું હતું કે, Gen Z ડરતી નથી, તેમણે કહ્યું કે યુવાનોએ ખોટા કાર્યો સામે અવાજ ઉઠાવવો જોઈએ

(એજન્સી) તા.૭

નવી દિલ્હીના જંતર-મંતર ખાતે, પરીક્ષા સંબંધિત કથિત ભૂલો પર કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણીના વિરોધ દરમિયાન કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દિપકે, મધ્યમાં સફેદ પોશાક પહેરીને, સભાને સંબોધિત કરી રહ્યા છે. પરીક્ષા સંબંધિત ભૂલો માટે કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન પાસેથી રાજીનામું લેવાની જવાબદારી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની છે, એમ કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકે એ રવિવારે જણાવ્યું હતું. NEET-UG ૨૦૬ પેપર લીક તેમજ CBSE ઓન-સ્ક્રીન માર્કિંગ (OSM) મિકેનિઝમમાં આવી રહેલી સમસ્યાઓ અંગે પ્રધાનના રાજીનામાની માગણી માટે રાષ્ટ્રીય રાજધાનીમાં જંતર-મંતર પર તેમના નવા રચાયેલા સંગઠન દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયાના એક દિવસ પછી, દિપકે પ્રશ્નો પૂછવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. યુવાનો પોતાનો અવાજ ઉઠાવશે ત્યારે જ સિસ્ટમ યોગ્ય બનશે, એમ તેમણે કહ્યું. દિપકે એવો પણ દાવો કર્યો હતો કે શનિવારે નવી દિલ્હીના જંતર-મંતર ખાતે યોજાયેલા વિરોધ પ્રદર્શનને જોરદાર પ્રતિસાદ મળ્યો હતો, જેમાં લગભગ ૭,૦૦૦ લોકો હાજર રહ્યા હતા અને કહ્યું હતું કે આંદોલન હવે દેશભરમાં લઈ જવામાં આવશે. CJPના સ્થાપક રવિવારે સવારે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર જિલ્લાના MIDC વાલુજ વિસ્તારમાં તેમના ઘરે પાછા ફર્યા, જ્યાં પરિવારના સભ્યોએ તેમનું સ્વાગત કર્યું. તેઓ શનિવારે સવારે યુનાઈટેડ સ્ટેટ્સથી ભારત આવ્યા હતા અને બી.આર. આંબેડકરની આત્મકથાની નકલ પકડીને એરપોર્ટ પરથી બહાર નીકળતા જોવા મળ્યા હતા. આંદોલનને જાહેર સમર્થન આપનાર કાર્યકર્તા સોનમ વાંગચુક પણ વિરોધ પ્રદર્શન દરમિયાન દિપકની બાજુમાં જોવા મળી હતી. 'માત્ર પાંચ વર્ષે મતદાન કરવું એ રાજકારણ નથી. લોકોએ જેમને મત આપ્યા છે તેમને પ્રશ્નો પૂછવા જોઈએ,'




તેમણે કહ્યું. જંતર-મંતર આંદોલન દરમિયાન પીએમ મોદી વિશે કેમ ન બોલ્યા તે અંગે પૂછવામાં આવતા, દિપકએ કહ્યું, 'જો જવાબદારી (પરીક્ષામાં ભૂલો માટે) નક્કી નથી થઈ રહી, તો ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવાની જવાબદારી વડા પ્રધાન નરેન્દ્ર મોદીની છે.' જો તેઓ રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને રોકી શકે છે, તો શું તેઓ પેપર લીકને રોકી શકતા નથી, એમ દિપકે એ આગળ પૂછ્યું.

જંતર-મંતર વિરોધ પ્રદર્શને દર્શાવ્યું હતું કે, જનરલ ઝેડ ડરતા નથી, તેમણે કહ્યું કે યુવાનોએ ખોટા કાર્યો સામે અવાજ ઉઠાવવો જોઈએ.

દેશના યુવાનો 'બરબાદ' થઈ રહ્યા છે કારણ કે, તેમને ન તો રોજગાર મળી રહ્યો છે અને ન તો તેમની પરીક્ષાઓ યોગ્ય રીતે લેવામાં આવી રહી છે, તેમણે દાવો કર્યો. જ્યાં સુધી પ્રધાન રાજીનામું ન આપે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે, દિપકે એ ઉમેર્યું. 'કારણ કે, પ્રશ્નો પૂછવામાં આવતા નથી, પેપર લીક થવાનું ચાલુ રહે છે,' તેમણે કહ્યું.

યુવક તરફથી મળી રહેલા સમર્થનમાં વિશ્વાસ વ્યક્ત કરતા, દિપકીએ કહ્યું કે તેના માતાપિતા તેના માટે ડરે છે પરંતુ તેણે તેમને કહ્યું છે કે તે હવે એકલો નથી. સીજેપીનું આંદોલન ફક્ત ૧૫ દિવસ જૂનું હોવાથી ભવિષ્યની યોજનાઓ વિશે વાત કરવી ખૂબ જ વહેલું ગણાશે, દિપકે એ ઉમેર્યું. રાષ્ટ્રીય રાજધાનીમાં એક પ્રેસ બ્રીફિંગમાં, સીજેપીના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે તેઓ કેન્દ્ર દ્વારા પ્રધાનને તેમના પદ પરથી દૂર કરવા અથવા સ્વેચ્છાએ પદ છોડવા માટે એક અઠવાડિયા રાહ જોશે, નહીં તો તેઓ દેશવ્યાપી આંદોલન શરૂ કરશે.

# ઉદયપુરમાં આદિવાસી ધર્માંતરણના આરોપમાં રાજસ્થાન પોલીસે ૩ પાદરી સહિત ૧૧ લોકોની ધરપકડ કરી

## ઉદયપુરના ઋષભદેવ વિસ્તારના ૨૦થી વધુ ગામોના આદિવાસી પરિવારોના કથિત ધર્માંતરણના આરોપમાં રાજસ્થાન પોલીસે ત્રણ પાદરી સહિત ૧૧ લોકોની ધરપકડ કરી, પોલીસે જણાવ્યું કે પીડિતોએ ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતરણ માટે લાલચ અને ધમકીઓની ફરિયાદ કરી હતી, આરોપીઓએ કથિત રીતે ઉપચાર, નાણાકીય સહાય અને કૃષિ લાભોનું વચન આપ્યું હતું, તપાસકર્તાઓ ફોન અને બેંક ખાતાઓની તપાસ કરી રહ્યા છે

(એજન્સી) તા.૭

ઉદયપુરના ઋષભદેવ વિસ્તારના ૨૦ ગામોના આદિવાસી પરિવારોના કથિત ધર્માંતરણના સંદર્ભમાં રાજસ્થાન પોલીસે ત્રણ પાદરી સહિત ૧૧ વ્યક્તિઓની ધરપકડ કરી છે. ઋષભદેવના ડીએસપી રાજીવ રહેરે જણાવ્યું હતું કે પીડિતો તરફથી ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતરણ માટે લાલચ અને ધમકીઓ બંનેનો ભોગ બનવાની ફરિયાદો મળી હતી; પરિણામે, રવિવારે ૧૧ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. વધુ તપાસ ચાલુ છે, જેમાં તેમના મોબાઈલ ફોન અને બેંક ખાતાઓની તપાસનો સમાવેશ થાય છે. આ ઘટના ઋષભદેવ સ્થિત કનુવાડા બિલખાઈ ગામમાં બની હતી, જ્યાં એક પ્રાર્થના સભામાં પાદરીઓએ કથિત રીતે લોકોને હિન્દુ ધર્મ છોડી દેવા માટે વિનંતી કરી હતા અને વચન આપતા હતા કે તેમની બધી બીમારીઓ મટી જશે અને તેમને વિવિધ રીતે નાણાકીય લાભ મળશે. આદિવાસી લોકોને લલચાવવા માટે, તેમની ખેતીની જમીન પર કુવા ખોદવા અને ટ્યુબવેલ લગાવવાની ઓફર પણ કરવામાં આવી હતી. સ્ટેશન હાઉસ ઓફિસર (SHO) હેમંત આહારીએ જણાવ્યું હતું કે કનુવાડા બિલખાઈ ગામમાં છેલ્લા બે દિવસથી બાબુલાલ નામના રહેવાસીની આગેવાની હેઠળ પ્રાર્થના સભા ચાલી રહી હતી. સભામાં આસપાસના ૨૦થી વધુ ગામોના લગભગ ૨૦૦ લોકો હાજર હતા. કેટલાક સ્થાનિકો દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે, પોલીસ તે સ્થળે પહોંચી હતી જ્યાં લોકોને હિન્દુ ધર્મ છોડીને ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા હતા. બે દિવસ પહેલા અલવરમાં કથિત ધાર્મિક પરિવર્તન માટે અન્ય એક પાદરીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, VHP કાર્યકરો અંબેપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ઘરમાં કથિત ધાર્મિક પરિવર્તન કાર્યક્રમ યોજાઈ રહ્યો હોવાની માહિતી મળ્યા બાદ પહોંચ્યા હતા. ત્યારબાદ ઘર્ષણ થયું, જે દરમિયાન રાજકુમાર તરીકે ઓળખાતા પાદરીને કથિત રીતે ઘરમાંથી બહાર ખેંચી કાઢવામાં આવ્યો અને તેના પર હુમલો કરવામાં આવ્યો. પાદરીએ અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ લોકોનું ધર્માંતરણ કર્યું હોવાની કબૂલાત કરી.

# હિન્દુત્વવાદી સંગઠનો દ્વારા મુસ્લિમ વિરોધી સૂત્રોચ્ચાર વચ્ચે યુપીના ખોડામાં શુક્રવારની નમાઝમાં વિક્ષેપ

## જુમાની નમાઝ દરમિયાન મસ્જિદો પાસે મોટી સંખ્યામાં વિરોધ પ્રદર્શકો એકઠા થયા, રસ્તાઓ રોકીને સામૂહિક બંદગીમાં ભારે ખલેલ પહોંચાડી; વિસ્તારમાં તણાવ છતાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત

(એજન્સી) ખોડા, તા.૭

ઉત્તરપ્રદેશના ખોડા વિસ્તારમાં હિન્દુ રક્ષા દળ અને અન્ય હિન્દુત્વવાદી સંગઠનોના સભ્યો દ્વારા ભારે પોલીસ તૈનાતી વચ્ચે મુસ્લિમોની બહાર એકઠા થઈને ઉશ્કેરણીજનક અને મુસ્લિમ વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવતા કોમી તણાવ વધી ગયો છે. શુક્રવારે જુમાની નમાઝ દરમિયાન વિરોધ પ્રદર્શકોના મોટા જૂથો સ્થાનિક મસ્જિદોની આસપાસ જમા થઈ ગયા હતા. તેમણે મસ્જિદ તરફ જવાના રસ્તાઓ બંધ કરી દીધા હતા અને સામૂહિક નમાઝ પઢવામાં ભારે અવરોધ ઊભો કર્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં પ્રદર્શનકારીઓ 'ગોલી મારો સાલોં કો' જેવા અત્યંત ઉશ્કેરણીજનક સૂત્રો પોકારતા જોવા મળ્યા હતા. આ સમગ્ર પ્રદર્શન પોલીસ દ્વારા કરવામાં આવેલી વ્યાપક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે થયું હતું. કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના કે કોમી હિંસા રોકવા માટે પ્રશાસન દ્વારા ડીસીપી ધવલ જયસ્વાલ સહિતના ઉચ્ચ અધિકારીઓની આગેવાની હેઠળ ફ્લેગ માર્ચ કરવામાં આવી હતી, ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને ડ્રોન કેમેરાથી પણ નજર રાખવામાં આવી રહી હતી. તેમ છતાં હિન્દુ રક્ષા દળ અને રાષ્ટ્રીય હનુમાન દળ સહિતના વિવિધ જમણેરી સંગઠનોના સભ્યો ત્યાં એકઠા થવામાં સફળ રહ્યા હતા. આ પ્રદર્શનમાં હિન્દુ મહાસભાના નેતા પિંકી કિન્નર પણ જોડાયા હતા અને તેમણે સ્થાનિક મસ્જિદોમાં સામૂહિક નમાઝ રોકવાના પ્રયાસોને જાહેરમાં સમર્થન આપતા જણાવ્યું હતું કે, 'અમે પણ અહીં નમાઝ નહીં થવા દઈએ. જો તેઓ એક દિવસ નમાઝ નહીં પઢે, તો તેમનું કંઈ બગડી જવાનું નથી.' આ પહેલા સોમવારે હિન્દુ રક્ષા દળના પ્રદેશ પ્રમુખ લલિત શર્માએ જાહેરાત કરી હતી કે, 'અમે આખા વિસ્તારમાં શુક્રવારની નમાઝ નહીં થવા દઈએ.' તેમણે સમુદાયને નિશાન બનાવીને શ્રેણીબદ્ધ પ્રતિકૂળ ટિપ્પણીઓ કરી હતી અને પોતાના સમર્થકોને મુસ્લિમોને જુમાની નમાઝ પઢતા રોકવા માટે આહ્વાન કર્યું હતું. શર્માએ દાવો કર્યો હતો કે, આમ કરવાથી હિન્દુઓની તાકાત દેખાશે. આ સાથે જ તેમણે ભૂતકાળમાં ઉત્તરાખંડમાં મુસ્લિમોની નમાઝ રોકી હોવાનો દાવો પણ કર્યો હતો. તેમણે મુસ્લિમો માટે અપમાનજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો અને સ્થાનિક રહીશોને સામનો કરવા પડકાર ફેંક્યો હતો. શર્માએ સામૂહિક સજાની વકીલાત કરતા વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું કે, માત્ર આરોપી જ નહીં પરંતુ તેના પરિવારજનોએ પણ પરિણામ ભોગવવું જોઈએ; જે માતાએ જન્મ આપ્યો છે અને જે પિતાએ ઉછેર કર્યો છે, તેમનું પણ એન્કાઉન્ટર થવું જોઈએ. આ સમગ્ર વિવાદની શરૂઆત ૧૭ વર્ષના સૂર્ય પ્રતાપ ચૌહાણની હત્યા બાદ થઈ છે. જેની વિસ્તારમાં થયેલ એક ઝઘડા બાદ કથિત રીતે છરી મારીને હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે આ મામલાના મુખ્ય આરોપી અસદને એક એન્કાઉન્ટરમાં ઠાર કર્યો હતો અને સ્થાનિક સત્તાવાળાઓએ તેના ઘર પર બુલડોઝર ચલાવવાનો (તોડી પાડવાની) નોટિસ જાહેર કરી હતી. આ ઉપરાંત પ્રશાસને તે વિસ્તારના ત્રણ મદ્રેસાઓને પણ નોટિસ પાઠવી છે.

# 'યુવાનોનો વિજય, સરકારની હાર' : CBSE-COEMPT વચ્ચેની કથિત મિલીભગતનો પર્દાફાશ કરવા બદલ રાહુલ ગાંધીએ સાર્થક અને નિસર્ગના કર્યા વખાણ

## ૧૮ વર્ષના સાર્થક સિદ્ધાંતે CBSEની ઓન-સ્ક્રીન માર્કિંગ (OSM) સિસ્ટમમાં રહેલી ખામીઓ ઉજાગર કરી; વિવાદ બાદ કેન્દ્ર સરકારે તપાસના આદેશ આપ્યા અને CBSEના ઉચ્ચ અધિકારીઓની બદલી કરાઈ

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ CBSE અને સર્વિસ પ્રોવાઈડર કંપની 'કોએમ્પટ' વચ્ચેની કથિત મિલીભગતનો પર્દાફાશ કરવા બદલ ૧૮ વર્ષના સાર્થક સિદ્ધાંત અને તેના સાથી નિસર્ગની મન મૂકીને પ્રશંસા કરી છે. રાહુલ ગાંધીએ આ સફળતાને 'યુવાનોનો વિજય' અને 'સરકારની હાર' ગણાવી છે. સાર્થકે CBSE ધો.૧૨ની પરીક્ષાઓમાં ઉપયોગમાં લેવાતી ઓન-સ્ક્રીન માર્કિંગ (OSM) સિસ્ટમની ગેરરીતિઓ સામે અવાજ ઉઠાવ્યો હતો અને એવી બાબતો દેશની સામે લાવ્યો જે દેશના મોટા મીડિયા હાઉસીસ કે તપાસકર્તા પત્રકારો પણ શોધી શક્યા ન હતા.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ શેર કરતા રાહુલ ગાંધીએ લખ્યું કે, 'સાર્થક માત્ર ૧૮ વર્ષનો છે પરંતુ વિચાર, હિંમત અને સિદ્ધાંતોમાં તે કોઈનાથી કમ નથી. તેણે અને તેના પાર્ટનર નિસર્ગે એ કરી બતાવ્યું જે દેશના મોટા મીડિયા ગૃહો અને સંશોધનાત્મક પત્રકારો ન કરી શક્યા. તેમણે CBSE અને કોએમ્પટ વચ્ચેની મિલીભગતને દેશ સમક્ષ ખુલ્લી પાડી દીધી છે.' તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતા ઉમેર્યું કે, પીએમ મોદી ઈચ્છે છે કે, દેશના યુવાનો માત્ર 'રીલ્સ' બનાવવામાં અને 'પકોડા' તળવામાં વ્યસ્ત રહે અને પ્રશ્નો ન પૂછે પરંતુ આ બાળકોએ સિસ્ટમ સામે સવાલો કર્યા અને તેના જવાબો પણ શોધી કાઢ્યા. દેશના ૧૮ વર્ષના બાળકે CBI કરતાં પણ વધુ ઝડપે કામ કર્યું છે અને આ જ ભારતના યુવાનોની સાચી તાકાત છે. આ સમગ્ર મામલો ત્યારે વધુ ગંભીર બન્યો જ્યારે શિક્ષણ, મહિલા, બાળ, યુવા અને રમતગમત બાબતોની સંસદીય સ્થાયી સમિતિ સમક્ષ સાર્થકે આ ઓન-સ્ક્રીન માર્કિંગ (OSM) સિસ્ટમ અંગે એક પ્રેઝન્ટેશન આપ્યું. આ બેઠકમાં વિદ્યાર્થીઓને ધો.૧૨ની પરીક્ષા દરમિયાન પડેલી મુશ્કેલીઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સમિતિ સમક્ષ CBSEના અધિકારીઓએ પણ જવાબો આપ્યા હતા અને ખાતરી આપી હતી કે, રી-ઈવેલ્યુએશન (પુનઃમૂલ્યાંકન) પોર્ટલની સમસ્યાઓ ઉકેલી દેવામાં આવી છે અને વિદ્યાર્થીઓને અરજી કરવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો છે. સંસદીય સમિતિની બેઠકના ગણતરીના કલાકોમાં જ કેન્દ્ર સરકારે આ મામલે કડક વલણ અપનાવ્યું છે. સરકારે CBSEની OSM સિસ્ટમની ખરીદી પ્રક્રિયા સંબંધિત બાબતોની તપાસ કરવા માટે કેપેસિટી બિલ્ડિંગ કમિશનના અધ્યક્ષ એસ. રાધા ચૌહાણના નેતૃત્વમાં એક સભ્યની તપાસ સમિતિની રચના કરી છે. આ સમિતિને એક મહિનાની અંદર પોતાનો અહેવાલ સુપરત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ વિવાદ વ્યાપક બનતા જ CBSEના ચેરમેન રાહુલ સિંહ અને સેક્રેટરી હિમાંશુ ગુપ્તાની તાત્કાલિક અસરથી બદલી કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) સહિતની સાયબર સુરક્ષા એજન્સીઓ સંભવિત સાયબર હુમલાઓથી બચવા માટે રી-ઈવેલ્યુએશન પોર્ટલ પર સતત નજર રાખી રહી છે. સંસદીય પેનલના અધ્યક્ષ દિગ્વિજય સિંહે જણાવ્યું હતું કે, સમિતિના તમામ સભ્યો NEET અને CBSE સહિતની પરીક્ષા પ્રણાલીમાં સુધારાની માંગ પર એકમત છે. તેમણે એમ પણ ઉમેર્યું કે વડાપ્રધાને પોતે આ બાબતમાં હસ્તક્ષેપ કર્યો છે અને આ બેદરકારી બદલ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કાં તો રાજીનામું આપવું જોઈએ અથવા તેમને પદ પરથી હટાવવા જોઈએ. હાલમાં વિદ્યાર્થીઓ માટે ગુણની ચકાસણી અને પુનઃમૂલ્યાંકન માટેનું CBSE પોર્ટલ ખુલ્લું રાખવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓની સુવિધા માટે UPI, ક્રેડિટ/ડેબિટ કાર્ડ અને નેટ બેંકિંગ સહિતની સંપૂર્ણ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ પણ કાર્યરત કરવામાં આવી છે.

# પશ્ચિમ બંગાળ મતદાર યાદીમાંથી દૂર કરાયેલા લોકોને રાશનનો લાભ આપવાનો ઈન્કાર

## જાહેર કલ્યાણ યોજનાઓ ફક્ત તે લોકો માટે જ નહીં જેમના નામ મતદાર યાદીમાં દેખાય છે, એમ AIMIM નેતા અસદુદ્દીન ઓવૈસીએ જણાવ્યું હતું

(એજન્સી) કોલકાતા, તા.૭

ચૂંટણી પંચના ખાસ સઘન સંશોધન (SIR)ને કારણે પશ્ચિમ બંગાળની ચૂંટણી પ્રક્રિયામાંથી બહાર રહેલા લોકોને હવે બેવડો ફટકો પડશે : રાજ્ય તેમના રેશનકાર્ડને પણ નિષ્ક્રિય કરવા જઈ રહ્યું છે. સરકારે તાજેતરમાં મતદાર યાદીના સુધારણા દરમિયાન જનરેટ થયેલા ડેટાનો ઉપયોગ કરીને જાહેર વિતરણ વ્યવસ્થા (PDS) હેઠળ લાભાર્થીઓની પાત્રતાની સમીક્ષા કરવા માટે ચકાસણી ઝુંબેશ શરૂ કરી છે. ગુરુવારે ખાદ્ય અને પુરવઠા વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ, આ કવાયત હેઠળ, મતદાર યાદીમાંથી દૂર કરાયેલા લોકોના રેશનકાર્ડને નિષ્ક્રિય તરીકે ચિહ્નિત કરવામાં આવશે.

આ પગલાની સીધી અને પ્રતિકૂળ અસર તે લોકો પર થશે જેમને મૃતક તરીકે વર્ગીકૃત કર્યા પછી ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા, ડુપ્લિકેટ એન્ટ્રીઓ, જેમણે રહેઠાણ બદલ્યું હતું અથવા ચકાસણી પ્રક્રિયા દરમિયાન ગેરહાજર રહેલા વ્યક્તિઓ. જે લોકોના નામ પૂરક મતદાર યાદીઓ દ્વારા બાદમાં કાઢી નાખવામાં આવ્યા હતા તેઓ પણ પીડીએસ હેઠળ સબસિડીવાળા અનાજ મેળવવાની પાત્રતા ગુમાવશે.

વિભાગે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે સુધારણા કવાયત દરમિયાન 'અનમેપ્ડ મતદારો' તરીકે ઓળખાયેલા અને પછી સુનાવણી પછી બાકાત રાખવામાં આવેલા વ્યક્તિઓ, તેમજ નિર્ણય પછી મતદાર યાદીમાંથી દૂર કરાયેલા વ્યક્તિઓ, હવે યોજના હેઠળ લાભો માટે લાયક રહેશે નહીં.

જો કે, સરકારે એવા લોકોને રાહત આપી છે જેમના કેસ હજુ પણ વિચારણા હેઠળ છે. જેમણે એપેલેટ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ દાખલ કરી છે અથવા નાગરિકતા સુધારો અધિનિયમ (CAA) હેઠળ અરજીઓ સબમિટ કરી છે તેઓ તેમના કેસોનો અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી રાશન લાભો મેળવતા રહેશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ચકાસણી પ્રક્રિયા ૧૫ જૂન સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

વિપક્ષી નેતાઓ અને સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ દ્વારા આ નિર્ણયની ભારે ટીકા થઈ છે.

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)ના સુપ્રીમો અને લોકસભા સભ્ય, અસદુદ્દીન ઓવૈસીએ કલ્યાણકારી લાભોને મતદાર યાદીના દરજ્જા સાથે જોડવાના સરકારના પગલા પર સવાલ ઉઠાવતા દલીલ કરી હતી કે, જાહેર કલ્યાણકારી યોજનાઓ ફક્ત તે લોકો માટે નથી જેમના નામ મતદાર યાદીમાં દેખાય છે. તેમણે ચેતવણી આપી હતી કે આ નિર્ણય ગરીબ પરિવારો, મહિલાઓ, અનુસૂચિત જાતિ અને મુસ્લિમોને અપ્રમાણસર અસર કરી શકે છે. 'સરકારી યોજનાઓ મતદારો માટે પુરસ્કાર નથી. તે બધા પાત્ર નાગરિકો માટે છે,' ઓવૈસીએ કહ્યું.

ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે એવો પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે રાશન અને કલ્યાણકારી લાભોની પહોંચ ચૂંટણી નોંધણી પર કેમ આધાર રાખવો જોઈએ, ખાસ કરીને જ્યારે મતદાર યાદીમાંથી બાકાત રાખવા સામે હજારો અપીલો હજુ પણ પેન્ડિંગ છે. અન્ય લોકોએ ચિંતા વ્યક્ત કરી હતી કે લોકો તેમના કેસોનો સંપૂર્ણ નિર્ણય આવે તે પહેલાં આવશ્યક સેવાઓની એક્સેસ ગુમાવી શકે છે.

પત્રકાર સૌમ્યા રમેશે X પર લખ્યું, 'ભારતનું નવું પસંદગીનું શસ્ત્ર બંદૂકો અને બોમ્બ નથી, તે કાગળનો ટુકડો છે જે નક્કી કરે છે કે તમે આ દેશનો ભાગ છો કે નહીં.' તેણીએ ઉમેર્યું, 'પહેલા તેઓએ ફક્ત મતદાન કરવાનું કહ્યું; હવે તેઓ તમારા ખોરાકને મતદાન સાથે જોડે છે.'

'આને સક્ષમ કરવા બદલ CEC અને CJI પર શરમ આવે છે. આના કારણે કેટલા ગરીબ લોકો ભોગવવાના છે?' અન્ય એક સોશિયલ મીડિયા યુઝરે લખ્યું, કલ્યાણકારી યોજનાઓની એક્સેસ પર મતદાર યાદી સુધારણાની અસર વિશે વ્યાપક ચર્ચાઓ વચ્ચે સરકારનું આ પગલું આવ્યું છે. ૨૭ મેના રોજ, મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે, રાજ્યની મહિલાઓ માટેના રોકડ સહાય કાર્યક્રમના લગભગ ૩૦ લાખ લાભાર્થીઓ મતદાર યાદીમાંથી નામ દૂર થયા પછી તેમની પાત્રતા ગુમાવી શકે છે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે તેની કાયદેસરતાને સમર્થન આપતાં ખાસ સઘન સુધારણા કવાયતને ન્યાયિક સમર્થન મળ્યું, જેમાં નોંધ્યું હતું કે, આ પ્રક્રિયા મુક્ત અને ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત કરવાના બંધારણીય ઉદ્દેશ્યને પૂર્ણ કરે છે.

તે જ સમયે, કોર્ટે સ્પષ્ટ કર્યું કે ચૂંટણી પંચ દ્વારા મતદાર પાત્રતાની ચકાસણીને નાગરિકતાના નિર્ધારણ તરીકે અર્થઘટન ન કરવી જોઈએ. બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી પૂછપરછો ચૂંટણી હેતુઓ સુધી મર્યાદિત છે અને વ્યક્તિની નાગરિકતાની સ્થિતિ અંગે ઔપચારિક નિર્ણય સમાન નથી.

પશ્ચિમ બંગાળમાં લગભગ ૧૨ ટકા મતદારો, લગભગ ૯૧ લાખ નામો, રાજ્યની મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.

# હૈદરાબાદમાં લઘુમતી યુવાનો માટે મેગા જોબ મેળો યોજાશે

## સમુદાયમાં રોજગારની તકો વધારવાના પ્રયાસોના ભાગરૂપે આ કાર્યક્રમ ૯ જૂને યોજાશે

(એજન્સી) હૈદરાબાદ, તા.૭

તેલંગાણા લઘુમતી નાણાં નિગમ (TGMFC) સમુદાયમાં રોજગારની તકો વધારવાના પ્રયાસોના ભાગરૂપે ૯ જૂને હૈદરાબાદમાં બેરોજગાર લઘુમતી યુવાનો માટે "મેગા જોબ મેળો"નું આયોજન કરશે. ભરતી ઝુંબેશ નામપલ્લીના રેડ રોઝ પેલેસ ખાતે યોજાશે અને તેનું ઉદ્ઘાટન લઘુમતી કલ્યાણ, જાહેર સાહસો અને સરકારી સંબંધો મંત્રી મોહમ્મદ અઝહરુદ્દીન દ્વારા કરવામાં આવશે, એમ કોર્પોરેશન દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે. માહિતી ટેક્નોલોજી, બેંકિંગ, ફાઈનાન્સ, આરોગ્યસંભાળ, ઉત્પાદન, લોજિસ્ટિક્સ, હોસ્પિટાલિટી અને ગ્રાહક સેવાઓ જેવા ક્ષેત્રોની લગભગ ૪૦થી ૫૦ કંપનીઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે અને યોગ્ય ઉમેદવારોની ભરતી કરશે તેવી અપેક્ષા છે. TGMFCના ચેરમેન મોહમ્મદ ઓબેદુલ્લા કોઠવાલે જણાવ્યું હતું કે નોકરી મેળા નોકરી શોધનારાઓને અગ્રણી નોકરીદાતાઓ સાથે સીધા જોડાવા અને વિવિધ ક્ષેત્રોમાં રોજગારની તકો શોધવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે. આ પહેલનો હેતુ તેલંગાણામાં નોકરીઓની પહોંચ સુધારવા અને લઘુમતી યુવાનોના આર્થિક સશક્તિકરણને ટેકો આપવાનો છે, નિવેદનમાં જણાવાયું છે.

# 'હિન્દુ-મુસ્લિમ એજન્ડા યુવાનોને નોકરીઓ આપી શકે નહીં' : 'કોકરોચ'ના સ્થાપક અભિજીત દિપકે દિલ્હીના વિરોધ પ્રદર્શન પછી પાંચ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓની યાદી આપી

(એજન્સી) તા.૭

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દિપકે રવિવારે આરોપ લગાવ્યો કે, છેલ્લા દાયકામાં ભારતીય રાજકારણ હિન્દુ-મુસ્લિમ એજન્ડા પર કેન્દ્રિત રહ્યું છે અને તેઓએ દલીલ કરી હતી કે, આવા મુદ્દાઓ બેરોજગારી જેવી ચિંતાઓને દૂર કરવામાં મદદરૂપ થતાં નથી. દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યાના એક દિવસ પછી છત્રપતિ સંભાજીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા, દિપકે કથિત NEET પેપર લીક અને CBSE OSM ખામીઓ પર કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણીનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે, CJP આંદોલન બિનરાજકીય છે અને તે કોઈપણ પક્ષ સાથે જોડાણ કરશે નહીં.

**૧. 'હિન્દુ-મુસ્લિમ એજન્ડા નોકરીઓ આપી શકે નહીં' :** CJPના સ્થાપકે કહ્યું કે, દેશની રાજકીય ચર્ચા એવા મુદ્દાઓ તરફ વળવાની જરૂર છે જે યુવાનોને સીધી અસર કરે છે, ખાસ કરીને રોજગાર અને શિક્ષણ. આપણે જોઈ રહ્યા છીએ કે છેલ્લા ૧૦-૧૨ વર્ષોમાં દેશની રાજનીતિ હિન્દુ-મુસ્લિમ એજન્ડા તરફ આગળ વધી ગઈ છે. આ મુદ્દો નોકરીઓ આપી શકતો નથી. આપણે તે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે અને સરકારની પ્રાથમિકતાઓ પણ બદલવી જોઈએ. પ્રધાનના રાજીનામાની માંગ ઉપરાંત આંદોલન ચાલુ રહેશે અને રોજગાર એ દેશના યુવાનો માટે એક મોટી ચિંતા છે. ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપ્યા પછી અમે શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવા માટે એક એજન્ડા તૈયાર કરીશું. આ અહીં સમાપ્ત થશે નહીં કારણ કે, રોજગાર પણ દેશમાં એક મુખ્ય મુદ્દો છે.

**૨. પ્રધાનના રાજીનામાની માંગ :** શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગનો બચાવ કરતા દિપકે કહ્યું કે, વારંવાર પરીક્ષા સંબંધિત વિવાદોને પગલે જવાબદારી લેવામાં આવતી નથી. કથિત NEET પેપર લીકનો ઉલ્લેખ કરતા તેમણે પ્રશ્ન કર્યો, 'જો કોઈ જવાબદારી ન લે તો સિસ્ટમ કેવી રીતે કાર્યક્ષમ રીતે કાર્ય કરી શકે? જો કોઈ કંપની કોઈના કારણે નુકસાનનો સામનો કરી રહી છે, તો શું તે વ્યક્તિ રાજીનામું ન આપે ત્યાં સુધી તે નુકસાન નફામાં ફેરવાઈ જશે? તેમણે કહ્યું કે, એક વ્યક્તિને બે ભૂલો પછી કંપનીમાંથી કાઢી મૂકવામાં આવે છે પરંતુ અહીં સરકાર દ્વારા આયોજિત પરીક્ષાઓના પેપર વારંવાર લીક થઈ રહ્યા છે, અમે કેવી રીતે માની શકીએ કે સરકાર ભૂલો સ્વીકારવા તૈયાર છે?'

**અભિજીત દિપકે કહ્યું કે, દેશની રાજકીય ચર્ચા એવા મુદ્દાઓ તરફ વાળવી જોઈએ જે યુવાનોને સીધી અસર કરે છે, જેમાં ખાસ કરીને રોજગાર અને શિક્ષણ સામેલ છે**

**૩. વિરોધીઓની ટીકા પર વળતો પ્રહાર :** દીપકે જંતર-મંતર પર શનિવારે થયેલા વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારાઓ વિશે કથિત રીતે કરવામાં આવેલી ટિપ્પણી પર પણ નિશાન સાધ્યું. આ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં લોકોનો સમાવેશ થાય છે તે તરફ ઈશારો કરતા તેમણે કહ્યું, 'જંતર-મંતર પર એક વિશાળ ભીડ અને ફોટોગ્રાફ્સ લોકો વિશે વાત કરે છે. તેઓ કેટલા લોકોને પાકિસ્તાની કહેશે? શું તેઓ આંદોલનકારી વિદ્યાર્થીઓ, વિપક્ષ અને પ્રશ્નો પૂછતા મીડિયાને પાકિસ્તાની કહેશે? શું 'આઈટી સેલ' અને શાસક પક્ષોના લોકો જ ભારતીય છે?'

**૪. 'સીજેપી ચળવળની તુલના પાડોશી દેશો સાથે કરી શકાય નહીં' :** સીજેપીના સ્થાપકે તેમના આંદોલન અને યુવાનો દ્વારા ચલાવવામાં આવતા વિરોધ પ્રદર્શનો અને નેપાળ અને બાંગ્લાદેશ જેવા કેટલાક પાડોશી દેશોમાં જોવા મળતા શાસન પરિવર્તન વચ્ચેની તુલનાને નકારી કાઢી હતી. અહીં ભારતમાં એક વ્યવસ્થા છે. જે લોકો અમારા આંદોલનની તુલના પાડોશી દેશોમાં થયેલા આંદોલન સાથે કરે છે તેઓએ જાણવું જોઈએ કે જંતર-મંતર ખૂબ જ શાંતિપૂર્ણ હતું. આંદોલનમાં ભાગ લેનારા યુવાનો દેશના ખૂણે ખૂણેથી આવ્યા હતા. ભવિષ્યમાં આંદોલનો શાંતિપૂર્ણ રહેવા છતાં મોટા પાયે આયોજિત કરવામાં આવશે.

**૫. 'કોઈપણ રાજકીય પક્ષ સાથે કોઈ જોડાણ નહીં' :** રાજકીય નેતાઓ અને સંગઠનોએ આંદોલનને ટેકો આપ્યો હોવા છતાં દિપકે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સીજેપી સ્વતંત્ર રહેશે. અમે કોઈપણ રાજકીય પક્ષના નેતાઓ સાથે વાત કરી નથી. આ આંદોલન જનરેશન ઝેડ માટે છે. જે લોકો અમને ટેકો આપવા માંગે છે તેઓ અમને બાહ્ય રીતે ટેકો આપી શકે છે પરંતુ અમે કોઈપણ રાજકીય પક્ષ સાથે પોતાને જોડીશું નહીં.

# ત્રણ મહિનામાં રસોઈ ગેસના ભાવમાં રૂા.૮૯નો વધારો થયો છે, જો આ લૂંટ નથી, તો શું છે? મોદીના વચનો ક્યાં છે? : વિપક્ષ

## ઘરેલુ રસોઈ ગેસના ભાવમાં વધારો કરવા બદલ વિપક્ષી પક્ષોએ મોદી સરકારની આકરી ટીકા કરી છે, કોંગ્રેસ પ્રમુખ ખડગેએ કહ્યું કે સરકારે ત્રણ મહિનામાં ગેસના ભાવમાં રૂા.૮૯નો વધારો કર્યો છે તે સંપૂર્ણ લૂંટ છે, ઘરેલુ LPG સિલિન્ડરના ભાવ વધારા પર વિપક્ષ મોદી સરકારની ટીકા કરે છે

(એજન્સી) તા.૭

રવિવારે પ્રતિ સિલિન્ડર રૂા.૨૯ના નવા વધારા સાથે, ઘરેલુ LPG સિલિન્ડરના ભાવમાં હવે ત્રણ મહિનામાં કુલ રૂા.૮૯નો વધારો થયો છે. દિલ્હીમાં ઘરેલુ LPG સિલિન્ડરનો ભાવ હવે રૂા.૯૪૨ પર પહોંચી ગયો છે. આ વધારા માટે વિપક્ષી પક્ષોએ કેન્દ્ર સરકારની ટીકા કરી છે. તેમણે પશ્ચિમ એશિયા યુદ્ધ દરમિયાન તેલ અંગેના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દાવાઓને યાદ કર્યા છે. માર્ચમાં અમેરિકા-ઈરાન યુદ્ધના બહાને દેશમાં પ્રતિ સિલિન્ડર રૂા.૬૦નો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રવિવાર, ૭ જૂને રૂા.૨૯નો વધારો કરવામાં આવ્યો હતો. મધ્ય પૂર્વ (પશ્ચિમ એશિયા)માં ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા સંઘર્ષે ગ્રાહક માલ, ખાસ કરીને બળતણના પુરવઠા પર અસર કરી છે. કોંગ્રેસ પ્રમુખ ખડગેએ રાંધણ ગેસના વધતા ભાવ અંગે શું કહ્યું? કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે ઘરેલુ એલપીજીના વધતા ભાવ 'સામાન્ય લોકોના રસોડાને બાળી રહ્યા છે.' તેમણે કહ્યું કે, છેલ્લા ચાર મહિનામાં ભાવમાં રૂા.૮૯નો વધારો થયો છે અને સામાન્ય માણસ મોંઘવારીનો બોજ સહન કરી રહ્યો છે. ખડગેએ X પર લખ્યું હતું કે મોદી સરકારના ૧૨ વર્ષમાં ઘરેલુ એલપીજીના ભાવમાં કુલ રૂા.૫૩૦નો વધારો થયો છે. યુપીએ યુગ દરમિયાન ભાજપના શેરી વિરોધનો ઉલ્લેખ કરતા તેમણે પૂછ્યું, 'તો હવે ભાજપના નેતાઓ સિલિન્ડર લઈને રસ્તા પર કેમ નથી ઉતરી રહ્યા?' પશ્ચિમ એશિયા સંઘર્ષ દરમિયાન ૪૧ દેશો સાથે બળતણ વૈવિધ્યકરણ અંગે સંસદમાં વડાપ્રધાન મોદીના દાવાનો ઉલ્લેખ કરતા ખડગેએ કહ્યું, 'તેનું શું થયું? ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ એલપીજીની અછત કેમ છે?' ખડગેએ કહ્યું કે, ૨૦૨૫-૨૬માં ઉજ્જવલા યોજના હેઠળ ૫૫.૬ મિલિયન પરિવારોને ફક્ત એક જ રિફિલ મળ્યું હતું અથવા કોઈ રિફિલ મળ્યું ન હતું. આમાંથી ૩.૩ કરોડ લોકોએ એક પણ સિલિન્ડર રિફિલ કર્યો ન હતો. આ પશ્ચિમ એશિયા કટોકટી પહેલાનું હતું. શું આ મોદી સરકારની લૂંટનું પરિણામ નથી?

એક અલગ ટ્વિટમાં કોંગ્રેસે તેને 'પુનઃપ્રાપ્તિ સરકાર' ગણાવી. ત્રણ મહિનામાં રૂા.૮૯નો વધારો. કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદે ચેતવણી આપી હતી કે, આગામી દિવસોમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. તેમણે સરકારને ઉકેલ શોધવા માટે તમામ પક્ષોની બેઠક બોલાવવાની માંગ કરી.

**તૃણમૂલ કોંગ્રેસે કહ્યું : આ ભાજપ મોડેલ છે**

તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ કહ્યું કે, આ વધારો લાખો પરિવારોના પહેલાથી જ તંગ ઘરગથ્થુ બજેટ માટે 'બીજો ફટકો' છે. પાર્ટીએ કહ્યું, 'આ ભાજપ મોડેલ છે : જ્યારે વૈશ્વિક કટોકટી આવે છે, ત્યારે ગરીબો ચિંતા કરે છે જ્યારે ધનિકો સમૃદ્ધ થાય છે.' સમાજવાદી પાર્ટીએ તેને ભાજપ પ્રાયોજિત ફુગાવો ગણાવ્યો. સમાજવાદી પાર્ટીએ કહ્યું કે જનતા 'ભાજપ પ્રાયોજિત ફુગાવા'થી પીડાઈ રહી છે. પાર્ટીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'માત્ર ત્રણ મહિનામાં ઘરેલુ LPG સિલિન્ડર રૂા.૮૯નો મોંઘો થઈ ગયો છે. જનતાની આ લૂંટ ક્યારે બંધ થશે? ભાજપને હટાવો, દેશ બચાવો.'

**સરકારનો દાવો, સસ્તો ગેસ હજુ પણ અસ્તિત્વમાં છે :** પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે રવિવારે સ્પષ્ટતા કરી કે, ભારતીય સ્થાનિક ગ્રાહકો હજુ પણ પડોશી દેશો અને ઘણા વિકસિત અર્થતંત્રો કરતાં રસોઈ ગેસ માટે નોંધપાત્ર રીતે ઓછો ખર્ચ કરે છે. મંત્રાલય અનુસાર, દિલ્હીમાં સરેરાશ ગ્રાહક ૧૪.૨ કિલોગ્રામના LPG સિલિન્ડર માટે રૂા.૯૪૨ ચૂકવે છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY)ના લાભાર્થીઓ અસરકારક રીતે પ્રતિ સિલિન્ડર રૂા.૬૪૨ ચૂકવે છે. સિલિન્ડરનો વાસ્તવિક પુરવઠો ખર્ચ હવે રૂા.૧,૬૦૦ને વટાવી ગયો છે. ઉજ્જવલા લાભાર્થીઓને વર્ષમાં પ્રથમ ચાર રિફિલ માટે પ્રતિ સિલિન્ડર રૂા.૩૦૦નું ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) મળે છે, જે સરેરાશ વાર્ષિક વપરાશની સમકક્ષ છે. આ સહાય યથાવત રહેશે. PMUY ની બહારના સ્થાનિક ગ્રાહકો પણ બજાર-સંલગ્ન ખર્ચ કરતાં આશરે રૂા.૭૦૦ ઓછા ચૂકવે છે. પેટ્રોલિયમ ઉત્પાદનના ભાવ આંતરરાષ્ટ્રીય બજાર સાથે જોડાયેલા છે, પરંતુ સરકાર સ્થાનિક LPG માટે અસરકારક ભાવને મધ્યમ કરે છે. વિતરણ ખર્ચને કારણે છૂટક ભાવ અલગ અલગ સ્થળોએ થોડા બદલાઈ શકે છે. દરમિયાન, કોંગ્રેસના કાર્યકરોએ હૈદરાબાદના બશીરબાગમાં LPG અને ઈંધણના ભાવમાં વધારો સામે વિરોધ પ્રદર્શન કર્યું.

# હું કોંગ્રેસનું નેતૃત્વ કરવાનો હતો, ટોચના પદ પર રોકવા માટે કાવતરૂં કરવામાં આવ્યું હતું : રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત

## અશોક ગેહલોતે દાવો કર્યો છે કે, પાર્ટી નેતૃત્વ દ્વારા તેમની ઉમેદવારી નક્કી કરવામાં આવી હોવા છતાં એક ષડ્યંત્રને લીધે તેમને કોંગ્રેસ પ્રમુખ બનવાથી રોકી રહ્યું છે, રાજસ્થાનના મુખ્યમંત્રી રહેવા માટે તેમણે પદ નકાર્યું હોવાની ધારણાને નકારી કાઢતા ગેહલોતે કહ્યું કે, તેઓ પાર્ટીનું નેતૃત્વ કરવા તૈયાર છે અને આ ઘટનાએ તેમની છબીને અન્યાયી રીતે નુકસાન પહોંચાડ્યું છે

(એજન્સી) તા.૭

રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે ફરી એકવાર કોંગ્રેસ પ્રમુખપદની ચૂંટણીના સંજોગો પર પુનર્વિચાર કરવા અને દાવો કર્યો છે કે, નેતૃત્વ દ્વારા તેમની ઉમેદવારી નક્કી કરવામાં આવી હોવા છતાં એક 'કાવતરૂં' તેમને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બનવાથી રોકી રહ્યું છે. આ ઘટના વિશે બોલતા ગેહલોતે કહ્યું કે, વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી સહિત કોંગ્રેસ હાઈકમાન્ડે તેમને પાર્ટીના વડા તરીકે નિયુક્ત કરવાનું મન બનાવી લીધું છે. તેમના મતે તેઓ જવાબદારી લેવા માટે સંપૂર્ણપણે તૈયાર હતા અને આ તકને સન્માનની બાબત માનતા હતા. જો કે, ગેહલોતે આરોપ લગાવ્યો કે, રાજકીય પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે પાર્ટીના નિરીક્ષકોને રાજસ્થાન મોકલવામાં આવ્યા પછી ઘટનાઓએ નાટકીય વળાંક લીધો. તેમણે દાવો કર્યો કે, આ સમયગાળા દરમિયાન એક મોટું ષડ્યંત્ર રચાયું, જેના કારણે તેમને કોંગ્રેસના ટોચના સંગઠનાત્મક પદ પર બેસાડવાની યોજના નિષ્ફળ ગઈ છે. કોંગ્રેસના અનુભવી નેતાએ એવી ધારણાનો પણ વિરોધ કર્યો કે, તેઓ રાજસ્થાનમાં મુખ્યમંત્રી પદ છોડવા માંગતા ન હોવાથી સ્વેચ્છાએ અલગ થઈ ગયા હતા. ગેહલોતે કહ્યું કે, આ વાર્તા ખોટી છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેઓ ક્યારેય સ્પર્ધામાંથી પાછળ હટ્યા નથી. તેમણે કહ્યું કે, તેમના નિયંત્રણની બહારના સંજોગો અને ઈરાદાપૂર્વકનું કાવતરૂં તેમને પદ સંભાળતા અટકાવે છે. તેમણે દલીલ કરી કે આ ઘટનાએ તેમની જાહેર છબીને નુકસાન પહોંચાડ્યું છે, કારણ કે, તેમના કેટલાક સમર્થકો સહિત ઘણા લોકો એવું માનતા હતા કે, તેમણે પાર્ટી પ્રમુખપદ કરતાં રાજસ્થાનમાં તેમની ભૂમિકાને પ્રાથમિકતા આપવાનું પસંદ કર્યું છે.

# તપતા અરણ્યમાં તૃપ્તિનો અલૌકિક સંગમ



કાળઝાળ લૂ વચ્ચે કુદરતના ખોળે, ગીરના રાજવી એકસાથે તરસ છીપાવે નિર્ભય નયને, શાંત સમર્પણે, પાણીના કુંડે જામ્યો સિંહદરબાર એકલપ્રિય વનરાજોનો આ સમૂહ સ્નેહ, પ્રકૃતિનું દિવ્ય કાવ્ય બની ગયો ગીર પૂર્વ રેન્જમાંથી ઝીલાયેલું આ દૃશ્ય, માનવહૃદયને મંત્રમુગ્ધ કરી ગયું

### દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર હૃદયદ્રાવક અકસ્માત

# ઈકો કાર અને ટ્રક વચ્ચે ભારે અકસ્માત સર્જાતા ચારનાં કરૂણ મોત : કારનો કચ્ચરઘાણ નીકળ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા,તા.૭

વડોદરા જિલ્લાના સમલાયા ગામ પાસેથી પસાર થતા નવનિર્મિત દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર આજે એક અત્યંત હૃદયદ્રાવક અને ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે જઈ રહેલી એક ઈકો વાન ને અજાણ્યા વાહનની ટક્કરે આગળ જઈ રહેલા ટ્રેલરના પાછળના ભાગે ધડાકાભેર અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો.



સેવાની ટીમ ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ઈજાગ્રસ્તોની ગંભીર હાલતને જોતા તેમને તાત્કાલિક ગોત્રી GMERS હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સ્થિતિ નાજુક હોવાનું કહેવાય છે. સ્થાનિક પોલીસની ટીમે સ્થળ પર પહોંચીને મૃતદેહોને પીએમ અર્થે ખસેડવાની કામગીરી શરૂ કરી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી અકસ્માતનું ચોક્કસ કારણ

## ગંભીર રીતે ઈજા પામનારાઓની હોસ્પિટલમાં સ્થિતિ હજુ નાજૂક

અકસ્માત એટલો પ્રચંડ હતો કે ઈકો કારનો કચરઘાણ નીકળી ગયો હતો અને કારના પતરા ચીરીને અંદર બેઠેલા મુસાફરો ફસાઈ ગયા હતા. આ અકસ્માતને પગલે હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો થંભી ગયા હતા અને ઘટનાસ્થળે કાળજું કંપાવી દે તેવી ચીસાચીસ ગુંજી ઉઠી હતી.

આ કાળમુખી ઈકો વાનમાં અંદાજે આઠ જેટલા લોકો સવાર હતા. જેઓ મહેસાણા તરફ જઈ રહ્યા હતા. આ તમામ મુસાફરો વડોદરાના ગોત્રી વિસ્તારના તેમજ અંપાડના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. હાઈવે પર સર્જાયેલા આ કાળના તાંડવમાં ઘટનાસ્થળે જ ચાર વ્યક્તિઓના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જ્યારે કારમાં સવાર અન્ય ચાર વ્યક્તિઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકો અને રાહદારીઓએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી અને લોહીલુહાણ હાલતમાં ફસાયેલા લોકોને કારના પતરા તોડીને બહાર કાઢવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ જાણવા આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

**આ ગોઝારા અકસ્માતમાં મૃત્યુ પામનારાઓમાં**

(૧) ગોપાલભાઈ, (૨) ગૌરીબેન સોલંકી, (૩) મફતભાઈ અને (૪) પ્રકાશભાઈનો સમાવેશ થાય છે જ્યારે (૧) લક્ષ્મીબેન સોલંકી અને (૨) ધર્મિષ્ઠાબેનને ઈજાઓ થતાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

### સુરતમાં બનેલ બનાવમાં એક કર્મી અંદર ફસાતા બીજો બચાવવા ગયો અને તેની પાછળ પણ અન્ય બે જતા તમામનાં મોત

# ઈટીપી પ્લાન્ટની ટેન્કમાં સફાઈ કરવા ઉતરેલા ચાર કર્મચારીઓનાં ગૂંગળાઈ જતાં કરૂણ મોત

## PPE કિટ સહિત સુરક્ષા નિયમોનું ગંભીર ઉલ્લંઘન : પરિજનોની ન્યાયની માંગણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

સુરતના ખાંડ બજાર વિસ્તારમાં આજે ૭ જૂને સવારે એક ગંભીર દુર્ઘટના સામે આવી છે. ચોર્યાસી ડેરીની બાજુમાં આવેલા રતિ હાઉસ ખાતે વહેલી સવારે અંડરગ્રાઉન્ડ ETP પ્લાન્ટની ટેંક ચેમ્બરની સફાઈ કરવા ઉતરેલા ચાર શ્રમિકો ઝેરી ગેસની અસરને કારણે અંદર જ ફસાઈ ગયા હતાં. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને યુદ્ધના ધોરણે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી ચારેય શ્રમિકોને બહાર કાઢી સારવાર અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યા હતા. જ્યાં ડોક્ટરે ચારેયને મૃત જાહેર કર્યા હતા.

આ ઘટનામાં મૃત્યુ પામનારાઓમાં ૧.નિમેષ વિઠ્ઠલભાઈ સાવલિયા (સુપરવાઈઝર-ઉં.વ.૨૬), ૨.વિકાસ કુમાર સંતોષભાઈ સોનાવણે (ઉં.વ.૨૪), ૩.વિજય ભીખાભાઈ આહિરે (ઉં.વ.૨૪) અને ૪.યોગેશ નાનાભાઈ જાદવનો સમાવેશ થાય છે. હાલ પરિવારમાં યોગેશના મમ્મી અને બહેન સહિત અન્ય સભ્યો કોઈ પ્રસંગના કારણે ગામડે ગયેલા છે. અહીં માત્ર સંદીપભાઈ જ હાજર છે. યોગેશના લગ્ન હજી એકાદ વર્ષ પહેલાં જ થયા હતા અને તેની પત્ની હાલ ગર્ભવતી છે. પહેલાં યોગેશ સફાઈ માટે અંદર ઉતર્યો અને ત્યારબાદ તે અંદર ફસાયો હતો. જેને બચાવવા વિકાસ અને વિજય અંદર ગયા હતાં, ત્યારબાદ ત્રણેય ફસાયા હતાં. ત્રણેયને બચાવવા સુપરવાઈઝર નિલેશે ફાયરને કોલ કર્યો અને બચાવવા તે પણ અંદર ઉતર્યો હતો. આમ આ ઘટનાક્રમ મુજબ ચારેયના મોત થયા હતાં. ફાયર ઓફિસર રણજીતસિંહ ખડિયા(વરાછા ઝોન 'એ' ડિવિઝનલ ફાયર ઓફિસર)એ જણાવ્યું હતું કે, આજે સવારે ૧૦:૨૨ વાગ્યે ફાયર વિભાગને કંટ્રોલ રૂમ તરફથી એવો મેસેજ મળ્યો હતો કે કોઈ એક વ્યક્તિ પાણીના ખાડાની અંદર પડી ગયો છે. ઘટના સ્થળે આવતા જાણવા મળ્યું કે આ એક ઔદ્યોગિક એકમ છે, જે પોદ્દાર આર્કેડ સામે આવેલું છે અને તેનું નામ 'રતિહ જ્વેલર્સ' છે. ત્યાં તપાસ કરતા એકના બદલે ચાર વ્યક્તિ ETP પ્લાન્ટની અંદર હતા. ત્યાં કોઈ પણ વ્યક્તિએ PPE કીટ પહેરેલી ન હતી અને આજુબાજુમાં પણ તપાસ કરતા આવી કોઈ પણ PPE ઈક્વિપમેન્ટ જોવા મળી નહોતી, જે નીતિ-નિયમો મુજબ હોવા જોઈએ. પ્રાથમિક દ્રષ્ટિએ આ એક મોટી બેદરકારી કહી શકાય તેવું લાગે છે, બાકી તો આ બધો તપાસનો વિષય છે જે બાદમાં જ જાણવા મળશે. તપાસ થયા બાદ આ એક ઔદ્યોગિક એકમ હોવાથી તે ફાયર વિભાગના અંડરમાં ગુજરાત સરકારના નીતિ-નિયમ મુજબ આવતું નથી. આથી, આગળની જે પણ કાર્યવાહી હશે તે જે-તે વિભાગને સંલગ્ન હશે, તે ડિપાર્ટમેન્ટ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે. ડીસીપી આલોક કુમાર (ડીસીપી)એ જણાવ્યું હતું કે, સુરતના અશ્વિની કુમાર રોડ વિસ્તારના એક કારખાનામાં જ્વેલરી પ્રોસેસિંગ દરમિયાન જે વેસ્ટ પ્રોડક્ટ નીકળે છે, તેને એકત્રિત કરવા માટે એક સેપ્ટિક ટેક્ર બનાવવામાં આવી છે. આ ટેક્રની સફાઈ દર બે મહિને નિયમિત રીતે કરવામાં આવતી હોય છે. આજે સવારે આ ટેક્રની સફાઈ કરવા માટે ત્રણ મજૂરો અને એક સુપરવાઈઝર અંદર ઉતર્યા હતા. ટેક્રમાં ઉતર્યા બાદ ગેસ ગૂંગળામણ અથવા અન્ય કોઈ કારણોસર તેઓ ત્યાં જ બેભાન થઈ ગયા હતા. પ્રાથમિક માહિતી અનુસાર, આ દુર્ઘટનામાં ચારેય વ્યક્તિઓના મોત નીપજ્યા છે. ફેક્ટરી પરિસરમાં લાગેલા CCTV ફૂટેજની બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે, જેથી જાણી શકાય કે સફાઈ કામદારો ટેક્રમાં કેવી રીતે ઉતર્યા અને ખરેખર શું બન્યું હતું. પ્રાથમિક તપાસમાં એવું જાણવા મળ્યું છે કે સફાઈ દરમિયાન કોઈપણ પ્રકારના સુરક્ષા સાધનો જેમ કે ઓક્સિજન સિલિન્ડર અથવા સેફ્ટી માસ્કનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. સુરક્ષાના નિયમોનું ગંભીર ઉલ્લંઘન થયું હોવાનું પ્રથમ દૃષ્ટિએ જણાઈ આવે છે. હાલ આ મામલે સઘન પૂછપરછ અને વિગતવાર તપાસ ચાલુ છે. ETP (એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) એ ઔદ્યોગિક ગંદા પાણીને શુદ્ધ કરવાની એક સિસ્ટમ છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ઉદ્યોગોમાંથી નીકળતા રસાયણો અને ઝેરી કચરાને દૂર કરી, પાણીને પર્યાવરણમાં છોડવા લાયક અથવા ફરીથી વાપરવા યોગ્ય બનાવવાનો છે. ઘટના અંગે વિગત આપતા ભાવિનભાઈ જગદીશભાઈ કોસીયાએ જણાવ્યું હતું કે, આજે રવિવારે સવારે ૧૦:૨૨ કલાકે ફાયર કંટ્રોલ રૂમને એક કોલ મળ્યો હતો કે ખાંડ બજાર પાસે એક વ્યક્તિ ચેમ્બરમાં ફસાયેલ છે. કોલ મળતાની સાથે જ ફાયરની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જોકે, ઘટનાસ્થળે પહોંચ્યા બાદ ફાયરના જવાનોને ખબર પડી કે ત્યાં સ્થિતિ વધુ ગંભીર હતી. સ્લજ (કાદવ-કચરો) ક્લીનિંગ માટે એક નહીં પરંતુ કુલ ચાર વ્યક્તિઓ ટેંક ચેમ્બરમાં ઉતરી હતી અને કોઈક અજ્ઞાત ઝેરી ગેસની અસર થવાના કારણે ચારેય જણા ત્યાં જ બેભાન થઈને ફસાઈ ગયા હતાં. ડેપ્યુટી ફાયર ઓફિસર પ્રકાશ ઈડાવે આ અંગે સત્તાવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, અમને સવારે ૧૦ વાગ્યેને ૨૨ મિનિટે કંટ્રોલ રૂમ પર કોલ મળ્યો હતો. અમારી ટીમ જ્યારે પહોંચી ત્યારે જોયું કે સ્લજ ક્લીનિંગની ચેમ્બરમાં ચાર લોકો ફસાયેલા હતાં. ફાયરની ટીમે ભારે જહેમત બાદ ચારેય લોકોને તાત્કાલિક બહાર કાઢ્યા હતા અને સમય સૂચકતા વાપરીને હાજર ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેઓને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં રવાના કરી દીધા છે. આ દુર્ઘટનામાં પ્રાથમિક દૃષ્ટિએ સેફ્ટીના સાધનોનો અભાવ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ડેપ્યુટી ફાયર ઓફિસર પ્રકાશ ઈડાવે વધુમાં ઉમેર્યું હતું કે, આ ઈન્ડસ્ટ્રીયલ એરિયા પ્રોપર્ટી છે, જેથી આ સુરત મહાપાલિકા હેઠળ આવતું નથી. આમાં ફેક્ટરી એક્ટના અલગ નિયમો લાગુ પડે છે. શ્રમિકોની સેફ્ટી તરફ ધ્યાન આપવામાં આવ્યું હતું કે નહીં, તે કદાચ તપાસનો વિષય હોઈ શકે છે, પરંતુ અત્યારે આ બાબતે અમે સત્તાવાર કંઈ કહી શકીએ નહીં. શ્રમિકોની સ્થિતિ કેટલી ગંભીર છે તે તો હવે ડોક્ટરોની તપાસ બાદ જ જાણી શકાશે. મૃતક યોગેશના ભાઈ સંદીપ જાદવે જણાવ્યું હતું કે, મને મારો ભાઈ યોગેશ જ્યાં કામ કરતો હતો તે કંપનીના શેઠ અથવા કોઈ વ્યક્તિનો ફોન આવ્યો અને કહ્યું કે, તમે આધારકાર્ડ લઈને અહીં આવી જાવ. જ્યારે હું આધારકાર્ડ લઈને અહીં આવ્યો, ત્યારે મેં જોયું તો મારો ભાઈ આ દુનિયામાં રહ્યો ન હતો. મારો ભાઈ અહીં કામ પર આવ્યો હતો. તે શેઠે મને ફોન કર્યો તે પહેલાં મેં મારા ભાઈને ફોન કર્યો હતો, પણ તેણે ફોન ઉપાડ્યો ન હતો. ત્યારબાદ કંપની તરફથી મને ફોન આવ્યો હતો. મારો ભાઈ જે કંપનીમાં કામ કરી રહ્યો હતો, તે કંપનીવાળા સામે કડક કાર્યવાહી થવી જોઈએ અને અમને ન્યાય મળવો જોઈએ.

### સુરતના નાસિર નગરના ડિમોલિશનનો મુદ્દો હોટ ઈશ્યુ

# ડિમોલિશન કરવા માટે જરૂરી મશીનરી મ્યુનિ. કોન્ટ્રાકટર જ ભાડે લઈ ગયો હોવાનો ખુલાસો

## ખાનગી JCB કોન્ટ્રાકટરનું નિવેદન સ્પષ્ટ કરે છે કે પાલિકા સાથે સંકળાયેલ વ્યકિત સામેલ છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૭

સુરત શહેરના નાસીરનગર વિસ્તારમાં વગર નોટિસે થયેલી ડિમોલિશનની એક મોટી કાર્યવાહી હવે ભારે વિવાદ અને રહસ્યના વમળમાં ફસાઈ ગઈ છે. કાયદેસરની પ્રક્રિયાના નામે ડિમોલિશન કરવા ગયેલા બુલડોઝરો પાછળ કોઈ સરકારી આદેશ નહોતો, પરંતુ પડદા પાછળનો કોઈ ખેલ હતો તેવા ચોંકાવનારા ખુલાસાઓ એક પછી એક સામે આવી રહ્યા છે. સુરત મહાપાલિકાએ આ સમગ્ર મામલામાંથી સત્તાવાર રીતે પોતાનો હાથ ખેંચી લીધો છે, જેને પગલે હવે આ આખું ઓપરેશન કોઈ ખાનગી સોપારી અથવા લેન્ડ ગ્રેબિંગની રમત હોવાની પ્રબળ આશંકાઓ સેવાઈ રહી છે. બીજી તરફ ડિમોલિશનની સાઈટ પર હાજર રહેલા ભારે મશીનોના માલિક મોહસીન ફ્રુટવાલાએ આખા પ્રકરણનો સૌથી મોટો કડીરૂપ ખુલાસો કરતા જણાવ્યું કે, અમારી પાસે આ મશીનો સુરત મહાપાલિકાના જ જાણીતા કોન્ટ્રાક્ટર તેજુ રાજપૂતે ભાડે માંગ્યા હતા. કોન્ટ્રાક્ટરે મશીન મંગાવ્યા હોવાથી અમને કોઈ શંકા ગઈ નહોતી. આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે આ કાંડમાં પાલિકા સાથે સંકળાયેલી વ્યક્તિ જ સીધી રીતે સામેલ છે. નાસીરનગરમાં જ્યારે જેસીબી મશીનો દ્વારા પાડવામાં આવ્યા, ત્યારે સ્થાનિકો એમ જ સમજી રહ્યા હતા કે આ મહાપાલિકાની કોઈ કાયદેસરની ઝૂંબેશ છે. પરંતુ આશ્ચર્ય વચ્ચે મહાપાલિકાના ઉચ્ચ અધિકારીઓએ આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, આ ડિમોલિશન સાથે પાલિકાને કોઈ લેવાદેવા નથી. SMC તરફથી આવો કોઈ જ આદેશ કે મંજૂરી આપવામાં આવી નહોતી. પાલિકાના આ નિવેદને આખા શહેરમાં સનસનાટી મચાવી દીધી છે. આ વિવાદમાં નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે ડિમોલિશનની સાઈટ પર હાજર રહેલા ભારે મશીનોના માલિક મોહસીન ફ્રુટવાલાની પૂછપરછ કરવામાં આવી. તેમણે જણાવ્યું કે, અમે તો મશીનો ભાડે આપવાનો પ્રોફેશનલ વ્યવસાય કરીએ છીએ. અમારી પાસે આ મશીનો સુરત મહાપાલિકાના જ જાણીતા કોન્ટ્રાક્ટર તેજુ રાજપૂતે ભાડે માંગ્યા હતા. એટલે શંકાને સ્થાને નહોતું. આ સમગ્ર કૌભાંડની મુખ્ય કડી હવે કોન્ટ્રાક્ટર તેજુ રાજપૂત તરફ લંબાઈ છે. આ અંગે તેજુ રાજપૂતનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ત્યારે તેમની ભૂમિકા વધુ શંકાસ્પદ જણાતી હતી. પ્રથમ વખત ફોન ઉપાડીને તેમણે માત્ર એટલું જ કહ્યું કે, હું અત્યારે હોસ્પિટલમાં છું, પછી ફોન કરો. આટલી વાત કર્યા બાદ તેમણે ફોન કાપી નાખ્યો હતો. ત્યાર પછી મીડિયા અને અન્ય લોકો દ્વારા વારંવાર પ્રયાસો કરવા છતાં તેજુ રાજપૂતે ફોન ઉપાડવાનું જ બંધ કરી દીધું છે અને હાલ તેઓ ભૂગર્ભમાં ઉતરી ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ડિમોલિશનના કારણે છેલ્લા ૫૦ વર્ષથી પણ વધુ સમયથી ત્યાં વસવાટ કરતા આશરે ૫૫ જેટલા ગરીબ અને શ્રમિક પરિવારો ખુલ્લા આકાશ નીચે આવી ગયા છે. આ સમગ્ર મામલે આશ્ચર્યજનક વળાંક ત્યારે આવ્યો જયારે સુરત મહાપાલિકાના કમિશનરે એવો દાવો કર્યો કે આ ડિમોલિશન મહાપાલિકા દ્વારા કરવામાં આવ્યું નથી. તંત્રના આ નિવેદન બાદ સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે અને ખાનગી બિલ્ડર તેમજ સરકારી અધિકારીઓની મિલીભગત હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. હકીકતમાં નાસીરનગરના રહીવાસીઓને પોતાના વર્ષો જૂના આશિયાના પર બુલડોઝર ફરી વળશે તેવી આશંકા અને ગંધ અગાઉથી જ આવી ગઈ હતી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી ખાનગી બિલ્ડરના માણસો અવારનવાર આ વિસ્તારમાં આવીને ધાક-ધમકી આપતા હતા અને સામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવીને જગ્યા ખાલી કરવા માટે દબાણ કરી રહ્યા હતા. બિલ્ડરના માણસો કહેતા હતા કે જો તમે જાતે મકાનો ખાલી નહીં કરો, તો જેસીબી અને બુલડોઝર લાવીને તમારા મકાનો તોડી પાડવામાં આવશે. આ ભયના માહોલ વચ્ચે પોતાના હક્ક અને ન્યાય માટે નાસીરનગરના રહીશોએ સંગઠિત થઈને ગત ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫એ સુરત મહાપાલિકાના મ્યુનિ. કમિશનર, શહેરના પોલીસ કમિશનર, નોર્થ (કતારગામ) ઝોનના ઝોનલ અધિકારી તેમજ ચોક બજાર પોલીસ સ્ટેશનના પી.આઈ.ને લેખિતમાં સંયુક્ત અરજી આપી હતી.જેના પરથી જણાયે છે કે વહીવટી તંત્ર આ ગંભીર પરિસ્થિતિથી સંપૂર્ણ માહિતગાર હતું.

### દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના નવ જિલ્લામાં વરસાદની શકયતા

# રાજ્યમાં વરસાદની સતત આગાહી વચ્ચે ગરમીનો પ્રકોપ પણ હજુ યથાવત રહેશે

## કાળઝાળ ગરમી અને બફારાનો પ્રકોપ જારી રહેતા લોકો થયા ત્રસ્ત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૭

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ૯ જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આ પ્રિ-મોન્સુન એક્ટિવિટીના લીધે પંચમહાલ, દાહોદ, અમરેલી અને ગીર સોમનાથ જેવા વિસ્તારોમાં મેઘરાજાની પધરામણી થવાની શક્યતા છે.અત્રે ઉલ્લેખનીય છે કે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું મહારાષ્ટ્રમાં પ્રવેશ કરી ચૂક્યું છે.

જો કે બીજી તરફ, અમદાવાદ સહિત મધ્ય અને ઉત્તર ગુજરાતના ભાગોમાં હજુ પણ કાળઝાળ ગરમી અને બફારાનો પ્રકોપ યથાવત રહેશે, જેથી અમદાવાદીઓએ અસહ્ય તાપ વચ્ચે હજુ થોડી રાહ જોવી પડશે. હવામાન વિભાગની આગાહી મુજબ આજે રાજ્યના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની શક્યતા છે, જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં પણ વરસાદ વરસી શકે છે. બીજી તરફ, ચોમાસું આગળ વધીને મહારાષ્ટ્ર સુધી પહોંચી ગયું છે, જેના કારણે આગામી દિવસોમાં હવામાનમાં ફેરફારની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. જોકે, હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ(૧૩ જૂન સુધી) દરમિયાન તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી અને ગરમીનું પ્રમાણ યથાવત રહી શકે છે.

અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે, જ્યારે રાજ્યમાં સૌથી વધુ તાપમાન ૪૧.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ અંગે હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું કે રાજ્યમાં ગરમીની સ્થિતિ હજુ યથાવત રહેશે, જોકે કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદથી લોકોને આંશિક રાહત મળી શકે છે. મધ્ય અને ઉત્તર ગુજરાતમાં આગામી ૪-૫ દિવસ મુખ્યત્વે સૂકું વાતાવરણ રહેશે, જ્યારે દક્ષિણ ગુજરાતના ભાગોમાં (ડાંગ, તાપી, નવસારી, વલસાડ) આગામી આખું અઠવાડિયું વરસાદી માહોલ યથાવત્ રહેશે. અગાઉના દિવસોમાં આપવામાં આવેલી ૪૦-૫૦ કિમીની ઝડપે ફૂંકાતા પવન અને વાવાઝોડાની ચેતવણી હવે હવામાન વિભાગ દ્વારા હટાવી લેવામાં આવી છે. જોકે, પ્રી-મોન્સૂન વરસાદી માહોલ હજુ પણ અમુક વિસ્તારોમાં જોવા મળશે. ૮, ૯ અને ૧૦ જૂને દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં જ છૂટાછવાયા વરસાદની શક્યતા છે. બાકીના તમામ જિલ્લાઓમાં હવામાન સંપૂર્ણ સૂકું રહેશે. જ્યારે ૧૧-૧૨ જૂને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટમાં વરસાદી ઝાપટાંની સંભાવના છે. ૧૨-૧૩ જૂને ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૭ દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. મુખ્ય શહેરોના તાપમાનના આંકડા નીચે મુજબ છે. દેશમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની રફતાર ખૂબ જ મજબૂત જોવા મળી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચોમાસું ૬ જૂનના રોજ ગોવાને સંપૂર્ણ પાર કરીને મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશના કેટલાક ભાગોમાં પ્રવેશી ચૂક્યું છે. આ ઉપરાંત તે તમિલનાડુના મોટાભાગના વિસ્તારો અને મિઝોરમ-મણિપુર સુધી પહોંચી ગયું છે. આગામી ૨થી ૩ દિવસમાં ચોમાસું મહારાષ્ટ્રના બાકીના ભાગો, છત્તીસગઢ અને ઓડિશા તરફ આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે. હાલ નીચલા સ્તરે મુખ્યત્વે દક્ષિણ-પશ્ચિમી પવનો ફૂંકાઈ રહ્યા છે.

# આજથી ૫૪ હજાર સ્કૂલો, ૧ કરોડથી વધુ વિદ્યાર્થીઓનાં કિલ્લોલથી ગૂંજી ઊઠશે

## ● ૩૫ દિવસના વેકેશન બાદ રાજ્યની શાળાઓમાં નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ ● પ્રથમ શૈક્ષણિક સત્રમાં ૧૨૦ દિવસનો અભ્યાસ કરાવાશે, ૨૨ ઓકટોબરથી પ્રથમ પરીક્ષા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની ૫૪ હજાર કરતા વધુ સ્કૂલોમાં રવિવારના રોજ ઉનાળું વેકેશનનો છેલ્લો દિવસ પુર્ણ થયા બાદ સોમવારથી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થશે. આમ, ૩૫ દિવસના લાંબા વેકેશન બાદ રાજ્યની તમામ સ્કૂલો ૧.૧૫ કરોડથી વધુ બાળકોના કિલ્લોથી ગુંજી ઉઠશે. નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં પ્રથમ સત્રમાં ૧૨૦ દિવસનો અભ્યાસ કરાવવામાં આવશે. જ્યારે બીજા સત્રમાં ૧૨૪ દિવસનો શિક્ષણ કાર્ય થશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓ મળી કુલ ૪૩૦૦૦ જેટલી શાળાઓ આવેલી છે. જ્યારે ૧૧૪૦૦ કરતાં વધુ સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે. આમ, રાજ્યમાં ૫૪૪૦૦ જેટલી શાળાઓ આવેલી છે. આ શાળાઓમાં ૪ મેથી ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું હતું. જે અનુસાર ૭ જૂન રવિવારના રોજ ઉનાળા વેકેશનનો છેલ્લો દિવસ હોવાથી હવે સોમવારના રોજથી રાજ્યની તમામ શાળાઓમાં નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થશે. રાજ્યમાં નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભ થયા બાદ ૮ જૂનથી ૪ નવેમ્બર સુધી પ્રથમ સત્રમાં શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવશે. ત્યારબાદ ૫ નવેમ્બરથી દિવાળી વેકેશન આપવાનું આયોજન કરવામાં આવ્યુંછે. આમ, પ્રથમ સત્રમાં ૧૨૦ દિવસ શૈક્ષણિક કાર્ય માટે ફાળવવામાં આવ્યા છે. ત્યારબાદ ૫ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી ૨૧ દિવસનો દિવાળી વેકેશન રહેશે. દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ ૨૬ નવેમ્બરથી બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. બીજું શૈક્ષણિક ક્ષેત્ર ૨ મે સુધી કુલ ૧૨૪ દિવસનું રાખવામાં આવ્યું છે. પ્રથમ શૈક્ષણિક સત્રમાં ધોરણ-૯થી ૧૨ની પ્રથમ પરીક્ષાનો ૨૨ ઓક્ટોબરથી પ્રારંભ થશે અને ૨ નવેમ્બરના રોજ પ્રથમ કસોટી પુર્ણ થશે. પ્રથમ કસોટીમાં જૂન માસથી લઈને સપ્ટેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ રહેશે. પ્રથમ સત્રમાં જૂનમાં અભ્યાસના ૧૯ દિવસ, જુલાઈમાં ૨૭ દિવસ, ઓગસ્ટમાં ૨૩ દિવસ, સપ્ટેમ્બરમાં ૨૪ દિવસ, ઓક્ટોબરમાં ૨૪ દિવસ અને નવેમ્બરના ૩ દિવસ મળી કુલ ૧૨૦ દિવસનો અભ્યાસ કરાવવામાં આવશે. પ્રથમ સત્રમાં વિદ્યાર્થીઓને ૯ જાહેર રજા મળશે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com